# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
# લઘુવૃત્તિ વિવરણ

ભાગ પાંચમો

-: વિવરણકાર :-

પંન્યાસ ચન્દ્રગુપ્ત વિ. ગણી

★

-: પ્રકાશક :-

શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

★

-: આર્થિક સહકાર :-

શ્રી સુરત તપગચ્છ રત્નત્રયી આરાધક સંઘ

શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી આરાધના ભુવન

સુભાષચોક, ગોપીપુરા,

સુરત - ૩૯૫૦૦૧.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
## : લઘુવૃત્તિ-વિવરણ :

ભાગ - પાંચમો

: વિવરણકાર :

પૂ. પરમશાસન પ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ સ્વ. આ. ભ.
શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મહારાજાના પટ્ટાલંકાર સ્વ. પૂ. આ.
શ્રી. વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા. ના શિષ્યરત્ન પૂજ્યપાદ
આ. શ્રી. વિ. અમરગુપ્ત સૂ.મ.સા. ના શિષ્ય

પંન્યાસ ચન્દ્રગુપ્તવિજય ગણી

: પ્રકાશન :
શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: આર્થિક સહકાર :
શ્રી સુરત તપગચ્છ રત્નત્રયી આરાધક સંઘ
શ્રી રામચન્દ્ર સૂરિ આરાધના ભવન
ગોપીપુરા : સુભાષચોક : સુરત-૧.

શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન
લઘુવૃત્તિ - વિવરણ (ભા. - ૫)

પ્રથમ આવૃત્તિ : નકલ ૧૦૦૦

પ્રકાશન : શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન

: પ્રાપ્તિ સ્થાન :

શા. સૂર્યકાંત ચતુરલાલ
મુ. પો. મુરબાડ
(જિ. ઠાણે)

રજનીકાંતભાઈ એફ. વોરા
૬૫૫, સાચાપીર સ્ટ્રીટ
પુણે ૪૧૧ ૦૦૧

શા. મુકુંદભાઈ રમણલાલ
૫ 'નવરત્ન' ફ્લેટ્સ
નવા વિકાસગૃહ રોડ - પાલડી
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વિજયકર કાંતિલાલ ઝવેરી
જહાંપનાહની પોળ
કાલુપુર રોડ
અમદાવાદ - ૩૮૦ ૦૦૧

રમેશ આર. સંઘવી
'રામવાટિકા' સમેતશિખર એપાર્ટમેન્ટ
૪ થે માળે : કાજીનું મેદાન
ગોપીપુરા : સુરત - ૧.

(ભાગ-૪ નું)

: શુદ્ધિપત્રક :

| પૃ.નં. | પં.નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૭ | ૨૧ | त्र | त्रे |
| | | त्र | त्रे |
| ૨૪ | ૨ | स् | अस् |
| ૨૯ | ૧૯ | સાં | સો |
| ૩૦ | ૮ | વા | ધા |
| ૪૦ | ૮ | स | सर्ग |
| ૪૨ | ૧૩ | र्थ | र्थः |
| ૫૧ | ૧ | ધાતુને... | |
| | | ... પ્રત્યય વગેરે | વગેરે |
| ૬૭ | ૨૮ | આ | आ |
| ૭૧ | ૧૧ | નો | ना |
| ૮૨ | ૧૭ | तो ते | ते |
| ૯૫ | ૨૧ | च् | च |
| ૧૦૦ | ૨૫ | ती | ती- |
| ૧૦૨ | ૨૫ | कि | की |
| ૧૦૩ | ૧૩ | ति | ती |
| ૧૦૬ | ૧ | મ | જેમ |
| ૧૧૦ | ૯ | ड् | ड्ग |
| ૧૫૭ | ૬ | त्तिः | त्ति |
| | ૮ | तु | तृ |
| ૧૫૮ | ૫ | च् | ञिच् |
| ૧૬૩ | ૧ | श्या | श्रया |
| ૧૬૬ | ૧૭ | ने | नो |
| ૧૮૧ | ૮ | चक्लि | चिक्लि |
| ૨૦૧ | ૧ | પ્રથમ... | |
| | | ...खन् અને | અને |
| ૨૪૬ | ૨૧ | त | तस |
| ૨૫૧ | ૧૪ | न | न् |

## अथ प्रारभ्यते चतुर्थेऽध्याये द्वितीयः पादः।

### आत् सन्ध्यक्षरस्य ४।२।१॥

સન્ધ્યક્ષર છે અન્તમાં જેના એવા ધાતુના અન્ત્યસ્વરને आ આદેશ થાય છે. सम् + व्ये [९९३] ધાતુને 'णक - तृचौ ૫-૧-૪૮'થી तृच् [तृ] પ્રત્યય. આ સૂત્રથી સન્ધ્યક્ષર ए છે અન્તમાં જેના એવા व्ये ધાતુર્ના અન્ત્ય સ્વર ए ને आ આદેશ. सम्व्यातृ નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सम्व्याता આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંકનાર. सु + ग्लै ધાતુના ऐ ને આ સૂત્રથી आ આદેશ. 'उपसर्गा० ५-१-५६' થી सु + ग्ला ધાતુને ड [अ] પ્રત્યય. 'डित्यन्त्य० २-१-११४' થી ग्ला ના आ નો લોપ. सुग्ल નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सुग्लः આવો પ્રયોગ થાય છે. અર્થ - અત્યન્ત ખિન્ન. धातोरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સન્ધ્યક્ષર જેના અન્તમાં છે એવા ધાતુના જ અન્ત્ય સ્વરને आ આદેશ થાય છે. તેથી गोभ्याम् અહીં गो નામના ओ ને आ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - બે ગાયથી. ॥१॥

## न शिति ४।२।२।।

शित् प्रत्ययना विषयमां सन्ध्यक्षरान्त धातुना अन्त्य स्वरने आ आदेश थतो नथी. सम् + व्ये धातुने वर्त्तमानानो तिव् प्रत्यय. तिव् प्रत्ययनी पूर्वे 'कर्त्तर्यन० ३-४-७१'थी शव् प्रत्यय. 'आत् सन्ध्यक्षरस्य ४-२-१'थी व्ये धातुना ए ने प्राप्त आ आदेशनो आ सूत्रथी निषेध वगेरे कार्य थवाथी संव्ययति आवो प्रयोग थाय छे. अर्थ - ढांके छे. ।।२।।

• • •

## व्यस्थव् - णवि ४।२।३।।

परोक्षाना थव् अने णव् प्रत्ययना विषयमां व्ये धातुना अन्त्य स्वरने आ आदेश थतो नथी. सम् + व्ये धातुने परोक्षानो णव् प्रत्यय. 'आत् सन्ध्य० ४-२-१'थी व्ये धातुना ए ने आ आदेशनी प्राप्ति हती. तेनो आ सूत्रथी निषेध. 'द्विर्धातुः० ४-१-१' थी व्ये धातुने द्वित्व. 'व्यञ्जन० ४-१-४४'थी अभ्यासमां अनादिव्यञ्जननो लोप. '-हस्वः ४-१-३९'थी अभ्यासमां ए ने -हस्व इ आदेश. वि + व्ये + णव् आ अवस्थामां 'यजादि० ४-१-७२'थी वि ने य्वृत् उ आदेशनी प्राप्ति हती. तेनो 'ज्या - व्ये० ४-१-७१'थी बाध करीने वि ना इ ने इ आदेश. 'नामिनो० ४-३-५१'थी व्ये ना ए ने वृद्धि ऐ आदेश

વગેરે કાર્ય થવાથી **संविव्याय** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **सम् + व्ये** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. **थव्** ની પૂર્વે '**ऋ - वृ०** ૪-૪-૮૦'થી **इट्** [**इ**]. આ સૂત્રથી **व्ये** ના **ए** ને **आ** આદેશનો નિષેધ. **व्ये** ને દ્વિત્વ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી **संविव्ययिथ** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - તેણે ઢાંક્યું. તેં ઢાંક્યું. ॥૩॥

● ● ●

## स्फुर - स्फुलो र्घञि ४।२।४॥

**घञ्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **स्फुर्** અને **स्फुल्** ધાતુના સન્ધ્યક્ષરને **आ** આદેશ થાય છે. **वि + स्फुर्** અને **वि + स्फुल्** ધાતુને '**भावाऽकर्त्रोः** ૫-૩-૧૮'થી **घञ्** [**अ**] પ્રત્યય. '**लघोरुपा०** ૪-૩-૪'થી ઉપાન્ત્ય **उ** ને ગુણ **ओ** આદેશ. એ **ओ** ને આ સૂત્રથી **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **विस्फारः** અને **विस्फालः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - સ્ફુરવું તે. સ્ફુરવું તે. ॥૪॥

● ● ●

## वाऽपगुरो णमि ४।२।५।।

अप ઉપસર્ગ પૂર્વક गुर् ધાતુના સન્ધ્યક્ષરને; તેની પરમાં णम् પ્રત્યય હોય તો आ આદેશ વિકલ્પથી થાય છે. अप + गुर् [१४६४] ધાતુને 'ख्णम् चा० ૫-૪-૪૮'થી ख्णम् [अम्] પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪'થી गुर् ના उ ને ગુણ ओ આદેશ. એ ओ ને આ સૂત્રથી आ આદેશ...વગેરે કાર્ય થવાથી अपगारम् નામ બને છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आ આદેશ ન થાય ત્યારે अपगोरम् નામ બને છે. 'भृशाऽऽभी० ૭-૪-૭૩'થી अपगारम् અને अपगोरम् નામને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી अपगारमपगारम् અને अपगोरमपगोरम् આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર તૈયાર થઈને.।।૫।।

● ● ●

## दीङः सनि वा ४।२।६।।

सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दीङ् ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ વિકલ્પથી થાય છે. दी [१२४४] ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧'થી सन् પ્રત્યય. આ સૂત્રથી दी ધાતુના ई ને आ આદેશ. 'सन्यङश्च ૪-૧-૩'થી दास् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. 'सन्यस्य

૪-૧-૫૮'થી એ **अ** ને **इ** આદેશ....વગેરે કાર્ય થવાથી **दिदासते** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં **दी** ધાતુના **ई** ને આ સૂત્રથી **आ** આદેશ ન થાય ત્યારે **दीस्** ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ વગેરે કાર્ય થવાથી **दिदीषते** આવો પ્રયોગ થાય છે. અર્થ - નષ્ટ થવાને ઈચ્છે છે. ॥૬॥

● ● ●

## यबक्ङिति ४।२।७।।

**यप्** પ્રત્યયના વિષયમાં તેમજ **कित्** અને **ङित्** પ્રત્યયને છોડીને અન્ય પ્રત્યયના વિષયમાં **दीङ्** ધાતુના અન્ત્ય વર્ણને **आ** આદેશ થાય છે. **उप + दी** ધાતુને **'प्राक्काले** ૫-૪-૪૭'થી **क्त्वा** પ્રત્યય. '**अनञः०** ૩-૨-૧૫૪'થી **क्त्वा** ને **यप्** આદેશ. આ સૂત્રથી **दी** ધાતુના **ई** ને **आ** આદેશ...વગેરે કાર્ય થવાથી **उपदाय** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **उप + दी** ધાતુને **'णक - तृचौ** ૫-૧-૪૮'થી **तृच्** પ્રત્યય. આ સૂત્રથી **दी** ધાતુના **ई** ને **आ** આદેશ...વગેરે કાર્ય થવાથી **उपदाता** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નજીકમાં નષ્ટ થઈને. નજીકમાં નષ્ટ થનાર. **विषयनिर्देशाद्** - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **यप्** અને **कित्** કે **ङित्** પ્રત્યયથી ભિન્ન પ્રત્યયના વિષયમાં **दीङ्** ધાતુના અન્ત્ય વર્ણને **आ** આદેશ થાય છે. **यप्** વગેરે પ્રત્યય પરમાં હોવો જ જોઈએ એવો નિયમ નથી. તેથી **उपदायो वर्त्तते** અહીં **'णक - तृचौ** ૫-૧-૪૮'થી વિહિત **तृच्** પ્રત્યયના વિષયમાં **दी** ધાતુના અન્ત્ય **ई**

ને आ આદેશ થયા બાદ 'तन् - व्यधीण्० ૫-૧-૬૪'થી तृच् પ્રત્યયનો બાધ કરીને ण પ્રત્યય થાય છે. उप + दा + अ આ અવસ્થામાં 'आत ऐ:० ૪-૩-૫૩'થી दा ના आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી उपदाय: આવો પ્રયોગ થાય છે. અર્થ - નજીકમાં નષ્ટ થનાર. ॥૭॥

● ● ●

## मिग् - मीगोऽखलचलि ४।२।८॥

यप् પ્રત્યયના વિષયમાં તેમજ कित् અને ङित् પ્રત્યયને છોડીને અન્ય खल् अच् તથા अल् પ્રત્યયથી ભિન્ન પ્રત્યયના વિષયમાં मिग् [मि] અને मीग् [मी] ધાતુના અન્ત્યવર્ણને आ આદેશ થાય છે. नि + मि [१२८९] અને प्र + मी [१५१२] ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. 'अनञ:० ૩-૨-૧૫૪'થી क्त्वा ને यप् આદેશ. આ સૂત્રથી मि ના इ ને અને मीના ई ને आ આદેશ વગેરે કાર્ય થવાથી निमाय અને प्रमाय આવો પ્રયોગ થાય છે. તેમજ 'णक - तृचौ ૫-૧-૪૮'થી तृच् પ્રત્યયના વિષયમાં मि અને मी ધાતુના અન્ત્ય इ અને ई ને આ સૂત્રથી आ આદેશાદિ કાર્ય થવાથી निमाता અને प्रमाता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - ફેંકીને. ફેંકનાર. હણીને. હણનાર. अखलचलीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यप् પ્રત્યયના વિષયમાં તેમજ खल् अच् અને अल् પ્રત્યયથી ભિન્ન જ कित् - ङित् સિવાયના પ્રત્યયના વિષયમાં मिग् અને मीग् ધાતુના અન્ત્ય વર્ણને

आ આદેશ થાય છે. તેથી ईषत् + मि; दुष्प्र + मी ધાતુના અન્ત્ય इ અને ई ને 'दुःस्वीषतः० ૫-૩-૧૩૯'થી વિહિત खल् [अ] પ્રત્યયના વિષયમાં; मि; आ + मी ધાતુના અન્ત્ય इ અને ई ને 'अच् ૫-૧-૪૯'થી વિહિત अच् પ્રત્યયના વિષયમાં અને नि + मि; प्र + मी ધાતુના અન્ત્ય इ અને ई ને 'युवर्ण० ૫-૩-૨૮'થી વિહિત अल् પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી आ આદેશ થતો નથી. જેથી मि અને मी ના અન્ત્ય इ અને ई ને 'नामिनो० ૪-૩-૧'થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે ईषन्निमयः; दुष्प्रमयः; मयः; आमयः; અને निमयः; प्रमयः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વિના પ્રયત્ને ફેંકવું. કષ્ટથી મારવું. ફેંકનાર. રોગ. ફેંકનાર. મારનાર. ॥૮॥

● ● ●

## लीङ् लिनो वा ४।२।९॥

यप् પ્રત્યયના વિષયમાં તેમ જ खल् अच् અને अल् પ્રત્યયથી ભિન્ન એવા कित् ङित् સિવાયના પ્રત્યયના વિષયમાં दिवादि અને क्र्यादि ગણના ली ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ વિકલ્પથી થાય છે. वि+ली[१२४८, १५२६] ધાતુને 'प्राक्काले ५-४-४७' થી क्त्वा પ્રત્યય; અને 'णक-तृचौ ५-१-४८' થી तृच् પ્રત્યય. આ સૂત્રથી ली ધાતુના અન્ત્ય સ્વર ई ને आ આદેશ. 'अनञः० ३-२-१५४' થી क्त्वा ને यप् આદેશ વગેરે કાર્ય થવાથી विलाय અને विलाता આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ई ને आ આદેશ ન થાય તો विलीय અને विलेता આવો

પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- વિલીન થઈને. વિલીન થનાર. **अखलचलीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **यप्** પ્રત્યયના વિષયમાં તેમ જ **खल् अच्** અને **अल्** પ્રત્યયથી ભિન્ન જ **कित्** કે **ङित्** સિવાયના પ્રત્યયના વિષયમાં તાદશ **दिवादि** અને **क्र्यादि** ગણપાઠમાંના **ली** ધાતુના અન્ત્યવર્ણને વિકલ્પથી **आ** આદેશ થાય છે. તેથી **सू. नं.** ૪।૨।૮ માં જણાવ્યા મુજબ **खल् अच्** કે **अल्** પ્રત્યયના વિષયમાં **वि+ली** ધાતુના અન્ત્ય **ई** ને આ સૂત્રથી **आ** આદેશ થતો નથી. જેથી **ईषद्विलयः विलयः** અને **विलयोऽस्ति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- અનાયાસે વિલીન થવું. વિલીન થનાર. વિલીન થવું. [પ્રક્રિયા માટે જુઓ सू.नं.४-२-८] ॥૧॥

● ● ●

## णौ क्री - जीङः ४।२।१०॥

**णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **क्री जि** અને **इङ्** [इ] ધાતુના અન્ત્યસ્વરને **आ** આદેશ થાય છે. **क्री जि** અને **अधि+इङ्** ધાતુને **'प्रयोक्तृ० ३-४-२०'** થી **णिग्** [इ] પ્રત્યય. **क्री जि** અને **इङ्** ધાતુના અન્ત્ય સ્વર **ई** અને **इ** ને આ સૂત્રથી **आ** આદેશ. **'अर्त्ति-री-ब्ली० ४-२-२१'** થી **आ** ની પરમાં **पु** [**प्**] નો આગમ.... વગેરે કાર્ય થવાથી **क्रापयति जापयति** અને **अध्यापयति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ખરીદાવે છે. જીતાડે છે. ભણાવે છે. ॥૧૦॥

● ● ●

## सिध्यतेरज्ञाने ४।२।११॥

ज्ञान થી અન્ય અર્થના વાચક सिध् [११८५] ધાતુના સ્વરને; તેની પરમાં णि પ્રત્યય હોય તો आ આદેશ થાય છે. सिध् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી सिध् ધાતુના इ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી मन्त्रं साधयति આવો પ્રયોગ થાય છે. અર્થ- મન્ત્રને સિદ્ધ કરે છે. अज्ञान इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અજ્ઞાનાર્થક જ सिध् ધાતુના સ્વરને आ આદેશ થાય છે. તેથી तपस्तापसं सेधयति અહીં જ્ઞાનાર્થક सिध् ધાતુના इ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. જેથી 'लघोरुपा० ४-३-४' થી सिध् ધાતુના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી सेधयति આવો પ્રયોગ થાય છે. અર્થ - તપસ્વીને, તપ, જ્ઞાન પ્રાપ્ત કરાવે છે.॥११॥

● ● ●

## चि-स्फुरो र्न वा ४।२।१२॥

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા चि અને स्फुर् ધાતુના સ્વરને आ આદેશ વિકલ્પથી થાય છે. चि અને स्फुर् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી चि ધાતુના इ ને

અને स्फुर् ધાતુના उ ને આ સૂત્રથી आ આદેશ વગેરે કાર્ય થવાથી चापयति [अर्त्ति - री० ४-२-२१ થી पु નો આગમ.] અને स्फारयति આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી आ આદેશ ન થાય ત્યારે चि ધાતુના इ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ. તેમ જ 'लघो० ४-३-४' થી स्फुर् ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી चाययति અને स्फोरयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ચૂંટાવે છે. ચલાવે છે.॥૧૨॥

● ● ●

## वियः प्रजने ४।२।१३॥

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ગર્ભાધાનાર્થક वी ધાતુના અન્ત્ય સ્વરને आ આદેશ વિકલ્પથી થાય છે. वी ધાતુ [१०७६] ને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યયઃ આ સૂત્રથી वी ધાતુના ई ને आ આદેશ. आ ની પરમાં 'अर्त्ति-री-ब्ली० ४-२-२१' થી पु[प्] નો આગમ... વગેરે કાર્ય થવાથી पुरो वातो गाः प्रवापयति આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી आ આદેશ ન થાય ત્યારે 'नामिनो० ४-३-५१' થી ई ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી प्रवाययति આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂર્વ દિશાનો વાયુ; ગાયોને ગર્ભ ધારણ માટે યોગ્ય બનાવે છે.॥૧૩॥

● ● ●

## रुहः पः ४।२।१४।।

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रुह् ધાતુના ह् ને प् આદેશ વિકલ્પથી થાય છે. रु ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી रुह् ધાતુના ह् ને प् આદેશ. 'लघोरुपान्त्यस्य ४-३-४' થી रुह् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી रोपयति तरुम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી रुह् ધાતુના ह् ને प् આદેશ ન થાય ત્યારે रोहयति तरुम् આવો પ્રયોગ થાય છે. અર્થ - વૃક્ષ રોપે છે. ।।१४।।

● ● ●

## लियो नोऽन्तः स्नेहद्रवे ४।२।१५।।

स्निग्ध ઘી વગેરે દ્રવદ્રવ્યોનું દ્રવિત થવાનું ગમ્યમાન હોય તો णि પ્રત્યયની પૂર્વે રહેલા ली ધાતુના અન્તમાં न् નો આગમ વિકલ્પથી થાય છે. वि+ली ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી ली ધાતુના અન્તમાં न् નો આગમ વગેરે કાર્ય થવાથી घृतं विलीनयति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી न् નો આગમ ન થાય ત્યારે वि+ली ધાતુના અન્ત્ય ई ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી विलाययति घृतम् આવો પ્રયોગ થાય છે. અર્થ-ઘીને પીગળાવે છે.

**स्नेहद्रव इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્નેહ દ્રવ્યોનું જ ઓગળવું - દ્રવિત થવું અર્થ ગમ્યમાન હોય તો **णि;** પ્રત્યયની પૂર્વેના **ली** ધાતુના અન્તમાં **न्** નો આગમ વિકલ્પથી થાય છે. તેથી **अयो विलाययति** અહીં સ્નેહદ્રવ્યોનું પીગળવું અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી અન્તમાં **न्** નો આગમ થતો નથી. અર્થ - લોઢું પીગળાવે છે. ॥૧૫॥

● ● ●

## लो लः ४।२।१६॥

**णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **ला** સ્વરૂપવાળા ધાતુના અન્તમાં; સ્નિગ્ધ દ્રવ્યોનું ઓગળવું અર્થ ગમ્યમાન હોય તો વિકલ્પથી **ल्** નો આગમ થાય છે. **वि + ली** ધાતુના ઈ ને **'लीङ् लिनो र्वा ४-२-९'** થી आ આદેશ. **वि + ला** ધાતુને **'प्रयोक्तृ० ३-४-२०'** થી **णिग्** પ્રત્યય. આ સૂત્રથી **ला** ના અન્તમાં **ल्** નો આગમ... વગેરે કાર્ય થવાથી **घृतं विलालयति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **ल्** નો આગમ ન થાય ત્યારે, **'अर्त्ति-री-ब्ली० ४-२-२१'** થી **ला** ના અન્તમાં **प्** નો આગમ થવાથી **विलापयति घृतम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ઘીને પીગળાવે છે. **स्नेहद्रव इत्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્નેહદ્રવ અર્થ ગમ્યમાન હોય તો જ **ला** સ્વરૂપવાળા ધાતુના અન્તમાં; તેની પરમાં **णि** પ્રત્યય હોય તો; વિકલ્પથી **ल्** નો આગમ થાય છે. તેથી **जटाभिरालापयते** અહીં સ્નિગ્ધદ્રવ્યનું દ્રવિત થવું અર્થ

ગમ્યમાન ન હોવાથી **ला** ના અન્તમાં આ સૂત્રથી **ल्** નો આગમ થતો નથી. જેથી **आ+ली** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યય બાદ અર્ચા અર્થમાં '**लीङ्-लिनो० ३-३-९०**' થી આત્મનેપદ અને ધાતુના અન્ત્ય **ई** ને **आ** આદેશ થવાથી **आ+ला+णिग्+ते** આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ **प्** નો આગમ વગેરે કાર્ય થવાથી **आलापयते** આવો પ્રયોગ થાય છે. અર્થ - જટાઓથી પૂજિત થાય છે. ॥૧૬॥

● ● ●

## पातेः ४।२।१७॥

**णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **पा**[૧૦૬૭] ધાતુના અન્તમાં **ल्** નો આગમ થાય છે. **पा** ધાતુને '**प्रयोक्तृ० ३-४-२०**' થી **णिग्** પ્રત્યય. આ સૂત્રથી **पा** ધાતુના અન્તમાં **ल्** નો આગમ વગેરે કાર્ય થવાથી **पालयति** આવો પ્રયોગ થાય છે. અર્થ - રક્ષણ કરે છે. ॥૧૭॥

● ● ●

## धूग्-प्रीगो र्नः ४।२।१८।।

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા धू અને प्री ધાતુના અન્તમાં न् નો આગમ થાય છે. धू [૧૨૧૧; ૧૫૨૦; ૧૬૪૫] અને प्री [૧૫૧૦, ૧૬૪૪] ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી धू અને प्री ધાતુના અન્તમાં न् નો આગમ. प्री ધાતુની પરમાં રહેલા એ न् ને 'रषृवर्णा० २-३-६३' થી ण् આદેશ વગેરે કાર્ય થવાથી धूनयति અને प्रीणयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- કંપાવે છે. ખુશ કરે છે. ।।૧૮।।

● ● ●

## वो विधूनने जः ४।२।१९।।

કમ્પનાર્થક वा ધાતુના અન્તમાં; તેની પરમાં णि પ્રત્યય હોય તો; ज् નો આગમ થાય છે. उप+ वा ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી वा ના અન્તમાં ज् નો આગમ... વગેરે કાર્ય થવાથી उपवाजयति આવો પ્રયોગ થાય છે. અર્થ - પંખાથી વીંઝે છે. विधूनन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિધૂનનાર્થક જ वा ધાતુના અન્તમાં તેની પરમાં णि પ્રત્યય હોય તો ज् નો આગમ થાય છે. તેથી उच्चैः केशानावापयति અહીં आ+वा [४८ ओवैं] ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યય. वा ના અન્તમાં 'अर्त्ति-री-ब्ली०

૪-૨-૨૧' થી प् નો આગમ વગેરે કાર્ય થવાથી आवापयति આવો પ્રયોગ થાય છે. અહીં वा ધાતુ વિધૂનનાર્થક ન હોવાથી તેના અન્તમાં આ સૂત્રથી ज् નો આગમ થતો નથી. અર્થ - વાળ કોરા કરે છે. ॥૧૯॥

● ● ●

## पा - शा - छा - सा - वे - व्या - ह्वो यः ४।२।२०॥

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા पा शो छो सो वे व्ये અને ह्वे ધાતુના અન્તમાં य् નો આગમ થાય છે. पा[२; ४७]; शो[११४७]; अव+छो [११४९]; अव+सो[४४, ११५०]; वे[९९२]; व्ये[९९३] અને ह्वे[९९४] ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. 'आत्सन्ध्यक्षरस्य ४-२-१' થી [पै] शो छो[सो सै] वे व्ये અને ह्वे ધાતુના સન્ધ્યક્ષર ओ ऐ અને ए ને आ આદેશ. આ સૂત્રથી णि ની પૂર્વે य् નો આગમ વગેરે કાર્ય થવાથી पाययति शाययति अवच्छाययति अवसाययति वाययति व्याययति અને ह्वाययति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પીવરાવે છે અથવા સુકાવે છે. છોલાવે છે. તોડાવે છે. ક્ષય પમાડે છે અથવા સમજાવે છે. સુગંધિત કરે છે. ઢંકાવે છે. બોલાવરાવે છે. ॥૨૦॥

● ● ●

# अर्त्ति - री - ब्ली - ह्री - क्नूयि - क्ष्माय्यातां पुः ४।२।२१।।

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ऋ री ब्ली ह्री क्नूय् અને क्ष्माय् ધાતુના તેમ જ आ જેના અન્તમાં છે - એવા ધાતુના અન્તમાં पु [प्] નો આગમ થાય છે. ऋ[२६, ११३५] री [१२४७, १५२५] ब्ली ह्री क्नूय् क्ष्माय् અને આકારાન્ત दा ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. णिग् પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી पु [प्] નો આગમ. 'य्वोः प्वय्० ४-४-१२१' થી क्नूय् અને क्ष्माय् ના य् નો લોપ. 'पुस् पौ ४-३-३' થી ई ને ગુણ ए, ऋ ને ગુણ अर् અને ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી अर्पयति रेपयति ब्लेपयति ह्रेपयति क्नोपयति क्ष्मापयति અને दापयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- આપે છે. ટપકાવે છે. ઢંકાવે છે. શરમાવે છે. બોલાવરાવે છે. કંપાવે છે. અપાવે છે.. सत्यं करोति આ અર્થમાં દ્વિતીયાન્ત सत्य નામને 'णिज् बहुलं० ३-४-४२' થી णिज् પ્રત્યય. 'सत्याऽर्थ-वेदस्याः ३-४-४४' થી सत्य નામના અન્ત્ય अ ને आ આદેશ. આ સૂત્રથી णिज् ની પૂર્વે पु [प्] નો આગમ વગેરે કાર્ય થવાથી सत्यापयति આવો પ્રયોગ થાય છે. અર્થ - સત્ય કરે છે. ।।२१।।

● ● ●

## स्फाय् - स्फाव् ४।२।२२।।

णिं પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्फाय् ધાતુને स्फाव् આદેશ થાય છે. स्फाय्[૮૦૪] ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી स्फाय् ને स्फाव् આદેશ વગેરે કાર્ય થવાથી स्फावयति આવો પ્રયોગ થાય છે. અર્થ - વધારે છે. ।।૨૨।।

● ● ●

## शदिरगतौ शात् ४।२।२३।।

णि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા, ગતિ અર્થને છોડીને અન્ય અર્થવાળા शद् ધાતુને शात् આદેશ થાય છે. शद् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી शद् ધાતુને शात् આદેશ વગેરે કાર્ય થવાથી पुष्पाणि शातयति આવો પ્રયોગ થાય છે. અર્થ - ફુલોને ખંખેરે છે. अगताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગતિ ભિન્નાર્થક જ शद् ધાતુને તેની પરમાં णि પ્રત્યય હોય તો शात् આદેશ થાય છે. તેથી गा: शादयति અહીં ગત્યર્થક शद् ધાતુને તેની પરમાં णि પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી शात् આદેશ થતો નથી. 'ञ्णिति ४-३-५०' થી शद्+णि આ અવસ્થામાં अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી शादयति આવો પ્રયોગ થયો છે. અર્થ - ગાયોને લઈ જાય છે. ।।૨૩।।

● ● ●

# घटादे र्हस्वो दीर्घस्तु वा ञि-णम्परे ४।२।२४।।

**णि** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **घटादि** ગણપાઠમાંના **घट्** વગેરે [१००० થી १०५८ સુધીના] ધાતુના સ્વરને -હસ્વ આદેશ થાય છે. પરન્તુ **णि** પ્રત્યયની પરમાં **ञि** કે **णम्** પ્રત્યય હોય તો આ સૂત્રથી વિહિત -હસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. **घट्** અને **व्यथ्** ધાતુને **'प्रयोक्तृ० ३-४-२०'** થી **णिग्** પ્રત્યય. **'ञ्णिति ४-३-५०'** થી **घट्** અને **व्यथ्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. આ સૂત્રથી એ **आ** ને -હસ્વ **अ** આદેશ વગેરે કાર્ય થવાથી **घटयति** અને **व्यथयति** આવો પ્રયોગ થાય છે. **घट् + णिग्, व्यथ् + णिग्** આ અવસ્થામાં કર્મમાં અદ્યતનીનો **त** પ્રત્યય. **'अड्धातो० ४-४-२९'** થી ધાતુની પૂર્વે **अट्** [**अ**]. **'भाव-कर्मणोः ३-४-६८'** થી **त** ની પૂર્વે **ञिच्** [**इ**] પ્રત્યય; અને **त** નો લોપ. **'णेरनिटि ४-३-८३'** થી **णि** નો લોપ. આ સૂત્રથી નિષ્પન્ન -હસ્વ સ્વર **अ** ને આ સૂત્રથી દીર્ઘ **आ** આદેશ થવાથી **अघाटि** અને **अव्याथि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી દીર્ઘ **आ** આદેશ ન થાય ત્યારે **अघटि** અને **अव्यथि** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે ઉપર જણાવ્યા મુજબ નિષ્પન્ન **घटि** અને **व्यथि** ધાતુને **'खणम् चा० ५-४-४८'** થી **खणम्** [**अम्**] પ્રત્યય. આ સૂત્રથી ધાતુના **अ** ને દીર્ઘ **आ** આદેશ. **णि** નો લોપ.. વગેરે કાર્ય થવાથી **घाटम्** અને **व्याथम्** નામ બને છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દીર્ઘ આદેશ ન થાય ત્યારે **घटम्** અને **व्यथम्** આવું નામ બને છે. **'भृशाऽऽभीक्ष्ण्या० ७-४-७३'** થી **घाटम् व्याथम् घटम्** અને **व्यथम्** ને દ્વિત્વ થવાથી **घाटंघाटम् व्याथंव्याथम् घटंघटम्** અને **व्यथंव्यथम्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રચના કરે છે. દુઃખી કરે છે. રચાવાયું. દુઃખી કરાયું. વારંવાર રચીને. વારંવાર દુઃખી કરીને. ।।૨૪।।

• • •

## कगे-वनू-जनै-जॄष्-क्नस्-रञ्ज: ૪।૨।૨૫।।

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા कग् वन् जन् जॄ क्नस् અને रञ्ज् ધાતુના સ્વરને -હસ્વ આદેશ થાય છે; અને णि પ્રત્યયની પરમાં ञि કે णम् પ્રત્યય હોય તો તે णि પ્રત્યયની પૂર્વેના कग् वन् વગેરે ધાતુના -હસ્વ સ્વરને [જે આ સૂત્રથી વિહિત છે.] વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. कग् उप+वन् [१५०६] जन् [१२६५]; जॄ [११४५]; क्नस् અને रञ्ज् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યય. 'णौ मृगरमणे ૪-૨-૫૧' થી रञ्ज् ધાતુના न् [ञ्] નો લોપ. जॄ ધાતુના ऋ ને 'नामिनो० ૪-૩-૫૧' થી વૃદ્ધિ आर् આદેશ. कग् વગેરે ધાતુના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી आ ને -હસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી कगयति उपवनयति जनयति जरयति क्नसयति અને रजयति આવો પ્રયોગ થાય છે. कग्+णिग् उपवन्+णिग्......વગેરે અવસ્થામાં કર્મમાં અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે ञिच् પ્રત્યય તથા त નો લોપ......વગેરે કાર્યબાદ આ સૂત્રથી -હસ્વ સ્વર अ ને દીર્ઘ आ આદેશ થવાથી अकागि; उपावानि; अजानि; अजारि; अक्नासि અને अराजि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ ને દીર્ઘ आ આદેશ ન થાય ત્યારે अकगि उपावनि अजनि अजरि अक्नसि અને अरजि આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે कग् વગેરે ધાતુને णि પ્રત્યયબાદ खणम् [अम्] પ્રત્યય. આ સૂત્રથી अ ને દીર્ઘ आ આદેશ. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી आ આદેશનો નિષેધ. નામને દ્વિત્વ વગેરે કાર્ય [જુઓ સૂ. નં. ૪-૨-૨૪] થવાથી कागंकागम् उपवानमुपवानम् जानंजानम् जारंजारम् क्नासंक्नासम् અને राजंराजम् તેમ જ

વિકલ્પપક્ષમાં દીર્ઘ આદેશ ન થાય ત્યારે **कगंकगम् उपवनमुपवनम् जनंजनम् जरंजरम् क्नसंक्नसम्** અને **रजंरजम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- ક્રિયા કરાવે છે. મંગાવે છે. ઉત્પન્ન કરે છે. જીર્ણ બનાવે છે. કુટિલ કરે છે. મૃગને રમાડે છે. ક્રિયા કરાવાઈ. મંગાવ્યું. ઉત્પન્ન કર્યું. જીર્ણ બનાવાયું. કુટિલ કરાયું. મૃગને રમાડયું. વારંવાર ક્રિયા કરાવીને. વારંવાર મંગાવીને. વારંવાર ઉત્પન્ન કરીને. વારંવાર જીર્ણ બનાવીને. વારંવાર કુટિલ કરીને. વારંવાર મૃગને રમાડીને.॥૨૫॥

● ● ●

## अमोऽकम्यमि-चमः ४।२।२६॥

**णि** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વેના **कम् अम्** અને **चम्** ધાતુને છોડીને અન્ય **अम्** અન્તવાળા ધાતુના દીર્ઘ સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે; અને **णि** પ્રત્યયની પરમાં **ञि** કે **णम्** પ્રત્યય હોય તો તે **णि** પ્રત્યયની પૂર્વે રહેલા તાદૃશ [**कम् अम्** અને **चम्** સિવાયના] **अम्** અન્તવાળા ધાતુના તે -હ્રસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. **रम्** ધાતુને **णिग्** પ્રત્યય. ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. આ સૂત્રથી **आ** ને -હ્રસ્વ **अ** આદેશ વગેરે કાર્ય થવાથી **रमयति** આવો પ્રયોગ થાય છે. **रमि** ધાતુને અદ્યતનીનો **त** પ્રત્યય. તેની પૂર્વે **ञिच्** પ્રત્યય; અને **त** નો લોપ. આ સૂત્રથી -હ્રસ્વ **अ** ને દીર્ઘ **आ** આદેશ થવાથી **अरामि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં **अ** ને દીર્ઘ **आ** આદેશ ન થાય ત્યારે **अरमि** આવો

પ્રયોગ થાય છે. આવી જ રીતે **रमि** ધાતુને **खणम्** [**अम्**] પ્રત્યય. આ સૂત્રથી **अ** ને દીર્ઘ **आ** આદેશાદિ કાર્ય થવાથી **रामंरामम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી **आ** આદેશ ન થાય ત્યારે **रमंरमम्** આવો પ્રયોગ થાય છે. [પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૪-૨-૨૫] અર્થક્રમશઃ- રમાડે છે. રમાડયો. વારંવાર રમાડીને.

**अकम्यमिचम इति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **कम्** **अम्** અને **चम्** ધાતુથી ભિન્ન જ **अम्** અન્તવાળા ધાતુના દીર્ઘ સ્વરને -હ્સ્વ આદેશ થાય છે અને **ञिणंपरक-णि** પ્રત્યય પરમાં હોય તો એ -હ્સ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. તેથી - **कम्** ધાતુને '**कमेर्णिङ्** ૩-૪-૨' થી **णिङ्** [**इ**] પ્રત્યય. '**ञ्णिति** ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **कामयते** આવો પ્રયોગ થાય છે. **कामि** ધાતુને અદ્યતનીનો **त** પ્રત્યયાદિ કાર્ય થવાથી **अकामि** આવો પ્રયોગ થાય છે. તેમ જ **कामि** ધાતુને **खणम्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **कामंकामम्** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **अम्** અને **आ+चम्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **आमयति** અને **आचामयति** આવો પ્રયોગ થાય છે. અહીં પ્રત્યુદાહરણમાં યથાપ્રાપ્ત -હ્સ્વ આદેશ અને વૈકલ્પિક દીર્ઘ આદેશનું કાર્ય આ સૂત્રથી થતું નથી. અર્થક્રમશઃ- ઈચ્છે છે. ઈચ્છાયું. વારંવાર ઈચ્છીને. મોકલે છે. આચમન કરાવે છે. [પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૪-૨-૨૫] ॥૨૬॥

● ● ●

## पर्यपात् स्खदः ४।२।२७।।

परि અને अप ઉપસર્ગથી જ પરમાં રહેલા स्खद् ધાતુના સ્વરને તેની પરમાં णि પ્રત્યય હોય તો -હ્રસ્વ આદેશ થાય છે; અને તેની પરમાં ञि-णंपरक-णि પ્રત્યય હોય તો તે -હ્રસ્વ આદેશને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. परि+स्खद् અને अप+स्खद् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી परिस्खदयति અને अपस्खदयति આવો પ્રયોગ થાય છે. અર્થ - [બંનેનો] નરમ કરાવે છે.परिस्खदि અને अपस्खदि ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે 'भावकर्मणोः ૩-૪-૬૮' થી ञिच् પ્રત્યય અને त નો લોપ. 'अड्धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट् નો આગમ. આ સૂત્રથી स्खद् ધાતુના ઉપાન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. 'णेरनिटि ૪-૩-૮૩' થી णि [इ] નો લોપ વગેરે કાર્ય થવાથી पर्यस्खादि અને अपास्खादि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अ ને દીર્ઘ आ આદેશ ન થાય ત્યારે पर्यस्खदि અને अपास्खदि આવો પ્રયોગ થાય છે. અર્થ - [બન્નેનો] નરમ કરાવાયું. परिस्खदि અને अपस्खदि ધાતુને 'ख्णम् चा० ૫-૪-૪૮' થી ख्णम् [अम्] પ્રત્યય. આ સૂત્રથી स्खद् ધાતુના ઉપાન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન परिस्खाद અને अपस्खाद નામને; તેમ જ આ સૂત્રથી ઉપાન્ત્ય अ ને દીર્ઘ ન થાય ત્યારે નિષ્પન્ન परिस्खद અને अपस्खद નામને 'भृशाऽऽभीक्ष्ण्या० ૭-૪-૭૩' થી દ્વિત્વ વગેરે કાર્ય થવાથી परिस्खादंपरिस्खादम् અને अपस्खादमपस्खादम् આવો પ્રયોગ તેમ જ परिस्खदंपरिस्खदम् અને अपस्खदमपस्खदम् આવો પ્રયોગ થાય છે. અર્થ - [બંન્નેનો] વારંવાર નરમ કરાવીને.

**पर्यपादिति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **परि** અને **अप** જ ઉપસર્ગથી પરમાં રહેલા **स्खद्** ધાતુના ઉપાન્ત્ય સ્વરને -હસ્વ આદેશ થાય છે; અને **ञि-णं परक-णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા તાદૃશ-હસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. તેથી **प्रस्खादयति** અહીં ઉપર જણાવ્યા મુજબ **प्र+स्खद्** ધાતુને **णिग्** પ્રત્યયાદિ કાર્ય થયે છતે **स्खद्** ધાતુના **आ** ને આ સૂત્રથી -હસ્વ આદેશ થતો નથી. અર્થ-નરમ કરાવે છે. યદ્યપિ **स्खद्** ધાતુ **घटादि** ગણનો હોવાથી **प्रस्खादयति** અહીં '**घटादे**० ૪-૨-૨૫' થી દીર્ઘસ્વરને -હસ્વ આદેશ થઈ શકે છે પરન્તુ **प्रस्खादयति** ની જેમ **परिस्खदयति**.....વગેરે સ્થળે પણ એ કાર્ય થઈ શકતું હોવાથી આ સૂત્ર વ્યર્થ બની જણાવે છે કે **परि** અને **अप** ઉપસર્ગ પૂર્વક જ **स्खद्** ધાતુના સ્વરને ઉપર જણાવ્યા મુજબ -હસ્વ આદેશ.....વગેરે કાર્ય થાય છે. તેથી સૂ. નં. ૪-૨-૨૫ ના અર્થમાં **स्खद्** ધાત્વતિરિક્તત્વેન સઙ્કોચ થવાથી એ સૂત્રથી **प्रस्खादयति** કે **परिस्खदयति** વગેરે સ્થળે કોઈ પણ કાર્ય નહીં થાય.॥૨૭॥

● ● ●

## शमोऽदर्शने ४।२।२८॥

દર્શન અર્થને છોડીને અન્યાર્થક **शम्** ધાતુના સ્વરને; તેની પરમાં **णि** પ્રત્યય હોય તો -હસ્વ આદેશ થાય છે; અને **ञि-णम् परक णि** પ્રત્યય પરમાં હોય તો- એ -હસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ

આદેશ થાય છે. **शम्** ધાતુને **णिग्** પ્રત્યય. ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. આ સૂત્રથી **आ** ને -**हस्व अ** આદેશ વગેરે કાર્ય [જુઓ સૂ. નં. ૪-૨-૨૪] થવાથી **शमयति रोगम्** આવો પ્રયોગ થાય છે. અર્થ-રોગને શાંત કરે છે. **शमि** ધાતુને અદ્યતનીનો **त** પ્રત્યય. **त** ની પૂર્વે **ञिच्** પ્રત્યય અને **त** નો લોપ. આ સૂત્રથી **शम्** ધાતુના **अ** ને દીર્ઘ **आ** આદેશાદિ કાર્ય થવાથી **अशामि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી **अ** ને દીર્ઘ **आ** આદેશ ન થાય ત્યારે **अशमि** આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્ત કરાયો. **शमि** ધાતુને **खणम्** પ્રત્યય. આ સૂત્રથી **शम्** ના **अ** ને દીર્ઘ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **शामंशामम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દીર્ઘ **आ** આદેશ ન થાય ત્યારે **शमंशमम्** આવો પ્રયોગ થાય છે. અર્થ-વારંવાર શાંત કરીને. [પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૪-૨-૨૪] **अदर्शन इति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **णि** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા દર્શન અર્થને છોડીને જ અન્ય અર્થના વાચક **शम्** ધાતુના સ્વરને -હસ્વ આદેશ થાય છે; અને **ञि-णम्** પરક **णि** પ્રત્યય પરમાં હોય તો તે -હસ્વ સ્વરને વિકલ્પે દીર્ઘ આદેશ થાય છે. તેથી **निशामयति रूपम्** અહીં **णिग्** પ્રત્યય પરમાં હોવા છતાં **नि+शम्** ધાતુના દીર્ઘ **आ** ને, તે ધાતુ દર્શનાર્થક હોવાથી આ સૂત્રથી -હસ્વ આદેશ થતો નથી. અર્થ-રૂપ બતાવે છે. ॥૨૮॥

● ● ●

# यमोऽपरिवेषणे णिचि च ४।२।२९॥

**णिच्** પ્રત્યય થયો હોય કે ન પણ થયો હોય-એ બંન્ને અવસ્થામાં **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા પરિવેષણ [પીરસવું] અર્થને છોડીને અન્ય અર્થના વાચક **यम्** ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે; અને **ञि-णम् परक-णि** પ્રત્યય પરમાં હોય તો, તે -હ્રસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. **यम्** ધાતુને 'चुरादि० ૩-૪-૧૭' થી **णिच्** [इ] પ્રત્યય. અથવા '**प्रयोक्तृ०** ૩-૪-૨૦' થી **णिग्** પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦' થી ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. એ **आ** ને આ સૂત્રથી -હ્રસ્વ **अ** આદેશ વગેરે કાર્ય થવાથી **यमयति** આવો પ્રયોગ થાય છે. અર્થ-નિગ્રહ કરે છે અથવા નિગ્રહ કરાવે છે. **यमि** ધાતુને કર્મમાં અદ્યતનીનો **त** પ્રત્યય. **त** પ્રત્યયની પૂર્વે **ञिच्** પ્રત્યય અને **त** નો લોપ. આ સૂત્રથી **यमि** ધાતુના **अ** ને દીર્ઘ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **अयामि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દીર્ઘ **आ** આદેશાત્મક કાર્ય ન થાય ત્યારે **अयमि** આવો પ્રયોગ થાય છે. અર્થ-નિગ્રહ કરાયો અથવા નિગ્રહ કરાવાયો. આવી જ રીતે **यमि** ધાતુને **ख्णम्** પ્રત્યય. આ સૂત્રથી **यमि** ધાતુના **अ** ને દીર્ઘ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **यामंयामम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દીર્ઘ **आ** આદેશ ન થાય ત્યારે **यमंयमम्** આવો પ્રયોગ થાય છે. અર્થ-વારંવાર નિગ્રહ કરીને અથવા વારંવાર નિગ્રહ કરાવીને. [પ્રક્રિયા માટે જુઓ સૂ. નં. ૪-૨-૨૪] **अपरिवेषण इति किम् ?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **णिच्** પ્રત્યય થાય કે ન પણ થાય-એ બંન્ને અવસ્થામાં **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અપરિવેષણાર્થક જ **यम्** ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે; અને **ञि-णम्** પરક **णि** પ્રત્યય પરમાં હોય તો તે -હ્રસ્વ સ્વરને

વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. તેથી **यामयत्यतिथिम्** અહીં પરિવેષણાર્થક **यम्** ધાતુના **आ** ને -હ્રસ્વ **अ** આદેશ થતો નથી. અર્થ-અતિથિને પીરસે છે. સામાન્ય રીતે **णि** ના ગ્રહણથી **णिच्** અને **णिग्** આદિનું ગ્રહણ થતું હોવા છતાં આ સૂત્રમાં **णिचि च** ના ઉપાદાનથી એ જણાવાયું છે કે - **णिच्** પ્રત્યયાન્ત **चुरादि** ગણના ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થતો નથી. દા.ત. **स्यामयते स्यामंस्यामम्...** ॥૨૯॥

• • •

## मारण-तोषण-निशाने ज्ञश्च ४।२।३०॥

**मारण** [મારવું તે]; **तोषण** [વિનંતિ કરવી] અને નિશાન [શસ્ત્ર પ્રયોગ કરવો] આ અર્થના વાચક **ज्ञा** ધાતુના સ્વરને; તેની પરમાં **णिच्** પ્રત્યય થયો હોય કે ન પણ થયો હોય-આ બંન્ને અવસ્થામાં **णि** પ્રત્યય પરમાં હોય તો -હ્રસ્વ આદેશ થાય છે; અને **ञि** કે **णम्** પરક **णि** પ્રત્યય પરમાં હોય તો તે -હ્રસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. **सम्+ज्ञा; वि+ज्ञा** અને **प्र+ज्ञा** ધાતુને '**चुरादि०** ૩-૪-૧૭' થી **णिच्** પ્રત્યય અથવા '**प्रयोक्तृ०** ૩-૪-૨૦' થી **णिग्** પ્રત્યય. **ज्ञा** ધાતુની પરમાં '**अर्ति-री-ब्ली०** ૪-૨-૨૧' થી **पु [प्]** નો આગમ. આ સૂત્રથી **ज्ञा** ધાતુના **आ** ને -હ્રસ્વ **अ** આદેશ...વગેરે કાર્ય થવાથી **संज्ञपयति पशुम्; विज्ञपयति राजानम्** અને **प्रज्ञपयति शस्त्रम्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- પશુને મારે છે અથવા મરાવે છે. રાજાને વિનંતિ કરે છે અથવા કરાવે

છે. શસ્ત્રનો પ્રયોગ કરે છે અથવા કરાવે છે. **ज्ञपि** ધાતુને અદ્યતનીનો **त** પ્રત્યય. **त** ની પૂર્વે **ञिच्** પ્રત્યય; તથા **त** નો લોપ. આ સૂત્રથી **ज्ञपि** ધાતુના સ્વર **अ** ને દીર્ઘ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **अज्ञापि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **आ** આદેશ ન થાય ત્યારે **अज्ञपि** આવો પ્રયોગ થાય છે. અર્થ - મરાયું અથવા મરાવાયું...વગેરે. **ज्ञपि** ધાતુને **खणम्** [**अम्**] પ્રત્યય. આ સૂત્રથી **ज्ञपि** ધાતુના -હ્રસ્વ સ્વર **अ** ને દીર્ઘ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **ज्ञापंज्ञापम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી -હ્રસ્વ સ્વર **अ** ને દીર્ઘ **आ** આદેશ ન થાય ત્યારે **ज्ञपंज्ञपम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર મારીને અથવા મરાવીને વગેરે...[પ્રક્રિયા માટે જુઓ સૂ.નં.૪-૨-૨૪] ॥૩૦॥

● ● ●

## चहण: शाठ्ये ४।२।३१॥

**णिच्** પ્રત્યય થયો હોય ત્યારે **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **शाठ्य** અર્થવાળા **चह** [૧૯૨૪] ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે; અને **ञि-णम्** **परक** **णि** પ્રત્યય પરમાં હોય તો તે -હ્રસ્વ સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. **चह** ધાતુને '**चुरादि०** ૩-૪-૧૭'થી **णिच्** પ્રત્યય. '**अत:**૪-૨-૮૨'થી **चह** ધાતુના અન્ત્ય **अ** નો લોપ. આ સૂત્રથી **चह्** ના **अ** ને -હ્રસ્વ **अ** આદેશ વગેરે કાર્ય થવાથી **चहयति** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **अचाहि** અને **अचहि** અહીં **ञि** [**ञिच्**] પરક **णि** પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી **चह्** ના **अ** ને દીર્ઘ **आ** આદેશ થયો છે.

વિકલ્પપક્ષમાં દીર્ઘ आ આદેશ થયો નથી. તેમજ **चाहंचाहम्** અને **चहंचहम्** અહીં **णम्** [**खणम्**] પરક **णि** પ્રત્યય પરમાં હોવાથી **चह्** ના **अ** ને આ સૂત્રથી દીર્ઘ **आ** આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં **आ** આદેશ થયો નથી. [પ્રક્રિયા માટે જુઓ સૂ.નં.૪-૨-૨૪] અર્થક્રમશ: - શઠતા કરે છે. શઠતા કરાઈ. વારંવાર શઠતા કરીને. **शाठ्य इति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **णिच्** પ્રત્યય થયો હોય તો શાઠ્યાર્થક જ **चह** ધાતુના સ્વરને તેની પરમાં **णि** પ્રત્યય હોય તો -હસ્વ આદેશ થાય છે; અને -હસ્વ એ સ્વરને તેની પરમાં **ञि-णम्** પરક **णि** પ્રત્યય હોય તો વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. તેથી **अचहि** અહીં **ञि** પરક **णि** પ્રત્યય પરમાં હોવા છતાં **चह्** ધાતુ શાઠ્ય અર્થવાળો ન હોવાથી તેના [**चह्** ના] **अ** ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. **चह्** ધાતુ અકારાન્ત હોવાથી **चहयति**...વગેરે સ્થળે ઉપાન્ત્ય -હસ્વ સ્વાભાવિક હોવા છતાં તેને -હસ્વ વિધાન; **ञिणंपरक णि** પ્રત્યય સ્થળે દીર્ઘ આદેશના વિધાન માટે છે...ઈત્યાદિ સ્મરણીય છે. અર્થ - ઈચ્છા કરાઈ. ॥૩૧॥

● ● ●

## ज्वल - ह्वल - ह्मल - ग्ला - स्ना - वनू - वम - नमोऽनुपसर्गस्य वा ४।२।३२॥

**णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઉપસર્ગ રહિત **ज्वल् ह्वल् ह्मल् ग्लै स्ना वन्** [તનાદિ] **वम्** અને **नम्** ધાતુના સ્વરને -હસ્વ આદેશ વિકલ્પથી થાય છે. [**ञिणम्** પરક **णि** પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી જ દીર્ઘ આદેશ થતો હોવાથી એ માટે કોઈ

પ્રયાસની અપેક્ષા નથી.] 'आत् सन्ध्य० ૪-૨-૧'થી ग्लै ધાતુના ऐ ને आ આદેશ. ज्वल् ह्वल् ह्मल् ग्ला स्ना वन् वम् અને नम् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦'થી णिग् પ્રત્યય. 'अर्त्ति-री-ब्ली० ૪-૨-૨૧'થી ग्ला અને स्ना ધાતુના અન્તમાં पु [प्] નો આગમ. 'ञ्णिति ૪-૩-૫૦'થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી आ ને -હ્રસ્વ अ આદેશ વગેરે કાર્ય થવાથી ज्वलयति ह्वलयति ह्मलयति ग्लपयति स्नपयति वनयति वमयति અને नमयति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી आ ને -હ્રસ્વ अ આદેશ ન થાય ત્યારે ज्वालयति ह्वालयति ह्मालयति ग्लापयति स्नापयति वानयति वामयति અને नामयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - બાળે છે. ચલાવે છે. ચલાવે છે. દુ:ખી કરે છે. નવરાવે છે. યાચના કરાવે છે. વમન કરાવે છે. પ્રણામ કરાવે છે. अनुपसर्गस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઉપસર્ગ રહિત જ ज्वल् ह्वल्...વગેરે ધાતુના સ્વરને વિકલ્પથી -હ્રસ્વ આદેશ થાય છે. તેથી प्रज्वलयति प्रह्वलयति प्रह्मलयति प्रग्लापयति प्रस्नापयति प्रवनयति प्रवमयति અને प्रणमयति અહીં प्र + ज्वल्; प्र +ह्वल् અને प्र + ह्मल् ધાતુના સ્વરને 'घटादे -र्हस्वो० ૪-૨-૨૪'થી; प्र + वन् ધાતુના સ્વરને 'कगे - वनू० ૪-૨-૨૫'થી; અને प्र + वम् તથા प्र + नम् ધાતુના સ્વરને 'अमोऽकम्य० ૪-૨-૨૬'થી નિત્ય -હ્રસ્વ આદેશ થાય છે. प्र + ग्ला અને प्र + स्ना ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થતો નથી. અર્થ પૂર્વવત્ સ્પષ્ટ છે. ॥૩૨॥

● ● ●

## छदेरिस् - मन् - त्रट् - क्वौ ४।२।३३।।

**इस् मन् त्रट्** અને **क्विप्** પ્રત્યય જેની પરમાં છે એવો **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **छद्** ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે. **छद्** ધાતુને '**प्रयोक्तृ०** ૩-૪-૨૦'થી **णिग्** પ્રત્યય. **णिग्प्रत्ययान्त छद्** ધાતુને ઉણાદિનો **इस् मन्** અને **त्रट्** પ્રત્યય. **उप+छद्+णि** ધાતુને '**क्विप्** ૫-૧-૧૪૮'થી **क्विप्** [०] પ્રત્યય. '**ञ्णिति** ૪-૩-૫૦'થી ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. એ **आ** ને આ સૂત્રથી -હ્રસ્વ **अ** આદેશ. '**णेरनिटि** ૪-૩-૮૩'થી **णि** નો લોપ. **छद् + त्रट्** [**त्र**] આ અવસ્થામાં નિષ્પન્ન **छत्र** નામને '**अणञेये०** ૨-૪-૨૦'થી **ङी** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **छदिः छद्म छत्री** અને **उपच्छत्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હોઠ. કપટ. છત્રી. ઢાંકણું. ।।૩૩।।

● ● ●

## एकोपसर्गस्य च घे ४।२।३४।।

**घ** પ્રત્યય છે પરમાં જેના તેવો **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા એક ઉપસર્ગપૂર્વક અથવા કોઈપણ ઉપસર્ગથી રહિત એવા **छद्** ધાતુના સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે. **प्र + छद्** અને **छद्** ધાતુને '**प्रयोक्तृ०** ૩-૪-૨૦'થી **णिग्** પ્રત્યય. '**ञ्णिति** ૪-૩-૫૦'થી ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. **प्रच्छादि** અને

छादि ધાતુને 'पुन्नाम्नि घः ૫-૩-૧૩૦'થી [घ] પ્રત્યય. આ સૂત્રથી आ ને -હંસ્વ अ આદેશ. 'णेरनिटि ૪-૩-૮૩'થી णि નો લોપ વગેરે કાર્ય થવાથી प्रच्छदः छदः આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો] - છજ્જું, પાંદડું અથવા હોઠ. एकोपसर्गस्य चेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એક જ ઉપસર્ગપૂર્વક અથવા ઉપસર્ગ રહિત એવા छद् ધાતુના સ્વરને -હસ્વ આદેશ થાય છે. તેથી समुपच्छादः અહીં ઉપર જણાવ્યા મુજબ બે ઉપસર્ગપૂર્વક छद् ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્ય થાય છે; પરન્તુ આ સૂત્રથી आ ને -હસ્વ अ આદેશ થતો નથી. અર્થ - પલંગાદિનું આવરણ. ॥૩૪॥

● ● ●

## उपान्त्यस्याऽसमानलोपि - शास्वृदितो ङे ४।२।३५॥

જેના સમાન સ્વરનો લોપ થવાનો છે - તે સમાનલોપી ધાતુને તેમ જ शास् અને ऋ જેમાં ઇત્ છે - તે ऋदित् ધાતુને છોડીને અન્ય ધાતુના ઉપાન્ત્ય વર્ણને; તેની પરમાં ङपरकणि પ્રત્યય હોય તો -હસ્વ આદેશ થાય છે. पच् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. पाचि ધાતુને दि [અદ્યતની] પ્રત્યય. 'णि-श्रि-द्रु० ३-४-५८' થી दि ની પૂર્વે ङ પ્રત્યય. આ સૂત્રથી ङ પરક णि પ્રત્યયની પૂર્વેના पाच् સ્વરૂપ ધાત્વવયવના ઉપાન્ત્ય आ ને -હસ્વ अ આદેશ. 'द्वि र्धातुः० ४-१-१' થી पच् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'अङ्धातोः०

૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે अट्. 'असमान० ૪-૧-૬૩' થી અભ્યાસને सन्वद् ભાવ. 'सन्यस्य ૪-૧-૫૯' થી અભ્યાસમાં अ ને इ આદેશ. એ इ ને 'लघोर्दीर्घो० ૪-૧-૬૪' થી દીર્ઘ ई આદેશ.. વગેરે કાર્ય થવાથી अपीपचत् આવો પ્રયોગ થાય છે. અર્થ - રંધાવ્યું. अट् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન आटि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે ङ પ્રત્યય. આ સૂત્રથી आट् ના आ ને -હ્રસ્વ अ આદેશ. 'स्वरादे० ૪-૧-૪' થી टि ને દ્વિત્વ. 'णेरनिटि ૪-૩-૮૩' થી णि નો લોપ.. વગેરે કાર્ય થવાથી मा भवान् अटिटत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તમો ભમાડો નહીં.

असमानलोपि - शास्वृदित इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ समानलोपी ધાતુ તેમ જ शास् અને ऋदिद् ધાતુને છોડીને જ અન્ય ધાતુના ઉપાન્ત્ય વર્ણને; તેની પરમાં ङ પરક णि પ્રત્યય હોય તો -હ્રસ્વ આદેશ થાય છે. તેથી अत्यरराजत् अशशासत् અને मा भवान् ओणिणत् અહીં સમાનલોપી अति + राजि ધાતુના शास् ધાતુના અને ऋदिद् ओण् ધાતુના आ તથા ओ ને આ સૂત્રથી -હ્રસ્વાદેશ થતો નથી. राजानमतिक्रान्तवान् આ અર્થમાં अति+राजन् નામને 'णिज्बहुलं० ३-૪-૪૨' થી णिच् પ્રત્યય. 'त्र्यन्त्यस्वरादेः ૭-૪-૪૩' થી અન્ત્યસ્વરાદિ अन् ભાગનો લોપ થવાથી अतिराजि - આ સમાનલોપી ધાતુ બને છે. તેને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે ङ પ્રત્યય. राजि ની પૂર્વે अट्. राज् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ આદેશ...વગેરે કાર્ય થવાથી अत्यरराजत् આવો પ્રયોગ થાય છે. અર્થ - રાજાથી વધી ગયો. शास् ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યય. णिग्प्रत्ययान्त शास् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે ङ પ્રત્યય. शास् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો

લોપ. અભ્યાસમાં **आ** ને -હ્રસ્વ **अ** આદેશ. ધાતુની પૂર્વે **अट्**. **णि** નો લોપ વગેરે કાર્ય થવાથી **अशशासत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - શાસન કરાવ્યું. **ओणृ [ओण्]** ધાતુને **णिग्** પ્રત્યય. **ओणि** ધાતુને **दि** પ્રત્યય. **दि** ની પૂર્વે **ङ** પ્રત્યય. **णि** ને દ્વિત્વ [૪-૧-૪થી]. **णिग्** નો લોપ વગેરે કાર્ય થવાથી **मा भवान् ओणिणत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - આપે ચોરાવ્યું નહિ.

અહીં યાદ રાખવું જોઈએ કે - **अपीपचत्** ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી જે -હ્રસ્વ આદેશનું વિધાન કર્યું છે - તે **સૂ.નં. ४-१-१..** વગેરે સૂત્રોથી વિહિત દ્વિત્વાદિ નિત્ય કાર્યની પૂર્વે થાય છે. આશય એ છે કે **पर** કાર્યની અપેક્ષાએ નિત્ય કાર્ય બલવદ્ હોવાથી આ સૂત્રથી [૪-૨-૩૫થી] વિહિત -હ્રસ્વાદેશાત્મક કાર્યની અપેક્ષાએ તે તે સૂત્રથી વિહિત દ્વિત્વાદિ કાર્ય નિત્ય હોવાથી તેની બલવત્તાના કારણે -હ્રસ્વાદેશની પૂર્વે જ તે દ્વિત્વાદિ કાર્ય થવું જોઈએ. પરન્તુ ધાતુ પાઠમાં **ओणृ [२७३]** આ ધાતુને ઋદિત્ રૂપે જણાવાયેલો હોવાથી આ સૂત્રથી; નિત્ય એવા દ્વિત્વાદિ કાર્યનો બાધ કરીને -હ્રસ્વાદેશ પ્રથમ થાય છે. -હ્રસ્વાદેશ; દ્વિત્વાદિ કાર્ય બાદ જ થવાનો હોય તો **ओणिणत्** ઈત્યાદિ સ્થળે દ્વિત્વાદિ બાદ -હ્રસ્વાદેશની પ્રાપ્તિ જ નથી રહેતી કારણકે તેવી સ્થિતિમાં **ओ** સ્વર ઉપાન્ત્ય નથી. આથી તેને -હ્રસ્વાદેશના પ્રસંગનું નિવારણ કરવા **ओणृ** ધાતુને ઋદિત્ કરવાની આવશ્યક્તા નથી. છતાં તેમ કરવાથી એ સૂચિત થાય છે કે નિત્ય એવા દ્વિત્વાદિ કાર્યનો બાધ કરીને આ સૂત્રથી વિહિત -હ્રસ્વાદેશ પ્રથમ થાય તેથી જ **मा भवान् अटिटत्** ઈત્યાદિ પ્રયોગો ઉપપન્ન થાય છે.. ઈત્યાદિ બૃહદ્વૃત્તિથી અવસેય છે. ॥૩૫॥

● ● ●

## भ्राज - भास - भाष - दीप - पीड - जीव - मील - कण - रण - बण - भण - श्रण - ह्वे - हेठ - लुट - लुप - लपां नवा ४।२।३६॥

ङ પરક णि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા भ्राज् भास् भाष् दीप् पीड् जीव् मील् कण् रण् बण् भण् श्रण् ह्वे हेठ् लुट् लुप् અને लप् ધાતુના ઉપાન્ત્ય વર્ણને -હ્રસ્વ આદેશ વિકલ્પથી થાય છે. भ्राज् भास् भाष्.... વગેરે ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. 'ञ्णिति ४-३-५०' થી कण् रण् बण् भण् श्रण् અને लप् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'लघोरुपा० ४-३-४' થી लुट् અને लुप् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ. ह्वे ધાતુના वे ને 'णौङ्सनि ४-१-८८' થી य्वृत् उ આદેશ. એ उ ને 'नामिनो० ४-३-५१' થી વૃદ્ધિ औ આદેશ. 'ओदौतो० १-२-२४' થી औ ને आव् આદેશ... વગેરે કાર્યથી નિષ્પન્ન भ्राजि भासि भाषि दीपि पीडि जीवि मीलि काणि राणि बाणि भाणि श्राणि हावि हेठि लोटि लोपि અને लापि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે 'णि-श्रि-द्रु० ३-४-५८' થી ङ પ્રત્યય. આ સૂત્રથી भ्राज् भास् વગેરે ધાતુના ઉપાન્ત્ય आ ને -હ્રસ્વ अ આદેશ. दीप् વગેરે ધાતુના ઉપાન્ત્ય ई ને -હ્રસ્વ इ આદેશ. हेठ् ધાતુના ઉપાન્ત્ય ए ને -હ્રસ્વ इ આદેશ; તેમ જ लोट् અને लोप् ધાતુના ઉપાન્ત્ય ओ ને -હ્રસ્વ उ આદેશ. 'द्विर्धातुः० ४-१-१' થી भ्राज् भास् भाष् दीप् पीड् जीव् मील् कण् रण् बण् भण् श्रण् हू हेठ् लुट् लुप् અને लप् ને દ્વિત્વ. [અહીં 'णौ यत्कृतं कार्यं तत्सर्वं स्थानिवद् भवति' અર્થાદ્ 'णि પ્રત્યય પરમાં હોતે છતે તેની પૂર્વેના ઉપાન્ત્યાદિ સ્વરને જે કાંઈ વૃદ્ધિ વગેરે કાર્ય કરાય છે - તે બધું સ્થાનિવદ્ [કાર્યી - મૂલપ્રકૃતિવદ્] મનાય છે'- આ ન્યાયના આશ્રયે

भ्राज् વગેરેને દ્વિત્વનો ઉલ્લેખ કર્યો છે.] 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-हस्व: ४-१-३९' થી અભ્યાસમાં દીર્ઘ સ્વરને -હ્સ્વ આદેશ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'गहोर्ज: ४-१-४०' થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'द्वितीयतुर्य० ४-१-४२' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. 'असमान० ४-१-६३' થી અભ્યાસને सन्वद् ભાવ. 'सन्यस्य ४-१-५९' થી અભ્યાસમાં अ ને इ આદેશ. 'लघोर्दीर्घो० ४-१-६४' થી [भ्राज् અને श्रण् ધાતુ સિવાય] સર્વત્ર એ इ ને દીર્ઘ ई આદેશ; તેમ જ અભ્યાસમાં -હ્સ્વ સ્વર अ તથા उ ને आ તથા ऊ આદેશ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે **अबिभ्रजत् अबीभसत् अबीभषत् अदीदिपत् अपीपिडत् अजीजिवत् अमीमिलत् अचीकणत् अरीरणत् अबीबणत् अबीभणत् अशिश्रणत् अजूहवत् अजीहिठत् अलूलुटत् अलूलुपत्** અને **अलीलपत्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વરને -હ્સ્વ આદેશાદિ કાર્ય ન થાય ત્યારે सन्वद् ભાવ વગેરે કાર્યના અભાવે **अबभ्राजत् अबभासत् अबभाषंत् अदिदीपत् अपिपीडत् अजिजीवत् अमिमीलत् अचकाणत् अरराणत् अबबाणत् अबभाणत् अशश्राणत् अजुहावत् अजिहेठत् अलुलोटत् अलुलोपत्** અને **अललापत्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- સુશોભિત કર્યું. પ્રકાશિત કર્યું. બોલાવ્યું. બાળ્યું. પીડા કરી. જીવાડ્યું. સંકુચિત કર્યું. બોલાવ્યું. બોલાવ્યું. બોલાવ્યું. કહેવરાવ્યું. અપાવ્યું. બોલાવરાવ્યું. હઠ કરાવ્યો. આલોટન કરાવ્યું. નાશ કર્યો. બોલાવ્યું. ॥૩૬॥

## ऋदृवर्णस्य ४।२।३७।।

ङ પ્રત્યય છે પરમાં જેના એવો णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના ઉપાન્ત્ય ऋ વર્ણને [ऋ ॠ ને] વિકલ્પથી ऋ આદેશ થાય છે. वृत् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. 'चुरादि० ३-४-१७' થી कॄत् ધાતુને णिच् પ્રત્યય. ण्यन्त वृत् અને कॄत् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि પ્રત્યયની પૂર્વે 'णि-श्रि-द्रु० ३-४-५८' થી ङ પ્રત્યય. આ સૂત્રથી वृत् ધાતુના ઉપાન્ત્ય -હ્રસ્વ ऋ ને અને कॄत् ધાતુના ઉપાન્ત્ય દીર્ઘ ॠ ને -હ્રસ્વ ऋ આદેશ. 'द्वि र्धातुः० ४-१-१' થી वृत् અને कॄत् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ॠ ને -હ્રસ્વ ऋ આદેશ. 'ऋतोऽत् ४-१-३८' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ४-१-४६' થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'असमान० ४-१-६३' થી અભ્યાસને सन्वद् ભાવ. 'सन्यस्य ४-१-५९' થી અભ્યાસમાં अ ને इ આદેશ. એ इ ને 'लघोर्दीर्घो० ४-१-६४' થી દીર્ઘ ई આદેશ. 'अड्धातोः० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. 'णेरनिटि ४-३-८३' થી णि [इ] નો લોપ થવાથી अवीवृतत् અને अचीकृतत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋ વર્ણને -હ્રસ્વ ऋ આદેશ ન થાય ત્યારે वृत् ધાતુના ऋ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ अर् આદેશ. અને कॄत् ધાતુને 'कॄतः कीर्तिः ४-४-१२२' થી कीर्त्त् આદેશ.... વગેરે કાર્ય થવાથી अववर्त्तत् અને अचिकीर्त्तत् આવો પ્રયોગ થાય છે. આથી સમજી શકાશે કે આ સૂત્રથી વિહિત ऋ સ્વરૂપ -હ્રસ્વાદેશ; ગુણ अर् નો અને कीर्त्त् આદેશ નો બાધ કરે છે. અર્થક્રમશઃ- પાછો ફેરવ્યો. પ્રશંસા કરાવી. ।।૩૭।।

● ● ●

# जिघ्रतेरिः ४।२।३८।।

ङ प्रत्यय છે પરમાં જેના એવો णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા घ्रा ધાતુના ઉપાન્ત્ય વર્ણને વિકલ્પથી इ આદેશ થાય છે. 'प्रयोक्तृ० ३-४-२०' થી घ्रा ધાતુને णिग् પ્રત્યય. 'अर्त्ति-री-ब्ली० ४-२-२१' થી ધાતુની પરમાં पु[प्] નો આગમ. घ्रापि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે ङ પ્રત્યય. આ સૂત્રથી घ्राप् ના ઉપાન્ત્ય आ ને इ આદેશ. घ्रिप् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ४-१-४२' થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. ग् ને 'गहोर्जः ४-१-४०' થી ज् આદેશ. ધાતુની પૂર્વે अट्... વગેરે કાર્ય થવાથી अजिघ्रिपत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી घ्रा ના आ ને इ આદેશ ન થાય ત્યારે घ्राप् ના आ ને 'उपान्त्यस्या० ४-२-३५' થી -હ્રસ્વ अ આદેશ. घ्राप् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ; घ् ને ग् અને ग् ને ज् આદેશ. અભ્યાસને सन्वद् ભાવ. અભ્યાસના अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી अजिघ्रपत् આવો પ્રયોગ થાય છે. [પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૪-૨-૩૫] અર્થ - સુંઘાડ્યું. ।।૩૮।।

● ● ●

## तिष्ठतेः ४।२।३९।।

ङ परक णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्था ધાતુના ઉપાન્ત્ય સ્વરને इ આદેશ થાય છે. स्था ધાતુને णिग् પ્રત્યય. णिग् ની પૂર્વે पु[प्] નો આગમ. स्थापि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે ङ પ્રત્યય. આ સૂત્રથી स्थाप् ના ઉપાન્ત્ય आ ને इ આદેશ. स्थाप् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યજ્ઞનનો લોપ. 'अघोषे० ४-१-४५' થી અભ્યાસમાં स् નો લોપ. અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ તથા थ् ને त् આદેશ. અભ્યાસને सन्वद् ભાવ. અભ્યાસમાં अ ને इ આદેશ. ધાતુની પૂર્વે अट्. 'नाम्यन्त० २-३-१५' થી स्था ના स् ને ष् આદેશ. 'तवर्गस्य० १-३-६०' થી थ् ને ठ् આદેશાદિ [જુઓ સૂ.નં. ४-२-३५] કાર્ય થવાથી अतिष्ठिपत् આવો પ્રયોગ થાય છે. અર્થ- ઉભો કર્યો. ।।૩૯।।

● ● ●

## ऊद् दुषो णौ ४।२।४०।।

णि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दुष् ધાતુના ઉપાન્ત્ય વર્ણને ऊ આદેશ થાય છે. णि નો અધિકાર ચાલુ હોવાં છતાં ફરીથી णि નું ગ્રહણ ङ ની અનુવૃત્તિનું વ્યાવર્ત્તન કરવા માટે છે. दुष् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી दुष् ના ઉપાન્ત્ય उ ને ऊ આદેશ... વગેરે કાર્ય થવાથી दूषयति આવો પ્રયોગ થાય છે. અર્થ - દૂષિત કરે છે. ।।૪૦।।

● ● ●

## चित्ते वा ४।२।४१।।

चित्त પ્રયોજ્ય કર્ત્તા છે જેનો એવા दुष् ધાતુના ઉપાન્ત્ય વર્ણને; તેની પરમાં णि પ્રત્યય હોય તો વિકલ્પથી ऊ આદેશ થાય છે. मनो दूषयति मैत्रः અહીં णिग्प्रत्ययान्त दुष् ધાતુના ઉપાન્ત્ય उ ને આ સૂત્રથી દીર્ઘ ऊ આદેશ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી દીર્ઘ ऊ આદેશ ન થાય ત્યારે 'लघोरुपा० ४-३-४' થી उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી मनो दोषयति मैत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ - મૈત્ર મનને દૂષિત કરે છે. ।।૪૧।।

● ● ●

## गोहः स्वरे ४।२।४२।।

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા કરાયો છે ગુણ જેમાં એવા गुह् [ओ છે ઉપાન્ત્યમાં જેના એવા गुह् [गोह्]] ધાતુના ઉપાન્ત્ય વર્ણ ને ऊ આદેશ થાય છે. नि + गुह् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'कर्त्तर्यन० ३-४-७१' થી तिव् પ્રત્યયની પૂર્વે शव् [अ] પ્રત્યય. 'लघोरुपा० ४-३-४' થી गुह् ના उ ને ગુણ ओ આદેશ. એ ओ ને આ સૂત્રથી ऊ આદેશ વગેરે કાર્ય થવાથી निगूहति આવો પ્રયોગ થાય છે. અર્થ - છૂપાવે છે. गोह इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ કૃતગુણ જ गुह् ધાતુના ઉપાન્ત્ય વર્ણને તેની પરમાં સ્વરાદિ પ્રત્યય હોય તો ऊ આદેશ થાય

છે. તેથી निजुगुहः અહીં गुह् ધાતુના उ ને ગુણ થયેલો ન હોવાથી તેના ઉપાન્ત્ય સ્વરને ऊ આદેશ આ સૂત્રથી થયો નથી. नि+गुह् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય.गुह् ધાતુને 'द्विर्धातुः० ४-१-१' થી દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ४-१-४०' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ... વગેરે કાર્ય થવાથી निजुगुहुः આવો પ્રયોગ થાય છે. અર્થ - છુપાવ્યું. ॥૪૨॥

• • •

## भुवो वः परोक्षाऽद्यतन्योः ४।२।४३॥

व् છે અન્તમાં જેના એવા भू ધાતુના ઉપાન્ત્ય વર્ણને; તેની પરમાં પરોક્ષા કે અદ્યતનીનો પ્રત્યય હોય તો ऊ આદેશ થાય છે. भू ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ४-१-१' થી भू ને દ્વિત્વ. 'भूस्वपो० ४-१-७०' થી અભ્યાસમાં भू ના ऊ ને अ આદેશ. 'द्वितीयतुर्य० ४-१-४२' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. 'नामिनो० ४-३-५१' થી भू ધાતુના ऊने વૃદ્ધિ औ આદેશ. औ ને 'ओदौतो० १-२-२४' થી आव् આદેશ. बभाव्+अ આ અવસ્થામાં ઉપાન્ત્ય आ ને ऊ આદેશ થવાથી बभूव આવો પ્રયોગ થાય છે. અર્થ - થયું. भू ધાતુને અદ્યતનીનો अन् પ્રત્યય. 'सिजद्य० ३-४-५३' થી अन् ની પૂર્વે सिच् પ્રત્યય. 'पिबैतिदा० ४-३-६६' થી सिच् નો લોપ. 'धातोरिवर्णो० २-१-५०' થી भू ના ऊ ને ऊव् આદેશ. 'अड्धातो० ४-४-२९' થી ધાતુની પૂર્વે अट्. अभुव्+अन् આ અવસ્થામાં ઉપાન્ત્ય उ ને ऊ આદેશ થવાથી अभूवन् આવો

પ્રયોગ થાય છે. અર્થ - થયા. **व इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **व्** જેના અન્તમાં છે એવા જ **भू** ધાતુના ઉપાન્ત્ય વર્ણને; તેની પરમાં પરોક્ષા કે અદ્યતનીનો પ્રત્યય હોય તો **ऊ** આદેશ થાય છે. તેથી **भू** ધાતુને પરોક્ષાનો **'तत्र क्वसु० ५-२-२'** થી **क्वस्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **भू** ધાતુને દ્વિત્વાદિ કાર્યથી નિષ્પન્ન **बभू+वस्** આ અવસ્થામાં **भू** ધાતુ વકારાન્ત ન હોવાથી તેના ઉપાન્ત્ય **भ्** ને આ સૂત્રથી **ऊ** આદેશ થતો નથી. જેથી **सि** પ્રત્યયાદિ કાર્ય બાદ **बूभूवान्** આવો પ્રયોગ થાય છે. અર્થ - થયો. આવી જ રીતે **अभूत्** અહીં પણ **भू** ધાતુ વકારાન્ત ન હોવાથી તેના ઉપાન્ત્ય **भ्** ને આ સૂત્રથી **ऊ** આદેશ થતો નથી. **भू** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **दि** ની પૂર્વે **सिच्** પ્રત્યય. **सिच्** નો લોપ અને ધાતુની પૂર્વે **अट्** થવાથી **अभूत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - થયું. ||૪૩||

● ● ●

## गम -हन - जन - खन - घसः स्वरेऽनङि क्ङिति लुक् ४।२।४४॥

**अङ्** પ્રત્યયને છોડીને અન્ય સ્વરાદિ **कित्** કે **ङित्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **गम् हन् जन् खन्** ને **घस्** ધાતુના ઉપાન્ત્યવર્ણનો લોપ થાય છે. **गम्** ધાતુને પરોક્ષાનો **उस्** પ્રત્યય. **'इन्ध्यसंयो० ४-३-२१'** થી તે **उस्** પ્રત્યયને **किद्वद्**ભાવ. **'द्विर्धातुः० ४-१-१'** થી **गम्** ધાતુને દ્વિત્વ. **'व्यञ्जनस्या० ४-१-४४'** થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. **'गहोर्जः**

૪-૧-૪૦' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. આ સૂત્રથી गम् ધાતુના ઉપાન્ત્ય अ નો લોપ... વગેરે કાર્ય થવાથી जग्मुः આવો પ્રયોગ થાય છે. हन् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ उस् પ્રત્યયને किद्वद् ભાવ. हन् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ह् ને ज् આદેશ. जहन्+उस् આ અવસ્થામાં ઉપાન્ત્ય अ નો આ સૂત્રથી લોપ. जह्न्+उस् આ અવસ્થામાં 'अङे हि हनो हो० ૪-૧-૩૪' થી ह् ને घ् આદેશ વગેરે કાર્ય થવાથી जघ्नुः આવો પ્રયોગ થાય છે. जन् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. ए પ્રત્યયને ઉપર જણાવ્યા મુજબ किद्वद् ભાવ. जन् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. जजन्+ए આ અવસ્થામાં ઉપાન્ત્ય अ નો લોપ. 'तवर्गस्य० ૧-૩-૬૦' થી ज् ના યોગમાં न् ને ञ् આદેશ વગેરે કાર્ય થવાથી जज्ञे આવો પ્રયોગ થાય છે. खन् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ उस् પ્રત્યયને किद्वद् ભાવ. खन् ધાતુને દ્વિત્વ.. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीयतुर्य० ૪-૧-૪૨' થી અભ્યાસમાં ख् ને क् આદેશ. એ क् ને 'कङश्चञ् ૪-૧-૪૬' થી च् આદેશ. આ સૂત્રથી खन् ધાતુના ઉપાન્ત્ય अ નો લોપ વગેરે કાર્ય થવાથી चख्नुः આવો પ્રયોગ થાય છે. अद् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ उस् પ્રત્યયને किद्वद् ભાવ. 'परोक्षायां० ૪-૪-૧૮' થી अद् ધાતુને घस् આદેશ. घस् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. એ ग् ને ज् આદેશ. जघस् + उस् આ અવસ્થામાં घस् ધાતુના ઉપાન્ત્ય अ નો લોપ. 'अघोषे० ૧-૩-૫૦' થી घ् ને क् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી घस् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી जक्षुः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - ગયા. માર્યું. ઉત્પન્ન થયા. ખોદ્યું. ખાધું.

**स्वर इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अङ्

પ્રત્યયને છોડીને અન્ય સ્વરાદિ જ **कित्** કે **ङित्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **गम् हन् जन् खन्** અને **घस्** ધાતુના ઉપાન્ત્ય વર્ણનો લોપ થાય છે. તેથી **गम्यते** અહીં **क्य** પ્રત્યય **कित्** હોવા છતાં સ્વરાદિ ન હોવાથી તેની પૂર્વે રહેલા **गम्** ધાતુના ઉપાન્ત્ય **अ** નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - જવાય છે. **अनङीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **अङ्** પ્રત્યયથી ભિન્ન જ સ્વરાદિ **कित्** કે **ङित्** પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા **गम् हन् जन् खन्** અને **घस्** ધાતુના ઉપાન્ત્ય વર્ણનો લોપ થાય છે. તેથી **अगमत्** અહીં **अङ्** પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા **गम्** ધાતુના ઉપાન્ત્ય **अ** નો આ સૂત્રથી લોપ થતો નથી. **गम्** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. '**लृदिद्० ३-४-६४**' થી **दि** પ્રત્યયની પૂર્વે **अङ्** પ્રત્યય. ધાતુની પૂર્વે '**अड्धातो० ४-४-२९**' થી **अट्** વગેરે કાર્ય થવાથી **अगमत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. **क्ङितीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **अङ्** પ્રત્યયને છોડીને અન્ય સ્વરાદિ **कित्-ङित्** જ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **गम् हन् जन् खन्** અને **घस्** ધાતુના ઉપાન્ત્ય વર્ણનો લોપ થાય છે. તેથી **गम्** ધાતુને '**अनट् ५-३-१२४**'થી **अनट्** પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન **गमनम्** અહીં **अङ्** ભિન્ન સ્વરાદિ પ્રત્યય પરમાં હોવા છતાં તે **कित्** કે **ङित्** ન હોવાથી તેનાથી પૂર્વે રહેલા **गम्** ધાતુના ઉપાન્ત્ય **अ** નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - જવું તે. ।।૪૪।।

● ● ●

## नो व्यञ्जनस्यानुदितः ४।२।४५।।

उदित् [उ જેમાં ઈત્ છે તે] ધાતુને છોડીને અન્ય વ્યઞ્જનાન્ત ધાતુના ઉપાન્ત્ય न् નો; તેનાથી પરમાં कित् કે ङित् પ્રત્યય હોય તો લોપ થાય છે. स्रन्स् ધાતુને 'क्तक्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. આ સૂત્રથી स्रन्स् ધાતુના न् નો લોપ...વગેરે કાર્ય થવાથી स्रस्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢીલું કરાએલું. स्रन्स् ધાતુને 'व्यञ्जनादे० ૩-૪-૯' થી यङ् પ્રત્યય. આ સૂત્રથી स्रन्स् ના न् નો લોપ. 'सन्यङश्च ४-१-३' થી स्रस् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'वञ्च-स्रंस० ૪-૧-૫૦' થી અભ્યાસમાં स ની પરમાં नी નો આગમ...વગેરે કાર્ય થવાથી सनीस्रस्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર ઢીલું કરાય છે. व्यञ्जनस्येति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ उदित् ધાતુથી ભિન્ન વ્યઞ્જનાન્ત જ ધાતુના उपान्त्य न्; નો તેનાથી પરમાં कित् કે ङित् પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી नीयते અહીં कित् क्य પ્રત્યય પરમાં હોવા છતાં તેની પૂર્વેના સ્વરાન્ત नी ધાતુના ઉપાન્ત્ય न् નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ-લઈ જવાય છે. अनुदित इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉદિત્ ધાતુથી ભિન્ન જ ધાતુના ઉપાન્ત્ય न् નો; તેનાથી પરમાં कित् કે ङित् પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી नद् ધાતુ [૩૧૨]ને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યય. 'उदितः स्वरा० ૪-૪-૯૮' થી नद् ના द् ની પૂર્વે न् નો આગમ... વગેરે કાર્ય થવાથી नानन्द्यते આવો પ્રયોગ થાય છે. અહીં नद् ધાતુ ઉદિત્ હોવાથી તેના न् નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ-વારંવાર ખુશ થાય છે.।।૪૫।।

● ● ●

# अञ्चोऽनर्चायाम् ४।२।४६।।

પૂજા અર્થને છોડીને અન્યાર્થક જ **अञ्च्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો તેનાથી પરમાં **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો લોપ થાય છે. **उद्+अञ्च्** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪' થી **क्त** પ્રત્યય. આ સૂત્રથી **अञ्च्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો [**ञ्** નો] લોપ. '**चजःकगम्** ૨-૧-૮૬' થી **च्** ને **क्** આદેશ વગેરે કાર્ય થવાથી **उदक्तमुदकं कूपात्** આવો પ્રયોગ થાય છે. અર્થ - કૂવામાંથી પાણી કાઢ્યું. **अनर्चायामिति किम् ?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પૂજા અર્થને છોડીને જ અન્યાર્થક જ **अञ्च्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો; તેની પરમાં **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ પૂજાર્થક **अञ्च्** ધાતુને **क्त** પ્રત્યય. **क्त** ની પૂર્વે '**लुभ्यञ्चेः** ૪-૪-૪૪' થી **इट्**... વગેરે કાર્યથી નિષ્પન્ન **अञ्चिता गुरवः** અહીં પૂજાર્થક **अञ्च्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - ગુરુઓ પૂજાયા. '**नो व्यञ्ज०** ૪-૨-૪૫' થી વિહિત **न्** લોપની અપેક્ષાએ આ સૂત્ર નિયમ સૂત્ર છે. તેથી **अञ्च्धात्वतिरिक्तत्वेन सू. नं.** ૪-૨-૪૫ માં અર્થનો સંકોચ થાય છે. જેથી **अञ्चिता गुरवः** અહીં '**नो व्यञ्ज०** ૪-૨-૪૫' થી પણ **न्** નો લોપ થતો નથી...ઇત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે. ।।૪૬।।

● ● ●

## लङ्गि-कम्प्योरुपतापाङ्गविकृत्योः ४।२।४७।।

कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઉપતાપ અર્થમાં लङ्ग् ધાતુના અને અઙ્ગવિકૃતિ સ્વરૂપ અર્થમાં कम्प् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ થાય છે. वि+लङ्ग् અને वि+कम्प् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી क्त પ્રત્યયની પૂર્વે इट्. આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ... વગેરે કાર્ય થવાથી विलगितः અને विकपितः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- રોગથી પીડા પામ્યો. અઙ્ગોમાં કંપયુક્ત થયો. उपतापाङ्गविकृत्योरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપતાપ અને અઙ્ગવિકૃતિ સ્વરૂપ અર્થમાં જ અનુક્રમે लङ्ग् અને कम्प् ધાતુના ઉપાન્ત્ય न् નો; તેની પરમાં कित् કે ङित् પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી विलङ्गितः અને विकम्पितः અહીં અનુક્રમે ઉપતાપ અને અઙ્ગવિકૃતિ અર્થ ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થતો નથી. અર્થક્રમશઃ- અઙ્ગહીન થયો. ભયભીત થયો. ।।૪૭।।

● ● ●

## भञ्जे ञ्णौ वा ४।२।४८।।

ञि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા भञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો વિકલ્પથી લોપ થાય છે. भञ्ज् ધાતુને કર્મમાં

અદ્યતનીનો **त** પ્રત્યય. '**अड् धातो०** ૪-૪-૨૯' થી ધાતુની પૂર્વે **अट्**. '**भाव-कर्मणोः** ૩-૪-૬૮' થી **त** ની પૂર્વે **ञिच्** પ્રત્યય; અને **त** નો લોપ. આ સૂત્રથી **भञ्ज्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો લોપ. '**ञ्णिति** ૪-૩-૫૦' થી **भञ्ज्** ના **अ** ને વૃદ્ધિ **आ** આદેશ... વગેરે કાર્ય થવાથી **अभाजि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **भञ्ज्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો લોપ ન થાય ત્યારે **अभञ्जि** આવો પ્રયોગ થાય છે. અર્થ - તોડાયું. ॥૪૮॥

● ● ●

## दंश-सञ्जः शवि ૪।૨।૪૯॥

**शव्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **दंश्** અને **सञ्ज्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો લોપ થાય છે. **दंश्** અને **सञ्ज्** ધાતુને વર્તમાનાનો **तिव्** પ્રત્યય. **तिव्** પ્રત્યયની પૂર્વે '**कर्त्तर्य०** ૩-૪-૭૧' થી **शव् [अ]** પ્રત્યય. આ સૂત્રથી **दंश्** અને **सञ्ज्** ધાતુના ઉપાન્ત્ય **न्** નો લોપ થવાથી **दशति** અને **सजति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ડસે છે. સમ્બદ્ધ થાય છે. ॥૪૯॥

● ● ●

## अकट्-घिनोश्च रञ्जः ४।२।५०।।

अकट् घिन् અને शव् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ થાય છે. रञ्ज् ધાતુને 'नृत्-खन्० ૫-૧-૬૫' થી अकट् [अक] પ્રત્યય. આ સૂત્રથી रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી रजकः આવો પ્રયોગ થાય છે. અર્થ-ધોબી. रञ्ज् ધાતુને 'युज-भुज० ૫-૨-૫૦' થી घिनण् [इन्] પ્રત્યય. આ સૂત્રથી रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ. 'ञ्णिति ૪-૩-૫૦' થી रञ्ज् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिटश्च० ૪-૧-૧૧૧' થી रज् ના ज् ને ग् આદેશ. रागिन् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી रागी આવો પ્રયોગ થાય છે. અર્થ - રાગવાળો સંસારી. रञ्ज् ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. तिव् પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्य० ૩-૪-૭૧' થી शव् પ્રત્યય. આ સૂત્રથી रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી रजति આવો પ્રયોગ થાય છે. અર્થ - રંગે છે. ।।૫૦।।

● ● ●

## णौ मृगरमणे ४।२।५१।।

મૃગોનું રમાણ અર્થ ગમ્યમાન હોય તો रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો; તેની પરમાં णि પ્રત્યય હોય તો; લોપ થાય છે. रजयति मृगं व्याधः અહીં रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો આ સૂત્રથી

લોપ થયો છે. रजि ધાતુના अ ને 'ञ्णिति ૪-૩-૫૦' થી વૃદ્ધિ आ આદેશ. એ आ ને 'कगे वनू० ૪-૨-૨૫' થી -હસ્વ अ આદેશાદિ કાર્ય થવાથી रजयति આવો પ્રયોગ થાય છે. અર્થ - શિકારી મૃગને રમાડે છે. मृगरमण इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મૃગરમણ અર્થ ગમ્યમાન હોય તો જ रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો તેની પરમાં णि પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી रञ्जयति रजको वस्त्रम् અહીં મૃગરમણ અર્થ ન હોવાથી આ સૂત્રથી रञ्ज् ધાતુના न् નો લોપ થતો નથી. અર્થ - રંગારો કપડું રંગાવે છે. ।।૫૧।।

● ● ●

## घञि भाव-करणे ४।२।५२।।

ભાવમાં અથવા તો કરણમાં વિહિત - घञ् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ થાય છે. रञ्ज् ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮' થી घञ् [अ] પ્રત્યય. આ સૂત્રથી रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ. 'ञ्णिति ૪-૩-૫૦' થી अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧' થી ज् ને ग् આદેશાદિ કાર્ય થવાથી रागः આવો પ્રયોગ થાય છે. અર્થ - રંગવું તે - અથવા રંગ. भावकरण इति किम्? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ भाव કે करण માં જ વિહિત घञ् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ થાય છે. તેથી આધારમાં વિહિત घञ् પ્રત્યયની પૂર્વે રહેલા रञ्ज् ધાતુના न् નો

આ સૂત્રથી લોપ ન થવાથી **रङ्गः** આવો પ્રયોગ થાય છે. અર્થ - રંગવાનું પાત્ર.॥૫૨॥

● ● ●

## स्यदो जवे ४।२।५३॥

વેગ ગમ્યમાન હોય તો; **स्यन्द्** ધાતુના ઉપાન્ત્ય **न्** ના લોપનું તેમ જ ત્યારબાદ પ્રાપ્ત વૃદ્ધિના નિષેધનું; **घञ्** પ્રત્યય પરમાં હોય તો નિપાતન કરાય છે. '**भावाऽकर्त्रोः** ૫-૩-૧૮' થી **स्यन्द्** ધાતુને **घञ्** પ્રત્યય. આ સૂત્રથી **न्** નો લોપ. '**ञ्णिति** ૪-૩-૫૦' થી પ્રાપ્ત **अ** ને વૃદ્ધિ **आ** આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી **गोस्यदः** આવો પ્રયોગ થાય છે. અર્થ - બળદનો વેગ. **जव इति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **વેગ** અર્થ ગમ્યમાન હોય તો જ **स्यन्द्** ધાતુના ઉપાન્ત્ય **न्** ના લોપનું તેમ જ વૃદ્ધિના નિષેધનું; **घञ्** પ્રત્યય પરમાં હોય તો નિપાતન કરાય છે. તેથી **घृतस्यन्दः** અહીં વેગ અર્થ ગમ્યમાન ન હોવાથી **स्यन्द्** ધાતુના **न्** નો લોપ વગેરે કાર્ય આ સૂત્રથી થતું નથી. અર્થ - ઘીનું નીચે ટપકવું.॥૫૩॥

● ● ●

## दशनाऽवोदैधौद्म-प्रश्रथ-हिमश्रथम् ४।२।५४।।

न् नो लोप वगेरे कार्य करीने दशन अवोद एध ओद्म प्रश्रथ अने हिमश्रथ नामनुं निपातन कराय छे. दंश् धातुने 'अनट् ५-३-१२४' थी अनट् प्रत्यय. आ सूत्रथी उपान्त्य न् नो लोप वगेरे कार्य थवाथी दशनम् आवो प्रयोग थाय छे. अर्थ - डसवुं. अव+उन्द् धातुने 'भावाऽकर्त्रोः ५-३-१८' थी घञ् [अ] प्रत्यय. आ सूत्रथी न् नो लोप. 'लघोरुपा० ४-३-४' थी उन्द् ना उ ने गुण ओ आदेश. अव ना अन्त्य अ नो 'उपसर्ग० १-२-१९' थी लोप...वगेरे कार्य थवाथी अवोदः आवो प्रयोग थाय छे. अर्थ - भींजववुं. इन्ध् धातुने उपर जणाव्या मुजब घञ् प्रत्यय. आ सूत्रथी न् नो लोप. इ ने गुण ए आदेश... वगेरे कार्य थवाथी एधः आवो प्रयोग थाय छे. अर्थ - काष्ठ. उन्द् धातुने उणादिनो मन् प्रत्यय. आ सूत्रथी उपान्त्य न् नो लोप. उ ने गुण ओ आदेश वगेरे कार्य थवाथी ओद्म आवो प्रयोग थाय छे. अर्थ - भींजवनार. प्र+श्रन्थ् धातुने घञ् प्रत्यय. आ सूत्रथी उपान्त्य न् नो लोप...वगेरे कार्य थवाथी प्रश्रथः आवो प्रयोग थाय छे. अहीं 'ञ्णिति ४-३-५०' थी प्राप्त वृद्धिनो आ सूत्रथी निषेध थयो छे. आवी ज रीते हिम+श्रन्थ् धातुने घञ् प्रत्यय. आ सूत्रथी उपान्त्य न् नो लोप वगेरे कार्य थवाथी हिमश्रथः आवो प्रयोग थाय छे. अर्थ - क्रमशः- ढीलुं थवुं. बरफनुं ओगळवुं. ।।५४।।

● ● ●

# यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादे धुटि क्ङिति ४।२।५५।।

धुट् વર્ણ જેના આદિમાં છે - એવો कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા यम् रम् नम् गम् हन् मन् અને वन् ધાતુના તેમ જ तनादि [૧૪૯૯-૧૫૦૭] ધાતુના અન્ત્યવર્ણનો લોપ થાય છે. यम् गम् हन् मन् तन् અને क्षण् ધાતુને 'क्तक्तवतू ૫-૧-૧૭૪' થી क्त પ્રત્યય. रम् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય; અને नम् ધાતુને તેમ જ वन् ધાતુને 'स्त्रियां क्तिः ૫-૩-૯૧' થી क्ति [ति] પ્રત્યય. આ સૂત્રથી ધાતુના અન્ત્ય म् न् અને ण् નો લોપ વગેરે કાર્ય થવાથી यतः रत्वा नतिः गतः हतः मतः वतिः ततः અને क्षतः આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ:- નિગ્રહ કરાએલો. રમીને. નમસ્કાર. ગયો. હણાયો. મનાયો. બોલવું. વિસ્તારેલો. ઘાયલ કરાએલો.

धुटीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धुट् વર્ણ જ જેની આદિમાં છે એવો જ कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા यम् रम् नम् गम् हन् मन् वन् ધાતુના તેમ જ तनादि ગણના ધાતુના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. તેથી यम्यते અહીં यम् ધાતુની પરમાં રહેલો क्य [य] પ્રત્યય कित् હોવા છતાં તેની આદિમાં धुट् વર્ણ ન હોવાથી; यम् ધાતુના અન્ત્ય વર્ણ म् નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - નિગ્રહ કરાય છે. क्ङितीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धुट् વર્ણ છે આદિમાં જેના એવો कित् કે ङित् જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા यम् रम् नम् गम् हन् मन् वन् ધાતુના તેમ જ તનાદિ ગણના ધાતુના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. તેથી यन्ता અહીં यम् ધાતુને 'णक-तृचौ ૫-૧-૪૮' થી વિહિત तृच् [तृ] પ્રત્યય ધુડાદિ હોવા

છતાં कित् કે ङित् ન હોવાથી તેની પૂર્વેના यम् ધાતુના म् નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - નિગ્રહ કરનાર. ।।૫૫।।

• • •

## यपि ૪।૨।૫૬।।

यप् [य] પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા यम् रम् नम् गम् हन् मन् અને वन् ધાતુના તેમ જ तनादि ગણના ધાતુના અન્ત્ય વર્ણનો લોપ થાય છે. प्र+हन् प्र+मन् प्र+वन् प्र+तन् અને प्र+सन् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. क्त्वा ને 'अनञः० ૩-૨-૧૫૪' થી यप् આદેશ. આ સૂત્રથી हन् વગેરે ધાતુના અન્ત્ય न् નો લોપ. '-ह्रस्वस्य० ૪-૪-૧૧૩' થી यप् ની પૂર્વે त् નો આગમ... વગેરે કાર્ય થવાથી प्रहत्य प्रमत्य प्रवत्य प्रतत्य અને प्रसत्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- મારીને. સમજીને. બોલીને. વિસ્તારીને. આપીને. ।।૫૬।।

• • •

## वा मः ४।२।५७॥

सू. नं. ४-२-५५ માં જણાવાએલા यम् रम् नम् गम् हन् मन् અને वन् તેમ જ तनादि ગણના જે ધાતુ છે; તેમાંના म् અન્તમાં છે જેના એવા ધાતુના અન્ત્ય વર્ણનો, તેની પરમાં यप् પ્રત્યય હોય તો; વિકલ્પથી લોપ થાય છે. प्र+यम्, वि+रम्, प्र+नम् અને आ+गम् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. 'अनञः ૩-૨-૧૫૪' થી क्त्वा ને यप् આદેશ. આ સૂત્રથી ધાતુના અન્ત્ય म् નો લોપ. '-हस्वस्य० ૪-૪-૧૧૩' થી यप् ની પૂર્વે त् નો આગમ...વગેરે કાર્ય થવાથી प्रयत्य विरत्य प्रणत्य અને आगत्य આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી यम् વગેરે ધાતુના અન્ત્ય म् નો લોપ ન થાય ત્યારે प्रयम्य विरम्य प्रणम्य અને आगम्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- નિગ્રહ કરીને. રોકાઈને. પ્રણામ કરીને. આવીને. ॥૫૭॥

● ● ●

## गमां क्वौ ४।२।५८॥

क्वि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા गम् વગેરે ધાતુઓના અન્ત્યવર્ણનો પ્રયોગાનુસાર લોપ થાય છે. जनम् गच्छति આ અર્થમાં जन+गम् ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮' થી क्विप् [૦] પ્રત્યય. 'पृषोदरादयः ૩-૨-૧૫૫' થી जन પદના અન્તે म् નો આગમ. આ સૂત્રથી गम् ધાતુના म् નો લોપ. '-हस्वस्य० ૪-૪-૧૧૩' થી क्विप् ની પૂર્વે त् નો આગમ વગેરે કાર્ય થવાથી

जनङ्गत् આવો પ્રયોગ થાય છે. અર્થ-લોકની સાથે મળતાવડો. सम्+यम्, परि+तन्, सु+मन् અને सु+वन् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्विप् પ્રત્યય. આ સૂત્રથી यम् વગેરે ધાતુના અન્ત્ય म् અને न् નો લોપ. ઉપર જણાવ્યા મુજબ ધાતુના અન્તે त् નો આગમ. 'गतिकारकस्य० ૩-૨-૮૫' થી परि ના इ ને દીર્ઘ ई આદેશ...વગેરે કાર્ય થવાથી संयत् परीतत् सुमत् અને सुवत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- સંયમી. સર્વત્ર ફેલાએલ. સમજદાર. વક્તા. ॥૫૮॥

## न तिकि दीर्घश्च ४।२।५९॥

तिक् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા यम् रम् नम् गम् हन् मन् અને वन् ધાતુના તેમજ तनादि ગણના ધાતુના અન્ત્ય વર્ણનો લોપ થતો નથી. તેમજ તે ધાતુઓના સ્વરને દીર્ઘ આદેશ થતો નથી. 'तिक् कृतौ नाम्नि ૫-૧-૭૧'થી यम् रम् नम् गम् हन् मन् वन् અને तन् ધાતુને तिक् [ति] પ્રત્યય. 'यमि-रमि० ૪-૨-૫૫'થી પ્રાપ્ત અન્ત્ય વર્ણના લોપનો આ સૂત્રથી નિષેધ. ત્યારબાદ 'अहन्-पञ्चमस्य० ૪-૧-૧૦૭'થી પ્રાપ્ત દીર્ઘાદેશનો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય થવાથી यन्ति: रन्ति: नन्ति: गन्ति: हन्ति: मन्ति: वन्ति: અને तन्ति: આવો પ્રયોગ થાય છે. અર્થ [બધાનો] - કોઈનું નામ વિશેષ. ॥૫૯॥

# आः खनि - सनि - जनः ४।२।६०॥

धुट् વર્ણ જેની આદિમાં છે - એવો कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા खन् सन् અને जन् ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. खन् सन् અને जन् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય; તેમજ 'स्त्रियां क्तिः ૫-૩-૯૧'થી जन् ધાતુને क्ति પ્રત્યય. આ સૂત્રથી ધાતુના અન્ત્ય न् ને आ આદેશાદિ કાર્ય થવાથી खातः सातः जातः અને जातिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખોદેલો. આપેલો. ઉત્પન્ન. ઉત્પન્ન થવું તે. **क्ङितीत्येव =** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धुट् વર્ણાદિ कित् કે ङित् જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા खन् सन् અને जन् ધાતુના અન્ત્યવર્ણને आ આદેશ થાય છે. તેથી चङ्खन्ति અહીં खन् ધાતુની પરમાં कित् અથવા ङित् પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી खन् ધાતુના અન્ત્ય न् ને आ આદેશ થતો નથી. 'व्यञ्जनादे० ૩-૪-૯'થી खन् ધાતુને यङ् પ્રત્યય. તેનો 'बहुलं लुप् ૩-૪-૧૪'થી લોપ. 'सन्यङश्च ૪-૧-૩'થી खन् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં ख् ને क् આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬'થી क् ને च् આદેશ. 'मुरतो० ૪-૧-૫૧'થી અભ્યાસના અન્તે मु નો આગમ. चङ्खन् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી चङ्खन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર ખોદે છે. **धुटीत्येव =** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धुट् વર્ણાદિ જ कित् અથવા ङित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા खन् सन् અને जन् ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી जनित्वा અહીં धुट् વર્ણાદિ कित् કે ङित् પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી जन् ધાતુના न् ને आ આદેશ

થતો નથી. 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી इट् વગેરે કાર્ય થવાથી जनित्वा આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્પન્ન થઈને. ।।૬૦।।

● ● ●

## सनि ४।२।६१।।

ધુટ્ વર્ણ છે આદિમાં જેના એવો सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા खन् सन् અને जन् ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. 'तुमर्हादि० ૩-૪-૨૧'થી सन् ધાતુને सन् [स] પ્રત્યય. 'सन्यङश्च ૪-૧-૩'થી सन् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અનાદિ વ્યઞ્જનનો લોપ. 'सन्यस्य ૪-૧-૫૯'થી અભ્યાસમાં अ ને इ આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सन् ધાતુના स् ને ष् આદેશ. આ સૂત્રથી न् ને आ આદેશ વગેરે કાર્ય થવાથી सिषासति આવો પ્રયોગ થાય છે. અર્થ - આપવાની ઈચ્છા કરે છે. धुटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધુટ્ વર્ણાદિ જ सन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા खन् सन् અને जन् ધાતુના અન્ત્ય વર્ણને आ આદેશ થાય છે. તેથી सिषन् + स આ અવસ્થામાં 'इवृधभ्रस्ज० ૪-૪-૪૭'થી स ની પૂર્વે જ્યારે इट् થાય છે ત્યારે धुडादि सन् પ્રત્યય પરમાં ન હોવાથી सन् ધાતુના न् ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. જેથી सिसनिषति આવો પ્રયોગ થાય છે. અહીં सन् ધાતુના स् ને 'णिस्तोरेवा० ૨-૩-૩૭'થી ष् આદેશનો નિષેધ છે. ।।૬૧।।

● ● ●

# ये नवा ૪।૨।૬૨॥

खन् सन् અને जन् ધાતુના અન્ત્યવર્ણને; તેની પરમાં य સ્વરૂપ कित् અથવા ङित् પ્રત્યય હોય તો વિકલ્પથી आ આદેશ થાય છે. खन् ધાતુને કર્મમાં વર્ત્તમાનાનો ते પ્રત્યય. 'क्यः शिति ૩-૪-૭૦'થી ते પ્રત્યયની પૂર્વે क्य [य] પ્રત્યય. આ સૂત્રથી खन् ધાતુના न् ને आ આદેશ વગેરે કાર્ય થવાથી खायते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી न् ને आ આદેશ ન થાય ત્યારે खन्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - ખોદાય છે. खन् ધાતુને 'व्यञ्जनादे० ૩-૪-૯'થી यङ् [य] પ્રત્યય. આ સૂત્રથી खन् ધાતુના न् ને आ આદેશ. 'सन् यङश्च ૪-૧-૩'થી खा ને દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં खा ના आ ને -હસ્વ अ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં ख् ને क् આદેશ. એ क् ને 'कङश्चञ् ૪-૧-૪૬'થી च् આદેશ. 'आगुणा० ૪-૧-૪૮'થી च ના अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી चाखायते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી खन् ના न् ને आ આદેશ ન થાય ત્યારે खन् ધાતુને દ્વિત્વ વગેરે કાર્ય [જુઓ સૂ.નં.૪-૨-૬૦] થવાથી चङ्खन्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર ખોદાય છે. આવી જ રીતે ઉપર જણાવ્યા મુજબ सन् + य + ते આ અવસ્થામાં न् ને આ સૂત્રથી आ આદેશ થવાથી सायते અને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી न् ને आ આદેશ ન થાય ત્યારે सन्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - અપાય છે. प्र + जन् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. क्त्वा ને 'अनञः० ૩-૨-૧૫૪'થી यप् [य] આદેશ. આ સૂત્રથી जन् ધાતુના न् ને आ આદેશ...વગેરે કાર્ય થવાથી प्रजाय આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી न् ને आ આદેશ ન થાય ત્યારે प्रजन्य

આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્પન્ન થઈને. **क्ङितीत्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **य** સ્વરૂપ **कित्** કે **ङित्** જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **खन् सन्** અને **जन्** ધાતુના અન્ત્ય વર્ણને વિકલ્પથી **आ** આદેશ થાય છે. તેથી '**ऋवर्ण०** ૫-૧-૧૭'થી **सन्** અને **जन्** ધાતુને **घ्यण्** [**य**] પ્રત્યય; તે **कित्** કે **ङित्** ન હોવાથી આ સૂત્રથી **न्** ને **आ** આદેશ ન થવાથી '**ञ्णिति** ૪-૩-૫૦'થી **सन्** ધાતુના **अ** ને વૃદ્ધિ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **सान्यम्** અને **जन्यम्** [અહીં '**न जन - बधः** ૪-૩-૫૪'થી વૃદ્ધિનો નિષેધ થયો છે.] આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- આપવા યોગ્ય. ઉત્પન્ન થવા યોગ્ય. ॥૬૨॥

● ● ●

## तनः क्ये ४।२।६३॥

**क्य** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **तन्** ધાતુના અન્ત્યવર્ણને **आ** આદેશ વિકલ્પથી થાય છે. **तन्** ધાતુને કર્મમાં વર્તમાનાનો **ते** પ્રત્યય. તેની પૂર્વે '**क्यः शिति** ૩-૪-૭૦'થી **क्य** [**य**] પ્રત્યય. આ સૂત્રથી **तन्** ધાતુના **न्** ને **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **तायते** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **तन्** ધાતુના **न्** ને **आ** આદેશ ન થાય ત્યારે **तन्यते** આવો પ્રયોગ થાય છે. અર્થ - ફેલાવાય છે. **क्य इति किम्** ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **क्य** પ્રત્યય જ [**य** સ્વરૂપ **कित्** કે **ङित्** પ્રત્યય નહીં] પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **तन्** ધાતુના અન્ત્યવર્ણને **आ** આદેશ

વિકલ્પથી થાય છે. તેથી तन्तन्यते અહીં क्य પ્રત્યય પરમાં ન હોવાથી [यङ् પ્રત્યય પરમાં હોવાથી] આ સૂત્રથી तन् ધાતુના न् ને आ આદેશ થતો નથી. तन् ધાતુને यङ् પ્રત્યય કાર્ય થવાથી [જુઓ સૂ.નં. ૪-૨-૬૨] तन्तन्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર વિસ્તારે છે.॥૬૩॥

• • •

## तौ सनस्तिकि ४।२।६४॥

तिक् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલાં सन् ધાતુના અન્ત્યવર્ણનો લોપ તથા અન્ત્યવર્ણને आ આદેશ વિકલ્પથી થાય છે. 'तिक् कृतौ नाम्नि ૫-૧-૭૧'થી सन् ધાતુને तिक् પ્રત્યય. આ સૂત્રથી सन् ધાતુના न् નો લોપ. એકવાર न ને आ આદેશ...વગેરે કાર્ય થવાથી सतिः અને सातिः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सन् ધાતુના અન્ત્યવર્ણનો લોપ વગેરે કાર્ય ન થાય ત્યારે सन्तिः આવો પ્રયોગ થાય છે. અહીં 'अहन् पञ्चम० ૪-૧-૧૦૭'થી દીર્ઘ આદેશ થવો જોઈએ. એમ છતાં બૃહદ્વૃત્તિમાં તેવો પ્રયોગ નિર્દિષ્ટ ન હોવાથી અહીં તેનો ઉલ્લેખ કર્યો નથી. અર્થ - દાની.॥૬૪॥

• • •

## वन्याङ् पञ्चमस्य ४।२।६५।।

वन् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુ સમ્બન્ધી વર્ગીય પઞ્ચમવર્ણને आङ् [आ] આદેશ થાય છે. આ आङ् આદેશ ङित् હોવાથી ધાતુના ઉપાન્ત્ય સ્વરને ગુણ નહીં થાય. અન્યથા आङ् ના સ્થાને आ આ પ્રમાણે નિર્દેશ કર્યો હોત. वि + जन् ધાતુને તેમજ घुण् ધાતુને 'मन् - वन्० ૫-૧-૧૪૭'થી वन् પ્રત્યય. આ સૂત્રથી ધાતુના न् અને ण् ને आङ् આદેશ...વગેરે કાર્યથી નિષ્પન્ન विजावन् घ्वावन् નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી विजावा અને घ्वावा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- ઉત્પન્ન થનાર. ભટકનાર. ।।૬૫।।

● ● ●

## अपाच्चायश्चिः क्तौ ४।२।६६।।

अप ઉપસર્ગથી પરમાં રહેલા चाय् ધાતુને; તેની પરમાં क्ति પ્રત્યય હોય તો चि આદેશ થાય છે. अप + चाय् [૬૧૭] ધાતુને 'स्त्रियां क्तिः ૫-૩-૯૧'થી क्ति પ્રત્યય. આ સૂત્રથી चाय् ધાતુને चि આદેશ વગેરે કાર્ય થવાથી अपचितिः આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂજા. ।।૬૬।।

● ● ●

## ह्लादो ह्लद् क्तयोश्च ४।२।६७।।

क्त, क्तवतु અને क्ति પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ह्लाद् ધાતુને ह्लद् આદેશ થાય છે. ह्लाद् ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४'થી क्त અને क्तवतु પ્રત્યય. 'स्त्रियां क्तिः ५-३-९१'થી क्ति પ્રત્યય. આ સૂત્રથી ह्लाद् ધાતુને ह्लद् આદેશ. 'रदादमूर्च्छ० ४-२-६९'થી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ; તેમજ ह्लाद् ધાતુના द् ને न् આદેશ. ह्लद् + ति આ અવસ્થામાં 'अघोषे० १-३-५०'થી द् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી ह्लन्नः ह्लन्नवान् અને ह्लत्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આનંદ પામ્યો. આનંદ પામ્યો. આનંદ પામવો તે. ।।६७।।

● ● ●

## ॠ - ल्वादेरेषां तो नोऽप्रः ४।२।६८।।

पॄ ધાતુને છોડીને અન્ય દીર્ઘ ॠ જેના અન્તમાં છે એવા ॠकारान्त ધાતુ તેમજ ल्वादि ગણપાઠમાંના लू વગેરે [૧૫૧૯ થી ૧૫૩૯] ધાતુથી પરમાં રહેલા क्ति क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે. तॄ लू અને धू ધાતુને 'स्त्रियां क्तिः ५-३-९१'થી क्ति પ્રત્યય. તેમજ 'क्त - क्तवतू ५-१-१७४'થી क्त અને क्तवतु પ્રત્યય. 'ॠतां क्ङितीर् ४-४-११६'થી तॄ ધાતુના ॠ ને इर् આદેશ. 'भ्वादेर्नामिनो० २-१-६३'થી इर् ના इ ને દીર્ઘ ई

આદેશ. આ સૂત્રથી क्ति क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ...વગેરે કાર્ય થવાથી तीर्णिः तीर्णः तीर्णवान्; लूनिः लूनः लूनवान् અને धूनिः धूनः धूनवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તરવું તે. તરેલો. તરેલો. કાપવું તે. કપાએલો. કાપ્યું. હલાવવું તે. હલાવેલો. હલાવ્યું. **अप्र इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पॄ ધાતુથી ભિન્ન જ ऋकारान्त ધાતુ તેમજ ल्वादि ધાતુથી પરમાં રહેલા क्ति क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે. તેથી पॄ ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्ति क्त અને क्तवतु પ્રત્યય. 'ओष्ठ्यादुर् ૪-૪-૧૧૭'થી पॄ ના ॠ ને उर् આદેશ...વગેરે કાર્ય થવાથી पूर्त्तिः पूर्त्तः पूर्त्तवान् આવો પ્રયોગ થાય છે. અહીં पॄ ધાતુની પરમાં રહેલા क्ति વગેરે પ્રત્યયના त् ને આ સૂત્રથી न् આદેશ થતો નથી. અર્થક્રમશઃ - પૂરવું તે. પૂરું કરેલ. પૂરું કર્યું. ॥૬૮॥

● ● ●

## रदादमूर्च्छ मदः क्तयोर्दस्य च ४।२।६९॥

मूर्च्छ્ અને मद् ધાતુથી ભિન્ન; र् અને द् અન્તમાં છે જેના એવા ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે અને ત્યારે તેની પૂર્વે રહેલા ધાતુના અન્ત્ય द् ને પણ न् આદેશ થાય છે. पूर् અને भिद् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી તેના આદ્ય त् ને न् આદેશ. તેમજ भिद् ધાતુના અન્ત્ય द् ને પણ न् આદેશ વગેરે કાર્ય

થવાથી **पूर्णः पूर्णवान्** અને **भिन्नः भिन्नवान्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પૂરું કરેલ. પૂરું કર્યું. ફાડેલો. ફાડ્યું. **अमूर्च्छमद इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **मूर्च्छ्** અને **मद्** ધાતુથી ભિન્ન જ **रान्त** અને **दान्त** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે અને ત્યારે ધાતુના અન્ત્ય **द्** ને પણ **न्** આદેશ થાય છે. તેથી **मूर्च्छ् + त** અને **मद् + त** આ અવસ્થામાં આ સૂત્રથી **क्त** પ્રત્યયના **त्** વગેરેને **न्** આદેશ થતો નથી. જેથી '**राल्लुक्** ૪-૧-૧૧૦'થી **मूर्च्छ्** ધાતુના **छ्** નો [**च्छ्** નો] લોપ વગેરે કાર્ય થવાથી **मूर्त्तः** અને **मत्तः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મૂર્ચ્છા પામેલો. મદવાલો. **रदात्तस्येति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **मूर्च्छ्** અને **मद्** ધાતુથી ભિન્ન **रान्त** અને **दान्त** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને જ [**क्त क्तवतु** ની પૂર્વેના તેના અંગભૂત **इट्** વગેરેને નહીં] **न्** આદેશ થાય છે અને ત્યારે ધાતુના અન્ત્ય **द्** ને પણ **न्** આદેશ થાય છે. તેથી **चर् + त** અને **मुद् + त** આ અવસ્થામાં **त** ની પૂર્વે '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **इट्** [**इ**] વગેરે કાર્ય થવાથી **चरितम्** અને **मुदितम्** આવો પ્રયોગ થાય છે. અહીં **त** પ્રત્યયની પૂર્વે **इट्** હોવાથી **त्** ને આ સૂત્રથી **न्** આદેશ થતો નથી. અર્થક્રમશઃ - આચરણ. આનંદ. ॥૬૧॥

● ● ●

## सूयत्याद्योदित: ४।२।७०॥

दिवादि ગણપાઠમાંના सू વગેરે [૧૨૪૨ થી ૧૨૫૦] નવ ધાતુ તેમજ ओ જેમાં इत् છે - તે ओदिद् ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે. सू दू અને लस्ज् [૧૪૭૦] ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. તેના આદ્ય त् ને આ સૂત્રથી न् આદેશ. 'संयोगस्या० ૨-૧-૮૮'થી लस्ज् ધાતુના स् નો લોપ. 'चजः कगम् ૨-૧-૮૬'થી ज् ને ग् આદેશ...વગેરે કાર્ય થવાથી सूनः सूनवान्; दूनः दूनवान् અને लग्नः लग्नवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - ઉત્પન્ન થયેલો. ઉત્પન્ન કર્યું. પીડિત. પીડા કરી. લજ્જિત. લજ્જિત. ॥૭૦॥

● ● ●

## व्यञ्जनान्तस्थाऽऽतोऽख्या - ध्य: ४।२।७१॥

ख्या અને ध्या ધાતુને છોડીને અન્ય ધાતુ સમ્બન્ધી વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થાવર્ણની પરમાં રહેલો જે आ - તે आ છે અન્તમાં જેના એવા आकारान्त ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યય સમ્બન્ધી આદ્ય त् ને न् આદેશ થાય છે. स्त्यै ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪' થી क्त અને क्तवतु પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧' થી स्त्यै ધાતુના ऐ ને आ આદેશ. स्त्या + त

અને **स्त्या + तवत्** આ અવસ્થામાં વ્યઞ્જન **त्** થી પરમાં રહેલા અન્તસ્થા **य्** થી પરમાં રહેલો **आ** છે અન્તમાં જેના એવા **स्त्या** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને આ સૂત્રથી **न्** આદેશ વગેરે કાર્ય થવાથી **स्त्यानः** અને **स्त्यानवान्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - ભેગો કરેલો. ભેગું કર્યું. **व्यञ्जन इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનથી જ પરમાં રહેલા અન્તસ્થાવર્ણથી પરમાં રહેલા આકારાન્ત **ख्या** અને **ध्या** સિવાયના ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યય સમ્બન્ધી આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **या + त** અહીં વ્યઞ્જનથી પરમાં અન્તસ્થા ન હોવાથી તાદશ આકારાન્ત ધાતુની પરમાં રહેલા **त** પ્રત્યયના **त्** ને **न्** આદેશ આ સૂત્રથી થતો નથી. જેથી **यातः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયેલો.

**अन्तस्था इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ख्या** અને **ध्या** ધાતુને છોડીને અન્ય ધાતુ સમ્બન્ધી વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થાવર્ણથી જ પરમાં રહેલો જે **आ**, તદન્ત ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **स्नातः** અહીં વ્યઞ્જનથી પરમાં અન્તસ્થાવર્ણ ન હોવાથી આકારાન્ત પણ **स्ना** ધાતુથી પરમાં રહેલા **क्त** પ્રત્યયના **त्** ને આ સૂત્રથી **न्** આદેશ થતો નથી. અર્થ - સ્નાન કરેલો.

**आत इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ख्या** અને **ध्या** ધાતુને છોડીને અન્ય ધાતુ સમ્બન્ધી વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થાવર્ણથી પરમાં રહેલો જે **आ** [સ્વરમાત્ર નહીં] તદન્ત જ ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યય સમ્બન્ધી આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **च्युतः** અહીં વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થાવર્ણથી પરમાં **आ** ન હોવાથી તાદશ ઉકારાન્ત ધાતુની પરમાં રહેલા **क्त** પ્રત્યયના **त्** ને આ સૂત્રથી **न्** આદેશ થતો નથી. અર્થ - પડેલો.

**धातो र्व्यञ्जनेति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ख्या** અને **ध्या** ધાતુને છોડીને અન્ય ધાતુ સમ્બન્ધી જ વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થાવર્ણથી પરમાં રહેલો જે **आ** તદન્ત ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** ના આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **निर्यातः** અહીં ઉપસર્ગ સમ્બન્ધી **र्** વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થા **य्** ની પરમાં રહેલો જે **आ** તદન્ત ધાતુની પરમાં રહેલા **क्त** પ્રત્યયના **त्** ને આ સૂત્રથી **न्** આદેશ થતો નથી. અર્થ - નીકળ્યો. **अख्याध्य इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ख्या** અને **ध्या** ધાતુને છોડીને જ અન્ય ધાતુ સમ્બન્ધી વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થાવર્ણથી પરમાં રહેલો જે **आ** તદન્ત ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **ख्यातः** અને **ध्यातः** અહીં **ख्या** અને **ध्या** [**ध्यै** ના **ऐ** ને '**आत् सन्ध्य०** ૪-૨-૧'થી **आ** આદેશ.] ધાતુની પરમાં રહેલા **क्त** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ થતો નથી. અર્થક્રમશઃ - કહેલો. ધ્યાન કરેલો.

**आतः परस्येति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ख्या** અને **ध्या** ધાતુને છોડીને અન્ય ધાતુ સમ્બન્ધી વ્યઞ્જનથી પરમાં રહેલા અન્તસ્થા વ્યઞ્જનથી પરમાં રહેલો જે **आ** તદન્ત ધાતુની પરમાં જ રહેલા [વિહિત માત્ર નહીં] **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **दरिद्रितः** અહીં તાદૃશ **आ** અન્તવાલા **दरिद्रा** ધાતુથી વિહિત **क्त** પ્રત્યય હોવા છતાં આકારાન્ત ધાતુના **आ** ની પરમાં ન હોવાથી આ સૂત્રથી તેના **त्** ને **न्** આદેશ થતો નથી. **दरिद्रा + त** આ અવસ્થામાં '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **त** ની પૂર્વે **इट्**. '**इडेत् पुसि०** ૪-૩-૯૪'થી **दरिद्रा** ધાતુના **आ** નો લોપ વગેરે કાર્ય થવાથી **दरिद्रितः** આવો પ્રયોગ થાય છે. અર્થ - દરિદ્ર બન્યો. ॥૭૧॥

● ● ●

# पू - दिव्यञ्चेर्नाशाऽद्यूता ऽ नपादाने ४।२।७२।।

નાશાર્થક पू ધાતુ; જુગારભિન્નાર્થક [અદ્યૂતાર્થક] दिव् ધાતુ અને अनपादान અર્થવાળા - અર્થાદ્ જે ધાત્વર્થ ક્રિયાનું અપાદાનકારક ન હોય એવા अञ्च् ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યય સમ્બન્ધી આદ્ય त् ને न् આદેશ થાય છે. पू ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય; તેના આદ્ય त् ને આ સૂત્રથી न् આદેશાદિ કાર્ય થવાથી पूना यवाः આવો પ્રયોગ થાય છે. અર્થ - જવ કપાયા અથવા નષ્ટ થયા. आङ् + दिव् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'अनुनासि० ૪-૧-૧૦૮'થી दिव् ધાતુના व् ને ऊ આદેશ. આ સૂત્રથી क्त પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી आद्यूनः આવો પ્રયોગ થાય છે. અર્થ - રોગી. सम् + अञ्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. 'अञ्चोऽनर्चायाम् ૪-૨-૪૬'થી अञ्च् ધાતુના न् ના ञ् નો લોપ. 'चजः कगम् ૨-૧-૮૬'થી च् ને क् આદેશ. આ સૂત્રથી क्त ના त् ને न् આદેશ...વગેરે કાર્ય થવાથી समक्नौ पक्षौ આવો પ્રયોગ થાય છે. અર્થ - સમેટેલી પાંખો. नाशाद्यूतानपादान इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નાશદ્યુતભિન્ન અને અનપાદાનાર્થક જ ક્રમશઃ पू दिव् અને अञ्च् ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે. તેથી पूतम् द्यूतम् અને उदक्तं जलम् [कूपात्] અહીં નાશાર્થક पू ધાતુ ન હોવાથી અદ્યૂતાર્થક दिव् ધાતુ ન હોવાથી અને અનપાદાનાર્થક अञ्च् [उद् + अञ्च्] ધાતુ ન હોવાથી આ સૂત્રથી क्त પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થતો નથી. અર્થક્રમશઃ - પવિત્ર. જુગાર.

[કૂવામાંથી] ઉલેચેલું પાણી. ॥૭૨॥

● ● ●

## से ग्रासे कर्म्मकर्त्तरि ४।२।७३॥

ગ્રાસાત્મક - કર્મ કર્ત્તા હોય તો **सि** ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યય સમ્બન્ધી આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. **सि** ધાતુને [૧૨૮૭ - ૧૫૦૮] '**क्त** - **क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. આ સૂત્રથી **क्त** પ્રત્યયના **त्** ને **न्** આદેશ વગેરે કાર્ય થવાથી **सिनो ग्रासः स्वयमेव** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગ્રાસ સ્વયમ્ બંધાયો. **कर्मकर्त्तरीति-किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રાસાત્મક - કર્મ જ કર્ત્તા હોય [અન્યકર્ત્તા હોય તો નહીં] તો **सि** ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યય સમ્બન્ધી આદ્ય **त्** ને **न्** આદેશ થાય છે. તેથી **सितो ग्रासो मैत्रेण** અહીં ગ્રાસાત્મક કર્મથી ભિન્ન **मैत्र** કર્તા હોવાથી આ સૂત્રથી **सि** ધાતુની પરમાં રહેલા **क्त** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ થતો નથી. અર્થ - મૈત્રે ગ્રાસ બાન્ધ્યો. ॥૭૩॥

● ● ●

## क्षेः क्षी चाऽघ्यार्थे ४।२।७४।।

घ्यण् પ્રત્યયનો અર્થ ભાવ અને કર્મ છે. એનાથી ભિન્ન અર્થમાં क्षि ધાતુથી વિહિત क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે અને ત્યારે क्षि ધાતુને क्षी આદેશ થાય છે. क्षि ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. આ સૂત્રથી તેના આદ્ય त् ને न् આદેશ અને क्षि ધાતુને क्षी આદેશ...વગેરે કાર્ય થવાથી क्षीणः અને क्षीणवान् मैत्रः આવો પ્રયોગ થાય છે. અર્થ [બન્નેનો] - ક્ષીણ થયો. अघ्यार्थ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घ्यण् પ્રત્યયાર્થ ભાવ અને કર્મ થી ભિન્ન જ અર્થમાં क्षि ધાતુથી વિહિત क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે અને ત્યારે क्षि ધાતુને क्षी આદેશ થાય છે. તેથી क्षितमस्य અહીં क्षि ધાતુને ભાવમાં વિહિત क्त પ્રત્યયના त् ને આ સૂત્રથી न् આદેશ થતો નથી; તેમજ क्षि ધાતુને क्षी આદેશ પણ થતો નથી. અર્થ - આનો ક્ષય થયો. ।।૭૪।।

● ● ●

## वाऽऽक्रोश - दैन्ये ४।२।७५।।

आक्रोश અને दैन्य અર્થ ગમ્યમાન હોય તો; घ्य પ્રત્યયાર્થ [भाव અને कर्म] થી અન્ય અર્થમાં क्षि ધાતુથી વિહિત क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને વિકલ્પથી न् આદેશ થાય છે; અને ત્યારે

ક્ષિ ધાતુને ક્ષી આદેશ થાય છે. **क्षीणाऽऽयुर्जाल्म!** અહીં આક્રોશ અર્થ ગમ્યમાન હોવાથી क्षि ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી વિહિત क्त પ્રત્યયના त् ને આ સૂત્રથી न् આદેશ અને क्षि ધાતુને क्षी આદેશ વગેરે કાર્ય થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्त પ્રત્યયના त् ને न् આદેશ વગેરે કાર્ય ન થાય ત્યારે **क्षिताऽऽयुर्जाल्मः** આવો પ્રયોગ થાય છે. અર્થ - આ નીચ માણસ ક્ષીણ આયુષ્યવાળો છે. આવી જ રીતે **क्षीणकस्तपस्वी** અહીં દૈન્ય અર્થ ગમ્યમાન હોવાથી क्षि ધાતુને વિહિત क्त પ્રત્યયના त् ને આ સૂત્રથી न् આદેશ તેમજ क्षि ધાતુને क्षी આદેશ. 'अनुकम्पा० ૭--૩--૩૪'થી क्षीण નામને સ્વાર્થિક क પ્રત્યય વગેરે કાર્ય થવાથી **क्षीणकः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्त પ્રત્યયના त् ને न् આદેશ વગેરે કાર્ય ન થાય ત્યારે **क्षितकस्तपस्वी** આવો પ્રયોગ થાય છે. અર્થ - તપસ્વી, અનુકમ્પનીય ક્ષીણ શરીરવાળા છે. ।।૭૫।।

● ● ●

## ऋ - ह्री - घ्रा - ध्रा - त्रोन्द- नुद - विन्ते र्वा ૪।૨।૭૬।।

ह्री घ्रा ध्रै त्रै उन्द् नुद् અને विद् [૧૪૯૭] ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને વિકલ્પથી न् આદેશ થાય છે. 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી ऋ घ्रा ध्रै त्रै सम् + उन्द् नुद् અને विद् ધાતુને क्त પ્રત્યય અને ह्री ધાતુને क्त અને क्तवतु પ્રત્યય. 'आत्सन्ध्य० ૪-૨-૧'થી ध्रै અને त्रै ધાતુના ऐ ને आ આદેશ. 'नों

व्यञ्जन० ४-२-४५'थी उन्द् धातुना न् नो लोप. આ સૂત્રથી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ. 'रदाद० ४-१-६९'थी उन्द् नुद् અને विद् ધાતુના द् ને પણ न् આદેશ વગેરે કાર્ય થવાથી ક્રમશઃ ऋणम् ह्रीणः ह्रीणवान् घ्राणः ध्राणः त्राणः समुन्नः नुन्नः અને विन्नः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી त् ને न् આદેશાદિ કાર્ય ન થાય ત્યારે અનુક્રમે ऋतम् ह्रीतः ह्रीतवान् घ्रातः ध्रातः त्रातः समुत्तः नुत्तः અને वित्तः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પ્રાપ્ત. લજ્જિત થયો. લજ્જિત થયો. સુંઘેલો. તૃપ્ત થયેલો. રક્ષણ કરાએલો. ભીંજાવેલો. પ્રેરણા કરાએલો. વિચારેલો. ।।૭૬।।

● ● ●

## दु - गोरू च ४।२।७७।।

दु અને गु ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ થાય છે; અને ત્યારે दु અને गु ધાતુના उ ને ऊ આદેશ થાય છે. दु અને गु ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४'थी क्त અને क्तवतु પ્રત્યય. તેના આદ્ય त् ને આ સૂત્રથી न् આદેશ અને दु તથા गु ધાતુના उ ને ऊ આદેશ વગેરે કાર્ય થવાથી दूनः दूनवान् અને गूनः गूनवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - દૂષિત. દૂષિત થયો. વિષ્ટા કરી. વિષ્ટા કરી. ।।૭૭।।

● ● ●

## क्षै - शुषि - पचो म - क - वम् ४।२।७८॥

क्षै ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને म् આદેશ થાય છે. शुष् ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને क् આદેશ થાય છે. તેમ જ पच् ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને व् આદેશ થાય છે. क्षै शुष् અને पच् ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४' થી क्त અને क्तवतु પ્રત્યય. क्षै ધાતુના ऐ ને 'आत् सन्ध्य० ४-२-१' થી आ આદેશ. 'चज: कगम् २-१-८६' થી पच् ધાતુના च् ને क् આદેશ. આ સૂત્રથી અનુક્રમે क्षै शुष् અને पच् ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને म् क् અને व् આદેશ વગેરે કાર્ય થવાથી क्षाम: क्षामवान्; शुष्क: शुष्कवान् અને पक्व: पक्ववान् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ:- કૃશ. કૃશ. સુકાએલો. સુકાયો. પાકો. પકાવ્યું. ॥૭૮॥

● ● ●

## निर्वाणमवाते ४।२।७९॥

વાયુથી ભિન્ન કર્તા હોય તો निर् ઉપસર્ગપૂર્વક वा ધાતુની પરમાં રહેલા क्त પ્રત્યયના त् ને न् આદેશનું નિપાતન કરાય છે. निर्+वा ધાતુને 'क्त - क्तवतू ५-१-१७४' થી क्त પ્રત્યય. આ સૂત્રથી क्त પ્રત્યયના त् ને न् આદેશ. न् ને 'स्वरात् २-३-८५' થી

**ण्** આદેશ... વગેરે કાર્ય થવાથી **निर्वाणो मुनिः** આવો પ્રયોગ થાય છે. અર્થ - મુનિ મુક્ત થયા. **अवात इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વાયુથી ભિન્ન જ કર્તા હોય તો **निर् + वा** ધાતુથી પરમાં રહેલા **क्त** પ્રત્યયના **त्** ને **न्** આદેશનું નિપાતન કરાય છે. તેથી **निर्वातो वातः** અહીં વાયુ કર્તા [તદ્ભિન્ન કર્તા ન] હોવાથી **निर् + वा + क्त** આ અવસ્થામાં આ સૂત્રથી **क्त** પ્રત્યયના **त्** ને **न्** આદેશ થતો નથી. અર્થ - વાયુ બંધ થયો. ॥૭૯॥

● ● ●

## अनुपसर्गाः क्षीबोल्लाघ - कृश - परिकृश - फुल्लोत्फुल्ल - संफुल्लाः ४।२।८०॥

**क्षीब उल्लाघ कृश परिकृश फुल्ल उत्फुल्ल** અને **सम्फुल्ल** આ શબ્દો જો ઉપસર્ગરહિત હોય તો તે **क्त** પ્રત્યયાન્ત શબ્દોનું નિપાતન કરાય છે. **क्षीब्** [૭૬૧] ધાતુને **उद् + लाघ्** ધાતુને **कृश्** ધાતુને તેમજ **परि + कृश्** ધાતુને '**क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. આ સૂત્રથી નિપાતનના કારણે **क्त** પ્રત્યયની પૂર્વે '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી વિહિત **इट्** નો નિષેધ અને **क्त** પ્રત્યયના **त्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **क्षीबः उल्लाघः कृशः** અને **परिकृशः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અહંકારી. સમર્થ. દુર્બલ. દુર્બલ. **फल्** [૪૧૪] **उत् + फल्** અને **सम् + फल्** ધાતુને **क्त** પ્રત્યય. આ સૂત્રથી **क्त** પ્રત્યયના **त्** ને **ल्** આદેશ. '**ति चोपान्त्यां०** ૪-૧-૫૪'થી **फल्** ધાતુના **अ** ને **उ** આદેશ...વગેરે કાર્ય થવાથી

**फुल्लः उत्फुल्लः** અને **संफुल्लः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વિકસિત. વિકસિત. વિકસિત. **अनुपसर्गा इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગરહિત જ **क्षीब उल्लाघ कृश परिकृश फुल्ल उत्फुल्ल** અને **सम्फुल्ल** આ **क्त** - પ્રત્યયાન્ત નામોનું નિપાતન કરાય છે. તેથી **प्र + क्षीब्** ધાતુને **क्त** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **इट्** વગેરે કાર્ય થવાથી **प्रक्षीबितः** આવો પ્રયોગ થાય છે. અહીં ઉપસર્ગપૂર્વક **क्षीब्** ધાતુ હોવાથી **क्त** પ્રત્યયાન્ત **क्षीब [प्रक्षीब]** નામનું આ સૂત્રથી નિપાતન થતું નથી. અર્થ - અતિશય અહંકારી. ।।૮૦।।

● ● ●

## भित्तं शकलम् ४।२।८१।।

**भिद्** ધાતુથી પરમાં રહેલા **क्त** પ્રત્યયાન્ત નામ **शकल** નો પર્યાય અર્થાત્ **शकल** અર્થવાળું હોય તો તે નામમાં **क्त** પ્રત્યયના **त्** ને **न्** આદેશના અભાવનું નિપાતન કરાય છે. **भिद्** ધાતુને **'क्त - क्तवतू ५-१-१७४'** થી **क्त** પ્રત્યય. **क्त** પ્રત્યયના **त्** ને **'रदादमूर्च्छ० ४-२-६९'** થી વિહિત **न्** આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી **भित्तं शकलमित्यर्थः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ભિત્ત - શકલ - ખંડ આ બધા સમાનાર્થક શબ્દો છે. **शकलमिति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **भिद्** ધાતુથી પરમાં રહેલ **क्त** પ્રત્યયાન્ત નામ **शकल**નો પર્યાય હોય તો જ તે નામના **क्त** પ્રત્યયના **त्** ને **न्** આદેશના અભાવનું નિપાતન કરાય છે. તેથી **भिन्नम् भित्तम्**

અહીં भिन्न નામ शकल નું પર્યાયવાચક ન હોવાથી क्त ના त् ને આ સૂત્રથી न् આદેશાભાવનું નિપાતન થયું નથી. જેથી 'रदाद० ૪-૨-૬૯' થી क्त પ્રત્યયના त् ને તેમ જ ધાતુ સમ્બન્ધી અન્ત્ય द् ને પણ न् આદેશ થયો છે. અર્થ - શકલને ફોડ્યો. ॥૮૧॥

● ● ●

## वित्तं धन-प्रतीतम् ૪।૨।૮૨ ।।

विद् [૧૩૨૨] ધાતુથી પરમાં રહેલ क्त પ્રત્યયાન્ત નામ धन અને प्रतीत નું પયાર્યવાચી હોય તો क्त પ્રત્યયાન્ત નામના क्त પ્રત્યયના त् ને न् આદેશના અભાવનું નિપાતન કરાય છે. विद् ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી क्त પ્રત્યય. 'रदाद० ૪-૨-૬૯' થી क्त પ્રત્યયના त् ને વિહિત न् આદેશનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી वित्तं धनम् અને वित्तः प्रतीतः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ધન. પ્રતીત (જાણેલો.) धनप्रतीतमिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધન અને પ્રતીતનું પર્યાયવાચક નામ હોય તો જ वित्त નામના क्त પ્રત્યયના त् ને न् આદેશના અભાવનું નિપાતન કરાય છે. તેથી विन्नः અહીં विद् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન विन्न નામ धन અને प्रतीत નું પર્યાયવાચી ન હોવાથી આ સૂત્રથી त् ને न् આદેશનો નિષેધ થતો નથી. જેથી 'रदाद० ૪-૨-૬૯'થી विद् ધાતુથી પરમાં રહેલા क्त પ્રત્યયના त् ને તેમજ ધાતુના અન્ત્ય द् ને પણ न् આદેશ વગેરે કાર્ય થાય છે. અર્થ - મેળવેલો. ॥૮૨॥

● ● ●

## हु - धुटो हे र्धिः ४।२।८३।।

हु [११३0] ધાતુથી પરમાં રહેલા તેમજ धुट्वर्ण જેના અન્તમાં છે એવા [धुडन्त] ધાતુથી પરમાં રહેલા हि પ્રત્યયને धि આદેશ થાય છે. हु અને विद् [१०९९] ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. આ સૂત્રથી हि ને धि આદેશ. 'हवः शिति ४-१-२२'થી हु ને द्वित्व. 'गहोर्जः ४-१-४०'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ વગેરે કાર્ય થવાથી जुहुधि અને विद्धि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હોમ કર. જાણ. ।।૮૩।।

● ● ●

## शासस् - हनः शाध्येधि - जहि ४।२।८४।।

हि પ્રત્યયાન્ત शास् अस् અને हन् ધાતુને અનુક્રમે शाधि एधि અને जहि આદેશ થાય છે. शास् अस् અને हन् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. हि પ્રત્યયની સાથે शास् अस् અને हन् ધાતુને આ સૂત્રથી અનુક્રમે शाधि एधि અને जहि આવો આદેશ થાય છે. અર્થક્રમશઃ - શાસન કર. થા. માર. ।।૮૪।।

● ● ●

# अतः प्रत्ययाल्लुक् ४।२।८५।।

ધાતુથી પરમાં રહેલા અકારાન્ત પ્રત્યયથી પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ થાય છે. दिव् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. તેની પૂર્વે '**दिवादेः श्यः** ૩-૪-૭૨'થી श्य [य] પ્રત્યય. આ સૂત્રથી અકારાન્ત તાદૃશ य પ્રત્યયથી પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ. '**भ्वादेर्नामिनो०** ૨-૧-૬૩'થી दिव् ધાતુના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી **दीव्य** આવો પ્રયોગ થાય છે. અર્થ - રમ. **अत इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુથી પરમાં રહેલા અકારાન્ત જ પ્રત્યયની પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ થાય છે. તેથી **राध्नुहि** અહીં राध् ધાતુથી વિહિત પઞ્ચમીનો हि પ્રત્યય; તેની પૂર્વે '**स्वादेः श्नुः** ૩-૪-૭૫'થી વિહિત ઉકારાન્ત [અકારાન્ત નહીં] नु પ્રત્યયથી પરમાં હોવાથી हि પ્રત્યયનો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - મા૨. **प्रत्ययादिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુથી પરમાં રહેલા અકારાન્ત પ્રત્યયથી જ [વર્ણમાત્રથી નહીં] પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ થાય છે. તેથી पय् ધાતુને '**व्यञ्जनादे०** ૩-૪-૯'થી यङ् [य] પ્રત્યય. '**बहुलं लुप्** ૩-૪-૧૮'થી यङ् નો લોપ. '**सन्यङश्च** ૪-૧-૩'થી पय् ને દ્વિત્વ. '**व्यञ्जनस्या०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '**आ - गुणा०** ૪-૧-૪૮'થી અભ્યાસમાં अ ને आ આદેશ. **पापय्** ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. '**य्वोः प्वय्०** ૪-૪-૧૨૧'થી य् નો લોપ વગેરે કાર્ય થવાથી **पापहि** આવો પ્રયોગ થાય છે. અહીં અકારાન્ત प થી પરમાં हि પ્રત્યય હોવા છતાં અકારાન્ત પ્રત્યયથી પરમાં ન હોવાથી આ સૂત્રથી તેનો લોપ થતો નથી. અર્થ - વારંવાર જા.।।૮૫।।

● ● ●

## असंयोगादोः ४।२।८६।।

અસંયુક્ત વ્યઞ્જનથી પરમાં રહેલો જે उ; તદન્ત [તાદશ ઉકારાન્ત] પ્રત્યયની પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ થાય છે. सु ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. તેની પૂર્વે 'स्वादेः श्नुः ૩-૪-૭૫'થી श्नु [नु] પ્રત્યય. અસંયુક્ત વ્યઞ્જન न् થી પરમાં રહેલા उ અન્તવાલા नु પ્રત્યયથી પરમાં રહેલા हि પ્રત્યયનો આ સૂત્રથી લોપ થવાથી सुनु આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્નાન કર અથવા કરાવ. **असंयोगादिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંયુક્ત જ વ્યઞ્જનથી પરમાં રહેલો જે उ; તદન્ત પ્રત્યયની પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ થાય છે. તેથી अक्ष् ધાતુને ઉપર જણાવ્યા મુજબ પઞ્ચમીનો हि પ્રત્યય; તેની પૂર્વે नु પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન अक्ष्णुहि આ પ્રયોગમાં સંયુક્ત વ્યઞ્જનથી પરમાં રહેલા उ અન્તવાલા પ્રત્યયની પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - સમ્બન્ધ કર. **ओरिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંયુક્ત વ્યઞ્જનથી પરમાં રહેલો उ જ [સ્વરમાત્ર નહિ] તદન્ત પ્રત્યયની પરમાં રહેલા हि પ્રત્યયનો લોપ થાય છે. તેથી क्री ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. તેની પૂર્વે 'क्र्यादेः ૩-૪-૭૯'થી श्ना [ना] પ્રત્યય. 'एषामी० ૪-૨-૯૭'થી श्ना ના आ ને ई આદેશાદિ કાર્યથી નિષ્પન્ન क्रीणीहि આ પ્રયોગમાં અસંયુક્ત વ્યઞ્જન ण् થી પરમાં રહેલા आ અન્તવાલા श्ना પ્રત્યયની પરમાં हि પ્રત્યય હોવાથી [ઉકારાન્ત પ્રત્યયની પરમાં તે ન હોવાથી] તેને આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - ખરીદ કર. ।।૮૬।।

● ● ●

## वम्यविति वा ४।२।८७।।

व् અથવા म् થી શરૂ થતો અવિત્ [વિત્ સિવાયનો] પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અસંયુક્ત વ્યઞ્જનથી પરમાં રહેલો જે उ તદન્ત પ્રત્યયના उ નો વિકલ્પથી લોપ થાય છે. सु ધાતુને વર્ત્તમાનાનો वस् અને मस् પ્રત્યય. તેની પૂર્વે 'स्वादेः श्नुः ૩-૪-૭૫'થી श्नु [नु] પ્રત્યય. આ સૂત્રથી नु ના उ નો લોપ વગેરે કાર્ય થવાથી सुन्वः અને सुन्मः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી नु ના उ નો લોપ ન થાય ત્યારે सुनुवः અને सुनुमः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અમે બે સ્નાન કરીએ છીએ. અમે સ્નાન કરીએ છીએ. अवितीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંયુક્ત વ્યઞ્જનથી પરમાં રહેલો જે उ તદન્ત પ્રત્યયના અન્ત્ય उ નો; તેની પરમાં व् અથવા म् થી શરૂ થતો અવિત્ જ પ્રત્યય હોય તો વિકલ્પથી લોપ થાય છે. તેથી सु + नु + मि આ અવસ્થામાં म् થી શરૂ થતો પણ વિત્ પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વમાં તાદશ नु પ્રત્યયના અન્ત્ય उ નો આ સૂત્રથી લોપ થતો નથી. જેથી 'उ - श्नोः ૪-૩-૨'થી नु ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી सुनोमि આવો પ્રયોગ થાય છે. અર્થ - હું સ્નાન કરું છું. असंयोगादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અસંયુક્ત જ વ્યઞ્જનથી પરમાં રહેલો જે उ તદન્ત પ્રત્યયના અન્ત્ય उ નો; તેની પરમાં व् અથવા म् થી શરૂ થતો અવિત્ પ્રત્યય હોય તો વિકલ્પથી લોપ થાય છે. તેથી तक्ष्णुवः અહીં સંયુક્ત વ્યઞ્જનથી પરમાં રહેલા उ નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - અમે બે પતલું કરીએ છીએ.।।૮૭।।

## कृगो यि च ४।२।८८।।

कृ ધાતુની પરમાં રહેલા उ નો તેની પરમાં य् થી શરૂ થતો પ્રત્યય હોય તેમજ व् અને म् થી શરૂ થતો અવિત્ પ્રત્યય હોય તો લોપ થાય છે. कृ ધાતુને युस् પ્રત્યય તેમજ वस् અને मस् પ્રત્યય. 'कृग् तनादेरुः ૩-૪-૮૩'થી कृ ધાતુની પરમાં उ પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. 'अतः शित्युत् ૪-૨-૮૯'થી अर् ના अ ને उ આદેશ. આ સૂત્રથી उ પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી कुर्युः कुर्वः અને कुर्मः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેઓ કરે. અમે બે કરીએ છીએ. અમે કરીએ છીએ. ।।૮૮।।

● ● ●

## अतः शित्युत् ४।२।८९।।

અવિત્ - શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલો જે उ, તેના કારણે થયેલો [तन्निमित्तक] જે कृ ધાતુનો अ તેને उ આદેશ થાય છે. कृ ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. 'कृग्तना० ૩-૪-૮૩'થી हि ની પૂર્વે उ પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ. આ સૂત્રથી अर् ના अ ને उ આદેશ. 'असंयोगादोः ૪-૨-૮૬'થી हि પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી कुरु આવો પ્રયોગ થાય છે. અર્થ - કર. अवितीत्येव = આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ अवित् જ शित् - પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલો જે उ તેના કારણે થયેલો જે कृ ધાતુનો अ તેને उ આદેશ થાય છે. તેથી कृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ कृ + तिव् આ અવસ્થામાં तिव् ની પૂર્વે उ પ્રત્યય. ऋ ને ગુણ अर् આદેશ. તેમજ 'उ - श्नोः ૪-૩-૨'થી उ ને ગુણ ओ આદેશ...વગેરે કાર્ય થવાથી करोति આવો પ્રયોગ થાય છે. અહીં वित् - शित् પ્રત્યય પરમાં હોવાથી તેનાથી પૂર્વે રહેલા उ ના કારણે થયેલા પણ कृ ધાતુના अ ને આ સૂત્રથી उ આદેશ થતો નથી. અર્થ - તે કરે છે. ॥૮૯॥

● ● ●

## श्नाऽस्त्यो र्लुक् ४।२।९०॥

અવિત્ - શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા श्न પ્રત્યયના અને अस् ધાતુના अ નો લોપ થાય છે. रुध् ધાતુને तस् પ્રત્યય. 'रुधां स्वरा० ૩-૪-૮૨'થી ध् ની પૂર્વે श्न [न] પ્રત્યય. આ સૂત્રથી श्न પ્રત્યયના अ નો લોપ. रुन्ध् + तस् આ અવસ્થામાં 'अधश्चतु० ૨-૧-૭૯'થી तस् ના त् ને ध् આદેશ. 'धुटो धुटि० ૧-૩-૪૮'થી रुन्ध् ના ध् નો લોપ...વગેરે કાર્ય થવાથી रुन्धः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે રોકે છે. अस् ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય. આ સૂત્રથી अस् ધાતુના अ નો લોપ વગેરે કાર્ય થવાથી स्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે છે. अत इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अवित् - शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अस् ધાતુના અને श्न પ્રત્યયના अ

નો જ લોપ થાય છે. તેથી **अस्** ધાતુને હ્યસ્તનીનો **ताम्** પ્રત્યય. '**एत्यस्ते०** ૪-૪-૩૦'થી **अस्** ધાતુના **अ** ને વૃદ્ધિ **आ** આદેશ થવાથી **आस्ताम्** આવો પ્રયોગ થાય છે. અહીં **अस्** ધાતુના **आ** નો લોપ આ સૂત્રથી થતો નથી. અર્થ - તેઓ બે હતા. ।।૯૦।।

● ● ●

## वा द्विषाऽऽतोऽनः पुस् ४।२।९१।।

**द्विष्** અને આકારાન્ત ધાતુથી પરમાં રહેલા **शित्** પ્રત્યય સમ્બન્ધી અવિત્ **अन्** પ્રત્યયના સ્થાને **पुस्** આદેશ વિકલ્પથી થાય છે. **द्विष्** અને **या** ધાતુને હ્યસ્તનીનો **अन्** પ્રત્યય. '**अड् धातो०** ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે **अट्**. આ સૂત્રથી **अन्** ને **पुस्** [**उस्**] આદેશ. '**इडेत् पुसि०** ૪-૩-૯૪'થી **या** ધાતુના **आ** નો લોપ...વગેરે કાર્ય થવાથી **अद्विषुः** અને **अयुः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં **अन्** ને આ સૂત્રથી **पुस्** આદેશ ન થાય ત્યારે **अद्विषन्** અને **अयान्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેઓએ દ્વેષ કર્યો. તેઓ ગયા. ।।૯૧।।

● ● ●

## सिज् - विदोऽभुवः ४।२।९२॥

भू धातुथी परमां रहेला सिच् प्रत्ययने छोडीने अन्य सिच् प्रत्ययथी परमां रहेला अन् ने तेमज विद् धातुथी परमां रहेला अन् ने पुस् आदेश थाय छे. कृ धातुने अद्यतनीनो अन् प्रत्यय. 'अड् धातो० ४-४-२९'थी धातुनी पूर्वे अट्. 'सिजद्यतन्याम् ३-४-५३'थी अन् नी पूर्वे सिच् [स्] प्रत्यय. आ सूत्रथी अन् प्रत्ययने पुस् आदेश. 'सिचि परस्मै० ४-३-४४'थी कृ धातुना ऋ ने वृद्धि आर् आदेश. 'नाम्यन्त० २-३-१५'थी सिच् ना स् ने ष् आदेश...वगेरे कार्य थवाथी अकार्षुः आवो प्रयोग थाय छे. अर्थ - तेओए कर्युं. विद् धातुने ह्यस्तनीनो अन् प्रत्यय. तेने आ सूत्रथी पुस् आदेश वगेरे कार्य थवाथी अविदुः आवो प्रयोग थाय छे. अर्थ - तेओए जाण्युं. अभुव इति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब विद् धातुथी परमां रहेला अन् प्रत्ययने तेमज भू धातुथी परमां रहेला सिच् प्रत्ययथी भिन्न ज सिच् प्रत्ययनी परमां रहेला अन् प्रत्ययने पुस् आदेश थाय छे. तेथी भू धातुने अद्यतनीनो अन् प्रत्यय. धातुनी पूर्वे अट्. अन् प्रत्ययनी पूर्वे सिच् प्रत्यय. 'पिबैति० ४-३-६६'थी सिच् नो लोप. 'धातोरिव० २-१-५०'थी भू ना ऊ ने उव् आदेश. उव् ना उ ने 'भुवो वः० ४-२-४३'थी ऊ आदेश थवाथी अभूवन् आवो प्रयोग थाय छे. अहीं भू धातुथी परमां रहेलो सिच् प्रत्यय होवाथी तेनी परमां रहेला अन् प्रत्ययने आ सूत्रथी पुस् आदेश थतो नथी. अर्थ - तेओ थया. ॥९२॥

● ● ●

## द्व्युक्तजक्षपञ्चतः ४।२।९३।।

દ્વિત્વ કરાએલા ધાતુથી તેમજ **जक्ष् दरिद्रा जागृ चकास्** અને **शास्** [૧૦૮૧ થી ૧૦૮૫] આ **जक्षादि** પાંચ ધાતુથી પરમાં રહેલા **अवित् - शित्** એવા **अन्** પ્રત્યયને **पुस्** આદેશ થાય છે. **हु** ધાતુને હ્યસ્તનીનો **अन्** પ્રત્યય. '**हवः शिति** ૪-૧-૧૨'થી **हु** ને દ્વિત્વ. '**गहोर्जः** ૪-૧-૪૦'થી અભ્યાસમાં **ह्** ને **ज्** આદેશ. આ સૂત્રથી **अन्** પ્રત્યયને **पुस्** આદેશ. '**अड्धातो०** ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે **अट्**. '**पुस् पौ** ૪-૩-૩'થી **हु** ના **उ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **अजुहवुः** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓએ હોમ્યું. **जक्ष् दरिद्रा जागृ चकास्** અને **शास्** ધાતુને હ્યસ્તનીનો **अन्** પ્રત્યય. આ સૂત્રથી **अन्** પ્રત્યયને **पुस्** આદેશ. ધાતુની પૂર્વે **अट्**. '**इडेत्०** ૪-૩-૯૪'થી **दरिद्रा** ધાતુના અન્ત્ય **आ** નો લોપ. '**पुस्पौ** ૪-૩-૩'થી **जागृ** ના **ऋ** ને ગુણ **अर्** આદેશ...વગેરે કાર્ય થવાથી **अजक्षुः अदरिद्रुः अजागरुः अचकासुः** અને **अशासुः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખાધું. દરિદ્ર થયા. જાગ્યા. પ્રકાશિત થયા. અનુશાસન કર્યું. ।।૯૩।।

● ● ●

## अन्तो नो लुक् ४।२।९४।।

દ્વિત્વ કરાએલા ધાતુથી અને **जक्ष् दरिद्रा जागृ चकास्** અને **शास्** ધાતુથી પરમાં રહેલા **शित् अवित्** પ્રત્યયના **अन्त्** ના **न्** નો લોપ થાય છે. **हु** ધાતુને વર્ત્તમાનાનો **अन्ति** પ્રત્યય. '**हवः शिति**

૪-૧-૧૨'થી हु ને દ્વિત્વ. 'गहोर्जः ૪-૧-૪૦'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'ह्विणोरप्० ૪-૩-૧૫'થી हु ધાતુના उ ને व् આદેશ. આ સૂત્રથી अन्ति ના न् નો લોપ થવાથી जुह्वति આવો પ્રયોગ થાય છે. हु ધાતુને 'शत्रानशा० ૫-૨-૨૦'થી शतृ [अत्] પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી નિષ્પન્ન जुह्वत् નામને सि પ્રત્યય. 'ऋदुदितः ૧-૪-૭૦'થી त् ની પૂર્વે न् નો આગમ. આ સૂત્રથી अन्त् ના न् નો લોપ....વગેરે કાર્ય થવાથી जुह्वत् આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે जक्ष् અને दरिद्रा ધાતુને વર્ત્તમાનાનો अन्ति પ્રત્યય; તેમજ शतृ [अत्] પ્રત્યય. जक्षत् અને दरिद्रत् નામના त् ની પૂર્વે न् નો આગમ. આ સૂત્રથી अन्ति અને अन्त् પ્રત્યયના न् નો લોપ વગેરે કાર્ય થવાથી जक्षति जक्षत् दरिद्रति અને दरिद्रत् આવો પ્રયોગ થાય છે. અહીં 'श्नश्चातः ૪-૨-૯૬'થી दरिद्रा ધાતુના અન્ત્ય आ નો લોપ થયો છે. અર્થક્રમશ; - તેઓ હોમ કરે છે. હોમ કરતો. તેઓ ખાય છે. ખાતો. તેઓ દરિદ્ર થાય છે. દરિદ્ર થતો. ॥૯૪॥

● ● ●

## शौ वा ४।२।९५॥

जस् અને शस् પ્રત્યયના સ્થાને 'नपुंसकस्य शिः ૧-૪-૫૫'થી વિહિત शि [इ] આદેશના વિષયમાં દ્વિત્વ કરાએલ ધાતુથી તેમજ जक्ष् दरिद्रा जागृ चकास् અને शास् ધાતુથી પરમાં રહેલા अन्त् ના न् નો લોપ વિકલ્પથી થાય છે. दा ધાતુને

'शत्रानशा० ५-२-२०'थी शतृ [अत्] પ્રત્યય. 'हव: शिति ४-१-१२'थी दा ધાતુને દ્વિત્વ. '-हस्व: ४-१-३९'થી અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ આદેશ. 'श्नश्चात: ४-२-९६'थी दा ના आ નો લોપ. ददत् નામને નપુંસક લિઙ્ગમાં जस् પ્રત્યય. 'नपुंसकस्य शि: १-४-५५'थी जस् ने शि [इ] આદેશ. 'ऋदुदित: १-४-७०'थी त् ની પૂર્વે न् નો આગમ. ददन्त् + शि [इ] આ અવસ્થામાં આ સૂત્રથી अन्त् ना न् નો લોપ થવાથી ददति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अन्त् ना न् નો લોપ ન થાય ત્યારે ददन्ति कुलानि આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે जक्ष् અને दरिद्रा ધાતુને शतृ પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન जक्षन्त् + शि [इ] અને दरिद्रन्त् + शि [इ] આ અવસ્થામાં આ સૂત્રથી अन्त् ना न् નો લોપ થવાથી जक्षति અને दरिद्रति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अन्त् ना न् નો લોપ ન થાય ત્યારે जक्षन्ति અને दरिद्रन्ति कुलानि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આપતાં કુલો. ખાતાં કુલો. દરિદ્ર બનતાં કુલો. ॥૯૫॥

● ● ●

## श्नश्चाऽऽत: ४।२।९६॥

દ્વિત્વ કરાએલા ધાતુના जक्ष् दरिद्रा जागृ चकास् અને शास् - આ પાંચ ધાતુના અને श्ना પ્રત્યયના आ નો; તેની પરમાં અવિત્ - શિત્ પ્રત્યય હોય તો લોપ થાય છે. मा ધાતુને વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય. 'हव: शिति ४-१-१२'थी मा ધાતુને દ્વિત્વ. '-हस्व:

૪-૧-૩૯'થી અભ્યાસમાં मा ના आ ને -હ્રસ્વ अ આદેશ. એ अ ને 'पॄ - भृ - मा० ૪-૧-૫૮'થી इ આદેશ. આ સૂત્રથી मा ધાતુના आ નો લોપ. 'अनतो० ૪-૨-૧૧૪'થી अन्ते ના अन्त् ને अत् આદેશ...વગેરે કાર્ય થવાથી मिमते આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ માપે છે. दरिद्रा ધાતુને વર્ત્તમાનાનો अन्ति પ્રત્યય. अन्ति ના न् નો 'अन्तो० ૪-૨-૯૪'થી લોપ. આ સૂત્રથી दरिद्रा ના आ નો લોપ થવાથી दरिद्रति આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ દરિદ્ર થાય છે. क्री ધાતુને વર્ત્તમાનાનો अन्ति પ્રત્યય. તેની પૂર્વે 'क्र्यादेः ૩-૪-૭૯'થી श्ना [ना] પ્રત્યય. આ સૂત્રથી श्ना પ્રત્યયના आ નો લોપ વગેરે કાર્ય થવાથી क्रीणन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ ખરીદે છે. अवितीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ કરાએલા અને जक्ष् વગેરે પાંચ ધાતુના અને श्ना પ્રત્યયના आ નો તેની પરમાં અવિત્ જ शित् પ્રત્યય હોય [वित् નહીં] તો લોપ થાય છે. તેથી हा ધાતુને હ્યસ્તનીનો अम्व् [अम्] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ हा ને દ્વિત્વ. અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ...વગેરે કાર્ય થવાથી अजहाम् આવો પ્રયોગ થાય છે. અહીં वित् शित् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી દ્વિત્વ કરાએલા ધાતુના પણ आ નો લોપ થતો નથી. આવી જ રીતે अक्रीणाम् અહીં श्ना ના आ નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થક્રમશઃ - મેં છોડ્યું. મેં ખરીદ્યું. ॥૯૬॥

● ● ●

# एषामीर्व्यञ्जनेऽदः ४।२।९७॥

दा संज्ञावाળा धातुओने छोडीने अन्य द्वित्व કરાએલા ધાતુના जक्ष् दरिद्रा जागृ चकास् અને शास् આ પાંચ ધાતુના તેમજ श्ना પ્રત્યયના आ ને; તેની પરમાં વ્યઞ્જનથી શરૂ થતો अवित् - शित् પ્રત્યય હોય તો ई આદેશ થાય છે. मा ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય. 'हवः शिति ૪-૧-૧૨'થી मा ધાતુને દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી मा ધાતુના आ ને અભ્યાસમાં -હ્સ્વ अ આદેશ. એ अ ને 'पॄ - भृ - मा० ૪-૧-૫૮'થી इ આદેશ. मिमा + ते આ અવસ્થામાં आ ને આ સૂત્રથી ई આદેશ વગેરે કાર્ય થવાથી मिमीते આવો પ્રયોગ થાય છે. અર્થ - તે માપે છે. लू ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય. 'प्वादे - र्हस्वः ૪-૨-૧૦૫'થી लू ના ऊ ને -હ્સ્વ उ આદેશ. 'क्रयादेः ૩-૪-૭૯'થી तस् ની પૂર્વે श्ना પ્રત્યય. તેના आ ને આ સૂત્રથી ई આદેશાદિ કાર્ય થવાથી लुनीतः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે કાપે છે. व्यञ्जन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दा સંજ્ઞાવાળા ધાતુથી ભિન્ન દ્વિત્વ કરાએલા ધાતુના जक्ष् વગેરે પાંચ ધાતુના અને श्ना પ્રત્યયના आ ને તેનાથી પરમાં અવિત્ શિત્ વ્યઞ્જનાદિ જ પ્રત્યય હોય તો ई આદેશ થાય છે. તેથી मिमते અહીં સ્વરાદિ પ્રત્યય પરમાં હોવાથી मा ધાતુના आ ને આ સૂત્રથી ई આદેશ થતો નથી. [પ્રક્રિયાદિ માટે જુઓ સૂ.નં.૪-૨-૯૬] अद इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दा સંજ્ઞાવાળા ધાતુઓને છોડીને જ અન્ય દ્વિત્વ કરાએલા ધાતુના जक्ष् વગેરે પાંચ ધાતુના અને श्ना પ્રત્યયના आ ને તેની પરમાં अवित् शित् વ્યઞ્જનાદિ પ્રત્યય હોય તો ई આદેશ થાય છે. તેથી दा અને धा ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય. दा અને धा ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં आ ને -હ્સ્વ अ

આદેશ. 'द्वितीय० ४-१-४२'થી અભ્યાસમાં ध् ને द् આદેશ. 'श्नश्चातः ४-२-९६'થી दा અને धा ધાતુના आ નો લોપ. दद् + तस् અને दध् + तस् આ અવસ્થામાં दध् ના द् ને 'धागस्त० २-१-७८'થી ध् આદેશ...વગેરે કાર્ય થવાથી दत्तः અને धत्तः આવો પ્રયોગ થાય છે. અહીં दा સંજ્ઞક દ્વિત્વ કરાએલા दा અને धा ધાતુના आ ને આ સૂત્રથી ई આદેશ થતો નથી. અર્થક્રમશઃ - તેઓ બે આપે છે. તેઓ બે ધારણ કરે છે. ॥९७॥

● ● ●

## इर्दरिद्रः ४।२।९८॥

વ્યઞ્જનાદિ अवित् - शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दरिद्रा ધાતુના અન્ત્ય आ ને इ આદેશ થાય છે. दरिद्रा ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય. આ સૂત્રથી दरिद्रा ધાતુના आ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી दरिद्रितः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે દરિદ્ર થાય છે. व्यञ्जन इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ જ અવિત્ - શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दरिद्रा ધાતુના आ ને इ આદેશ થાય છે. તેથી दरिद्रा ધાતુને સ્વરાદિ અવિત્ શિત્ अन्ति પ્રત્યયાદિ કાર્ય [જુઓ સૂ.નં.૪-૨-૯૬] થવાથી નિષ્પન્ન दरिद्रति આ પ્રયોગમાં આ સૂત્રથી दरिद्रा ધાતુના आ ને इ આદેશ થતો નથી. અર્થ - તેઓ દરિદ્ર થાય

છે.॥૯૮॥

● ● ●

## भियो न वा ४।२।९९॥

વ્યઞ્જનાદિ अवित् - शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા भी ધાતુના ई ને વિકલ્પથી इ આદેશ થાય છે. भी ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય. 'ह्वः शिति ४-१-१२'થી भी ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં भी ના ई ને '-हस्वः ૪-૧-૩૯'થી -હસ્વ इ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસના भ् ને ब् આદેશ. આ સૂત્રથી भी ધાતુના ई ને इ આદેશ વગેરે કાર્ય થવાથી बिभितः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इ આદેશ ન થાય ત્યારે बिभीतः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે ડરે છે.॥૯૯॥

● ● ●

## हाक: ४।२।१००।।

વ્યઞ્જનાદિ અવિત શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हा [११३१] ધાતુના અન્ત્ય आ ને इ આદેશ વિકલ્પથી થાય છે. हा ધાતુને વર્તમાનાનો तस् પ્રત્યય. 'हव: शिति ૪-૧-૧૨'થી हा ધાતુને દ્વિત્વ. '-हस्व: ૪-૧-૩૯'થી हा ધાતુના आ ને અભ્યાસમાં -હસ્વ अ આદેશ. 'गहोर्ज: ૪-૧-૪૦'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. આ સૂત્રથી हा ધાતુના आ ને इ આદેશ થવાથી जहित: આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इ આદેશ ન થાય ત્યારે 'एषामी० ૪-૨-૯૭'થી आ ને ई આદેશ થવાથી जहीत: આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે છોડે છે. ।।१००।।

● ● ●

## आ च हौ ४।२।१०१।।

પઞ્ચમીનો हि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हा [११३१] ધાતુના અન્ત્ય आ ને आ અને इ આદેશ વિકલ્પથી થાય છે. हा ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. 'हव: शिति ૪-૧-૧૨'થી हा ને દ્વિત્વ. અભ્યાસમાં हा ના आ ને -હસ્વ अ આદેશ અને ह् ને ज् આદેશ.[જુઓ સૂ.નં.૪-૨-૧૦૦] આ સૂત્રથી हा ધાતુના आ ને आ આદેશ થવાથી जहाहि અને इ આદેશ થવાથી जहिहि આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી आ અથવા इ આદેશ ન

થાય ત્યારે 'एषामी० ૪-૨-૯૭'થી आ ને ई આદેશ થવાથી जहीहि આવો પ્રયોગ થાય છે. અર્થ - તું ત્યાગ કર. ॥૧૦૧॥

● ● ●

## यि लुक् ४।२।१०२॥

य् થી શરૂ થતો शित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા हा ધાતુના અન્ત્ય आ નો લોપ થાય છે. हा ધાતુને સપ્તમીનો यात् પ્રત્યયાદિ કાર્ય [જુઓ સૂ.નં.૪-૨-૧૦૦] થી નિષ્પન્ન जहा + यात् આ અવસ્થામાં આ સૂત્રથી हा ધાતુના आ નો લોપ થવાથી जह्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ત્યાગ કરે. ॥૧૦૨॥

● ● ●

## ओतः श्ये ४।२।१०३॥

श्य પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુ સમ્બન્ધી ओ નો લોપ થાય છે. अव + दो [૧૧૪૮] ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् પ્રત્યયની પૂર્વે 'दिवादेः श्यः ३-४-७२' થી श्य [य] પ્રત્યય. આ સૂત્રથી दो ધાતુના ओ નો લોપ થવાથી अवद्यति આવો

પ્રયોગ થાય છે. અર્થ - તોડે છે. श्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ श्य પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુ સમ્બન્ધી ओ નો લોપ થાય છે. તેથી गौरिवाचरति = गवति અહીં गो નામને 'कर्त्तुः क्विप्० ३-४-२५' થી क्विप् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गो ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्य० ३-४-७१' થી शव् વિકરણ પ્રત્યય વગેરે કાર્ય થવાથી गवति આવો પ્રયોગ થાય છે. અહીં गो ધાતુ સમ્બન્ધી ओ ની પરમાં श्य પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી ओ નો લોપ થતો નથી. અર્થ - ગાયની જેમ આચરણ કરે છે.॥૧૦૩॥

● ● ●

## जा - ज्ञा -जनोऽत्यादौ ૪।૨।૧૦૪॥

અવ્યવહિત પરમાં तिव् વગેરે [त्यादि] પ્રત્યય ન હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા ज्ञा અને जन् ધાતુને जा આદેશ થાય છે. ज्ञा ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'क्र्यादेः ३-४-७९' થી तिव् ની પૂર્વે श्ना [ना] પ્રત્યય. આ સૂત્રથી ज्ञा ધાતુને जा આદેશ થવાથી जानाति આવો પ્રયોગ થાય છે. અર્થ-જાણે છે. जन् ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય. ते ની પૂર્વે 'दिवादेः श्यः ३-४-७२' થી श्य પ્રત્યય. આ સૂત્રથી जन् ધાતુને जा આદેશ થવાથી जायते આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉત્પન્ન થાય છે. अत्यादाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યવહિત પરમાં त्यादि પ્રત્યય ન જ હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા ज्ञा અને जन् ધાતુને जा

આદેશ થાય છે. તેથી 'व्यञ्जनादे० ३-४-९' થી ज्ञा ધાતુને यङ् પ્રત્યય. 'बहुलं लुप् ३-४-१८' થી यङ् નો લોપ. 'सन्-यङश्च ४-१-३' થી ज्ञा ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-हस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ આદેશ. 'आ-गुणा० ४-१-४८' થી अ ને आ આદેશ. जाज्ञा ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી जाज्ञाति આવો પ્રયોગ થાય છે. અહીં ज्ञा ધાતુની અવ્યવહિત પરમાં तिव् પ્રત્યય હોવાથી ज्ञा ધાતુને આ સૂત્રથી जा આદેશ થતો નથી. આવી જ રીતે जन् ધાતુને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન जजन् ધાતુના અભ્યાસમાં ज ની પરમાં 'मुरतोनु० ४-१-५१' થી मु નો આગમ વગેરે કાર્યથી નિષ્પન્ન जञ्जन्ति અહીં પણ तिव् પ્રત્યય અવ્યવહિત પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા जन् ધાતુને આ સૂત્રથી जा આદેશ થતો નથી. અર્થ ક્રમશઃ- વારંવાર જાણે છે. વારંવાર ઉત્પન્ન થાય છે. ||૧૦૪||

● ● ●

## प्वादे -हस्वः ४।२।१०५||

અવ્યવહિત પરમાં तिव् વગેરે પ્રત્યય ન હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા पू વગેરે [૧૫૧૮ થી ૧૫૩૯] ધાતુના અન્ત્યસ્વરને -હ્રસ્વ આદેશ થાય છે. पू અને लू ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. તેની પૂર્વે 'क्र्यादेः ३-४-७९' થી श्ना પ્રત્યય. આ સૂત્રથી पू અને लू ધાતુના અન્ત્ય સ્વર ऊ ને -હ્રસ્વ उ આદેશ વગેરે

કાર્ય થવાથી **पुनाति** અને **लुनाति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - પવિત્ર કરે છે. કાપે છે. **प्वादेरिति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યવહિત પરમાં ત્યાદિ પ્રત્યય ન હોય તો **शित्प्रत्यय** ની પૂર્વે રહેલા **प्वादि** ગણપાઠના જ [**क्र्यादि** ગણપાઠના નહીં] ધાતુના અન્ત્ય સ્વરને -હ્રસ્વ આદેશ થાય છે. તેથી **व्रीणाति** અહીં **व्री** ધાતુ [૧૫૪૨] પ્વાદિ ગણપાઠનો ન હોવાથી તેના અન્ત્ય સ્વર ઈ ને આ સૂત્રથી -હ્રસ્વ આદેશ થતો નથી. અર્થ - વરે છે.॥१०५॥

● ● ●

## गमिषद्यमश्छः ४।२।१०६ ॥

અવ્યવહિત પરમાં **तिव्** વગેરે પ્રત્યય ન હોય તો **शित्** પ્રત્યયની પૂર્વે રહેલા **गम् इष्** અને **यम्** ધાતુના અન્ત્યવર્ણને **छ्** આદેશ થાય છે. **गम् इष्** અને **यम्** ધાતુને વર્ત્તમાનાનો **तिव्** પ્રત્યય. **गम्** અને **यम्** ધાતુની પરમાં '**कर्त्तर्य०** ३-४-७१' થી **शव्** [**अ**] પ્રત્યય. '**तुदादेः शः** ३-४-८१' થી **इष्** ધાતુની પરમાં **श** [**अ**] પ્રત્યય. આ સૂત્રથી **गम् इष्** અને **यम्** ધાતુના અન્ત્ય વર્ણ **म् ष्** અને **म्** ને; **छ्** આદેશ. '**स्वरेभ्यः** १-३-३०' થી **छ्** ને દ્વિત્વ. '**अघोषे०** १-३-५०' થી **छ्** ની પૂર્વેના **छ्** ને **च्** આદેશ વગેરે કાર્ય થવાથી **गच्छति इच्छति** અને **यच्छति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - જાય છે. ઈચ્છે છે. વશ કરે છે. આવી જ રીતે **आ + यम्** ધાતુને વર્ત્તમાનાનો **ते** પ્રત્યય. **ते** ની પૂર્વે **शव्** પ્રત્યય. આ સૂત્રથી **यम्**

ધાતુના म् ને छ् આદેશ વગેરે કાર્ય થવાથી आयच्छते આવો પ્રયોગ થાય છે. અર્થ -- ઉપાડે છે. अत्यादाविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યવહિત પરમાં त्यादि પ્રત્યય હોય જ નહીં તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા गम् इष् અને यम् ધાતુના અન્ત્યવર્ણને छ् આદેશ થાય છે. તેથી गम् ધાતુને 'व्यञ्जनादे० ३-४-९' થી વિહિત यङ् પ્રત્યયનો 'बहुलं लुप् ३-४-१८' થી લોપ. 'सन्-यङश्च ४-१-३' થી गम् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ४-१-४४' થી અનાદિ વ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ४-१-४०' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'मुरतोऽनु० ४-१-५१' થી ज ની પરમાં मु [म्] નો આગમ... વગેરે કાર્ય થવાથી जङ्गन्ति આવો પ્રયોગ થાય છે. અહીં गम् ધાતુની અવ્યવહિત પરમાં तिव् પ્રત્યય હોવાથી તત્સ્વરૂપ शित् પ્રત્યયની પૂર્વે રહેલા गम् ધાતુના म् ને આ સૂત્રથી छ् આદેશ થતો નથી. અર્થ - વારંવાર જાય છે.।।१०६।।

● ● ●

## वेगे सर्त्तेर्धाव् ४।२।१०७।।

વેગ અર્થ ગમ્યમાન હોય ત્યારે, અવ્યવહિત પરમાં तिव् વગેરે પ્રત્યય ન હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા सृ ધાતુને धाव् આદેશ થાય છે. सृ ધાતુને વર્ત્તમાનામાં तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યય. આ સૂત્રથી सृ ધાતુને धाव् આદેશ વગેરે કાર્ય થવાથી धावति આવો પ્રયોગ થાય છે. અર્થ - દોડે છે. वेग इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વેગ અર્થ

ગમ્યમાન હોય ત્યારે જ, तिव् વગેરે પ્રત્યયો અવ્યવહિત પરમાં ન હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા सृ ધાતુને धाव् આદેશ થાય છે. તેથી धर्ममनुसरति અહીં વેગ અર્થ ગમ્યમાન ન હોવાથી अनु+सृ ધાતુની પરમાં શિત્પ્રત્યય હોવા છતાં અને અવ્યવહિત પરમાં ત્યાદિ પ્રત્યય ન હોવા છતાં આ સૂત્રથી सृ ધાતુને धाव् આદેશ થતો નથી. અર્થ - ધર્મને અનુસરે છે. ।।૧૦૭।।

● ● ●

## श्रौति - कृवु - धिवु - पा-घ्रा -ध्मा - स्था - म्ना - दाम् - दृश्यर्त्ति - शद - सदः शृ - कृ - धि - पिब - जिघ्र - धम - तिष्ठ - मन - यच्छ - पश्यर्च्छ - शीय - सीदम् ४।२।१०८।।

અવ્યવહિત પરમાં तिव् વગેરે પ્રત્યય ન હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા श्रु ધાતુને शृ; कृव् ધાતુને कृ; धिव् ધાતુને धि; पा ધાતુને पिब; घ्रा ધાતુને जिघ्र; ध्मा ધાતુને धम; स्था ધાતુને तिष्ठ; म्ना ધાતુને मन; दाम् ધાતુને यच्छ; दृश् ધાતુને पश्य; ऋ ધાતુને ऋच्छ; शद् ધાતુને शीय અને सद् ધાતુને सीद આદેશ થાય છે. श्रु कृव् અને धिव् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. 'स्वादेः श्नुः ३-४-७५' થી हि ની પૂર્વે श्नु પ્રત્યય. આ સૂત્રથી श्रु ધાતુને शृ, कृव् ધાતુને कृ અને धिव् ધાતુને धि આદેશ. 'असंयोगादोः ४-२-८६' થી हि પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી शृणु कृणु અને धिनु આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- સાંભળ. માર. પ્રસન્ન - તૃપ્ત કર. पा

घ्रा ध्मा स्था म्ना दाम् दृश् અને ऋ ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. हि ની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યય. આ સૂત્રથી पा ધાતુને पिब, घ्रा ધાતુને जिघ्र, ध्मा ધાતુને धम; स्था ધાતુને तिष्ठ; म्ना ધાતુને मन; दाम् ધાતુને यच्छ; दृश् ધાતુને पश्य અને ऋ ધાતુને ऋच्छ આદેશ. 'अतः प्रत्ययाल्लुक् ४-२-८५' થી हि પ્રત્યયનો લોપ. 'लुगस्या० २-१-११३' થી शव् પ્રત્યયની પૂર્વેના अ નો લોપ... વગેરે કાર્ય થવાથી पिब जिघ्र धम तिष्ठ मन यच्छ पश्य અને ऋच्छ આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ:- પી. સુંઘ. તપાવ. ઉભો રહે. અભ્યાસ કર. આપ. જો. જા. शद् ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય. ते ની પૂર્વે 'तुदादेः शः ३-४-८१' થી श પ્રત્યય. આ સૂત્રથી शद् ધાતુને शीय આદેશ વગેરે કાર્ય થવાથી शीयते [शदेः शिति ३-३-४१ થી અહીં આત્મનેપદ વિહિત છે.] આવો પ્રયોગ થાય છે. અર્થ-દુ:ખી થાય છે. આવી જ રીતે सद् ધાતુને ઉપર જણાવ્યા મુજબ પઞ્ચમીનો हि પ્રત્યય. તેની પૂર્વે शव् પ્રત્યય. આ સૂત્રથી सद् ધાતુને सीद આદેશ વગેરે કાર્ય થવાથી सीद આવો પ્રયોગ થાય છે. અર્થ - દુ:ખી થા. ॥૧૦૮॥

● ● ●

## क्रमो दीर्घः परस्मै ४।२।१०९ ॥

तिव् વગેરે પ્રત્યયો અવ્યવહિત પરમાં ન હોય તો; પરસ્મૈપદના કારણે થયેલા शित् પ્રત્યયની પૂર્વે રહેલા क्रम् ધાતુના अ ને દીર્ઘ आ આદેશ થાય છે. क्रम् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. हि

ની પૂર્વે 'कर्त्तर्य० ३-४-७१' થી शव् પ્રત્યય. 'अतः प्रत्य० ४-२-८५' થી हि નો લોપ. આ સૂત્રથી क्रम् ધાતુના अ ને દીર્ઘ आ આદેશ.. વગેરે કાર્ય થવાથી क्राम આવો પ્રયોગ થાય છે. અર્થ - ચાલ. क्रम् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् પ્રત્યયની પૂર્વે 'भ्रास-भ्लास० ३-४-७३' થી श्य પ્રત્યય. આ સૂત્રથી क्रम् ધાતુના अ ને आ આદેશ વગેરે કાર્ય થવાથી क्राम्यति આવો પ્રયોગ થાય છે. અર્થ - ચાલે છે. परस्मैपद इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तिव् વગેરે પ્રત્યયો અવ્યવહિત પરમાં ન હોય તો પરસ્મૈપદના જ કારણે થયેલ शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા क्रम् ધાતુના अ ને દીર્ઘ आ આદેશ થાય છે. તેથી आ+क्रम् ધાતુને 'आङो ज्योति० ३-३-५२' ની સહાયથી આત્મનેપદનો વર્ત્તમાનાનો ते પ્રત્યય. ते પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી आक्रमते सूर्यः આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદના કારણે થયેલો शित् - शव् પ્રત્યય પરમાં હોવાથી તેનાથી પૂર્વે રહેલા क्रम् ધાતુના अ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - સૂર્ય ઉગે છે. ॥१०९॥

● ● ●

## ष्ठिवू - क्लम्वाऽऽचमः ४।२।११० ॥

અવ્યવહિત પરમાં तिव् વગેરે પ્રત્યયો ન હોય તો; शित् પ્રત્યયની પૂર્વે રહેલા ष्ठिव् क्लम् અને आ + चम् ધાતુના ઉપાન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. ष्ठिव् क्लम् અને आ+चम् ધાતુને

પઞ્ચમીનો हि પ્રત્યય. हि ની પૂર્વે 'कर्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યય. આ સૂત્રથી ष्ठिव् ના इ ને દીર્ઘ ई આદેશ. क्लम् અને चम् ધાતુના ઉપાન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. 'अतः प्रत्य० ४-२-८५' થી हि નો લોપ થવાથી ष्ठीव क्लाम અને आचाम આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- થૂંક. થાક. પી. आङ् इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યવહિત પરમાં तिव् વગેરે પ્રત્યય ન હોય તો शित् પ્રત્યયની પૂર્વે રહેલા ष्ठिव् क्लम् અને आङ् ઉપસર્ગ જ પૂર્વક चम् ધાતુના ઉપાન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. તેથી चम અહીં ઉપસર્ગ રહિત चम् ધાતુની પરમાં शव् પ્રત્યય હોવાથી તેના ઉપાન્ત્ય अ ને આ સૂત્રથી आ આદેશ થતો નથી. અર્થ - તું ખા. ॥११०॥

● ● ●

## शमसप्तकस्य श्ये ४।२।१११ ॥

श्य પ્રત્યય પરમાં હોય તો शम् दम् तम् श्रम् भ्रम् क्षम् અને मद् - આ शमादि સાત ધાતુઓના ઉપાન્ત્ય સ્વરને દીર્ઘ આદેશ થાય છે. शम् दम् तम् श्रम् भ्रम् क्षम् અને मद् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. हि ની પૂર્વે 'दिवादेः श्यः ३-४-७२' થી श्य પ્રત્યય. 'भ्रास-भ्लास० ३-४-७३' થી भ्रम् ધાતુની પરમાં श्य પ્રત્યય. આ સૂત્રથી शम् વગેરે ધાતુના ઉપાન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ. 'अतः प्रत्य० ४-२-८५' થી हि નો લોપ થવાથી शाम्य दाम्य ताम्य श्राम्य भ्राम्य क्षाम्य અને माद्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- શાન્ત થા. દમન કર. ગુસ્સે થા. થાક. ભટક. ક્ષમા કર. મત્ત થા. श्य इति

किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ श्य પ્રત્યય જ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા शमादि સાત ધાતુના ઉપાન્ત્ય अ ને आ આદેશ થાય છે. તેથી भ्रम् + तिव् આ અવસ્થામાં 'भ्रास-भ्लास० ३-४-७३' થી વિકલ્પપક્ષમાં श्य પ્રત્યય ન થાય ત્યારે तिव् પ્રત્યયની પૂર્વે 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् પ્રત્યયાદિ કાર્ય થવાથી भ्रमति આવો પ્રયોગ થાય છે. અહીં श्य પ્રત્યય પરમાં ન હોવાથી भ्रम् ધાતુના अ ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. અર્થ - ભટકે છે. ॥१११॥

• • •

## ष्ठिव् - सिवोऽनटि वां ४।२।११२ ॥

अनट् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ष्ठिव् અને सिव् ધાતુના ઉપાન્ત્ય સ્વરને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. नि+ष्ठिव् અને सिव् ધાતુને 'अनट् ५-३-१२४' થી अनट् પ્રત્યય. આ સૂત્રથી ष्ठिव् અને सिव् ધાતુના ઉપાન્ત્ય इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી निष्ठीवनम् અને सीवनम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં इ ને ई આદેશ ન થાય ત્યારે 'लघोरुपा० ४-३-४' થી इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી निष्ठेवनम् અને सेवनम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - થૂંકવું. સીવવું. ॥११२॥

• • •

## म-व्यस्याः ४।२।११३ ॥

धातुथी विहित म् अने व् थी शरू थतो प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला अ ने दीर्घ आ आदेश थाय छे. पच् धातुने वर्त्तमानानो मिव् वस् अने मस् प्रत्यय. 'कर्त्तर्यन० ३-४-७१' थी पच् धातुनी परमां शव् प्रत्यय. आ सूत्रथी शव् प्रत्ययना अ ने दीर्घ आ आदेश वगेरे कार्य थवाथी पचामि पचावः अने पचामः आवो प्रयोग थाय छे. अर्थक्रमशः- हुं रांधु छुं. अमे बे रांधीए छीए. अमे बधा रांधीए छीए. ॥११३॥

● ● ●

## अनतोऽन्तोऽदात्मने ४।२।११४ ॥

अ ने छोडीने अन्य वर्णथी परमां रहेला आत्मनेपद सम्बन्धी अन्त् ने अत् आदेश थाय छे. चि धातुने आत्मनेपदनो वर्त्तमानानो अन्ते प्रत्यय. चि धातुनी परमां 'स्वादेः श्नुः ३-४-७५' थी श्नु [नु] प्रत्यय. आ सूत्रथी अन्त् ने अत् आदेश वगेरे कार्य थवाथी चिन्वते आवो प्रयोग थाय छे. अर्थ - तेओ संचय करे छे. आत्मनेपद इति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब अ ने छोडीने अन्य वर्णथी परमां रहेला आत्मनेपद सम्बन्धी ज अन्त् ने अत् आदेश थाय छे. तेथी चि धातुने वर्त्तमानानो परस्मैपदनो अन्ति प्रत्यय वगेरे कार्य उपर जणाव्या

મુજબ થવાથી चिन्वन्ति આવો પ્રયોગ થાય છે. અહીં પરસ્મૈપદ સમ્બન્ધી अन्ति પ્રત્યયના अन्त् ને अत् આદેશ થતો નથી. अनत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अ થી ભિન્ન જ વર્ણથી પરમાં રહેલા આત્મનેપદ સમ્બન્ધી अन्त् ને अत् આદેશ થાય છે. તેથી पच् ધાતુને વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય. पच् ધાતુની પરમાં 'कर्त्तर्यन० ३-४-७१' થી शव् [अ] પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી शव् ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી पचन्ते આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદ સમ્બન્ધી પણ अन्त्; अ થી પરમાં હોવાથી તેને આ સૂત્રથી अत् આદેશ થતો નથી. અર્થ - તેઓ રાંધે છે. ॥૧૧૪॥

● ● ●

## शीङो रत् ४।२।११५ ॥

शीङ् ધાતુથી પરમાં રહેલા આત્મનેપદ સમ્બન્ધી अन्त् ના સ્થાને रत् આદેશ થાય છે. शी ધાતુને આત્મનેપદનો વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય. આ સૂત્રથી अन्ते પ્રત્યયના अन्त् ને रत् આદેશ. 'शीङ एः शिति ४-३-१०४' થી शी ધાતુના ई ને ए આદેશ વગેરે કાર્ય થવાથી शेरते આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ ઉંઘે છે. ॥૧૧૫॥

● ● ●

## वेत्ते र्नवा ४।२।११६॥

विद् ધાતુથી પરમાં રહેલા આત્મનેપદ સમ્બન્ધી अन्त् ને વિકલ્પથી रत् આદેશ થાય છે. सम् + विद् ધાતુને 'समो गमृच्छि० ३-३-८४' થી આત્મનેપદનો વર્ત્તમાનાનો अन्ते પ્રત્યય. આ સૂત્રથી अन्ते પ્રત્યયના अन्त् ને रत् આદેશ થવાથી संविद्रते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી रत् આદેશ ન થાય ત્યારે 'अनतो० ४-२-११४' થી अन्त् ને अत् આદેશ થવાથી संविदते આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ જાણે છે.॥११६॥

● ● ●

## तिवां णवः परस्मै ४।२।११७॥

विद् ધાતુથી પરમાં રહેલા तिव् तस् अन्ति વગેરે પરસ્મૈપદના નવ પ્રત્યયના સ્થાને પરસ્મૈપદના અનુક્રમે णव् अतुस् અને उस् વગેરે પ્રત્યયો વિકલ્પે થાય છે. विद् ધાતુને વર્ત્તમાનાનો तिव् तस् अन्ति; सिव् थस् थ; मिव् वस् અને मस् પ્રત્યય. આ સૂત્રથી तिव् વગેરે પ્રત્યયના સ્થાને અનુક્રમે णव् [अ] अतुस् उस्; थव् [थ] अथुस् अ; णव् [अ] व અને म આદેશ. णव् અને थव् પ્રત્યયની પૂર્વે રહેલા विद् ધાતુના ઉપાન્ત્ય इ ને 'लघोरुपा० ४-३-४' થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે वेद विदतुः विदुः; वेत्थ विदथुः विद; वेद विद्व અને विद्म આવો પ્રયોગ

થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી तिव् વગેરે પ્રત્યયોના સ્થાને णव् વગેરે આદેશ ન થાય ત્યારે અનુક્રમે वेत्ति वित्तः विदन्ति; वेत्सि वित्थः वित्थ; वेद्मि विद्वः અને विद्मः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તે જાણે છે. તેઓ બે જાણે છે. તેઓ જાણે છે. તું જાણે છે. તમે બે જાણો છો. તમે જાણો છો. હું જાણું છું. અમે બે જાણીએ છીએ. અમે જાણીએ છીએ.॥૧૧૭॥

• • •

## ब्रूगः पञ्चानां पञ्चाऽऽहश्च ४।२।११८॥

ब्रू ધાતુની પરમાં રહેલા तिव् तस् अन्ति सिव् અને थस् આ પાંચ પ્રત્યયના સ્થાને અનુક્રમે णव् अतुस् उस् थव् અને अथुस् આ પાંચ આદેશ વિકલ્પથી થાય છે. અને णव् વગેરે આદેશના યોગમાં ब्रू ધાતુને आह આદેશ થાય છે. ब्रू ધાતુને વર્ત્તમાનાનો तिव् तस् अन्ति सिव् અને थस् પ્રત્યય. આ સૂત્રથી અનુક્રમે तिव् વગેરે પ્રત્યયોના સ્થાને णव् अतुस् उस् थव् અને अथुस् આદેશ તેમ જ ब्रू ધાતુને आह આદેશ... વગેરે કાર્ય થવાથી અનુક્રમે आह आहतुः आहुः आत्थ [અહીં 'नहाहो० २-१-८५' થી ह् ને त् આદેશ.] અને आहथुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી णव् વગેરે આદેશ ન થાય ત્યારે ब्रवीति ब्रूतः ब्रुवन्ति ब्रवीषि અને ब्रूथः આવો પ્રયોગ થાય છે. ब्रू+ति અને ब्रू+सि આ અવસ્થામાં ब्रू ની પરમાં 'ब्रूतः परादिः ४-३-६३' થી ई પ્રત્યય. ब्रू ના ऊ ને 'नामिनो० ४-३-१' થી ગુણ ओ વગેરે કાર્ય થાય છે. ब्रू+अन्ति આ

અવસ્થામાં ऊ ને 'धातोरिवर्णो० ૨-૧-૫૦' થી उव् આદેશાદિ કાર્ય થાય છે. અર્થક્રમશ:- તે બોલે છે. તેઓ બે બોલે છે. તેઓ બોલે છે. તું બોલે છે. તમે બે બોલો છો. ॥૧૧૮॥

● ● ●

## आशिषि तु - ह्योस्तातङ् ४।२।११९॥

આશિષ્ અર્થવાળા પઞ્ચમીના तु અને हि પ્રત્યયને વિકલ્પથી तातङ् (तात) આદેશ થાય છે. जीव् ધાતુને પઞ્ચમીનો तु અને हि પ્રત્યય. 'कर्त्तर्य० ૩-૪-૭૧'થી जीव् ધાતુની પરમાં शव् [अ] પ્રત્યય. આ સૂત્રથી तु અને हि પ્રત્યયને 'तातङ् આદેશ થવાથી બંન્ને સ્થાને जीवतात् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तातङ् આદેશ ન થાય ત્યારે 'अतः प्रत्यया०૪-૨-૮૫' થી हि નો લોપ થવાથી जीवतु અને जीव આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - આપ જીવો. તું જીવે. नद् ધાતુને પઞ્ચમીનો हि પ્રત્યય. 'उदितः० ૪-૪--૯૮' થી नद् ધાતુના द् ની પૂર્વે न् નો આગમ. ઉપર જણાવ્યા મુજબ हि પ્રત્યયની પૂર્વે शव् પ્રત્યય. આ સૂત્રથી हि ના સ્થાને तातङ् આદેશ વગેરે કાર્ય થવાથી नन्दतात् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં तातङ् આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા પ્રમાણે हि નો લોપ થવાથી नन्द त्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ--તું આનંદ પામ. आशिषीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् અર્થવાળા જ પઞ્ચમીના तुव् [तु] અને हि પ્રત્યયને વિકલ્પથી तातङ् આદેશ થાય

છે. તેથી જ્યાં आशिष् અર્થ નથી ત્યાં ઉપર જણાવ્યા મુજબ માત્ર जीवतु વગેરે પ્રયોગ થાય છે. અર્થ- તે જીવે. અહીં વક્તા માત્ર એ મુજબ બોલે છે. પરન્તુ તેની એવી ઈચ્છા નથી. ॥૧૧૯॥

● ● ●

## आतो णव औः ૪।૨।૧૨૦॥

આકારાન્ત ધાતુની પરમાં રહેલા णव् પ્રત્યયને औ આદેશ થાય છે. पा ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧-'થી पा ધાતુને દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. આ સૂત્રથી णव् ને औ આદેશ. 'ऐदौत्० ૧-૨-૧૨'થી औ ની સાથે તેની પૂર્વેના आ ને औ આદેશ થવાથી पपौ આવો પ્રયોગ થાય છે. અર્થ - પીધું. ॥૧૨૦॥

● ● ●

## आतामाते - आथामाथे आदिः ૪।૨।૧૨૧॥

अ થી પરમાં રહેલા आताम् आते आथाम् અને आथे પ્રત્યયના આદ્ય आ ને इ આદેશ થાય છે. पच् ધાતુને પઞ્ચમીનો

आताम् અને आथाम् પ્રત્યય. તેમજ વર્ત્તમાનાનો आते અને आथे પ્રત્યય. 'कर्त्तर्य० ૩-૪-૭૧'થી पच् ધાતુની પરમાં शव् પ્રત્યય. આ સૂત્રથી आताम् आथाम् आते અને आथे પ્રત્યયના આદ્ય आ ને इ આદેશ. इ ની સાથે તેની પૂર્વે રહેલા अ ને 'अवर्णस्ये० ૧-૨-૬'થી ए આદેશ થવાથી पचेताम् पचेते पचेथाम् અને पचेथे આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - તેઓ બે રાંધે. તેઓ બે રાંધે છે. તમે બે રાંધો. તમે બે રાંધો છો. आदिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अ થી જ પરમાં રહેલા आताम् आते आथाम् અને आथे પ્રત્યયના આદ્ય आ ને इ આદેશ થાય છે. તેથી मा ધાતુને પઞ્ચમીનો आताम् પ્રત્યય. 'हवः शिति ૪-૧-૧૨'થી मा ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'ह्रस्वः ૪-૧-૩૯'થી आ ને -હ્રસ્વ अ આદેશ. अ ને 'पॄ-भृ० ૪-૧-૫૮'થી इ આદેશથી નિષ્પન્ન मिमा + आताम् આ અવસ્થામાં 'श्नश्चातः ૪-૨-૯૬'થી आताम् ની પૂર્વેના आ નો લોપ થવાથી मिमाताम् આવો પ્રયોગ થાય છે. અહીં अ થી પરમાં आताम् પ્રત્યય ન હોવાથી તેના आ ને આ સૂત્રથી इ આદેશ થતો નથી. અર્થ - તેઓ બે માપે. ॥१२१॥

● ● ●

## यः सप्तम्याः ४।२।१२२॥

अ થી પરમાં રહેલા સપ્તમીના या ને इ આદેશ થાય છે. पच् ધાતુને સપ્તમીનો यात् અને यास् પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्यन० ૩-૪-૭૧'થી शव् પ્રત્યય. આ સૂત્રથી या ને इ આદેશ. इ ની સાથે

તેની પૂર્વે રહેલા अ ને 'अवर्णस्ये० ૧-૨-૬'થી ए આદેશ વગેરે કાર્ય થવાથી पचेत् અને पचेः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તે રાંધે. તું રાંધ. ॥૧૨૨॥

● ● ●

## याम्युसोरियमियुसौ ४।२।१२३॥

अ થી પરમાં રહેલા સપ્તમીના याम् પ્રત્યયને इयम् અને युस् પ્રત્યયને इयुस् આદેશ થાય છે. पचू ધાતુને સપ્તમીનો याम् અને युस् પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्यन० ૩-૪-૭૧'થી शव् પ્રત્યય. આ સૂત્રથી याम् પ્રત્યયને इयम् અને युस् પ્રત્યયને इयुस् આદેશ. इ ની સાથે તેની પૂર્વે રહેલા अ ને 'अवर्णस्ये० ૧-૨-૬'થી ए આદેશ વગેરે કાર્ય થવાથી पचेयम् અને पचेयुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - હું રાંધું. તેઓ રાંધે. ॥૧૨૩॥

● ● ●

इति श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्ति-विवरणे चतुर्थेऽध्याये द्वितीयः पादः॥

● ● ●

श्रीभीमपृतनोत्खात.......આશ્ચર્ય છે કે શ્રી ભીમરાજાની સેનાએ ઉડાડેલી ધૂળથી શત્રુરાજાઓના મસ્તક - કપાળ ઉપર પાણીઓના બિન્દુઓ વધ્યા. આશ્ચર્યનું કારણ એ છે કે ધૂળ જ્યાં પડે છે ત્યાં પાણી હોય તો સુકાય છે; અને જ્યાંથી ધૂળ ખોદાય છે તે ભૂમિમાંથી પાણી નીકળે છે. અહીં કપાળ ઉપર ધૂળ પડી છે અને ત્યાંજ પાણી નીકળ્યું છે - એ આશ્ચર્ય છે. તેના પરિહાર માટે - શ્રીભીમરાજાની સેનાએ ઉડાડેલી ધૂળ કપાળ ઉપર પડતાની સાથે શત્રુરાજાઓને ડરના કારણે પરસેવો છૂટયો. - એ તાત્પર્ય સમજવું...

● ● ●

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।

● ● ●

# अथ प्रारभ्यते चतुर्थेऽध्याये तृतीयः पादः।

## नामिनो गुणोऽक्ङिति ४।३।१।।

નામી સ્વર જેના અન્તમાં છે એવા ધાતુના અન્ત્ય નામી સ્વરને તેનાથી પરમાં कित् અને ङित् પ્રત્યયને છોડીને અન્ય પ્રત્યય હોય તો ગુણ આદેશ થાય છે. चि ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. આ સૂત્રથી चि ધાતુના અન્ત્ય નામી સ્વર इ ને ગુણ ए આદેશ થવાથી **चेता** આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેગું કરશે. **अक्ङितीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામી સ્વરાન્ત ધાતુના અન્ત્ય નામી સ્વરને તેનાથી પરમાં कित् અને ङित् પ્રત્યયને છોડીને અન્ય પ્રત્યય જ હોય તો ગુણ આદેશ થાય છે. તેથી यु ધાતુને વર્તમાનાનો तस् પ્રત્યય. 'शिदवित् ४-३-२०'થી तस् પ્રત્યયને ङिद्वद् ભાવ વગેરે કાર્ય થવાથી **युतः** આવો પ્રયોગ થાય છે. અહીં ङित् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી यु ધાતુના અન્ત્ય નામી સ્વર उ ને ગુણ ओ આદેશ થતો નથી. અર્થ - તેઓ બે મેળવે છે. ।।૧।।

● ● ●

## उ - श्नोः ४।३।२।।

**कित्** અને **ङित्** પ્રત્યયને છોડીને અન્ય પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા, ધાતુથી વિહિત उ અને श्नु પ્રત્યયના અન્ત્ય સ્વરને

ગુણ આદેશ થાય છે. तन् અને सु ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. 'कृग्तनादेरुः ૩-૪-૮૩'થી तन् ધાતુની પરમાં उ પ્રત્યય. 'स्वादेः श्नुः ૩-૪-૭૫'થી सु ધાતુની પરમાં श्नु [नु] પ્રત્યય. આ સૂત્રથી उ પ્રત્યયને તથા नु પ્રત્યયના उ ને ગુણ ओ આદેશ થવાથી तनोति અને सुनोति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - વિસ્તારે છે. સ્નાન્ કરે છે અથવા રસ કાઢે છે. ॥૨॥

● ● ●

## पुस् - पौ ४।३।३॥

पुस् પ્રત્યય અને पु આગમ પરમાં હોય તો તેની પૂર્વે રહેલા નામી સ્વરાન્ત ધાતુના અન્ત્ય સ્વરને ગુણ આદેશ થાય છે. ऋ ધાતુને ह्यस्तनी નો अन् પ્રત્યય. 'हवः शिति ૪-૧-૧૨'થી ऋ ધાતુને દ્વિત્વ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. એ अ ને 'पॄ - भृ० ૪-૧-૫૮'થી इ આદેશ. 'द्व्युक्त - जक्ष० ૪-૨-૯૩'થી अन् પ્રત્યયને पुस् [उस्] આદેશ. इऋ + उस् આ અવસ્થામાં 'पूर्वस्या० ૪-૧-૩૭'થી इ ને इय् આદેશ. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ. 'स्वरादे० ૪-૪-૩૧'થી इय् ના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી ऐयरुः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ ગયા. ऋ ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦'થી णिग् પ્રત્યય. 'अर्ति - री० ૪-૨-૨૧'થી ऋ ધાતુની પરમાં पु (प्) નો આગમ. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી अर्पयति આવો પ્રયોગ થાય છે. અર્થ - અર્પણ કરે છે. ॥३॥

● ● ●

## लघोरुपान्त्यस्य ४।३।४।।

**कित्** અને **ङित्** પ્રત્યયને છોડીને અન્ય પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ધાતુના ઉપાન્ત્ય -હ્રસ્વ નામી સ્વરને ગુણ આદેશ થાય છે. **भिद्** ધાતુને **श्वस्तनी** નો **ता** પ્રત્યય. આ સૂત્રથી **भिद्** ધાતુના ઉપાન્ત્ય -હ્રસ્વનામી સ્વર **इ** ને ગુણ **ए** આદેશ વગેરે કાર્ય થવાથી **भेत्ता** આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેદશે. **लघोरिति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **कित्** અને **ङित्** પ્રત્યયથી ભિન્ન પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના ઉપાન્ત્ય -હ્રસ્વ જ નામી સ્વરને ગુણ આદેશ થાય છે. તેથી **ईह्** ધાતુને વર્ત્તમાનાનો **ते** પ્રત્યય. **ते** ની પૂર્વે '**कर्त्तर्यन०** ૩-૪-૭૧'થી **शव् [अ]** પ્રત્યય થવાથી **ईहते** આવો પ્રયોગ થાય છે. અહીં **ईह्** ધાતુના ઉપાન્ત્ય દીર્ઘ સ્વરને આ સૂત્રથી ગુણ થતો નથી. અર્થ - ચેષ્ટા કરે છે. **उपान्त्यस्येति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **कित्** અને **ङित्** પ્રત્યયથી ભિન્ન પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના ઉપાન્ત્ય જ -હ્રસ્વનામી સ્વરને ગુણ આદેશ થાય છે. તેથી **भिद्** ધાતુને વર્ત્તમાનાનો **तिव्** પ્રત્યય. '**रुधां स्वरा०** ૩-૪-૮૨'થી **भिद्** ના **द्** ની પૂર્વે **श्न [न]** પ્રત્યય...વગેરે કાર્ય થવાથી **भिनत्ति** આવો પ્રયોગ થાય છે. અહીં **भिद्** ધાતુનો -હ્રસ્વ સ્વર **इ** ઉપાન્ત્ય ન હોવાથી તેને ગુણ આદેશ થતો નથી. અર્થ - ભેદે છે. ।।૪।।

● ● ●

## मिदः श्ये ४।३।५।।

श्य પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા मिद् ધાતુના ઉપાન્ત્ય -હ્રસ્વ સ્વરને ગુણ આદેશ થાય છે. मिद् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. तिव् ની પૂર્વે 'दिवादेः श्यः ૩-૪-૭૨'થી श्य [य] પ્રત્યય. આ સૂત્રથી मिद् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ થવાથી मेद्यति આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્નિગ્ધ થાય છે અથવા કરે છે. ।।૫।।

● ● ●

## जागुः किति ४।३।६।।

कित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા जागृ ધાતુના અન્ત્ય સ્વરને ગુણ આદેશ થાય છે. जागृ ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त [त] પ્રત્યય. આ સૂત્રથી जागृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી क्त ની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી जागरितः આવો પ્રયોગ થાય છે. અર્થ - જાગ્યો. ।।૬।।

● ● ●

## ऋवर्ण - दृशोऽङि ४।३।७।।

अङ् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ऋ વર્ણાન્ત [ऋ અથવા ॠ જેના અન્તમાં છે] ધાતુના અન્ત્ય સ્વરને તથા दृश् ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ આદેશ થાય છે. ऋ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'सर्त्यर्त्ते वा ૩-૪-૬૧'થી दि ની પૂર્વે अङ् પ્રત્યય. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ. 'स्वरादे० ૪-૪-૩૧'થી अर् ના अ ને વૃદ્ધિ आ આદેશ થવાથી आरत् આવો પ્રયોગ થાય છે. યદ્યપિ ऋ + अ + त् આ અવસ્થામાં આ સૂત્રથી વિહિત ગુણની અપેક્ષાએ 'स्वरादेस्तासु ૪-૪-૩૧' - આ સૂત્ર પર હોવાથી ऋ ને વૃદ્ધિ आर् આદેશની જ પ્રથમ પ્રાપ્તિ છે. ત્યારબાદ આ સૂત્રથી ગુણનો અવકાશ નથી. પરંતુ લઘુવૃત્તિમાં આ દૃષ્ટાન્ત નિર્દિષ્ટ હોવાથી ઉપર જણાવ્યા મુજબ પ્રક્રિયા દર્શાવી છે. જે વસ્તુતઃ ખોટી છે. आरत् ના સ્થાને मा भवान् अरत् આ પ્રમાણે જ નિર્દેશ કરવો જોઈએ અને તો જ આ સૂત્રથી વિહિત ગુણાદેશની પણ અહીં ઉપયોગિતા વર્ણવી શકાશે. બૃહદ્વૃત્તિમાં मा भवान अरत् આવો જ પાઠ છે - એ યાદ રાખવું. सृ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ अङ् પ્રત્યય. આ સૂત્રથી सृ ધાતુના અન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ. 'अड्धातो० ૪-૪-૨૯'થી सृ ની પૂર્વે अट् વગેરે કાર્ય થવાથી असरत् આવો પ્રયોગ થાય છે. जॄ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'ॠदि० ૩-૪-૬૫'થી दि ની પૂર્વે अङ् પ્રત્યય. આ સૂત્રથી ॠ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી अजरत् આવો પ્રયોગ થાય છે. दृश् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'ॠदि० ૩-૪-૬૫'થી दि ની પૂર્વે अङ् પ્રત્યય. આ સૂત્રથી ઉપાન્ત્ય ॠ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી अदर्शत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ગયો. સરક્યો. વૃદ્ધ થયો. જોયું. ।।૭।।

# स्कृच्छृतोऽकि परोक्षायाम् ४।३।८॥

● ● ●

कृ થી ઉપલક્ષિત क्वस् અને कान પ્રત્યયથી ભિન્ન પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા सट् ના આગમ સહિત कृ [स्कृ] ધાતુના અન્ત્ય સ્વરને ऋच्छ् ધાતુના ઉપાન્ત્ય સ્વરને તેમજ ऋ જેના અન્તે છે એવા ऋदन्त ધાતુના અન્ત્ય સ્વરને ગુણ આદેશ થાય છે. सम् + कृ ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'सम्परे० ૪-૪-૯૧'થી कृ ની પૂર્વે सट् [स्] નો આગમ. 'द्विर्धातुः० ૪-૧-૧'થી स्कृ ને દ્વિત્વ. 'अघोषे० ૪-૧-૪૫'થી અભ્યાસમાં स् નો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬'થી અભ્યાસમાં क् ને च् આદેશ. આ સૂત્રથી स्कृ ના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી सञ्चस्करुः આવો પ્રયોગ થાય છે. અર્થ - સંસ્કારી કર્યું. ऋच्छ् ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ऋच्छ् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ઉપર જણાવ્યા મુજબ ऋ ને अ આદેશ. अऋच्छ् + उस् આ અવસ્થામાં 'अनातो नश्चान्त० ૪-૧-૬૯'થી अ ને आ આદેશ તથા आ ની પરમાં न् નો આગમ. આ સૂત્રથી ऋच्छ् ના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી आनर्च्छुः આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કર્યું. तॄ ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ. अर् ના अ ને 'तॄ - त्रप० ૪-૧-૨૫'થી ए આદેશ; તેમજ ધાતુને દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી तेरुः આવો પ્રયોગ થાય છે. અર્થ - તર્યા. अकीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृ થી ઉપલક્ષિત क्वस् અને कान પ્રત્યયથી ભિન્ન જ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા स्कृ [स् + कृ] ધાતુના અન્ત્ય સ્વરને તેમજ ऋच्छ् ધાતુના ઉપાન્ત્ય સ્વરને અને ॠ કારાન્ત

ધાતુના અન્ત્ય સ્વરને ગુણ આદેશ થાય છે. તેથી संस्कृ ધાતુને 'तत्र क्वसु० ૫-૨-૨'થી क्वस् પ્રત્યય. स्कृ ને દ્વિત્વ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી सञ्चस्कृवान् આવો પ્રયોગ થાય છે. અહીં क् થી ઉપલક્ષિત क्वसु પ્રત્યય [પરોક્ષા] પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા स्कृ ધાતુના ऋ ને આ સૂત્રથી ગુણ થતો નથી. અર્થ - સંસ્કારી કર્યું. ॥૮॥

● ● ●

## संयोगादृदर्तेः ૪।૩।૯॥

સંયુક્ત વ્યઞ્જનની પરમાં રહેલો ऋ જેના અન્તે છે એવા ધાતુના અને ऋ ધાતુના અન્ત્ય સ્વરને તેની પરમાં; क् થી ઉપલક્ષિત क्वसु અને कान પ્રત્યયથી ભિન્ન પરોક્ષાનો પ્રત્યય હોય તો ગુણ આદેશ થાય છે. स्मृ ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧'થી स्मृ ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. सस्मृ + उस् આ અવસ્થામાં ऋ ને આ સૂત્રથી ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી सस्मरुः આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્મરણ કર્યું. આવી જ રીતે स्वृ ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન सस्वृ + उस् આ અવસ્થામાં આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી सस्वरुः આવો પ્રયોગ થાય છે. અર્થ - અવાજ કર્યો. ऋ ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. ऋ ને દ્વિત્વ. અભ્યાસમાં ऋ ને अ આદેશ. अ

ને 'अस्यादे० ४-१-६८'થી आ આદેશ. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી आरुः આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયા. संयोगादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क् થી ઉપલક્ષિત क्वसु અને कान પ્રત્યયથી ભિન્ન પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા સંયુક્ત વ્યઞ્જનથી જ પરમાં રહેલો ऋ જેના અન્તે છે; તેવા અને ऋ ધાતુના અન્ત્ય સ્વરને ગુણ થાય છે. તેથી સંયુક્તવ્યઞ્જનથી પરમાં રહેલો ऋ જેના અન્તે નથી એવા कृ ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય વગેરે કાર્ય થવાથી चक्रुः આવો પ્રયોગ થાય છે. અહીં कृ ધાતુના ऋ ને આ સૂત્રથી ગુણ થતો નથી. અર્થ - કર્યું. ॥૯॥

● ● ●

## क्य - यङाशीर्ये ४।३।१०॥

क्य यङ् અને य કારાદિ આશિષ્ સમ્બન્ધી પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા; સંયુક્તવ્યઞ્જનથી પરમાં રહેલો ऋ જેના અન્તમાં છે એવા ધાતુના અને ऋ ધાતુના અન્ત્ય સ્વરને ગુણ આદેશ થાય છે. स्मृ स्वृ અને ऋ ધાતુને આત્મનેપદનો ते પ્રત્યય. તેની પૂર્વે 'क्यः शिति ૩-૪-૭૦'થી क्य પ્રત્યય. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ થવાથી स्मर्यते स्वर्यते અને अर्यते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સ્મરણ કરાય છે. અવાજ કરાય છે. જવાય છે. स्मृ અને स्वृ ધાતુને 'व्यञ्जनादे० ૩-૪-૯'થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ૪-૧-૩'થી स्मृ અને स्वृ ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या०

૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. अ ને 'आगुणा० ૪-૧-૪૮'થી आ આદેશ. सास्मृ + य અને सास्वृ + य આ અવસ્થામાં ऋ ને આ સૂત્રથી ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી **सास्मर्यते** અને **सास्वर्यते** આવો પ્રયોગ થાય છે. ऋ ધાતુને 'अटयर्त्ति० ૩-૪-૧૦'થી यङ् પ્રત્યય. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ. 'स्वरादे० ૪-૧-૪'થી र्य ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં य् નો લોપ. अरर्य ધાતુના र् ની પરમાં રહેલા अ ને ઉપર જણાવ્યા મુજબ आ આદેશ વગેરે કાર્ય થવાથી **अरार्यते** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વારંવાર સ્મરણ કરે છે. વારંવાર અવાજ કરે છે. વારંવાર જાય છે. स्मृ અને ऋ ધાતુને આશિષ્ નો **क्यात्** [यात्] પ્રત્યય. આ સૂત્રથી ऋ ને ગુણ अर् આદેશ...વગેરે કાર્ય થવાથી **स्मर्यात्** અને **अर्यात्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સ્મરણ કરે. જાય. ॥૧૦॥

● ● ●

## न वृद्धिश्चाऽविति क्ङिल्लोपे ४।३।११॥

જે અવિત્ પ્રત્યય પરમાં હોય ત્યારે તેની પૂર્વે રહેલા कित् કે ङित् પ્રત્યયનો લોપ થાય છે - તે अवित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના સ્વરને ગુણ કે વૃદ્ધિ થતી નથી. चि ધાતુને 'व्यञ्जनादे० ૩-૪-૯'થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ૪-૧-૩'થી चि ધાતુને દ્વિત્વ. 'आगुणा० ૪-૧-૪૮'થી અભ્યાસમાં इ ને ગુણ ए

આદેશ. चेचि + य આ અવસ્થામાં 'दीर्घश्च्वि० ૪-૩-૧૦૮'થી इ ને ई આદેશ. चेचीय ધાતુને 'अच् ૫-૧-૪૯'થી अच् પ્રત્યય. 'अचि ૩-૪-૧૫'થી यङ् નો લોપ. 'योऽनेक० ૨-૧-૫૬'થી ई ને य् આદેશ. चेच्य નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી चेच्यः આવો પ્રયોગ થાય છે. અહીં चेची + अच् આ અવસ્થામાં 'नामिनो० ૪-૩-૧'થી ई ને ગુણ ए આદેશની પ્રાપ્તિ હતી. પરંતુ અવિત્ अच् પ્રત્યયની પૂર્વે રહેલા ङित् यङ् પ્રત્યયનો લોપ થયો હોવાથી તે अवित् પ્રત્યયની પૂર્વે રહેલા चेची ધાતુના ई ને આ સૂત્રથી ગુણનો નિષેધ થાય છે. અર્થ - વારંવાર ભેગું કરનાર. मृज् ધાતુને यङ् પ્રત્યય. मृज् ને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'ऋमतां रीः ૪-૧-૫૫'થી અભ્યાસમાં म ની પરમાં री નો આગમ. मरीमृज्य ધાતુને ઉપર જણાવ્યા મુજબ अच् પ્રત્યય. यङ् નો લોપ. मरीमृज નામને सि પ્રત્યયાદિ કાર્ય થવાથી मरीमृजः આવો પ્રયોગ થાય છે. અહીં मरीमृज् + अच् આ અવસ્થામાં 'ऋतः स्वरे वा ૪-૩-૪૩'થી ऋ ને વૃદ્ધિ आर् આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિષેધ થાય છે. અર્થ - વારંવાર સાફ કરનાર. ॥૧૧॥

● ● ●

# भवतेः सिज्लुपि ४।३।१२॥

**सिच्** પ્રત્યયનો લોપ થયો હોય ત્યારે **भू** ધાતુના સ્વરને ગુણ આદેશ થતો નથી. **भू** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. '**सिजद्य०** ૩-૪-૫૮'થી **दि** ની પૂર્વે **सिच्** પ્રત્યય. '**पिबैति०** ૪-૩-૬૬'થી **सिच्** નો લોપ. '**अड् धातो०** ૪-૪-૨૯'થી **भू** ની પૂર્વે **अट्**. **अ** + **भू** + **त्** આ અવસ્થામાં '**नामिनो०** ૪-૩-૧'થી **भू** ધાતુના અન્ત્ય **ऊ** ને ગુણ **ओ** આદેશની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી **अभूत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - થયું. **सिज्लुपीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सिच्** પ્રત્યયનો લોપ થયો હોય તો જ **भू** ધાતુના સ્વરને ગુણનો નિષેધ થાય છે. તેથી **वि+अति+अ+भू+स्+त** (અદ્યતનીનો આત્મનેપદનો **त** પ્રત્યય) આ અવસ્થામાં '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **स्** [**सिच्**] ની પૂર્વે **इट्** [**इ**.] '**नामिनो०** ૪-૩-૧'થી **भू** ધાતુના **ऊ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **व्यत्यभविष्ट** આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદમાં **सिच्** નો લોપ થતો ન હોવાથી આ સૂત્રથી **भू** ના **ऊ** ને ગુણ **ओ** આદેશ નો નિષેધ થતો નથી. અર્થ - પરસ્પર વ્યતીત થયું. ॥૧૨॥

• • •

## सूतेः पञ्चम्याम् ४।३।१३॥

पञ्चमी नो प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला सू [११०७] धातुना अन्त्य स्वरने गुण आदेश थतो नथी. सू धातुने पञ्चमीनो ऐव् [ऐ] प्रत्यय. 'नामिनो० ४-३-१'थी सू धातुना ऊ ने गुण ओ आदेशनी प्राप्ति हती. तेनो आ सूत्रथी निषेध थवाथी ऊ ने 'धातोरिवर्णो० २-१-५०'थी उव् आदेश थवाथी सुवै आवो प्रयोग थाय छे. अर्थ - हुं उत्पन्न करुं. ॥१३॥

● ● ●

## द्व्युक्तोपान्त्यस्य शिति स्वरे ४।३।१४॥

स्वरादि शित् प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला द्व्युक्त [द्वित्व कराएला] धातुना उपान्त्य नामी स्वरने गुण आदेश थतो नथी. निज् धातुने पञ्चमीनो आनिव् [आनि] प्रत्यय. 'हवः शिति ४-१-१२'थी निज् ने द्वित्व. 'व्यञ्जनस्या० ४-१-४४'थी अभ्यासमां ज् नो लोप. अभ्यासमां 'निजां शित्येत् ४-१-५७'थी इ ने ए आदेश. नेनिज् + आनि आ अवस्थामां 'लघोरुपा० ४-३-४'थी उपान्त्य इ ने प्राप्त गुण ए आदेशनो आ सूत्रथी निषेध थवाथी नेनिजानि आवो प्रयोग थाय छे. अर्थ - हुं साफ करुं. **उपान्त्यस्येति किम् ?**= आ सूत्रथी उपर जणाव्या मुजब स्वरादि शित् प्रत्यय परमां होय तो तेनी पूर्वे रहेला द्व्युक्त धातुना उपान्त्य

જ સ્વરને ગુણ આદેશ થતો નથી. તેથી हु ધાતુને પઞ્ચમીનો आनिव् પ્રત્યય. हु ધાતુને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ. અભ્યાસમાં 'गहोर्जः ૪-૧-૪૦'થી ह् ને ज् આદેશ. 'नामिनो० ૪-૩-૧'થી जुहु ના અન્ત્ય उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી जुहवानि આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી દ્વ્યુક્ત ધાતુના અન્ત્ય સ્વરને ગુણ આદેશનો નિષેધ થતો નથી. અર્થ - હું હોમ કરું. शितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ शित् જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વ્યુક્ત ધાતુના ઉપાન્ત્ય સ્વરને ગુણ આદેશ થતો નથી. તેથી निज् ધાતુને णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧'થી निज् ને દ્વિત્વ. અભ્યાસમાં ઉપર જણાવ્યા મુજબ ज् નો લોપ. निनिज् + णव् [अ] આ અવસ્થામાં આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર इ ને ગુણ ए આદેશનો નિષેધ ન થવાથી 'लघोरुपान्त्यस्य ૪-૩-૪'થી ગુણ ए આદેશ થવાથી निनेज આવો પ્રયોગ થાય છે. અર્થ - સાફ કર્યું. ।।૧૪।।

● ● ●

## ह्विणोरप्विति व् - यौ ४।३।१५।।

પિત્ અને वित् પ્રત્યયને છોડીને અન્ય शित् સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા हु ધાતુના અન્ત્યનામી સ્વરને व् આદેશ થાય છે. તેમજ इ ધાતુના અન્ત્ય નામી સ્વરને य् આદેશ થાય છે. हु ધાતુને વર્ત્તમાનાનો अन्ति પ્રત્યય. 'हवः शिति ૪-૧-૧૨'થી हु ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં ह् ને 'गहोर्जः

૪-૧-૪૦'થી ज् આદેશ. जुहु + अन्ति આ અવસ્થામાં हु ના उ ને व् આદેશ. 'अन्तो नो लुक् ૪-૨-૯૪'થી अन्ति ના न् નો લોપ થવાથી जुह्वति આવો પ્રયોગ થાય છે. અર્થ - હોમ કરે છે. इ [૧૦૭૫] ધાતુને પઞ્ચમીનો अन्तु પ્રત્યય. આ સૂત્રથી इ ધાતુને य् આદેશ થવાથી यन्तु આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ જાય. अप्वितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पित् અને वित् પ્રત્યયથી ભિન્ન જ સ્વરાદિ शित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हु અને इ ધાતુના અન્ત્ય નામી સ્વરને અનુક્રમે व् અને य् આદેશ થાય છે. તેથી हु ધાતુને હ્યસ્તનીનો अन् પ્રત્યય. हु ને દ્વિત્વ. અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'अड् धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट्. 'द्व्युक्तजक्ष० ૪-૨-૯૩'થી अन् પ્રત્યયને पुस् આદેશ. 'पुस् पौ ૪-૩-૩'થી अजुहु + उस् આ અવસ્થામાં हु ના उ ને ગુણ ओ આદેશ...વગેરે કાર્ય થવાથી अजुहवुः આવો પ્રયોગ થાય છે. અહીં पित् पुस् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી हु ધાતુના उ ને व् આદેશ થતો નથી. અર્થ - તેઓએ હોમ કર્યો. इ ધાતુને પઞ્ચમીનો आनिव् [आनि] પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી इ ધાતુને ગુણ ए આદેશ...વગેરે કાર્ય થવાથી अयानि આવો પ્રયોગ થાય છે. અહીં वित् आनिव् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા इ ધાતુના इ ને આ સૂત્રથી य् આદેશ થતો નથી. અર્થ - હું જઉં. ॥૧૫॥

● ● ●

## इको वा ४।३।१६॥

સ્વરાદિ અવિત્ શિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા इक् (इ) ધાતુના અન્ત્ય નામી સ્વરને વિકલ્પથી य् આદેશ થાય છે. अधि + इ (૧૦૭૪) ધાતુને વર્ત્તમાનાનો अन्ति પ્રત્યય. આ સૂત્રથી इ ધાતુને य् આદેશ થવાથી अधियन्ति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી य् આદેશ ન થાય ત્યારે इ ધાતુને 'धातोरिवर्णो० ૨-૧-૫૦'થી इय् આદેશ વગેરે કાર્ય થવાથી अधीयन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ સ્મરણ કરે છે. ॥૧૬॥

● ● ●

## कुटादे र्ङिद्वदञ्णित् ४।३।१७॥

कुटादि ગણપાઠમાંના कुट् વગેરે (૧૪૨૬ થી ૧૪૬૪) ધાતુથી પરમાં રહેલા[1] - ञित् અને णित् પ્રત્યયને છોડીને અન્ય [1]પ્રત્યયને ङिद्वद् ભાવ થાય છે. અર્થાત્ તે પ્રત્યય ङित् છે એમ માનીને કાર્ય થાય છે. कुट् અને गु ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. આ સૂત્રથી ता પ્રત્યયને ङिद्वद् ભાવ. તેથી 'लघोरुपा० ૪-૩-૪' થી कुट् ધાતુના ઉપાન્ત્ય उ ને તેમજ 'नामिनो० ૪-૩-૧' થી गु ધાતુના અન્ત્ય उ ને ગુણ થતો નથી. જેથી कुट् ધાતુની પરમાં 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી इट् વગેરે કાર્ય થવાથી कुटिता અને

ગુતા આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કુટિલતા કરશે. વિષ્ટા કરશે. अञ्णिद् इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कुटादि ગણપાઠમાંના कुट् વગેરે ધાતુની પરમાં રહેલા ञित् અથવા णित् પ્રત્યયથી ભિન્ન જ પ્રત્યયને ङिद्वद् ભાવ થાય છે. તેથી उद् + कुट् ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. તે ञित् હોવાથી તેને આ સૂત્રથી ङिद्वद् ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ कुट् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ થવાથી उत्कोटः આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે उद् + कुट् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. તે णित् હોવાથી તેને આ સૂત્રથી ङिद्वद् ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ कुट् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી उच्चुकोट આવો પ્રયોગ થાય છે. (कुट् ને 'द्विर्धातुः० ૪-૧-૧' થી દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી ट् નો લોપ. 'कङश्चञ् ૪-૧-૪૬'થી અભ્યાસમાં क् ને च् આદેશ... વગેરે પ્રક્રિયા સ્પષ્ટ છે.) અર્થક્રમશઃ - ઘણી કુટિલતા. કુટિલતા ઘણી કરી. ॥૧૭॥

● ● ●

## विजेरिट् ४।३।१८॥

विज् ધાતુની પરમાં રહેલા इट् ને ङिद्वद् ભાવ થાય છે. उद् + विज् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી ता ની પૂર્વે इट्. આ સૂત્રથી તેને ङिद्वद् ભાવ થવાથી 'लघोरुपा० ૪-૩-૪'થી विज् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ

થતો નથી. જેથી **उद्विजिता** આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉદ્‌વિગ્ન થશે. **इडिति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **विज्** ધાતુથી પરમાં રહેલા **इट्** ને જ [પ્રત્યય માત્રને નહીં.] **ङिद्वद्** ભાવ થાય છે. તેથી **उद्वेजनम्** અહીં **विज्** ધાતુની પરમાં **'अनट् ૫-૩-૧૨૪'**થી વિહિત **अनट्** પ્રત્યયને આ સૂત્રથી **ङिद्वद्** ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ **विज्** ધાતુના ઉપાન્ત્ય **इ** ને ગુણ **ए** આદેશાદિ કાર્ય થવાથી **उद्वेजनम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉદ્‌વેગ. ॥૧૮॥

● ● ●

## वोर्णोः ४।३।१९।।

**ऊर्णु** ધાતુથી પરમાં રહેલા **इट्** ને વિકલ્પથી **ङिद्वद्** ભાવ થાય છે. **प्र + ऊर्णु** ધાતુને શ્વસ્તની નો **ता** પ્રત્યય. **'स्ताद्यशितो० ૪-૪-૩૨'**થી **ता** ની પૂર્વે **इट्**. આ સૂત્રથી **इट्** ને **ङिद्वद्** ભાવ. તેથી **'नामिनो० ૪-૩-૧'**થી **ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને ગુણ ન થવાથી **'धातोरिवर्णो० ૨-૧-૫૦'**થી **उव्** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रोर्णुविता** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં **इट्** ને **ङिद्वद्** ભાવ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ **उ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रोर्णविता** આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંકશે. ॥૧૯॥

● ● ●

# शिदवित् ४।३।२०॥

ધાતુથી પરમાં રહેલા वित् પ્રત્યયને છોડીને અન્ય शित् પ્રત્યયને ङिद्वद् ભાવ થાય છે. इ ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય. તેને 'एताः शितः ૩-૩-૧૦'થી शित् સંજ્ઞા. એ અવિત્ - શિત્ तस् પ્રત્યયને આ સૂત્રથી ङिद्वद् ભાવ. તેથી 'नामिनो० ૪-૩-૧'થી इ ને ગુણ ન થવાથી इतः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે જાય છે. क्री ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'क्र्यादेः ૩-૪-૭૯'થી तिव् ની પૂર્વે श्ना પ્રત્યય. તેને આ સૂત્રથી ङिद्वद् ભાવ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી क्रीणाति આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરીદે છે. शिदिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુથી પરમાં રહેલા वित् પ્રત્યયને છોડીને અન્ય शित् જ પ્રત્યયને ङिद्वद् ભાવ થાય છે. તેથી चि ધાતુને आशिष् નો सीष्ट પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી चि ધાતુના इ ને ગુણ ए આદેશ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫'થી सीष्ट પ્રત્યયના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી चेचीष्ट આવો પ્રયોગ થાય છે. અહીં सीष्ट પ્રત્યય અવિત્ હોવા છતાં તે शित् ન હોવાથી તેને આ સૂત્રથી ङिद्वद् ભાવ થતો નથી. અર્થ - ભેગું કરે. ॥૨૦॥

● ● ●

## इन्ध्यसंयोगात् परोक्षा किद्वत् ४।३।२१।।

इन्ध् धातुथी परमां रहेला तेमज जे धातुना अन्तमां संयुक्तव्यञ्जन नथी एवा असंयोगान्त धातुनी परमां रहेला **अवित् परोक्षा** ना प्रत्ययने **किद्वद्** भाव थाय छे. **सम् + इन्ध्** धातुने परोक्षानो अवित् ए प्रत्यय. '**द्विर्धातुः०** ४-१-१'थी **इन्ध्** ने द्वित्व. '**व्यञ्जनस्या०** ४-१-४४'थी अभ्यासमां अनादिव्यञ्जन न्ध् नो लोप. आ सूत्रथी ए प्रत्ययने **किद्वद्** भाव. '**नो व्यञ्जन०** ४-२-४५'थी **इन्ध्** ना **न्** नो लोप...वगेरे कार्य थवाथी **समीधे** आवो प्रयोग थाय छे. अर्थ - प्रज्वलित थयुं. **नी** धातुने परोक्षानो अवित् **उस्** प्रत्यय. उपर जणाव्या मुजब **नी** धातुने द्वित्व. अभ्यासमां **नी** ना **ई** ने '**-ह्रस्वः** ४-१-३९'थी -ह्रस्व **इ** आदेश. आ सूत्रथी **उस्** प्रत्ययने **किद्वद्** भाव. जेथी '**नामिनो०** ४-३-१'थी **नी** ना **ई** ने गुण आदेश थतो नथी. **निनी + उस्** आ अवस्थामां '**योऽनेकस्वरस्य** २-१-५६'थी **नी** ना **ई** ने **य्** आदेश थवाथी **निन्युः** आवो प्रयोग थाय छे. अर्थ - तेओ लई गया. **इन्ध्यसंयोगादिति किम् ?=** आ सूत्रथी उपर जणाव्या मुजब **इन्ध्** अने असंयोगान्त ज धातुथी परमां रहेला अवित् परोक्षाना प्रत्ययने **किद्वद्** भाव थाय छे. तेथी **स्रन्स्** धातुने परोक्षानो ए प्रत्यय. उपर जणाव्या मुजब **स्रंस्** धातुने द्वित्व. अभ्यासमां अनादिव्यञ्जननो लोप...वगेरे कार्य थवाथी **सस्रंसे** आवो प्रयोग थाय छे. अहीं संयोगान्त **स्रन्स्** धातुनी परमां रहेला अवित्परोक्षा सम्बन्धी ए प्रत्ययने आ सूत्रथी **किद्वद्** भाव न थवाथी उपान्त्य **न्** नो लोप थतो नथी. अन्यथा '**नो व्यञ्जनस्या०** ४-२-४५'थी **स्रन्स्** ना **न्** नो लोप थात. अर्थ - ढीलुं थयुं. ।।२१।।

● ● ●

## स्वञ्जे र्नवा ४।३।२२॥

स्वञ्ज् ધાતુથી પરમાં રહેલા પરોક્ષાના પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. स्वञ्ज् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧'થી स्वञ्ज् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી ए પ્રત્યયને किद्वद् ભાવ. 'नो व्यञ्जन० ૪-૨-૪૫'થી स्वञ्ज् ના न् નો લોપ થવાથી सस्वजे આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી किद्वद् ભાવ ન થવાથી न् નો લોપ પણ ન થવાથી सस्वञ्जे આવો પ્રયોગ થાય છે. અર્થ - આલિઙ્ગન કર્યું. ॥૨૨॥

● ● ●

## ज - नशो - न्युपान्त्ये तादिः क्त्वा ४।३।२३॥

ધાતુમાં ઉપાન્ત્ય न् હોય તો ज् અન્તમાં છે જેના એવા ધાતુથી પરમાં રહેલા તેમજ नश् ધાતુથી પરમાં રહેલા त् છે આદિમાં જેના એવા क्त्वा પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. रञ्ज् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा [त्वा] પ્રત્યય. આ સૂત્રથી क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ. 'नो व्यञ्जनस्या० ૪-૨-૪૫'થી रञ्ज् ધાતુના ઉપાન્ત્ય न् નો [ञ् નો ] લોપ. 'च - जः कगम् ૨-૧-૮૬'થી ज् ને ग् આદેશ વગેરે કાર્ય થવાથી रक्त्वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી क्त्वा પ્રત્યયને किद्वद्

ભાવ થતો નથી. જેથી ઉપાન્ત્ય **न्** નો લોપ ન થવાથી **रङ्क्त्वा** આવો પ્રયોગ થાય છે. અર્થ - રંગીને. **नश्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त्वा** પ્રત્યય. '**नशो धुटि** ૪-૪-૧૦૯'થી **नश्** ધાતુના **श्** ની પૂર્વે **न्** નો આગમ. આ સૂત્રથી **क्त्वा** ને **किद्वद्** ભાવ. ઉપર જણાવ્યા મુજબ **नन्श्** ના ઉપાન્ત્ય **न्** નો લોપ. '**यजसृज०** ૨-૧-૮૭'થી **नश्** ના **श्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં **क्त्वा** પ્રત્યયના **त्** ને '**तवर्गस्य०** ૧-૩-૬૦'થી **ट्** આદેશ થવાથી **नष्ट्वा** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **क्त्वा** પ્રત્યયને **किद्वद्** ભાવ ન થાય ત્યારે **न्** નો લોપ ન થવાથી **नंष्ट्वा** આવો પ્રયોગ થાય છે. અર્થ - ભાગીને અથવા નાસીને. **नीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુમાં ઉપાન્ત્ય **न्** જ હોય તો **ज्** અન્તમાં છે જેના એવા ધાતુથી પરમાં રહેલા તેમજ **नश्** ધાતુથી પરમાં રહેલા **क्त्वा** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. તેથી **भुज्** ધાતુને **क्त्वा** પ્રત્યય. ઉપર જણાવ્યાં મુજબ **ज्** ને **ग्** આદેશાદિ કાર્ય થવાથી **भुक्त्वा** આવો પ્રયોગ થાય છે. અહીં **भुज्** ધાતુમાં **न्** ઉપાન્ત્ય ન હોવાથી આ સૂત્રથી તેની પરમાં રહેલા **क्त्वा** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ ન થવાથી વિકલ્પપક્ષમાં **किद्वद्** ભાવ ન થાય ત્યારે '**लघोरुपान्त्यस्य** ૪-૩-૪'થી ઉપાન્ત્ય **उ** ને ગુણ **ओ** આદેશનો પ્રસઙ્ગ આવતો નથી. અર્થ - જમીને.

**उपान्त्य इति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુમાં ઉપાન્ત્ય જ [આદિ કે અન્ત વગેરેમાં નહીં] **न्** હોય તો તાદૃશ **ज्** અન્તવાલા ધાતુથી પરમાં રહેલા તેમજ **नश्** ધાતુથી પરમાં રહેલા **क्त्वा** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. તેથી **निक्त्वा** અહીં **निज्** ધાતુથી પરમાં રહેલા **क्त्वा** પ્રત્યયને તે ધાતુમાં ઉપાન્ત્ય **न्** ન હોવાથી આ સૂત્રથી વિકલ્પે **किद्वद्** ભાવ થતો નથી. અન્યથા વિકલ્પપક્ષમાં **किद्वद्** ભાવના અભાવમાં ઉપાન્ત્ય **इ** ને ઉપર જણાવ્યા મુજબ ગુણ **ए** આદેશ થવાનો પ્રસંગ આવત.

અર્થ - સાફ કરીને. **तादिरिति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુમાં ઉપાન્ત્ય **न्** હોય તો તાદશ **ज्** અન્તવાલા ધાતુથી પરમાં રહેલા તેમજ **नश्** ધાતુથી પરમાં રહેલા **त्** જેની આદિમાં છે એવા જ **तादि क्त्वा** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. તેથી **वि + भञ्ज्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त्वा** પ્રત્યય. '**अनञः०** ૩-૨-૧૫૪'થી **क्त्वा** ને **यप्** આદેશાદિ કાર્ય થવાથી **विभज्य** આવો પ્રયોગ થાય છે. અહીં **न्** ઉપાન્ત્ય છે અને **ज्** અન્તમાં હોવા છતાં **वि + भज्** ધાતુની પરમાં રહેલો **यप्** પ્રત્યય **तादि** ન હોવાથી તેને આ સૂત્રથી વિકલ્પે **किद्वद्** ભાવ થતો નથી. અન્યથા અહીં **क्त्वा** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય તો જ્યારે વિકલ્પપક્ષમાં **किद्वद्** ભાવ ન થાય ત્યારે **न्** નો લોપ નહીં થાય; ત્યારે **विभञ्ज्य** આવા અનિષ્ટ પ્રયોગનો પ્રસંગ આવત. અર્થ - વિભાગ કરીને. ॥૨૩॥

● ● ●

## ऋत् - तृष - मृष - कृश - वञ्च - लुञ्च - थ - फः सेट् ४।३।२४॥

ધાતુમાં **न्** ઉપાન્ત્ય હોય તો તાદશ **ऋत् तृष् मृष् कृश् वञ्च् लुञ्च्** તેમજ **थ्** અથવા **फ्** છે અન્તમાં જેના - એવા ધાતુથી પરમાં રહેલા **इट्** સહિત **क्त्वा** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. અહીં **नुपान्त्यत्व** માત્ર **थ्** અથવા **फ्** અન્તવાલા ધાતુને આશ્રયીને સમજવું. **ऋत्, तृष्**...વગેરેમાં **न्** ના ઉપાન્ત્યત્વનો સંભવ નથી.

ऋत् तृष् मृष् અને कृश् ધાતુને 'प्राक्काले ५-४-४७'થી क्त्वा પ્રત્યય. क्त्वा પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२'થી इट्. આ સૂત્રથી इट् સહિત [सेट्] क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ...વગેરે કાર્ય થવાથી ऋतित्वा तृषित्वा मृषित्वा અને कृशित्वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ ન થાય ત્યારે 'लघोरुपान्त्यस्य ४-३-४'થી ऋत् तृष् मृष् અને कृश् ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી अर्त्तित्वा तर्षित्वा मर्षित्वा અને कर्शित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઘૃણા કરીને. સ્પદ્ર્ધા કરીને અથવા જઈને. તૃષિત થઈને. સહન કરીને. કૃશ થઈને. वञ्च् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય. 'ऊदितो वा ४-४-४२'થી क्त्वा પ્રત્યયની પૂર્વે इट्. આવી જ રીતે लुञ्च् श्रन्थ् અને गुम्फ् ધાતુને क्त्वा પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२'થી इट्. આ સૂત્રથી सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ. 'नो व्यञ्जनस्या० ४-२-४५'થી वञ्च् વગેરે ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ વગેરે કાર્ય થવાથી वचित्वा लुचित्वा श्रथित्वा અને गुफित्वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી તાદશ सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ ન થાય ત્યારે वञ्च् વગેરે ધાતુના ઉપાન્ત્ય न् નો લોપ ન થવાથી અનુક્રમે वञ्चित्वा लुञ्चित्वा श्रन्थित्वा અને गुम्फित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઠગીને. ચોરી કરીને. મુક્ત કરીને. ગૂંથીને.

न्युपान्त्य इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ थ् અથવા फ् જેના અન્તમાં છે - એવા ધાતુમાં न् ઉપાન્ત્ય હોય તો જ તાદશ ધાતુથી પરમાં રહેલા सेट् क्त्वा પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી कुथ् અને रिफ् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२'થી इट्. 'क्त्वा ४-३-२९' થી सेट् क्त्वा ને किद्वद् ભાવનો નિષેધ. 'लघोरु० ४-३-४'થી कुथ् અને रिफ् ધાતુના ઉપાન્ત્ય उ અને इ ને

ગુણ ओ અને ए આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે कोथित्वा અને रेफित्वा આવો પ્રયોગ થાય છે. અહીં ધાતુમાં ઉપાન્ત્ય न् ન હોવાથી આ સૂત્રથી વિકલ્પે सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ થતો નથી. અન્યથા વિકલ્પપક્ષમાં किद्वद् ભાવ થાય તો ધાતુના ઉપાન્ત્ય उ અને इ ને ગુણ ન થાય ત્યારે कुथित्वा અને रिफित्वा આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવશે. અર્થક્રમશઃ - હિંસા કરીને. નિંદા કરીને. सेडिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ न् જેમાં ઉપાન્ત્ય છે - એવા थ् અને फ् અન્તવાલા ધાતુથી પરમાં રહેલા તેમજ ऋत् तृष् मृष् कृश् वञ्च् અને लुञ्च् ધાતુથી પરમાં રહેલા इट् સહિત જ क्त्वा પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી वञ्च् ધાતુને क्त्वा પ્રત્યય. 'ऊदितो वा ४-४-४२'થી વિકલ્પપક્ષમાં क्त्वा પ્રત્યયની પૂર્વે इट् ન થાય ત્યારે આ સૂત્રથી क्त्वा પ્રત્યયને વિકલ્પે किद्वद् ભાવ ન થવાથી અર્થાદ્ અહીં क्त्वा પ્રત્યય નિત્ય कित् હોવાથી 'नो व्यञ्जनस्या० ४-२-४५'થી वञ्च् ધાતુના न् નો [ञ् નો] લોપ થવાથી वञ्च् ધાતુના च् ને 'चजः कगम् २-१-८६'થી क् આદેશાદિ કાર્ય બાદ वक्त्वा આવો પ્રયોગ થાય છે. અર્થ - ઠગીને. ॥૨૪॥

● ● ●

## वौ व्यञ्जनादेः सन् चाऽय् - वः ४।३।२५॥

इ અથવા उ ઉપાન્ત્ય છે જેમાં એવા વ્યઞ્જનાદિ ધાતુના અન્તમાં य् અથવા व् ન હોય તો તે ધાતુની પરમાં રહેલા

सेट् - क्त्वा અને सन् પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. द्युत् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. क्त्वा ની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી इट्. આ સૂત્રથી सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ..... વગેરે કાર્ય થવાથી द्युतित्वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં તાદૃશ क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ ન થાય ત્યારે 'लघोरूपा० ૪-૩-૪' થી द्युत् ધાતુના उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી द्योतित्वा આવો પ્રયોગ થાય છે, અર્થ-પ્રકાશિત થઈને. द्युत् ધાતુને 'तुमर्हादि० ૩-૪-૧૮' થી सन् પ્રત્યય. 'सन्-यङश्च ૪-૧-૩' થી द्युत् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्युतेरिः ૪-૧-૪૧'થી અભ્યાસમાં उ ને इ આદેશ. 'स्ताधशितो० ૪-૪-૩૨' થી सत् પ્રત્યયની પૂર્વે इट्. આ સૂત્રથી सेट् सन् પ્રત્યયને किद्वद्भाव..... વગેરે કાર્ય થવાથી दिद्युतिषते આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सेट् सन् પ્રત્યયને किद्वद् ભાવ ન થાય ત્યારે 'लघोरूपान्त्यस्य ૪-૩-૪'થી द्युत् ધાતુના उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી दिद्योतिषते આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રકાશિત થવાને ઈચ્છે છે. આવી જ રીતે लिखित्वा અને लेखित्वा અહીં सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ આ સૂત્રથી થવાથી लिख् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ થતો નથી. તેમ જ વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ ન થવાથી ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ થાય છે. અર્થ - લખીને.

वाविति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ ધાતુમાં इ અથવા ऊ ઉપાન્ત્ય હોય તો જ તાદૃશ य् અથવા व् જેના અન્તમાં છે તેનાથી ભિન્ન ધાતુથી પરમાં રહેલા सेट् - क्त्वा અને सन् પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી वृत् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય. क्त्वा ની પૂર્વે इट्. 'क्त्वा ૪-૩-૨૯'

થી क्त्वा પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ થવાથી वृत् ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી वर्त्तित्वा આવો પ્રયોગ થાય છે. અહીં वृत् ધાતુ વ્યઞ્જનાદિ અને य् અથવા व् જેના અન્તમાં છે- એવા ધાતુથી ભિન્ન ધાતુ હોવા છતાં તેમાં इ અથવા व् ઉપાન્ત્ય ન હોવાથી તેનાથી પરમાં રહેલા सेट् क्त्वा પ્રત્યયને આ સૂત્રથી વિકલ્પથી किद्वद् ભાવ થતો નથી. અર્થ-રહીને. व्यञ्जनादेरिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેમાં इ અથવા उ ઉપાન્ત્ય હોય એવા વ્યઞ્જનાદિ જ ધાતુના અન્તે य् અથવા व् ન હોય તો તેની પરમાં રહેલા सेट् क्त्वा અને सन् પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ वस् ધાતુને क्त्वा પ્રત્યય. તેની પૂર્વે इट्. 'क्षुध - क्लिश० ૪-૩-૩૧' થી क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ. 'यजादि-वचेः० ૪-૧-૭૯' થી वस् ધાતુના व ને સમ્પ્રસારણ उ આદેશ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫' થી स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી उषित्वा આવો પ્રયોગ થાય છે. અહીં उष् ધાતુ સ્વરાદિ (વ્યઞ્જનાદિ ન) હોવાથી તેનાથી પરમાં રહેલા क्त्वा પ્રત્યયને આ સૂત્રથી વિકલ્પથી किद्वद् ભાવ થતો નથી. અર્થ - રહીને. अय्व इति किम् = આ સૂત્રથી ઉપર જણાવ્યા જેમાં इ અથવા उ ઉપાન્ત્ય હોય તાદૃશ વ્યઞ્જનાદિ ધાતુના અન્તમાં य् અથવા व् ન હોય તો જ, તેનાથી પરમાં રહેલા सेट् क्त्वा અને सन् પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી दिव् ધાતુને क्त्वा પ્રત્યય. તેની પૂર્વે इट्. क्त्वा પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ થવાથી ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી देवित्वा આવો પ્રયોગ થાય છે. અહીં વ્યઞ્જનાદિ दिव् ધાતુમાં ઉપાન્ત્ય इ હોવા છતાં તેના અન્તે व् હોવાથી તેનાથી પરમાં રહેલા सेट् क्त्वा પ્રત્યયને આ સૂત્રથી વિકલ્પે किद्वद् ભાવ થતો નથી. અર્થ-રમીને. ॥ ૨૫ ॥

## उति शवर्हाऽद्भ्यः क्तौ भावाऽऽरम्भे ४।३।२६।।

જેમાં उ ઉપાન્ત્ય છે એવા शव् પ્રત્યયને યોગ્ય ધાતુથી પરમાં રહેલા તેમજ अदादि ગણપાઠમાંના [૧૦૫૯ થી ૧૧૪૩] ધાતુથી પરમાં રહેલા - ભાવ અને આરંભ અર્થમાં વિહિત सेट् क्त [त] क्तवतु [तवत्] પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. કોઈપણ ક્રિયાની સમાપ્તિ માટે ત્રણ ચાર ક્ષણ સામાન્યપણે થાય છે. એમાં પ્રથમ ક્ષણમાં થનારી ક્રિયાને आरम्भ કહેવાય છે. આરમ્ભકાલીન ક્રિયા વિશિષ્ટ કર્મમાં વિહિત क्त પ્રત્યય કર્તામાં પણ થાય છે. [જુઓ સૂ.નં. ૫-૧-૧૦] क्तवतु પ્રત્યય હોય તો કર્તામાં જ થાય છે. कुच् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી ભાવમાં क्त પ્રત્યય. क्त ની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી इट्. આ સૂત્રથી सेट् क्त પ્રત્યયને किद्वद् ભાવ થવાથી कुचितम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી તાદશ क्त પ્રત્યયને किद्वद् ભાવ ન થાય ત્યારે 'लघोरुपा० ૪-૩-૪'થી कुच् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી कोचितमनेन આવો પ્રયોગ થાય છે. અર્થ - આણે અવાજ કર્યો. प्र + कुच् ધાતુને આરંભ અર્થમાં કર્ત્તામાં क्त પ્રત્યય. તેની પૂર્વે इट्. આ સૂત્રથી सेट् क्त પ્રત્યયને किद्वद् ભાવ થવાથી ઉપર જણાવ્યા મુજબ प्रकुचितः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી किद्वद् ભાવ ન થાય ત્યારે कुच् ધાતુના उ ને ગુણ ओ આદેશ થવાથી प्रकोचितः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે સુંદર અવાજ કરવાનો આરંભ કર્યો. प्र + कुच् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्तवतु પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ इट्. सेट् क्तवतु પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી प्रकुचितवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ

સૂત્રથી તાદશ क्तवतु પ્રત્યયને किद्वद् ભાવ ન થાય ત્યારે कुच् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી प्रक्रोचितवान् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે અવાજ કર્યો. कुच् ધાતુ शवर्ह છે. આવી જ રીતે अदादि ગણપાઠમાંના रुद् ધાતુને ઉપર જણાવ્યા મુજબ ભાવમાં અને આરંભાર્થમાં કર્ત્તામાં क्त પ્રત્યય. તેમજ કર્ત્તામાં क्तवतु પ્રત્યય. તેની પૂર્વે इट्. આ સૂત્રથી सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવ થવાથી रुदितम् प्ररुदितः અને प्ररुदितवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં किद्वद् ભાવ આ સૂત્રથી ન થાય ત્યારે रुद् ધાતુના ઉપાન્ત્ય उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી रोदितम् प्ररोदितः અને प्ररोदितवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આ લોકો રડ્યા. રડવાની શરૂઆત કરી. તે રોયો.

उतीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેમાં उ ઉપાન્ત્ય છે એવા જ, शव् પ્રત્યયને યોગ્ય ધાતુની પરમાં રહેલા તેમજ अदादि ગણપાઠમાંના ધાતુની પરમાં રહેલા ભાવ અને આરંભ અર્થમાં વિહિત सेट् क्त અને क्तवतु પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી श्वितितमेभिः અહીં श्वित् ધાતુમાં ઉપાન્ત્ય उ ન હોવાથી श्वित् + इ + त આ અવસ્થામાં આ સૂત્રથી सेट् क्त પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થતો નથી. જેથી વિકલ્પપક્ષમાં किद्वद् ભાવ ન થાય ત્યારે ઉપાન્ત્ય इ ને ગુણ આદેશાદિ કાર્ય થતું નથી. અન્યથા ઉપર જણાવ્યા મુજબ श्वेतितम् આવો અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ - શ્વેત થયું. शवर्हादिभ्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ જેમાં उ ઉપાન્ત્ય છે - એવા शव् પ્રત્યયને યોગ્ય જ તેમજ अदादि ગણપાઠમાંના જ ધાતુથી પરમાં રહેલા ભાવ અને આરંભ અર્થમાં વિહિત सेट् क्त અને क्तवतु પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. તેથી प्र + गुध् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रगुधितः

આવો પ્રયોગ થાય છે. અહીં **गुध्** ધાતુમાં **उ** ઉપાન્ત્ય હોવા છતાં તે **शव्** પ્રત્યયને યોગ્ય ન હોવાથી તેમજ **अदादि** ગણપાઠમાંનો ન હોવાથી; અર્થાત્ **क्रयादि** ગણપાઠમાંનો [धा.पा.नं. १५५१] હોવાથી તેનાથી પરમાં રહેલા **क्त** પ્રત્યયને આ સૂત્રથી વિકલ્પે **किद्वद्** ભાવ થતો નથી. અન્યથા વિકલ્પપક્ષમાં **प्रगोधितः** આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત. અર્થ - તેણે ગુસ્સો કરવાની શરૂઆત કરી. **भावारम्भ इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **उ** જેમાં ઉપાન્ત્ય છે - એવા **शव्** પ્રત્યયને યોગ્ય તેમજ **अदादि** ગણપાઠમાંના ધાતુથી પરમાં રહેલા ભાવ અને આરંભ અર્થમાં જ વિહિત **सेट् क्त** અને **क्तवतु** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. તેથી **रुच्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ કર્તામાં **क्त** પ્રત્યયાદિ કાર્ય થવાથી **रुचितः** આવો પ્રયોગ થાય છે. અહીં કર્ત્તામાં વિહિત તાદૃશ **क्त** પ્રત્યયને આ સૂત્રથી વિકલ્પે **किद्वद्** ભાવ થતો નથી. અન્યથા વિકલ્પપક્ષમાં **रोचितः** આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત - એ સ્પષ્ટ છે. અર્થ - તેને તે ગમ્યું. ॥૨૬॥

● ● ●

## न डीङ् - शीङ् - पूङ् - धृषि - क्ष्विदि - स्विदि - मिदः ४।३।२७॥

**डी शी पू धृष् क्ष्विद् स्विद्** અને **मिद्** ધાતુથી પરમાં રહેલા **सेट् क्त** અને **क्तवतु** પ્રત્યયને **किद्वद्** ભાવ થતો નથી. **डी** ધાતુને '**क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** અને **क्तवतु** પ્રત્યય. **क्त** અને **क्तवतु**

પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી इट्. क्त અને क्तवतु પ્રત્યય किद् હોવા છતાં આ સૂત્રથી તેને किद्वद् ભાવનો નિષેધ. 'नामिनो० ૪-૩-૧'થી डी ના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી डयितः અને डयितवान् આવો પ્રયોગ થાય છે. અર્થ [બન્નેનો] - તે ઉડ્યો. शी ધાતુને 'श्लिष - शीङ० ૫-૧-૯'થી કર્ત્તામાં क्त પ્રત્યય; અને ઉપર જણાવ્યા મુજબ क्तवतु પ્રત્યય. તેની પૂર્વે इट्. આ સૂત્રથી सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવ થવાથી शी ધાતુના ई ને ગુણાદિ કાર્ય બાદ शयितः અને शयितवान् આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો] - તે ઉંઘ્યો. पू ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. તેની પૂર્વે 'पूङ् क्लिशि० ૪-૪-૪૫'થી इट्. આ સૂત્રથી सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ. 'नामिनो० ૪-૩-૧'થી पू ધાતુના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી पवितः અને पवितवान् આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો] - તેણે પવિત્ર કર્યું. प्र + धृष्; प्र + क्ष्विद्; प्र + स्विद् અને प्र + मिद् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. તેની પૂર્વે 'नवा भावारम्भे ૪-૪-૭૨'થી इट्. આ સૂત્રથી सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ થવાથી 'लघोरुपा० ૪-૩-૪'થી ઉપાન્ત્ય ऋ અને इ ને ગુણ अर् અને ए આદેશ વગેરે કાર્ય થવાથી प्रधर्षितः प्रधर्षितवान्; प्रक्ष्वेदितः प्रक्ष्वेदितवान्; प्रस्वेदितः प्रस्वेदितवान् અને प्रमेदितः, प्रमेदितवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - મરાએલો. માર્યો. ભુક્ત. ભુક્ત. તેને પરસેવો થયો. તેને પરસેવો થયો. તે સ્નિગ્ધ થયો. તે સ્નિગ્ધ થયો.

**सेटावित्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ डीङ् વગેરે ધાતુથી પરમાં રહેલા सेट् [इट् સહિત] જ क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ થાય છે. તેથી डी [૧૨૪૧] ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त અને क्तवतु પ્રત્યય. 'सूयत्या० ૪-૨-૭૦'થી

क्त અને क्तवतु પ્રત્યયના त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી डीनः અને डीनवान् આવો પ્રયોગ થાય છે. અહીં डी ધાતુની પરમાં क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે 'डीय - श्व्यैदितः क्तयोः ૪-૪-૬૧'થી इट् નો નિષેધ થવાથી अनिट् क्त અને क्तवतु પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવનો નિષેધ થતો નથી. અર્થ [બંન્નેનો] - તે ગયો. ।।૨૭।।

● ● ●

## मृषः क्षान्तौ ૪।૩।૨૮।।

ક્ષમાર્થક मृष् ધાતુ [૧૨૮૪] થી પરમાં રહેલા सेट क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવ થતો નથી. मृष् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી इट्. આ સૂત્રથી सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ. 'लघोरुपा० ૪-૩-૪'થી मृष् ધાતુના ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી मर्षितः અને मर्षितवान् આવો પ્રયોગ થાય છે. અર્થ [બંન્નેનો] - તેણે ક્ષમા કરી. क्षान्ताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ક્ષમાર્થક જ मृष् [૧૨૮૪] ધાતુથી પરમાં રહેલા सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ થાય છે. તેથી अप + मृष् [૫૨૮] ધાતુને क्त પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अपमृषितं वाक्यम् આવો પ્રયોગ થાય છે. અહીં मृष् ધાતુ ક્ષમાર્થક ન હોવાથી તેનાથી પરમાં રહેલા सेट् क्त અને क्तवतु પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવનો નિષેધ થતો નથી. અર્થ - અશુદ્ધવાક્ય. ।।૨૮।।

## कृत्त्वा ४।३।२९।।

धातुथी परमां रहेला सेट् क्त्वा प्रत्ययने किद्वद् भाव थतो नथी. दिव् धातुने 'प्राक्काले ५-४-४७'थी क्त्वा प्रत्यय. 'स्ताद्यशितो० ४-४-३२'थी क्त्वा प्रत्ययनी पूर्वे इट्. आ सूत्रथी तादृश क्त्वा प्रत्ययने किद्वद् भावनो निषेध थवाथी दिव् धातुना उपान्त्य इ ने 'लघोरुपा० ४-३-४'थी गुण ए आदेश वगेरे कार्य थवाथी देवित्वा आवो प्रयोग थाय छे. अर्थ - रमीने. सेडित्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब धातुथी परमां रहेला सेट् ज क्त्वा प्रत्ययने किद्वद् भावनो निषेध थाय छे. तेथी उपर जणाव्या मुजब कृ धातुने क्त्वा प्रत्ययादि कार्य थवाथी कृत्वा आवो प्रयोग थाय छे. अहीं कृ + त्वा आ अवस्थामां उपर जणाव्या मुजब त्वा प्रत्ययनी पूर्वे प्राप्त इट् नो 'एकस्वरा० ४-४-५६'थी निषेध थवाथी आ सूत्रथी अनिट् क्त्वा प्रत्ययने किद्वद् भावनो निषेध थतो नथी. अर्थ - करीने. ।।२९।।

## स्कन्द - स्यन्दः ४।३।३०।।

स्कन्द् अने स्यन्द् धातुनी परमां रहेला क्त्वा प्रत्ययने किद्वद् भाव थतो नथी. स्कन्द् अने स्यन्द् धातुने 'प्राक्काले ५-४-४७'थी क्त्वा प्रत्यय. आ सूत्रथी क्त्वा प्रत्ययने किद्वद्

ભાવનો નિષેધ. તેથી 'नो व्यञ्जन० ૪-૨-૪૫'થી પ્રાપ્ત स्कन्द् અને स्यन्द् ધાતુના न् નો લોપ થતો નથી. જેથી 'धुटो धुटि० ૧-૩-૪૮'થી स्कन्द् અને स्यन्द् ધાતુના द् નો લોપ વગેરે કાર્ય થવાથી स्कन्त्वा અને स्यन्त्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - ઉપાડીને અથવા સુકાવીને. ઝરીને. 'क्त्त्वा ૪-૩-૨૯'થી આ સૂત્રમાં त्त्वा આ પ્રમાણે જે બે त् નો પાઠ છે; તેથી તાદિ [त् થી શરૂ થતો] क्त्वा પ્રત્યય પરમાં હોય તો જ ઉપર જણાવ્યા મુજબ स्कन्द् અને स्यन्द् ધાતુની પરમાં રહેલા તાદૃશ क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ થતો નથી. જેથી प्रस्कन्द्य અને प्रस्यन्द्य અહીં त्वा ના સ્થાને થયેલા यप् પ્રત્યયને જે લોકો किद्वद् ભાવનો નિષેધ માનતા નથી તેમના મતનો સંગ્રહ થાય છે...ઈત્યાદિ અન્યત્ર અવલોકનીય છે. ॥૩૦॥

● ● ●

## क्षुध - क्लिश - कुष - गुध - मृड - मृद - वद - वसः ४।३।३१॥

क्षुध् क्लिश् कुष् गुध् मृड् मृद् वद् અને वस् ધાતુની પરમાં રહેલા सेट् क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. સામાન્યથી सेट् क्त्वा પ્રત્યયને 'क्त्त्वा ૪-૩-૨૯'થી किद्वद् ભાવનો નિષેધ હતો. તેમજ क्षुध् कुष् અને गुध् ધાતુની પરમાં રહેલા क्त्वा પ્રત્યયને 'वौ व्यञ्जना० ૪-૩-૨૫'થી વિકલ્પથી किद्वद् ભાવનો નિષેધ હતો. તેના અપવાદરૂપે આ સૂત્રનું નિર્માણ છે. क्षुध् क्लिश् कुष् गुध् मृड्

मृद् वद् અને वस् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. क्षुध् તથા वस् ધાતુની પરમાં 'क्षुध - वस० ૪-૪-૪૩'થી इट् [इ]. क्लिश् ધાતુની પરમાં 'पूङ् - क्लिशि० ૪-૪-૪૫'થી इट् [इ]. *कुष् गुध् मृड् मृद् અને वद् ધાતુની પરમાં 'स्ताद्यशितो०* ૪-૪-૩૨'થી इट् [इ]. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ વગેરે કાર્ય થવાથી क्षुधित्वा क्लिशित्वा कुषित्वा गुधित्वा मृडित्वा मृदित्वा उदित्वा અને उषित्वा આવો પ્રયોગ થાય છે. અહીં वद् અને वस् ધાતુના व् ને 'यजादि० ૪-૧-૭૯'થી સમ્પ્રસારણ उ આદેશ થયો છે અને वस् ધાતુના स् ને 'घस् - वस: ૨-૩-૩૬'થી ष् આદેશ થયો છે. અર્થક્રમશ: - ક્ષુધિત થઈને. દુ:ખી થઈને. હિંસા કરીને. ક્રોધ કરીને. મર્દન કરીને. મર્દન કરીને. બોલીને. રહીને. ॥૩૧॥

● ● ●

## रुद - विद - मुष - ग्रह - स्वप - प्रच्छ: सन् च ४।३।३२॥

रुद् विद् मुष् ग्रह् स्वप् અને प्रच्छ् ધાતુની પરમાં રહેલા क्त्वा અને सन् પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. આ સૂત્ર પણ સૂ.નં. ૪-૩-૩૧ ની જેમ 'क्त्वा ૪-૩-૨૯' તેમજ 'वौ व्यञ्जनादे:० ૪-૩-૨૫'નું અપવાદ છે. रुद् विद् मुष् ग्रह् स्वप् અને प्रच्छ् ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. આ સૂત્રથી क्त्वा પ્રત્યયને किद्वद् ભાવ. रुद् विद् मुष् અને ग्रह् ધાતુની પરમાં

'स्ताद्य० ४-४-३२'થી इट् [इ]. 'ग्रहव्रस्च० ४-१-८४'થી ग्रह् અને प्रच्छ् ના र ને ऋ [સમ્પ્રસારણ] આદેશ. 'स्वपे० ४-१-८०'થી स्वप् ધાતુના व ને સમ્પ્રસારણ उ આદેશ. 'गृहणो० ४-४-३४'થી ग्रह् ધાતુની પરમાં રહેલા इट् ના इ ને દીર્ઘ ई આદેશ...વગેરે કાર્ય થવાથી रुदित्वा विदित्वा मुषित्वा गृहीत्वा सुप्त्वा અને पृष्ट्वा આવો પ્રયોગ થાય છે. અહીં पृच्छ् + त्वा આ અવસ્થામાં 'अनुना० ४-१-१०८'થી छ् ને श् આદેશ. श् ને 'यज - सृज० २-१-८७'થી ष् આદેશ. 'तवर्ग० १-३-६०'થી त् ને ट् આદેશ થયો છે. અર્થક્રમશ: - રડીને. જાણીને. ચોરીને. ગ્રહણ કરીને. ઉંઘીને. પૂછીને. અહીં સમજી શકાય છે કે स्वप् અને प्रच्छ् ધાતુ અનિટ્ હોવાથી તેનાથી પરમાં રહેલા क्त्वा પ્રત્યયને નિરપવાદપણે किद्वद् ભાવ સિદ્ધ છે. તેથી सन् પ્રત્યયના किद्वद् ભાવ માટે જ તેનું ઉપાદાન છે.

रुद् विद् અને मुष् ધાતુને 'तुमर्हा० ३-४-२१'થી सन् [स] પ્રત્યય. सन् ની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२'થી इट् [इ]. આ સૂત્રથી सन् ને किद्वद् ભાવ. [જેથી रुद् વગેરે ધાતુના ઉપાન્ત્યસ્વરને ગુણ થતો નથી.] 'सन्यङश्च ४-१-३'થી रुद् विद् અને मुष् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ४-१-४४'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'नाम्यन्त० २-३-१५'થી सन् ના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી रुरुदिषति विविदिषति અને मुमुषिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - રડવાની ઈચ્છા કરે છે. જાણવાની ઈચ્છા કરે છે. ચોરવાની ઈચ્છા કરે છે. ग्रह् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે 'ग्रह - गुह० ४-४-५९'થી इट् નો નિષેધ. આ સૂત્રથી सन् ને किद्वद् ભાવ. તેથી 'ग्रहव्रस्च० ४-१-८४'થી ग्रह् ના र ને સમ્પ્રસારણ ऋ આદેશ. ઉપર જણાવ્યા મુજબ गृह् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જન ह् નો લોપ. *'ऋतोऽत् ४-१-३८'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ.* 'गहोर्जः

૪-૧-૪૦'થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯'થી અભ્યાસમાં अ ને इ આદેશ. जिगृह् + स् આ અવસ્થામાં ह् ને 'हो धुट्० ૨-૧-૮૨'થી ढ् આદેશ. 'गडदबा० ૨-૧-૭૭'થી ग् ને घ् આદેશ. 'षढोः कस्सि ૨-૧-૬૨'થી ढ् ને क् આદેશ. ઉપર જણાવ્યા મુજબ सन् ના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી जिघृक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ - ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે.

स्वप् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. सन् ને આ સૂત્રથી किद्वद् ભાવ. તેથી 'स्वपे० ૪-૧-૮૦'થી स्वप् ના व ને સમ્પ્રસારણ उ આદેશ.. ઉપર જણાવ્યા મુજબ सुप् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યંજન प् નો લોપ. सुसुप् + स આ અવસ્થામાં 'नाम्यन्त० ૨-૩-૧૫'થી દ્વિતીય सु ના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી सुषुप्सति આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉંઘવાની ઈચ્છા કરે છે. प्रच्छ् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. આ સૂત્રથી सन् પ્રત્યયને किद्वद् ભાવ થવાથી प्रच्छ् ધાતુના र ને ઉપર જણાવ્યા મુજબ ऋ આદેશ. पृच्छ् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યંજન [च्छ्]નો લોપ. અભ્યાસમાં ऋ ને अ આદેશ. એ अ ને इ આદેશ. पिपृच्छ् + स આ અવસ્થામાં 'ऋ - स्मि - पू० ૪-૪-૪૮'થી सन् ની પૂર્વે इट्...વગેરે કાર્ય થવાથી पिपृच्छिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂછવાની ઈચ્છા કરે છે. ॥૩૨॥

● ● ●

## नामिनोऽनिट् ४।३।३३।।

નામી સ્વર જેના અન્તે છે; એવા ધાતુ (નામ્યન્ત ધાતુ) થી પરમાં રહેલા अनिट् - सन (इट् રહિત सन्) પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. चि ધાતુને 'तुमर्हा० ૩-૪-૨૧'થી सन् પ્રત્યય. 'सन्यङश्च ૪-૧-૩'થી चि ધાતુને દ્વિત્વ. આ સૂત્રથી अनिट् सन् ને किद्वद् ભાવ થવાથી चि ધાતુના इ ને 'नामिनो० ૪-૩-૧'થી પ્રાપ્ત ગુણ ए આદેશ થતો નથી. 'स्वरहन० ૪-૧-૧૦૪'થી सन् ની પૂર્વેના चि ધાતુના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી चिचीषति આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેગું કરવાની ઇચ્છા કરે છે. अनिडिति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામ્યન્ત ધાતુની પરમાં રહેલા अनिट् જ सन् પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. તેથી शी ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્न शिशयिषते અહીં सेट् सन् પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવ થતો નથી. शीशी + सन् આ અવસ્થામાં 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી सन् ની પૂર્વે इट्. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં शी ના ई ને -હસ્વ इ આદેશ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫'થી सन् ના स् ને ष् આદેશ. 'नामिनो० ૪-૩-૧'થી ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી शिशयिषते આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉંઘવાની ઇચ્છા કરે છે. ।।३३।।

● ● ●

## उपान्त्ये ४।३।३४।।

નામીસ્વર ઉપાન્ત્ય છે જેમાં એવા નામ્યુપાન્ત્ય ધાતુની પરમાં રહેલા अनिट् सन् પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. भिद् ધાતુને 'तुमर्हा० ૩-૪-૨૧'થી सन् પ્રત્યય. આ સૂત્રથી सन् પ્રત્યયને किद्वद् ભાવ થવાથી તેની પૂર્વેના નામ્યુપાન્ત્ય भिद् ધાતુના इ ને 'लघोरुपा० ૪-૩-૪'થી ગુણ ए આદેશ થતો નથી. 'सन्यङश्च ૪-૧-૩'થી भिद् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જન द् નો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. 'अघोषे० ૧-૩-૫૦'થી भिद् ના द् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી बिभित्सति આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેદવાની ઈચ્છા કરે છે. ।।૩૪।।

● ● ●

## सिजाशिषावात्मने ४।३।३५।।

નામીસ્વર ઉપાન્ત્ય હોય તો તે ધાતુથી પરમાં રહેલા આત્મનેપદના વિષયભૂત अनिट्सिच् (स्) અને आशिष् વિભક્તિના પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. भिद् ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच् (स्) પ્રત્યય. આ સૂત્રથી તાદૃશ सिच् પ્રત્યયને किद्वद् ભાવ થવાથી ઉપાન્ત્ય इ ને 'लघोरु० ૪-૩-૪'થી પ્રાપ્ત ગુણ ए આદેશ

થતો નથી. 'धुड् -हस्वा० ४-३-७०'થી सिच् નો લોપ...વગેરે કાર્ય થવાથી अभित्त આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેદ્યું. भिद् ધાતુને આત્મનેપદના વિષયમાં आशिष् વિભક્તિનો सीष्ट પ્રત્યય. આ સૂત્રથી તેને किद्वद् ભાવ થવાથી भिद् ધાતુના इ ને ઉપર જણાવ્યા મુજબ ગુણ આદેશ થતો નથી. ઉપર જણાવ્યા મુજબ भिद् ધાતુના द् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી भित्सीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ભેદે. आत्मने इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ नामी સ્વર ઉપાન્ત્ય હોય તો તે ધાતુની પરમાં રહેલા આત્મનેપદના વિષયભૂત જ अनिट् सिच् અને आशिष् વિભક્તિના પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. તેથી सृज् ધાતુને અદ્યતનીનો दि [त्] પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्यत० ३-४-५३'થી सिच् પ્રત્યય. 'अ: सृजि० ४-४-१११'થી सृज् ના ज् ની પૂર્વે अ. 'इवर्णा० १-२-२१'થી सृज् ના ऋ ને र् આદેશ. अस्रज् + स् + त् આ અવસ્થામાં त् ની પૂર્વે 'स: सिज० ४-३-६५'થી ई. 'व्यञ्जनाना० ४-३-४५'થી स्रज् ના अ ને वृद्धि आ આદેશ. 'यजसृज० २-१-८७'થી ज् ને ष् આદેશ. 'षढो: कस्सि २-१-६२'થી ष् ને क् આદેશ. 'नाम्यन्त० २-३-१५'થી सिज् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अस्राक्षीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - સર્જ્યું. અહીં આત્મનેપદના વિષયભૂત सिच् પ્રત્યય ન હોવાથી તે सिच् પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવ થયો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ सृज् ના ज् ની પૂર્વે अ થાય છે - અન્યથા એ થાત નહીં... ॥૩૫॥

● ● ●

## ऋवर्णात् ४।३।३६॥

ऋ વર્ણ [ऋ અથવા ॠ] જેના અન્તે છે એવા ઋવર્ણાન્ત ધાતુની પરમાં રહેલા; આત્મનેપદના વિષયભૂત अनिट् सिच् અને आशिष् - વિભક્તિના પ્રત્યયને किद्वद् ભાવ થાય છે. कृ ધાતુને અદ્યતનીનો આત્મનેપદમાં त પ્રત્યય. 'सिजद्य० ૩-૪-૫૩'થી त ની પૂર્વે सिच्. તેને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી 'नामिनो० ૪-૩-૧'થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ થતો નથી. 'धुड्-हस्वा० ૪-૩-૭૦'થી सिच् નો લોપ...વગેરે કાર્ય થવાથી अकृत આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે કર્યું. कृ ધાતુને આત્મનેપદનો आशिष् વિભક્તિનો सीष्ट પ્રત્યય. તેને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી कृ ધાતુના ऋ ને ઉપર જણાવ્યા મુજબ ગુણ अर् આદેશ થતો નથી. 'नाम्यन्त० २-३-१५' થી सीष्ट ના स् ને ष् આદેશ થવાથી कृषीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે કરે. तॄ ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. त ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच्. તેને किद्वद् ભાવ આ સૂત્રથી થવાથી ॠ ને 'ॠतां० ४-४-११६' થી इर् આદેશ. 'भ्वादेर्नामि० २-१-६३' થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી सिच् ના स् ને ष् આદેશ. 'तवर्ग० १-३-६०' થી त પ્રત્યયના त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી अतीर्ष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે તર્યો. तॄ ધાતુને આત્મનેપદના વિષયમાં आशिष् વિભક્તિનો सीष्ट પ્રત્યય. તેને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી ઉપર જણાવ્યા મુજબ ॠ ને इर् આદેશ; इ ને દીર્ઘ ई આદેશ અને सीष्ट ના स् ને ष् આદેશ થવાથી तीर्षीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે તરે. ॥૩૬॥

● ● ●

## गमो वा ४।३।३७।।

આત્મનેપદના વિષયમાં गम् ધાતુની પરમાં રહેલા सिच् અને आशिष् વિભક્તિના પ્રત્યયને વિકલ્પથી किद्वद् ભાવ થાય છે. सम् + गम् ધાતુને આત્મનેપદનો અદ્યતનીમાં त પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ३-४-५३'થી सिच्. તેને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી 'यमि - रमि० ४-२-५५'થી गम् ધાતુના म् નો લોપ. 'धुड्‍ -हस्वा० ४-३-७०'થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી समगत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં सिच् પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવ ન થાય ત્યારે म् અને सिच् પ્રત્યયનો લોપ ન થવાથી समगंस्त આવો પ્રયોગ થાય છે. અર્થ - તે મળ્યો. सम् + गम् ધાતુને આત્મનેપદના વિષયમાં आशिष् વિભક્તિનો सीष्ट પ્રત્યય. આ સૂત્રથી તેને किद्वद् ભાવ થવાથી ઉપર જણાવ્યા મુજબ गम् ધાતુના म् નો લોપ થવાથી संगसीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં सीष्ट પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવ ન થાય ત્યારે गम् ધાતુના म् નો લોપ ન થવાથી संगंसीष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે મળે. ।।૩૭।।

● ● ●

## हनः सिच् ४।३।३८॥

हन् ધાતુની પરમાં રહેલા; આત્મનેપદના વિષયભૂત सिच् ને किद्वद् ભાવ થાય છે. 'आङो यम० ૩-૩-૮૬'થી आ + हन् ધાતુને આત્મનેપદના વિષયમાં અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच्. તેને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી 'यमि - रमि० ૪-૨-૫૫'થી हन् ના न् નો લોપ. 'धुड् -हस्वा० ૪-૩-૭૦'થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી आहत આવો પ્રયોગ થાય છે. અર્થ - તેને માર લાગ્યો. ॥૩૮॥

● ● ●

## यमः सूचने ४।३।३९॥

સૂચનાર્થક यम् ધાતુની પરમાં રહેલા આત્મનેપદના વિષયભૂત सिच् ને किद्वद् ભાવ થાય છે. 'आङो यम० ૩-૩-૮૬'થી उद् + आ + यम् ધાતુને આત્મનેપદના વિષયમાં અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच्. તેને આ સૂત્રથી किद्वद् ભાવ થવાથી 'यमि - रमि० ૪-૨-૫૫'થી यम् ધાતુના म् નો લોપ. 'धुड् -हस्वा० ૪-૩-૭૦'થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી उदायत આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે પરદોષો પ્રગટ કર્યા. આ સૂત્રમાં 'સૂચન' પદ પરદોષાવિષ્કરણાર્થક છે. सूचन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ

પરદોષાવિષ્કરણ સ્વરૂપ સૂચનાર્થક જ **यम्** ધાતુની પરમાં રહેલા; આત્મનેપદના વિષયભૂત **सिच्** પ્રત્યયને **किद्वद्** ભાવ થાય છે. તેથી **आयंस्त रज्जुम्** અહીં **आ + यम्** ધાતુ સૂચનાર્થક ન હોવાથી તેનાથી પરમાં રહેલા **सिच्** પ્રત્યયને આ સૂત્રથી **किद्वद्** ભાવ થતો નથી. જેથી ઉપર જણાવ્યા મુજબ **यम्** ના **म्** નો અને **सिच्** નો લોપ થતો નથી. અર્થ - તેણે દોરડાને કાઢ્યું. અહીં '**समुदा०** ૩-૩-૯૮'થી આત્મનેપદ થાય છે. ॥૩૯॥

● ● ●

## वा स्वीकृतौ ४।३।४०॥

સ્વીકારાર્થક **यम्** ધાતુની પરમાં રહેલા; આત્મનેપદના વિષયભૂત **सिच्** પ્રત્યયને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. **उप + यम्** ધાતુને '**यमः स्वीकारे** ૩-૩-૫૯'થી આત્મનેપદના વિષયમાં અદ્યતનીનો **त** પ્રત્યય. તેની પૂર્વે **सिच्**. તેને આ સૂત્રથી **किद्वद्** ભાવ થવાથી સૂ.નં.૪-૩-૩૯ માં જણાવ્યા મુજબ **यम्** ના **म्** નો લોપ વગેરે કાર્ય થવાથી **उपायत महास्त्राणि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **सिच्** ને **किद्वद्** ભાવ ન થાય ત્યારે **उपायंस्त महास्त्राणि** આવો પ્રયોગ થાય છે. અર્થ - મોટા અસ્ત્રોનો સ્વીકાર કર્યો. **स्वीकृताविति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદના વિષયમાં સ્વીકારાર્થક જ **यम्** ધાતુની પરમાં રહેલા **सिच्** ને વિકલ્પથી **किद्वद्** ભાવ થાય છે. તેથી **आयंस्त पाणिम्** અહીં '**आङो यम०** ૩-૩-૮૬'થી આત્મનેપદમાં **आ +**

यम् ધાતુને અદ્યતનીનો त પ્રત્યય વગેરે કાર્ય થવાથી [જુઓ સૂ.નં.૪-૩-૩૯] आयंस्त આવો પ્રયોગ થાય છે. અહીં यम् ધાતુ સ્વીકારાર્થક ન હોવાથી તેનાથી પરમાં રહેલા सिच् પ્રત્યયને આ સૂત્રથી किद्वद् ભાવ થયો નથી. અન્યથા વિકલ્પપક્ષમાં आयत पाणिम् આવો પ્રયોગ થાત. અર્થ - હાથ લાંબો કર્યો. ॥४०॥

● ● ●

## इश्च स्था-दः ४।३।४१॥

આત્મનેપદના વિષયમાં स्था અને दा સંજ્ઞાવાળા ધાતુની પરમાં રહેલા सिच् પ્રત્યયને किद्वद् ભાવ થાય છે અને ત્યારે તે તે ધાતુના અન્ત્ય વર્ણને इ આદેશ થાય છે. उप + स्था ધાતુને 'उपात् स्थः ૩-૩-૮૩'થી આત્મનેપદમાં અદ્યતનીનો त પ્રત્યય. 'सिजद्यतन्याम् ૩-૪-૫૩'થી त ની પૂર્વે सिच् પ્રત્યય. આ સૂત્રથી તેને किद्वद् ભાવ અને स्था ધાતુના आ ને इ આદેશ. 'धुड् -हस्वा० ૪-૩-૭૦'થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી उपास्थित આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉપસ્થિત થયો. આવી જ રીતે आ + दा અને वि + धा ધાતુને [दा સંજ્ઞક ધાતુને ] આત્મનેપદમાં અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે सिच् પ્રત્યય. તેને આ સૂત્રથી किद्वद् ભાવ અને ધાતુના અન્ત્ય વર્ણ आ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી અનુક્રમે आदित અને व्यधित આવો પ્રયોગ થાય છે. અહીં सिच् પ્રત્યયને किद्वद् ભાવનું વિધાન કરવાથી ધાતુના અન્ત્ય इ ને ગુણ થતો નથી....વગેરે અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ. કારણકે 'धुड् -हस्वा० ૪-૩-૭૦'થી વિહિત सिच्लुक्

પરકાર્ય હોવા છતાં 'परान्नित्यम्' આ ન્યાયના સામર્થ્યથી 'नामिनो० ૪-૩-૧' વગેરે પૂર્વ સૂત્રથી પણ વિહિત નિત્યકાર્ય સ્વરૂપ गुण ની પૂર્વ પ્રાપ્તિ છે જે सिच् ને किद्वद् ભાવ થવાથી નિવારાઈ છે. અર્થક્રમશઃ - ગ્રહણ કર્યું. વિધાન કર્યું. [दा સંજ્ઞક ધાતુઓ માટે જુઓ સૂ.નં.૩-૩-૫] ॥૪૧॥

● ● ●

## मृजोऽस्य वृद्धिः ४।३।४२॥

मृज् ધાતુના ઉપાન્ત્ય સ્વરને ગુણ થયા બાદ अ ને વૃદ્ધિ आ આદેશ થાય છે. मृज् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪'થી मृज् ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ. આ સૂત્રથી अर् ના अ ને વૃદ્ધિ आ આદેશ. 'यज - सृज० ૨-૧-૮૭'થી मृज् ધાતુના ज् ને ष् આદેશ. 'तवर्गस्य० ૧-૩-૬૦'થી त् ને ट् આદેશ થવાથી मार्ष्टि આવો પ્રયોગ થાય છે. અર્થ - સાફ કરે છે. अत इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યાં મુજબ मृज् ધાતુના अ ને જ [જે ऋ ના ગુણથી પ્રાપ્ત છે.] વૃદ્ધિ થાય છે. તેથી मृज् ધાતુને વર્ત્તમાનામાં तस् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ज् ને ष् આદેશાદિ કાર્ય થવાથી मृष्टः આવો પ્રયોગ થાય છે. અહીં मृज् ધાતુના ऋ ને ગુણ થયો ન હોવાથી मृज् ધાતુનો अ નથી. અન્યથા અહીં ऋ ને વૃદ્ધિ आर् આદેશ થાત. એ સ્પષ્ટ છે. અર્થ - તેઓ બે સાફ કરે છે. ॥૪૨॥

● ● ●

## ऋत: स्वरे वा ४।३।४३।।

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **मृज्** ધાતુના **ऋ** ને વૃદ્ધિ **आर्** આદેશ વિકલ્પથી થાય છે. **परि + मृज्** ધાતુને વર્તમાનાનો **अन्ति** પ્રત્યય. આ સૂત્રથી **मृज्** ધાતુના **ऋ** ને વૃદ્ધિ **आर्** આદેશ થવાથી **परिमार्जन्ति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે **परिमृजन्ति** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બધા સાફ કરે છે.

**ऋत इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **मृज्** ધાતુના **ऋ** ને જ [સ્વરમાત્રને નહીં.] તેનાથી પરમાં સ્વરાદિ પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. તેથી **मृज्** ધાતુને પરોક્ષાનો **णव्** [अ] પ્રત્યય. '**द्विर्धातुः०** ૪-૧-૧'થી **मृज्** ધાતુને દ્વિત્વ. '**व्यञ्जनस्या०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '**ऋतोऽत्** ૪-૧-૩૮'થી અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ. **ममृज्+णव्** આ અવસ્થામાં '**लघोरुपा०** ૪-૩-૪'થી **ऋ** ને ગુણ **अर्** આદેશ. **अर्** ના **अ** ને '**मृजोऽस्य०** ૪-૩-૪૨'થી વૃદ્ધિ **आ** આદેશ થવાથી **ममार्ज** આવો પ્રયોગ થાય છે. અહીં **अ** ને વિકલ્પથી આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. અન્યથા સૂત્રમાં **ऋत:** પદનું ઉપાદાન ન હોત તો **अ** ને પણ વિકલ્પથી વૃદ્ધિ થાત. અર્થ - તેણે સાફ કર્યું. **स्वर इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાદિ જ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **मृज्** ધાતુના **ऋ** ને વિકલ્પથી વૃદ્ધિ થાય છે. તેથી **मृज्व:** અહીં **मृज्** ધાતુના **ऋ** ને; તેની પરમાં વ્યઞ્જનાદિ પ્રત્યય હોવાથી આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. **અર્થ** - અમે બે સાફ કરીએ છીએ.।।૪૩।।

● ● ●

## सिचि परस्मै समानस्याऽङिति ४।३।४४।।

સમાન સ્વર છે અન્તમાં જેના એવા ધાતુના સ્વરને; તેની પરમાં પરસ્મૈપદના વિષયભૂત ङित् સિવાયનો सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. चि ધાતુને પરસ્મૈપદમાં અદ્યતનીનો दि [त्] પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्यतन्याम् ૩-૪-૫૩'થી सिच् પ્રત્યય. 'सःसिज० ૪-૩-૬૫'થી सिच् ની પરમાં ई. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सिच् ના स् ને ष् આદેશ. આ સૂત્રથી चि ના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી अचैषीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે ભેગું કર્યું. परस्मै इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના જ વિષયમાં સમાન સ્વરાન્ત ધાતુના સ્વરને; તેની પરમાં ङित् સિવાયનો सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. તેથી च्यु ધાતુને આત્મનેપદના વિષયમાં અદ્યતનીનો त પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ त ની પૂર્વે सिच्. सिच् ના स् ને ष् આદેશ. ष् ના યોગમાં त् ને 'तवर्गस्य० ૧-૩-૬૦'થી ट् આદેશ. 'नामिनो० ૪-૩-૧'થી च्यु ધાતુના उ ને ગુણ ओ આદેશ...વગેરે કાર્ય થવાથી अच्योष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ભ્રષ્ટ થયો. અહીં આત્મનેપદનો વિષય હોવાથી उ ને વૃદ્ધિ થતી નથી.

समानस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના વિષયમાં સમાન સ્વરાન્ત જ ધાતુના અન્ત્ય સ્વરને તેની પરમાં ङित् સિવાયનો सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. તેથી 'कर्त्तुः क्विप्० ૩-૪-૨૫'થી गौरिवाचारीत् આ અર્થમાં गो નામને આચારાર્થક क्विप् [०] પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન गो ધાતુને અદ્યતનીનો પરસ્મૈપદમાં दि પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય. તેની પરમાં ई. 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી सिच् ની પૂર્વે इट्. 'इट ईति ૪-૩-૭૧'થી सिच् નો લોપ. अ + गो

+ इ + ई + त् આ અવસ્થામાં 'ओदौ० ૧-૨-૨૪'થી ओ ને अव् આદેશાદિ. કાર્ય થવાથી अगवीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયની જેમ આચરણ કર્યું. અહીં गो ધાતુ સમાન સ્વરાન્ત ન હોવાથી તેના અન્ત્યસ્વર ओ ને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી.

**अङितीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના વિષયમાં સમાન સ્વરાન્ત ધાતુના અન્ત્ય સ્વરને; તેનાથી પરમાં ङित् સિવાયનો જ सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ આદેશ થાય છે. તેથી नि + नू [णूत् स्तवने १४२९] ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીમાં दि પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય. તેની પરમાં ई અને પૂર્વે इट्. नि + अ + नू + इ + स् + ई + त् આ અવસ્થામાં सिच् પ્રત્યયને 'कुटादे० ૪-૩-૧૭'થી ङिद्वद् ભાવ. ઉપર જણાવ્યા મુજબ सिच् નો લોપ. 'धातोरिव० ૨-૧-૫૦'થી नू ધાતુના ऊ ને उव् આદેશ વગેરે કાર્ય થવાથી न्यनुवीत् આવો પ્રયોગ થાય છે. અહીં ङित् सिच् પ્રત્યય પરમાં હોવાથી नू ધાતુના ऊ ને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. અર્થ - તેણે સ્તુતિ કરી. ।।૪૪।।

● ● ●

## व्यञ्जनानामनिटि ४।३।४५।।

પરસ્મૈપદના વિષયમાં વ્યઞ્જનાન્ત ધાતુના સમાન સ્વરને; તેની પરમાં अनिट् [इट् રહિત] सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ આદેશ થાય છે. रञ्ज् ધાતુને અદ્યતનીમાં પરસ્મૈપદનો दि પ્રત્યય. તેની પૂર્વે

'सिजद्य० ३-४-५३'थी सिच् प्रत्यय. 'सःसिज० ४-३-६५'थी सिच् नी परमां ई. आ सूत्रथी व्यञ्जनान्त रञ्ज् धातुना समान स्वर अ ने वृद्धि आ आदेश. 'चजः कगम् २-१-८६'थी ज् ने ग् आदेश. 'अघोषे० १-३-५०'थी ग् ने क् आदेश. 'नाम्यन्तस्था० २-३-१५'थी सिच् ना स् ने ष् आदेश...वगेरे कार्य थवाथी अराङ्क्षीत् आवो प्रयोग थाय छे. अर्थ-तेणे रंग कर्यो. समानस्येत्येव = आ सूत्रथी उपर जणाव्या मुजब व्यञ्जनान्त धातुना समान ज स्वरने; तेनी परमां परस्मैपदना विषयभूत अनिट् सिच् प्रत्यय होय तो वृद्धि थाय छे. तेथी उद् + वह् धातुने अद्यतनीनो ताम् प्रत्यय. उपर जणाव्या मुजब ताम् प्रत्ययनी पूर्वे सिच् प्रत्यय. उद् + अ + वह् + स् + ताम् आ अवस्थामां आ सूत्रथी वह् धातुना अ ने वृद्धि आ आदेश. 'धुड् -हस्वा० ४-३-७०'थी सिच् नो लोप. 'हो धुट्० २-१-८२'थी ह् ने ढ् आदेश. 'अधश्च० २-१-७९'थी ताम् ना त् ने ध् आदेश. ध् ने 'तवर्गस्य० १-३-६०'थी ढ् आदेश. उद + वाढ् + ढाम् आ अवस्थामां 'सहि-वहे० १-३-४३'थी प्रथम ढ् नो लोप अने वा ना आ ने ओ आदेश...वगेरे कार्य थवाथी उदवोढाम् आवो प्रयोग थाय छे. अहीं आ सूत्रथी वह् धातुना असमान स्वर ओ ने वृद्धि थती नथी. अर्थ - ते बंन्नेए लग्न कर्या.

अनिटीति किम् ?= आ सूत्रथी उपर जणाव्या मुजब परस्मैपदना विषयमां; व्यञ्जनान्त धातुना समान स्वरने; तेनी परमां अनिट् ज सिच् प्रत्यय होय तो वृद्धि थाय छे. तेथी तक्ष् धातुने अद्यतनीनो दि प्रत्यय. उपर जणाव्या मुजब दि नी पूर्वे सिच् प्रत्यय. तक्ष् धातुनी परमां 'स्ताद्यशि० ४-४-३२'थी इट्. 'सः सिज० ४-३-६५'थी सिच् नी परमां ई. 'इट ईति ४-३-७१'थी सिच् नो लोप....वगेरे कार्य थवाथी अतक्षीत् आवो प्रयोग थाय छे. अहीं सेट् सिच् प्रत्यय परमां होवाथी तक्ष् धातुना

अ ને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. અર્થ - તેણે પતલું કર્યું. આ સૂત્રમાં **व्यञ्जनानाम्** આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ હોવાથી વ્યઞ્જનાન્ત ધાતુના વ્યઞ્જન અને સમાન સ્વરની વચ્ચે વ્યઞ્જનનું વ્યવધાન હોય તો પણ આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિ થાય છે. તેથી **अताप्र्सीत्** [तृप्] ની જેમ **अराङ्क्षीत्** પણ પ્રયોગ આ સૂત્રથી સિદ્ધ છે. ॥૪૫॥

● ● ●

## वोर्णुगः सेटि ४।३।४६॥

પરસ્મૈપદના વિષયમાં **ऊर्णु** ધાતુના અન્ત્ય સ્વરને; તેની પરમાં **सेट् सिच्** પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. **प्र + ऊर्णु** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. તેની પૂર્વે '**सिजद्यत०** ૩-૪-૫૩'થી **सिच्** પ્રત્યય. '**सः सिज०** ૪-૩-૬૫'થી **सिच्** ની પરમાં **ई**. '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **सिच्** ની પૂર્વે **इट्**. **प्र + ऊर्णु + इ + स् + ई + त्** આ અવસ્થામાં **ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને આ સૂત્રથી વૃદ્ધિ **औ** આદેશ. **औ** ને '**ओदौ०** ૧-૨-૨૪'થી **आव्** આદેશ. '**स्वरादे०** ૪-૪-૩૧'થી **ऊर्णु** ધાતુના આદ્યસ્વર **ऊ** ને વૃદ્ધિ **औ** આદેશ. '**इट ईति** ૪-૩-૭૧'થી **सिच्** નો લોપ વગેરે કાર્ય થવાથી **प्रौर्णावीत्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **ऊर्णु** ધાતુના અન્ત્ય સ્વર **उ** ને વૃદ્ધિ ન થાય ત્યારે '**नामिनो** ૪-૩-૧'થી **उ** ને ગુણ **ओ** આદેશાદિ કાર્ય થવાથી **प्रौर्णवीत्** આવો પ્રયોગ થાય છે અને જ્યારે '**वोर्णोः**

૪-૩-૧૯'થી **इट्** ને **ङिद्वद्** ભાવ થાય ત્યારે **ऊर्ण्णु** ધાતુના **उ** ને '**संयोगात्** ૨-૧-૫૨'થી **उव्** આદેશ થવાથી **प्रौर्ण्णुवीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે ઢાંક્યું. **सेटि** આ પ્રમાણેનો નિર્દેશ; આ સૂત્રમાં ઉપયોગી ન હોવા છતાં આગળના સૂત્ર માટે છે. ।।૪૬।।

## व्यञ्जनादे र्वोपान्त्यस्याऽतः ४।३।४७।।

પરસ્મૈપદના વિષયમાં વ્યઞ્જનાદિ ધાતુના ઉપાન્ત્ય **अ** ને; તેની પરમાં **सेट्** **सिच्** પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. **कण्** ધાતુને પરસ્મૈપદમાં અદ્યતનીનો **दि** પ્રત્યય. તેની પૂર્વે '**सिजद्य०** ૩-૪-૫૩'થી **सिच्** પ્રત્યય. '**सः सिज०** ૪-૩-૬૫'થી **सिच्** ની પરમાં **ई**. '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **सिच्** ની પૂર્વે **इट्**. આ સૂત્રથી વ્યઞ્જનાદિ **कण्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. '**इट ईति** ૪-૩-૭૧'થી **सिच्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **अकाणीत्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **अ** ને વૃદ્ધિ ન થાય ત્યારે **अकणीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે અવાજ કર્યો. **व्यञ्जनादेरिति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના વિષયમાં વ્યઞ્જનાદિ જ ધાતુના [ધાતુ માત્રના નહિ] ઉપાન્ત્ય **अ** ને; તેની પરમાં **सेट्** **सिच्** પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. તેથી '**मा भवान् अटीत्**' અહીં સ્વરાદિ **अट्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. અહીં **माङ्** અવ્યયના યોગમાં '**स्वरादे०**

૪-૪-૩૧'થી अट् ધાતુના अ ને વૃદ્ધિ થતી નથી. શેષ પ્રક્રિયા ઉપર જણાવ્યા મુજબ अकाणीत् ની જેમ સમજવી. અર્થ - આપ ન ફર્યો.

उपान्त्यस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના વિષયમાં વ્યઞ્જનાદિ ધાતુના ઉપાન્ત્ય જ अ ને [અન્ત્ય પણ अ ને નહિ]; તેની પરમાં सेट् सिच् પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. તેથી हन् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'अद्यतन्यां० ૪-૪-૨૨'થી हन् ધાતુને वध આદેશ. ઉપર જણાવ્યા મુજબ दि પ્રત્યયની પૂર્વે सिच्. તેની પરમાં અને પૂર્વમાં અનુક્રમે ई અને इ . 'अत: ૪-૩-૮૨'થી वध ના અન્ત્ય अ નો લોપ. ઉપર જણાવ્યા મુજબ सिच् નો લોપ...વગેરે કાર્ય થવાથી अवधीत् આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી વ્યઞ્જનાદિ ધાતુ वध ના અન્ત્ય अ ને વૃદ્ધિ થતી નથી. અર્થ - તેણે માર્યો.

अत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના વિષયમાં વ્યઞ્જનાદિ ધાતુના ઉપાન્ત્ય अ ને જ [સ્વરમાત્રને નહિ.]; તેની પરમાં सेट् सिच् પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. તેથી दिव् ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીમાં दि પ્રત્યય...વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अदेवीत् આવો પ્રયોગ થાય છે. અહીં વ્યઞ્જનાદિ दिव् ધાતુના ઉપાન્ત્ય इ ને આ સૂત્રથી વૃદ્ધિ થતી નથી. પરન્તુ 'लघोरु० ૪-૩-૪'થી ગુણ ए આદેશ થાય છે. અર્થ - તેણે ક્રીડા કરી. सेटीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના વિષયમાં વ્યઞ્જનાદિ ધાતુના ઉપાન્ત્ય अ ને; તેની પરમાં सेट् જ सिच् પ્રત્યય હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. તેથી दह् ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીમાં दि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दि ની પૂર્વે सिच्. તેની પરમાં ई. 'व्यञ्जनानामनिटि ૪-૩-૪૫'થી दह् ધાતુના अ ને નિત્ય વૃદ્ધિ आ આદેશ. अदाह् + सीत् આ

અવસ્થામાં 'भ्वादे० २-१-८३'થી ह् ને घ् આદેશ. 'गडदबा० २-१-७७'થી द् ને ध् આદેશ. 'अघोषे० १-३-५०'થી घ् ને क् આદેશ. 'नाम्यन्तस्था० २-३-१५'થી स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अधाक्षीत् આવો પ્રયોગ થાય છે. અહીં अनिट् सिच् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા दह् ના ઉપાન્ત્ય अ ને આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ થતી નથી. અન્યથા વિકલ્પપક્ષમાં अधक्षीत् આવો અનિષ્ટ પ્રયોગ થાત. અર્થ - તેણે બાળ્યું. અહીં दह् + सिच् + ई + त् આ અવસ્થામાં 'स्ताद्यशितो० ४-४-३२'થી सिच् ની પૂર્વે પ્રાપ્ત इट् નો 'एकस्व० ४-४-५६'થી નિષેધ થાય છે.॥४७॥

● ● ●

## वद - व्रज - लः ४।३।४८॥

પરસ્મૈપદના વિષયમાં वद् અને व्रज् ધાતુના તેમજ ल् અથવા र् જેના અન્તે છે - એવા [लकारान्त અને रेफान्त] ધાતુના ઉપાન્ત્ય अ ને; તેની પરમાં सेट् सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. वद् व्रज् ज्वल् [लन्त] અને क्षर् [रन्त] ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીમાં दि પ્રત્યય. 'सिजद्य० ३-४-५३'થી दि ની પૂર્વે सिच्. તેની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२'થી इट्. 'सः सिज० ४-३-६५'થી सिच् ની પરમાં ई. આ સૂત્રથી वद् व्रज् ज्वल् અને क्षर् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'इट ईति ४-३-७१'થી सिच् નો લોપ...વગેરે કાર્ય થવાથી अवादीत् अव्राजीत् अज्वालीत् અને अक्षारीत् આવો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ - તે બોલ્યો. તે ગયો. તે પ્રજ્વલિત થયો. તે ટપક્યો. ॥૪૮॥

• • •

## न श्वि - जागृ - शस - क्षण - ह्म्येदितः ४।३।४९॥

પરસ્મૈપદના વિષયમાં श्वि जागृ शस् क्षण् ધાતુના તેમજ ह् म् અથવા य् જેના અન્તે છે - તે [हान्त मान्त અથવા यान्त] ધાતુના અને एदित् [ए જેમાં इत् છે તે] ધાતુના સ્વરને; તેની પરમાં સેટ્ - सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ થતી નથી. श्वि ધાતુને પરસ્મૈપદનો અદ્યતનીમાં दि પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच् પ્રત્યય. सिच् ની પરમાં 'सः० सिज० ૪-૩-૬૫'થી ई. 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી सिच् ની પૂર્વે इट्. श्वि ધાતુના इ ને 'सिचि परस्मै० ૪-૩-૪૪'થી પ્રાપ્ત વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ. તેથી 'नामिनो० ૪-૩-૧'થી તે इ ને ગુણ ए આદેશ. ए ને 'एदैतो० ૧-૨-૨૩'થી अय् આદેશ. 'इट ईति ૪-૩-૭૧'થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી अश्वयीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ગયો. जागृ ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વે सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી ऋ ને ગુણ अर् આદેશ બાદ अजागरीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે જાગ્યો. शस् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન अ + शस् + इ + स् + ई + त् આ અવસ્થામાં 'व्यञ्जनादे० ૪-૩-૪૭'થી પ્રાપ્ત; शस् ધાતુના

ઉપાન્ત્ય अ ને વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી **अशसीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે હિંસા કરી. આવી જ રીતે **क्षण्**; **ग्रह्** [हान्त]; **वम्** [मान्त] અને **हय्** [यान्त ३९७] ધાતુને તેમજ **एदित् कग्** [१९८९] ધાતુને અદ્યતનીનો दि પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી **अक्षणीत् अग्रहीत्** [અહીં 'गृह्णो० ૪-૪-૩૪'થી इट् ના इ ને દીર્ઘ ई આદેશ; અધિક સમજવો] **अवमीत् अहयीत्** અને **अकगीत्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે હિંસા કરી. તેણે ગ્રહણ કર્યું. તેણે ઉલટી કરી. તે ગયો. તેણે કર્યું. ॥૪૯॥

• • •

## ञ्णिति ४।३।५०॥

**ञित्** [ञ् જેમાં इत् છે તે] અથવા **णित्** [ण् જેમાં इत् છે તે] પ્રત્યય પરમાં હોય; તો તેની પૂર્વે રહેલા ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ થાય છે. **पच्** ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮'થી **घञ्** [अ] પ્રત્યય. આ સૂત્રથી **पच्** ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ. 'क्तेऽनिट० ૪-૧-૧૧૧'થી **पच्** ધાતુના च् ને क् આદેશ...વગેરે કાર્ય થવાથી **पाकः** આવો પ્રયોગ થાય છે. અર્થ - રાંધવું તે. **पच्** ધાતુને પરોક્ષાનો **णव्** [अ] પ્રત્યય. 'द्वि र्धातुः० ૪-૧-૧'થી **पच्** ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં च् નો લોપ. **पपच् + णव्** આ અવસ્થામાં ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી **पपाच** આવો પ્રયોગ થાય છે.

અર્થ - તેણે રાંધ્યું. ॥૫૦॥

● ● ●

## नामिनोऽकलि - हले: ४।३।५१॥

નામી સ્વર જેના અન્તે છે એવા ધાતુના [નામ્યન્ત - ધાતુના]અથવા નામના [નામ્યન્ત નામના] અન્ત્ય નામી સ્વરને; તેની પરમાં ञित् અથવા णित् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. પરંતુ कलि અને हलि નામના અન્ત્ય સ્વરને વૃદ્ધિ થતી નથી. આ સૂત્રમાં अकलि - हले: આવો નિર્દેશ હોવાથી ધાતુની જેમ कलि અને हलि નામથી ભિન્ન તાદશ [નામ્યન્ત] નામના પણ અન્ત્ય સ્વરને વૃદ્ધિ થાય છે. चि ધાતુને કર્મમાં અદ્યતનીનો त પ્રત્યય. त ની પૂર્વે 'भावकर्मणोः ૩-૪-૬૮'થી ञिच् [इ] અને त નો લોપ. આ સૂત્રથી चि ધાતુના इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી अचायि આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ભેગું કરાયું. कृ ધાતુને 'णक - तृचौ ૫-૧-૪૮'થી णक [अक] પ્રત્યય. આ સૂત્રથી कृ ધાતુના અન્ત્ય નામી સ્વર ऋ ને વૃદ્ધિ आर् આદેશ...વગેરે કાર્ય થવાથી कारकः આવો પ્રયોગ થાય છે. અર્થ - કરનાર. पटुमाख्यत् આ અર્થમાં पटु નામને 'णिज् बहुलं नाम्नः० ૩-૪-૪૨'થી णिच् [इ] પ્રત્યય. આ સૂત્રથી पटु નામના અન્ત્યનામી સ્વર उ ને વૃદ્ધિ औ આદેશ. 'त्र्यन्त्यस्व० ૭-૪-૪૩'થી औ નો લોપ. पटि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'णि - श्रि - द्रु० ૩-૪-૫૮'થી दि ની પૂર્વે ङ [अ] પ્રત્યય. अपटि

+ अ + त् આ અવસ્થામાં 'द्वि र्धातुः० ४-१-१'થી पट् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४'થી અભ્યાસમાં ट् નો લોપ. 'असमान० ४-१-६३'થી અભ્યાસને सन्वद् ભાવ. 'सन्यस्य ४-१-५९'થી અભ્યાસમાં अ ને इ આદેશ. તેને 'लघो० ४-१-६४'થી દીર્ઘ ई આદેશ. अपीपटि + अ + त् આ અવસ્થામાં 'णेरनिटि ४-३-८३'થી इ નો [णिच् નો] લોપ થવાથી अपीपटत् આવો પ્રયોગ થાય છે. અર્થ - પટુને કહ્યું.

कलिहलिवर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નામ્યન્ત ધાતુના અથવા कलि અને हलि નામથી ભિન્ન જ નામ્યન્ત નામના અન્ત્ય સ્વરને; તેની પરમાં ञित् કે णित् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે. તેથી कलिमाख्यातवान् અને हलिमाख्यातवान् આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ कलि અને हलि નામને णिच् પ્રત્યય. આ સૂત્રથી कलि અને हलि નામના અન્ત્ય નામી સ્વર इ ને વૃદ્ધિનો નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ [સૂ.નં. ७-४-४३] અન્ત્ય इ નો લોપ. જેથી कलि અને हलि ધાતુ સમાનલોપી [જેમાં સમાન સ્વરનો લોપ થયો છે - તેવો] ધાતુ બને છે. તેને અદ્યતનીનો दि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ दि ની પૂર્વે ङ [अ] પ્રત્યય. कल् અને हल् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જન ल् નો લોપ. 'कङश्चञ् ४-१-४६'થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'गहोर्जः ४-१-४०'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'णेरनिटि ४-३-८३'થી णिच् [इ] નો લોપ...વગેરે કાર્ય થવાથી अचकलत् અને अजहलत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કલિને કહ્યું. હલિને કહ્યું. कलिं हलिं वाऽग्रहीत् આ અર્થમાં પણ अचकलत् અને अजहलत् આવો પ્રયોગ ઉપર જણાવ્યા મુજબ થાય છે. તેનો અર્થ સ્પષ્ટ છે. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રમાં कलि અને हलि નું વર્જન કર્યું ન હોત તો તેના અન્ત્ય નામી સ્વર इ ને આ સૂત્રથી વૃદ્ધિ ऐ આદેશ થયા બાદ

તેનો લોપ થાત અને તેથી **कलि** તથા **हलि** ધાતુ અસમાનલોપી બનત.. જેથી ઉપર જણાવ્યા મુજબ અભ્યાસને **सन्वद्** ભાવાદિ કાર્યથી **अचीकलत्** અને **अजीहलत्** આવો અનિષ્ટ પ્રયોગ થવાનો પ્રસંગ આવત. ।।૫૧।।

● ● ●

## जागु र्ञि - णवि ४।३।५२।।

ञि [इ] અથવા णव् [अ] પ્રત્યય જ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **जागृ** ધાતુના અન્ત્ય સ્વરને વૃદ્ધિ થાય છે. સામાન્યત: '**नामिनो०** ૪-૩-૫૧'થી આ સૂત્રના વિષયમાં વૃદ્ધિ સિદ્ધ જ છે. પરન્તુ આ રીતે વ્યર્થ બનીને આ સૂત્ર નિયમ કરે છે કે **जागृ** ધાતુના અન્ત્ય સ્વરને; તેની પરમાં ञि કે **णव्** પ્રત્યય જ હોય તો વૃદ્ધિ થાય છે. આથી સ્પષ્ટ છે કે સૂ.નં. ૪-૩-૫૧ના અર્થમાં આ સૂત્રથી **जागृ** ધાત્વતિરિક્તત્વ રૂપે સંકોચ થાય છે. **जागृ** ધાતુને અદ્યતનીનો ભાવમાં **त** પ્રત્યય. '**भाव - कर्मणोः** ૩-૪-૬૮'થી **त** ની પૂર્વે **ञिच्** [इ] પ્રત્યય; અને **त** નો લોપ. આ સૂત્રથી **जागृ** ધાતુના **ऋ** ને વૃદ્ધિ **आर्** આદેશ...વગેરે કાર્ય થવાથી **अजागारि** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે જાગ્યો. **जागृ** ધાતુને પરોક્ષાનો **णव्** પ્રત્યય. '**आद्योंऽश०** ૪-૧-૨'થી **जाग्** ને દ્વિત્વ. '**व्यञ्जन०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '**-हस्वः** ૪-૧-૩૯'થી અભ્યાસમાં **आ** ને -હસ્વ **अ** આદેશ. આ સૂત્રથી **जागृ** ધાતુના **ऋ** ને વૃદ્ધિ **आर्** આદેશ થવાથી **जजागार** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે જાગ્યો.

ञि - णवीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ञि કે णव् પ્રત્યય જ [ञित् કે णित् પ્રત્યય માત્ર નહિ] પરમાં હોય તો જ તેની પૂર્વે રહેલા जागृ ધાતુના અન્ત્ય સ્વરને વૃદ્ધિ થાય છે. તેથી जागृ ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦'થી णिग् પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી ऋ ને ગુણ अर् આદેશથી નિષ્પન્ન जागरि ધાતુને વર્ત્તમાનામાં तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી जागरयति આવો પ્રયોગ થાય છે. અહીં णित् પ્રત્યય પરમાં હોવા છતાં તેની પૂર્વે રહેલા जागृ ધાતુના ऋ ને 'नामिनो० ૪-૩-૫૧'થી વૃદ્ધિ થતી નથી. અર્થ - તે જગાડે છે. ।।૫૨।।

● ● ●

## आत ऐः कृञ्ञौ ४।३।५३।।

आ જેના અન્તે છે એવા [आदन्त] ધાતુના અન્ત્ય आ ને; તેની પરમાં ञित् અથવા णित् એવો कृत् પ્રત્યય હોય અથવા ञि પ્રત્યય હોય તો ऐ આદેશ થાય છે. दा ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮'થી घञ् [अ] પ્રત્યય. આ સૂત્રથી આકારાન્ત दा ધાતુના અન્ત્ય आ ને ऐ આદેશ વગેરે કાર્ય થવાથી दायः આવો પ્રયોગ થાય છે. અર્થ - આપવું તે. दा ધાતુને 'णक - तृचौ ૫-૧-૪૮'થી णक [अक] પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુના आ ને ऐ આદેશાદિ કાર્ય થવાથી दायकः આવો પ્રયોગ થાય છે. અર્થ - આપનાર. दा ધાતુને અદ્યતનીનો ભાવમાં त પ્રત્યય. 'भाव - कर्मणोः ૩-૪-૬૮'થી त ની પૂર્વે ञिच् પ્રત્યય; અને त નો લોપ. આ સૂત્રથી दा ધાતુના आ

ने ऐ આદેશાદિ કાર્ય થવાથી अदायि આવો પ્રયોગ થાય છે. અર્થ - અપાયું.

कृदिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृत् જ ञित् કે णित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા આદન્ત ધાતુના અન્ત્ય आ ને ऐ આદેશ થાય છે. તેથી दा ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧'થી दा ધાતુને દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. અહીં णित् પ્રત્યય પરમાં હોવા છતાં તે कृत् ન હોવાથી આ સૂત્રથી दा ધાતુના आ ને ऐ આદેશ થતો નથી. તેથી 'आतो० ૪-૨-૧૨૦'થી णव् પ્રત્યયને औ આદેશ વગેરે કાર્ય થવાથી ददौ આવો પ્રયોગ થાય છે. અર્થ - આપ્યું. ।।૫૩।।

• • •

## न जनं - बधः ४।३।५४।।

ञित् કે णित् એવો कृत् પ્રત્યય અને ञि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા जन् અને बध् [૭૪૬] ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ થતી નથી. प्र + जन् અને बध् ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮'થી घञ् પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦'થી जन् અને बध् ધાતુના ઉપાન્ત્ય अ ને પ્રાપ્ત વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય થવાથી प्रजनः અને बधः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઉત્પન્ન કરવું. બાંધવું. जन् અને बध् ધાતુને 'ऋवर्ण० ૫-૧-૧૭'થી घ्यण् [य] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ जन् અને

बध् ધાતુના ઉપાન્ત્ય अ ને આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ...વગેરે કાર્ય થવાથી जन्यः અને बध्यः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઉત્પન્ન કરવા યોગ્ય જન્ય અનિત્ય. બાંધવા યોગ્ય. जन् અને बध् ધાતુને અદ્યતનીનો ભાવમાં त પ્રત્યય. 'भावकर्मणोः ૩-૪-૬૮'થી त ની પૂર્વે ञिच् પ્રત્યય; અને त નો લોપ. ઉપર જણાવ્યા મુજબ जन् અને बध् ધાતુના ઉપાન્ત્ય अ ને આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ વગેરે કાર્ય થવાથી अजनि અને अबधि આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ઉત્પન્ન થવાયું. બંધાયું. ॥૫૪॥

● ● ●

## मोऽकमि - यमि - रमि - नमि - गमि - वमाऽऽचमः ४।३।५५॥

कम् यम् रम् नम् गम् वम् અને आ + चम् ધાતુને છોડીને અન્ય मन्त [म् જેના અન્તે છે તે મકારાન્ત] ધાતુના ઉપાન્ત્ય अ ને; તેની પરમાં कृत् - ञित् કે णित् પ્રત્યય હોય અથવા ञि પ્રત્યય હોય તો વૃદ્ધિ થતી નથી. शम् ધાતુને ભાવમાં 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮'થી घञ् [अ] પ્રત્યય. शम् ધાતુના ઉપાન્ત્ય अ ને 'ञ्णिति ૪-૩-૫૦'થી પ્રાપ્ત વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી शमः આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્તિ. शम् ધાતુને 'णक - तृचौ ૫-૧-૪૮'થી णक [अक] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી शम् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિનો નિષેધ વગેરે કાર્ય થવાથી शमकः આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્ત થનાર.

शम् ધાતુને અદ્યતનીનો ભાવમાં त પ્રત્યય. તેની પૂર્વે 'भावकर्मणोः ૩-૪-૬૮'થી ञिच् પ્રત્યય; અને त નો લોપ. ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી शम् ધાતુના अ ને વૃદ્ધિનો નિષેધ વગેરે કાર્ય થવાથી अशमि આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્ત થવાયું.

कम्यादिवर्जनं किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कृत् - ञित् કે णित् પ્રત્યય અથવા ञि પ્રત્યય પરમાં હોય; તો તેની પૂર્વે રહેલા; कम् यम् रम् नम् गम् वम् અને आ + चम् ધાતુથી ભિન્ન જ मान्त ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિનો નિષેધ થાય છે. તેથી कामः कामुकः अकामि અહીં कम् ધાતુના ઉપાન્ત્ય अ ને તેમજ यामः रामः नामः अगामि वामः અને आचामकः અહીં અનુક્રમે यम् रम् नम् गम् वम् અને आ + चम् ધાતુના ઉપાન્ત્ય अ ને આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થતો નથી. તેથી સર્વત્ર 'ञ्णिति ૪-૩-૫૦'થી ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ થયો છે. અહીં कम् ધાતુને 'शॄ - कम० ૫-૨-૪૦'થી उकण् પ્રત્યયાદિ કાર્ય થવાથી कामुकः આવો પ્રયોગ થાય છે. શેષ પ્રક્રિયા ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. અર્થક્રમશઃ - ઈચ્છા. ઈચ્છા કરનાર. ઈચ્છા કરાઈ. કાલવિશેષ. એક દેવ અથવા વાટિકા. નમવું. જવાયું. વમન કરવું. આચમન કરનાર. ॥૫૫॥

● ● ●

# विश्रमे र्वा ४।३।५६।।

वि + श्रम् ધાતુના ઉપાન્ત્ય अ ને તેની પરમાં कृत् - ञित् કે णित् પ્રત્યય અથવા ञि પ્રત્યય પરમાં હોય તો વિકલ્પથી વૃદ્ધિ થાય છે. वि + श्रम् ધાતુને 'भावाऽकर्त्रोः ५-३-१८'થી घञ् પ્રત્યય અને 'णक - तृचौ ५-१-४८'થી णक [अक] પ્રત્યય. આ સૂત્રથી वि + श्रम् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आर् આદેશ...વગેરે કાર્ય થવાથી અનુક્રમે **विश्रामः** અને **विश्रामकः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી अ ને વૃદ્ધિ ન થાય ત્યારે અનુક્રમે **विश्रमः** અને **विश्रमकः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આરામ. આરામ કરનાર. वि + श्रम् ધાતુને અદ્યતનીનો ભાવમાં त પ્રત્યય. તેની પૂર્વે 'भावकर्मणोः ३-४-६८'થી ञिच् પ્રત્યય; અને त નો લોપ. આ સૂત્રથી वि + श्रम् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી **व्यश्रामि** અને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે **व्यश्रमि** આવો પ્રયોગ થાય છે. અર્થ - આરામ કરાયો. ।।૫૬।।

● ● ●

## उद्यमोपरमौ ४।३।५७।।

उद् + यम् અને उप + रम् ધાતુના ઉપાન્ત્ય अ ને; તેની પરમાં घञ् [अ] પ્રત્યય હોય તો વૃદ્ધિના અભાવનું નિપાતન કરાય છે. उद् + यम् અને उप + रम् ધાતુને 'भावाऽकर्त्रोः ५-३-१८'થી घञ् પ્રત્યય. यम् અને रम् ધાતુના ઉપાન્ત્ય अ ને 'ञ्णिति ४-३-५०'થી વૃદ્ધિ आ આદેશની પ્રાપ્તિ હતી, તેનો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય થવાથી उद्यमः અને उपरमः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પ્રયત્ન. વિરામ. ।।૫૭।।

● ● ●

## णिद्वाऽन्त्यो णव् ४।३।५८।।

**परोक्षा** વિભક્તિના ઉત્તમ [પ્રથમ] પુરુષના **णव्** [अ] પ્રત્યયને વિકલ્પથી **णिद्वद्** ભાવ થાય છે. **चि** ધાતુને પરોક્ષામાં ઉત્તમ પુરુષનો [અન્ત્ય] **णव्** પ્રત્યય. **चि** ધાતુને '**द्विर्धातुः०** ४-१-१' થી દ્વિત્વ. આ સૂત્રથી **णव्** પ્રત્યયને **णिद्वद्** ભાવ. **णव्** ની પૂર્વેના **चि** ધાતુના અન્ત્ય **इ** ને '**नामिनो०** ४-३-५१' થી વૃદ્ધિ **ऐ** આદેશ... વગેરે કાર્ય થવાથી **चिचाय** આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી **णव्** ને **णिद्वद्** ભાવ ન થાય ત્યારે **इ** ને ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિ ન થવાથી '**नामिनो०** ४-३-१' થી ગુણ **ए** આદેશ વગેરે કાર્ય થવાથી **चिचय** આવો પ્રયોગ થાય છે.

અર્થ - મેં ભેગું કર્યું. **कुट्** ધાતુને પરોક્ષામાં ઉત્તમપુરુષનો **णव्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી તેને **णिद्वद्** ભાવ. **कुट्** ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો '**व्यञ्जन०** ૪-૧-૪૪' થી લોપ. '**कङश्चञ्** ૪-૧-૪૬' થી અભ્યાસમાં **क्** ને **च्** આદેશ. '**लघो०** ૪-૩-૪' થી **कुट्** ધાતુના ઉપાન્ત્ય **उ** ને ગુણ **ओ** આદેશ થવાથી **चुकोट** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **णव्** પ્રત્યયને **णिद्वद्** ભાવ ન થાય ત્યારે **णव्** ને '**कुटादे०** ૪-૩-૧૭' થી **ङिद्वद्** ભાવ થવાથી **कुट्** ધાતુના **उ** ને ગુણ થતો નથી. જેથી **चुकुट** આવો પ્રયોગ થાય છે. અર્થ - મેં કુટિલતા કરી. **अन्त्य इति किम् ? =** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **परोक्षा** ના અન્ત્ય જ [પ્રથમ નહિ]**णव्** પ્રત્યયને વિકલ્પથી **णिद्वद्** ભાવ થાય છે. તેથી **पच्** ધાતુને પરોક્ષાનો **णव्** [તૃતીય પુરુષનો **णव्**] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **पच्** ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અહીં પ્રથમ **णव्** પ્રત્યય નિત્ય જ **णिद्** હોવાથી '**ञ्णिति** ૪-૩-૫૦' થી **पच्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **स पपाच** આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી પ્રથમ **णव्** ને વિકલ્પથી **णिद्वद्** ભાવ થતો નથી. અન્યથા **स पपच** આવો પણ પ્રયોગ થાત. અર્થ - તેણે રાંધ્યું. ॥૫૮॥

● ● ●

# उत और्विति व्यञ्जने ऽद्वेः ४।३।५९।।

જેને દ્વિત્વ થયું નથી એવા [अद्वयुक्त] उकारान्त ધાતુના અન્ત્ય उ ને; તેની પરમાં વ્યઞ્જનથી શરૂ થતો वित् [व् જેમાં इत् છે તે] પ્રત્યય હોય તો औ આદેશ થાય છે. यु ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી यु ધાતુના उ ને औ આદેશ થવાથી यौति આવો પ્રયોગ થાય છે. અર્થ - તે મિશ્રણ કરે છે. उत इति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અદ્વ્યુક્ત ધાતુના અન્ત્ય उ ને જ; તેની પરમાં વ્યઞ્જનથી શરૂ થતો વિત્ પ્રત્યય હોય તો औ આદેશ થાય છે, તેથી इ ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી इकारान्त ધાતુના અન્ત્ય इ ને औ આદેશ ન થવાથી 'नामिनो० ४-३-१' થી इ ને ગુણ ए આદેશ થાય છે. જેથી एति આવો પ્રયોગ થાય છે. અર્થ - જાય છે.

धातोरित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિવિત્ પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા અદ્વ્યુક્ત उकारान्त ધાતુના જ અન્ત્ય उ ને [उ માત્રને નહિ] औ આદેશ થાય છે. તેથી सुनोति અહીં नु વિકરણ પ્રત્યયના અન્ત્ય उ ને આ સૂત્રથી औ આદેશ થતો નથી. सु ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. तिव ની પૂર્વે 'स्वादेः० ३-४-७५' થી श्नु [नु] પ્રત્યય. 'उ-श्नोः ४-३-२' થી नु ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી सुनोति આવો પ્રયોગ થાય છે. અર્થ - રસ કાઢે છે.

वितीति किम् ? = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ वित् જ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અદ્વ્યુક્ત ઉકારાન્ત ધાતુના અન્ત્ય उ ને औ આદેશ થાય છે. તેથી रु ધાતુને વર્ત્તમાનાનો तस् પ્રત્યય વગેરે કાર્યથી નિષ્પન્ન रुतः આ પ્રયોગમાં तस् પ્રત્યય वित् ન હોવાથી તેની પૂર્વે રહેલા उकारान्त रु

ધાતુના અન્ત્ય उ ને આ સૂત્રથી औ આદેશ થતો નથી. અર્થ - તેઓ બે અવાજ કરે છે.

**व्यञ्जन इति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ જ **वित्** પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા અદ્વ્યુક્ત **उकारान्त** ધાતુના અન્ત્ય उ ને औ આદેશ થાય છે. તેથી **स्तु** ધાતુને પઞ્ચમીનો [આજ્ઞાર્થ] **आनिव्** પ્રત્યય. **'नामिनो० ४-३-१'** થી **स्तु** ધાતુના અન્ત્ય उ ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **स्तवानि** આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાદિ **वित्** પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા **उकारान्त स्तु** ધાતુના અન્ત્ય उ ને આ સૂત્રથી **औ** આદેશ થતો નથી. અર્થ - હું સ્તવું.

**अद्वेरिति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ **वित्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા દ્વિત્વ નહિ થયેલા - અદ્વ્યુક્ત જ **उकारान्त** ધાતુના અન્ત્ય उ ને **औ** આદેશ થાય છે. તેથી हु ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. **'हवः शिति ४-१-१२'** થી हु ધાતુને દ્વિત્વ. **'गहोर्जः ४-१-४०'** થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. **'नामिनो० ४-३-१'** થી जुहु ના અન્ત્ય उ ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **जुहोति** આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી **द्वयुक्त हु** ધાતુના અન્ત્ય उ ને **औ** આદેશ થતો નથી. અર્થ - તે હોમ કરે છે. ॥૫૯॥

● ● ●

# वोर्णोः ४।३।६०॥

**अद्व्युक्त-ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને તેની પરમાં વ્યઞ્જનાદિ **वित्** પ્રત્યય હોય તો વિકલ્પથી **औ** આદેશ થાય છે. **प्र+ऊर्णु** ધાતુને વર્ત્તમાનાનો **तिव्** પ્રત્યય. આ સૂત્રથી **प्र+ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને **औ** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रोर्णौति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **उ** ને **औ** આદેશ ન થાય ત્યારે '**नामिनो०** ૪-૩-૧' થી એ **उ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रोर्णोति** આવો પ્રયોગ થાય છે. અર્થ-તે ઢાંકે છે. **अद्वेरित्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ **वित्** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **अद्व्युक्त** જ **ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને વિકલ્પથી **औ** આદેશ થાય છે. તેથી **प्र+ऊर्णु** ધાતુને '**अट्यर्ति०** ૩-૪-૧૦' થી **यङ्** પ્રત્યય. '**बहुलं लुप्** ૩-૪-૧૪' થી **यङ्** નો લોપ. '**स्वरादे०** ૪-૧-૪' થી **ऊर्नु** ધાતુના **नु** ને દ્વિત્વ. **प्र+ऊर्नु+नु** આ અવસ્થામાં પ્રથમ **नु** ના **उ** ને '**आगु०** ૪-૧-૪૮' થી ગુણ **ओ** આદેશ. '**रषृवर्णा०** ૨-૩-૬૩' થી પ્રથમ **नु** ના **न्** ને **ण्** આદેશ. '**र्हादर्ह०** ૧-૩-૩૧' થી **ण्** ને દ્વિત્વ...વગેરે કાર્યથી નિષ્પન્ન **प्रोर्णोनु** ધાતુને **तिव्** પ્રત્યય. '**नामिनो०** ૪-૩-૧' થી **नु** ના અન્ત્ય **उ** ને ગુણ **ओ** આદેશ...વગેરે કાર્ય થવાથી **प्रोर्णोनोति** આવો પ્રયોગ થાય છે. અહીં દ્વયુક્ત **ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને આ સૂત્રથી **औ** આદેશ થતો નથી. અર્થ - તે વારંવાર ઢાંકે છે. ॥૬૦॥

● ● ●

## न दि स्योः ४।३।६१।।

ऊर्णु ધાતુના અન્ત્ય उ ને; તેની પરમાં दिव् અને सिव् [હ્યસ્તની] પ્રત્યય હોય તો औ આદેશ થતો નથી. प्र+ऊर्णु ધાતુને ह्यस्तनी માં दिव् અને सिव् પ્રત્યય. આ સૂત્રથી ऊर्णु ધાતુના અન્ત્ય उ ને 'वोर्णोः ४-३-६०' થી પ્રાપ્ત औ આદેશનો નિષેધ. 'नामिनो० ४-३-१' થી उ ને ગુણ ओ આદેશ. 'स्वरादे० ४-४-३१' થી ऊ ને વૃદ્ધિ औ આદેશ વગેરે કાર્ય થવાથી प्रौर्णोत् અને प्रौर्णोः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે ઢાંક્યું. તેં ઢાંક્યું. ।।६१।।

● ● ●

## तृहः श्नादीत् ४।३।६२।।

વ્યઞ્જનાદિ वित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા तृह् ધાતુની પરમાં રહેલા श्न [न] પ્રત્યયની પરમાં ईत् [ई] થાય છે. तृह् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. ह् ની પૂર્વે 'रुधां स्वरा० ३-४-८२' થી श्न [न] પ્રત્યય. આ સૂત્રથી श्न ની પરમાં ईत् [ई]. 'रषृव० २-३-६३' થી न् ને ण् આદેશ. तृणेह्+ति આ અવસ્થામાં 'हो धुट्० २-१-८२' થી ह् ને ढ् આદેશ. 'अधश्च० २-१-७९' થી त् ને ध् આદેશ. 'तवर्ग० १-३-६०' થી ध् ને ढ् આદેશ. 'ढस्तड्ढे

૧-૩-૪૨' થી પ્રથમ ढ् નો લોપ થવાથી तृणेढि આવો પ્રયોગ થાય છે. અર્થ - તે હિંસા કરે છે. ॥૬૨॥

●　　●　　●

## ब्रूतः परादिः ४।३।६३॥

વ્યઞ્જનાદિ वित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ब्रू ધાતુના ऊ ની પરમાં ईत् થાય છે. તે પરાદિ એટલે પ્રત્યયનો અવયવ મનાય છે. ब्रू ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી ब्रू ધાતુના ऊ ની પરમાં ईत् [ई]. 'नामिनो० ૪-૩-૧' થી ऊ ને ગુણ ओ આદેશ...વગેરે કાર્ય થવાથી ब्रवीति આવો પ્રયોગ થાય છે. અર્થ -તે બોલે છે. ऊत इति किम् ?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ वित् પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા ब्रू ધાતુની ऊ ની જ પરમાં [વર્ણમાત્રની પરમાં નહિ] પરાદિ ईत् [ई] થાય છે. તેથી ब्रू ધાતુને सिव् પ્રત્યય. 'ब्रूगः पञ्चानां० ૪-૨-૧૧૮' થી सिव् પ્રત્યયને थ આદેશ; અને ब्रू ને आह આદેશ. 'नहाहो० ૨-૧-૮૫' થી ह् ને त् આદેશ વગેરે કાર્ય થવાથી आत्थ આવો પ્રયોગ થાય છે. અહીં ब्रू ધાતુના અન્ત્યવર્ણની પરમાં આ સૂત્રથી પરાદિ ईत् થતો નથી. અર્થ - તું બોલે છે. ॥૬૩॥

●　　●　　●

# यङ् - तु - रु - स्तो बहुलम् ४।३।६४।।

વ્યઞ્જનાદિ वित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા યઙ્ લુબન્ત [જેનાથી પરમાં રહેલા यङ् પ્રત્યયનો લોપ થયો છે - તે ] ધાતુની પરમાં તેમ જ અદ્વ્યુક્ત तु रु અને स्तु ધાતુની પરમાં; પરાદિ ईत् [ई] બહુલતયા થાય છે; અર્થાત્ કોઈ સ્થાને વિકલ્પથી થાય છે; કોઈ સ્થાને થતો નથી. भू ધાતુને 'व्यञ्जना० ૩-૪-૯' થી यङ् [य] પ્રત્યય. 'बहुलं० ૩-૪-૧૪' થી यङ् નો લોપ. 'सन्य० ૪-૧-૩' થી भू ને દ્વિત્વ. 'आगुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં ऊ ને ગુણ ओ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. યઙ્ લુબન્ત बोभू ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે અને बोभू ની પરમાં ईत् [ई]. 'नामिनो० ૪-૩-૧' થી भू ના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી बोभवीति આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી પરાદિ ईत् બહુલતયા થતો હોવાથી વિકલ્પપક્ષમાં ईत् ન થાય ત્યારે बोभोति આવો પ્રયોગ થાય છે. वृत् ધાતુને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યય. यङ् નો લોપ. वृत् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'रिरौच० ૪-૧-૫૬' થી અભ્યાસના અન્તે र् નો આગમ. યઙ્લુબન્ત वर्वृत् ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. 'लघोरुपा० ૪-૩-૪' થી ऋ ને ગુણ अर् આદેશ. અહીં આ સૂત્રથી પરાદિ ईत् બહુલાધિકારના કારણે થતો નથી. તેથી वर्वर्ति આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ - વારંવાર થાય છે. વારંવાર વર્તે છે.

तु रु અને स्तु ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી तिव् ની પૂર્વે ईत्. 'नामिनो० ૪-૩-૧' થી અન્ત્ય उ ને ગુણ ओ

આદેશ વગેરે કાર્ય થવાથી **तवीति रवीति** અને **स्तवीति** આવો પ્રયોગ થાય છે. બહુલાધિકારના કારણે આ સૂત્રથી પરાદિ **ईत्** ન થાય ત્યારે '**उत औ०** ૪-૩-૫૯' થી ધાતુના અન્ત્ય **उ** ને **औ** આદેશ થવાથી **तौति रौति** અને **स्तौति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- જાય છે. અવાજ કરે છે. સ્તવના કરે છે.

**अद्वेरित्येव**=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાદિ **वित्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા યઙ્લુબન્ત ધાતુની પરમાં તેમ જ અદ્વ્યુક્ત જ **तु रु** અને **स्तु** ધાતુની પરમાં બહુલતયા પરાદિ **ईत्** થાય છે. તેથી **तुतोथ** અને **तुष्टोथ** અહીં દ્વ્યુક્ત **तु** અને **स्तु** ધાતુની પરમાં આ સૂત્રથી પરાદિ **ईत्** થતો નથી. **तु** અને **स्तु** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. '**द्वि र्धातुः०** ૪-૧-૧' થી **तु** અને **स्तु** ધાતુને દ્વિત્વ. '**अघोषे०** ૪-૧-૪૫' થી અભ્યાસમાં **स्** નો લોપ. '**नामिनो०** ૪-૩-૧' થી **तु** અને **स्तु** ધાતુના અન્ત્ય **उ** ને ગુણ **ओ** આદેશ. '**नाम्यन्तस्था०** ૨-૩-૧૫' થી **स्** ને **ष्** આદેશ. '**तवर्गस्य०** ૧-૩-૬૦' થી **ष्** ના યોગમાં **त्** ને **ट्** આદેશ થવાથી **तुतोथ** અને **तुष्टोथ** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તું ગયો. તેં સ્તવના કરી. સૂત્રમાં **यङ्** આ પ્રમાણે સામાન્યથી ગ્રહણ હોવા છતાં અહીં **यङ्** લુબન્તનું જ ગ્રહણ થાય છે. કારણ કે **यङ्** પ્રત્યયાન્ત ધાતુ આત્મનેપદી હોવાથી વ્યઞ્જનાદિ **वित्** પ્રત્યયનો ત્યાં સંભવ નથી.॥૬૪॥

● ● ●

## सः सिजस्ते र्दि-स्योः ४।३।६५।।

दि અને सि પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા सिच् પ્રત્યયાન્ત ધાતુના અને अस् ધાતુના स् ની પરમાં પરાદિ [પ્રત્યયના અવયવભૂત] ईत् થાય છે. कृ ધાતુને અદ્યતનીનો दि અને सि પ્રત્યય. 'सिजद्य० ૩-૪-૫૩' થી दि [त्] અને सि [स्] પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. આ સૂત્રથી दि અને सि ની પૂર્વે અને सिच् ની પરમાં ईत् [ई]. 'सिचि पर० ૪-૩-૪૪' થી कृ ધાતુના ऋ ને વૃદ્ધિ आर् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫' થી सिच् ના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી अकार्षीत् અને अकार्षीः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેણે કર્યું. તેં કર્યું. अस् ધાતુને હ્યસ્તનીમાં दिव् અને सिव् પ્રત્યય. 'एत्यस्० ૪-૪-૩૦' થી अस् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. આ સૂત્રથી दिव् [त्] અને सिव् [स्] ની પૂર્વે ईत् [ई]...વગેરે કાર્ય થવાથી आसीत् અને आसीः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તે હતો. તું હતો.

स इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યયાન્ત અને अस् પ્રત્યયાન્ત ધાતુના स् ની જ પરમાં [વર્ણમાત્રની પરમાં નહિ]; તેની પરમાં दि અને सि પ્રત્યય હોય તો પરાદિ ईत् થાય છે. તેથી अदात् અહીં લુપ્તસિચ્ પ્રત્યયાન્ત दा ધાતુની પરમાં दि ની પૂર્વે આ સૂત્રથી ईत् થતો નથી. પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ४-३-६६. અર્થ - તેણે આપ્યું. ।।६५।।

● ● ●

# पिबैति - दा - भू - स्थः सिचो लुप् परस्मै न चेट् ४।३।६६।।

पा [२]; इ [१०७४, १०७५]; दा સંજ્ઞક; भू અને स्था ધાતુની પરમાં રહેલા सिच् પ્રત્યયનો પરસ્મૈપદમાં લુપ્ [લોપ] થાય છે, અને ત્યારે सिच् પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી યથાપ્રાપ્ત इट् [इ] થતો નથી. पा; इ [इण्] अधि+इ [इक्]; दा અને धा [दा સંજ્ઞક]; भू તથા स्था ધાતુને અદ્યતનીનો दि [त्] પ્રત્યય. 'सिजद्य० ૩-૪-૫૩' થી दि ની પૂર્વે सिच् પ્રત્યય. 'इणिको० ૪-૪-૨૩'થી બંન્ને इ ધાતુને गा આદેશ. આ સૂત્રથી सिच् પ્રત્યયનો લોપ...વગેરે કાર્ય થવાથી અનુક્રમે अपात् अगात् अध्यगात् अदात् अधात् अभूत् અને अस्थात् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેણે પીધું. તે ગયો. તેણે જાણ્યું. તેણે આપ્યું. તેણે ધારણ કર્યું. તે થયો. તે ઉભો રહ્યો. परस्मै इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पा इ दा સંજ્ઞક भू અને स्था ધાતુની પરમાં રહેલા सिच् પ્રત્યયનો પરસ્મૈપદમાં જ લોપ થાય છે - અને ત્યારે सिच् ની પૂર્વે યથાપ્રાપ્ત इट् થતો નથી. તેથી अपासत पयांसि तैः અહીં पा ધાતુની પરમાં રહેલા सिच् પ્રત્યયનો આત્મનેપદમાં આ સૂત્રથી લોપ થતો નથી. पा ધાતુને અદ્યતનીનો કર્મમાં अन्त પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ पा ધાતુની પરમાં सिच् પ્રત્યય. 'अनतो० ૪-૨-૧૧૪' થી अन्त् ને अत् આદેશ વગેરે કાર્ય થવાથી अपासत આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ વડે પાણી પીવાયું. ।।૬૬।।

● ● ●

## ट्धे - घ्रा - शा - च्छा - सो वा ४।३।६७।।

ट्धे [२८]; घ्रा [३]; शा [११४७]; च्छा [११४८] અને सा [૧૧૫૦,૪૪] ધાતુની પરમાં રહેલા सिच् પ્રત્યયનો પરસ્મૈપદમાં વિકલ્પથી લુપ્ [લોપ] થાય છે અને ત્યારે सिच् ની પૂર્વે યથાપ્રાપ્ત પણ इट् થતો નથી. धे, घ्रा, शो, छो અને सो અથવા सै ધાતુને અદ્યતનીનો પરસ્મૈપદમાં दि [त्] પ્રત્યય. 'आत् सन्ध्य० ૪-૨-૧'થી ધાતુના સન્ધ્યક્ષર ए ओ અને ऐ ને आ આદેશ. दि પ્રત્યયની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच् પ્રત્યય. આ સૂત્રથી તેનો લોપ વગેરે કાર્ય થવાથી અનુક્રમે अधात् अघ्रात् अशात् अच्छात् અને असात् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सिच् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે 'स:सिज० ૪-૩-૬૫'થી सिच् ની પરમાં પરાદિ ईत् [इ] થવાથી અનુક્રમે अधासीत् अघ्रासीत् अशासीत् अच्छासीत् અને असासीत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેણે પાન કર્યું. તેણે સુંઘ્યું. તેણે પતલું કર્યું. તેણે કાપ્યું. તેણે નાશ કર્યો અથવા તે નાશ પામ્યો. ।।૬૭।।

● ● ●

## तन्भ्यो वा त-थासि न्-णोश्च ४।३।६८।।

तनादि ગણના [૧૪૯૯ થી ૧૫૦૭] ધાતુની પરમાં રહેલા सिच् પ્રત્યયનો; તેની પરમાં त અથવા थास् પ્રત્યય હોય તો; વિકલ્પથી લોપ થાય છે; અને ત્યારે ધાતુના न् અને ण् નો લોપ થાય

છે; તેમજ **सिच्** પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. **तन्** ધાતુને અદ્યતનીનો **त** અને **थास्** પ્રત્યય. તેની પૂર્વે '**सिजद्य०** ૩-૪-૫૩'થી **सिच्** પ્રત્યય. આ સૂત્રથી **सिच्** પ્રત્યયનો અને **तन्** ધાતુના **न्** નો લોપ વગેરે કાર્ય થવાથી **अतत** અને **अतथाः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **सिच्** પ્રત્યયનો લોપ વગેરે કાર્ય ન થાય ત્યારે **सिच्** પ્રત્યયની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી **इट्** થવાથી નિષ્પન્ન **अ + तन् + इ + स् + त** અને **अ + तन् + इ + स् + थास्** આ અવસ્થામાં '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **सिच्** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં '**तवर्गस्य०** ૧-૩-૬૦'થી **त** પ્રત્યયના **त्** ને **ट्** આદેશ અને **थास्** ના **थ्** ને **ठ्** આદેશ વગેરે કાર્ય થવાથી **अतनिष्ट** અને **अतनिष्ठाः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે ફેલાવ્યું. તેં ફેલાવ્યું. **षण्** [૧૫૦૦]ધાતુને અર્થાત્ **सन्** ['**षः सो०** ૨-૩-૯૮'થી **षण्** ના **ष्** ને **स्** આદેશ થવાથી **ष्** ના કારણે થયેલ **ण्** ની નિવૃત્તિથી નિષ્પન્ન] ધાતુને ઉપર જણાવ્યા મુજબ અદ્યતનીમાં **त** અને **थास्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **असत** અને **असथाः**; **असनिष्ट** અને **असनिष्ठाः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે આપ્યું. તેં આપ્યું. આ સૂત્રમાં **थास्** પ્રત્યયનું ગ્રહણ હોવાથી **परस्मैपद** ની નિવૃત્તિ થાય છે. **थास्** ના સાહચર્યથી '**साहचर्यात् सदृशस्यैव [ग्रहणम्]** - આ ન્યાયના બલે **त** પ્રત્યય પણ આત્મનેપદનો જ ગૃહીત છે. તેથી પરસ્મૈપદમાં **अतनिष्ट** [**द्वि.पु.ब.व.**]આવો જ પ્રયોગ થાય છે. ॥૬૮॥

● ● ●

## सनस्तत्राऽऽवा ४।३।६९॥

**सन्** ધાતુ [૧૫૦૦]ના સ્વરને; તેનાથી પરમાં રહેલા **सिच्** પ્રત્યયનો; તેમજ ધાતુના **न्** નો લોપ થાય ત્યારે વિકલ્પથી **आ** આદેશ થાય છે. સૂ.નં.૪-૩-૬૮ માં જણાવ્યા મુજબ **सन्** ધાતુને અદ્યતનીમાં **त** અને **थास्** પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન **अ + स + त** અને **अ + स + थास्** આ અવસ્થામાં **स** ના **अ** ને આ સૂત્રથી **आ** આદેશ થવાથી **असात** અને **असाथाः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **आ** આદેશ ન થાય ત્યારે **असत** અને **असथाः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે આપ્યું. તેં આપ્યું. **तत्रेति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सन्** ધાતુની પરમાં રહેલા **सिच्** નો તેમજ ધાતુના **न्** નો લોપ થયો હોય ત્યારે જ તેના સ્વરને વિકલ્પથી **आ** આદેશ થાય છે. તેથી સૂ.નં. ૪-૩-૬૮માં જણાવ્યા મુજબ નિષ્પન્ન **असनिष्ट** અહીં **सन्** ધાતુના **अ** ને આ સૂત્રથી **आ** આદેશ થતો નથી. અર્થ - તેણે આપ્યું. ॥૬૯॥

● ● ●

## धुड्‍ -हस्वाल्लुगनिटस्तथोः ४।३।७०॥

**त्** અથવા **थ्** છે આદિમાં જેના એવો **तादि** અથવા **थादि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **धुट्** વર્ણાન્ત અને -હસ્વ-સ્વરાન્ત ધાતુની પરમાં રહેલા **अनिट्** **सिच्** પ્રત્યયનો લોપ થાય છે.

भिद् ધાતુને તેમજ कृ ધાતુને અદ્યતનીનો त અને थास् પ્રત્યય. 'सिजद्यत०-૩-૪-૫૩'થી त અને थास् પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી अभित्त અને अभित्थाः; તથા अकृत અને अकृथाः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે ભેદ્યું. તેં ભેદ્યું. તેણે કર્યું. તેં કર્યું.

अनिट इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तादि અથવા थादि પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા धुट् વર્ણાન્ત અને -હ્રસ્વસ્વરાન્ત ધાતુની પરમાં રહેલા अनिट् જ सिच् પ્રત્યયનો લોપ થાય છે. તેથી व्यद्योतिष्ट અહીં सिच् ની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી इट् થયો હોવાથી सेट् सिच् નો આ સૂત્રથી લોપ થયો નથી. वि + द्युत् ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् પ્રત્યય. તેના स् ને 'नाम्यन्त० ૨-૩-૧૫'થી ष् આદેશ. ष् ના યોગમાં त પ્રત્યયના त् ને 'तवर्ग० ૧-૩-૬૦'થી ट् આદેશ...વગેરે કાર્ય થવાથી व्यद्योतिष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - તે પ્રકાશિત થયો.

અહીં યાદ રાખવું જોઈએ કે સૂ.નં. ૪-૩-૬૬થી लुप् નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં लुक् નું ગ્રહણ 'સ્થાનિવદ્‌ભાવ' માટે છે. તેથી सिच् નો લોપ થયા બાદ પણ अवात्ताम् [वस् + ताम्] ઈત્યાદિ સ્થળે सिच् પ્રત્યયના કારણે થતી વૃદ્ધિ सिच् પ્રત્યયના લોપ પછી પણ થાય છે. સૂ.નં. ૪-૩-૬૮થી तथासि નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં तथ નું ગ્રહણ વ્યાપ્તિ માટે છે. તેથી પરસ્મૈપદ કે આત્મનેપદ સમ્બન્ધી પણ તાદૃશ પ્રત્યય ગૃહીત છે. 'तथोः' આ પ્રમાણે સૂત્રમાં દ્વિવચનનો નિર્દેશ धुट् વર્ણાન્ત અને -હ્રસ્વસ્વરાન્ત ધાતુની સાથે યથાસંખ્ય અન્વય નિવારવા માટે છે. व्यद्योतिष्ट અહીં ધાતુના ઉપાન્ત્ય उ ને 'लघोरुपा० ૪-૩-૪'થી ગુણ ओ આદેશ થાય છે. अच्योष्ट....ઈત્યાદિ સ્થળે 'नामिनो० ૪-૩-૧'થી વિહિત ગુણ

નિત્ય હોવાથી તેની અપેક્ષાએ પર એવું પણ આ સૂત્રથી વિહિત **सिच् - लुक्** સ્વરૂપ કાર્ય થવા પૂર્વે ગુણ થવાથી પછી **सिच् लुक्** ની પ્રાપ્તિ થતી નથી....ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ... ॥૭૦॥

● ● ●

## इट ईति ४।३।७१॥

**इट्** થી પરમાં રહેલા **सिच्** પ્રત્યયનો; તેની પરમાં **ईत्** હોય તો લોપ થાય છે. **लू** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. તેની પૂર્વે **'सिजद्यत० ३-४-५३'**થી **सिच्** પ્રત્યય. **सिच्** પ્રત્યયની પૂર્વે **'स्ताद्यशितो० ४-४-३२'**થી **इट् [इ]**. **'सः सिज० ४-३-६५'**થી **सिच्** ની પરમાં **ईत्**. **'सिचि परस्मै० ४-३-४४'**થી **लू** ધાતુના **ऊ** ને વૃદ્ધિ **औ** આદેશ. આ સૂત્રથી **सिच्** નો લોપ વગેરે કાર્ય થવાથી **अलवीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે કાપ્યું. **इट इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **इट्** થી જ પરમાં રહેલા **सिच्** પ્રત્યયનો તેની પરમાં **ईत्** હોય તો લોપ થાય છે. તેથી **अकार्षीत्** અહીં **सिच्** ની પૂર્વે **इट्** ન હોવાથી **सिच्** નો આ સૂત્રથી લોપ થતો નથી. **कृ** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વે **सिच्**. તેની પરમાં **ईत्**. **कृ** ધાતુના **ऋ** ને વૃદ્ધિ **आर्** આદેશ...વગેરે કાર્ય થવાથી [**'स्ताद्यशि० ४-४-३२'**થી પ્રાપ્ત **इट्** નો **'एकस्व० ४-४-५६'**થી નિષેધ.] **अकार्षीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે કર્યું. **ईतीति किम् ?=** આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ **इट्** થી પરમાં રહેલા **सिच्** પ્રત્યયનો; તેની પરમાં **ईत्** જ હોય તો લોપ થાય છે. તેથી **अभणिषम्** અહીં **सिच्** પ્રત્યય **इट्** થી પરમાં હોવા છતાં તેની પરમાં **ईत्** ન હોવાથી **सिच्** પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - હું બોલ્યો. ॥૭૧॥

● ● ●

## सो धि वा ४।३।७२॥

ધાતુથી વિહિત ધકારાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **स्** નો વિકલ્પથી લોપ થાય છે. આ સૂત્રમાં **सिच्** ની અનુવૃત્તિ હોવા છતાં **स्** નું ગ્રહણ સામાન્ય **स्** ના ગ્રહણ માટે છે. **चकास्** ધાતુને પઞ્ચમીનો **हि** પ્રત્યય. '**हु धुटो हे र्धिः** ૪-૨-૮૩'થી **हि** ને **धि** આદેશ. આ સૂત્રથી **चकास्** ના **स्** નો લોપ થવાથી **चकाधि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **स्** નો લોપ ન થાય ત્યારે '**तृतीय०** ૧-૩-૪૯'થી **स्** ને **द्** આદેશ થવાથી **चकाद्धि** આવો પ્રયોગ થાય છે. અર્થ - તું પ્રકાશિત થા. **लू** ધાતુને અદ્યતનીમાં **ध्वम्** પ્રત્યય. **ध्वम्** પ્રત્યયની પૂર્વે '**सिजद्य०** ૩-૪-૫૩'થી **सिच्** પ્રત્યય. '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **सिच्** ની પૂર્વે **इट्**. '**नामिनो०** ૪-૩-૧'થી **लू** ધાતુના **ऊ** ને ગુણ **ओ** આદેશ. આ સૂત્રથી **सिच्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **अलविध्वम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **सिच्** નો લોપ ન થાય ત્યારે '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **स्** ને **ष्** આદેશ. **ष्** ને '**तृतीय०** ૧-૩-૪૯'થી **ड्** આદેશ. '**तवर्ग०** ૧-૩-૬૦'થી **ध्** ને **ढ्**

આદેશ...વગેરે કાર્ય થવાથી अलविड्ढ्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તમે કાપ્યું. ॥૭૨॥

● ● ●

## अस्तेः सि हस्त्वेति ४।३।७३॥

સકારાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अस् ધાતુના स् નો લોપ થાય છે અને ए પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા अस् ધાતુના स् ને ह् આદેશ થાય છે. अस् ધાતુને વર્ત્તમાનાનો सिव् [सि] પ્રત્યય. આ સૂત્રથી अस् ધાતુના स् નો લોપ વગેરે કાર્ય થવાથી असि આવો પ્રયોગ થાય છે. वि + अति + अस् ધાતુને ક્રિયાવ્યતિહારમાં 'क्रियाव्यति० ૩-૩-૨૩'થી આત્મનેપદનો વર્ત્તમાનામાં से પ્રત્યય. આ સૂત્રથી अस् ધાતુના स् નો લોપ વગેરે કાર્ય થવાથી व्यतिसे આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - તું છે. તું પરસ્પર છે. वि + अति + अस् ધાતુને ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદમાં વર્ત્તમાનાનો ए પ્રત્યય. આ સૂત્રથી अस् ધાતુના स् ને ह् આદેશ. अस् ધાતુના अ નો 'श्नास्त्यो० ૪-૨-૯૦'થી લોપ વગેરે કાર્ય થવાથી व्यतिहे આવો પ્રયોગ થાય છે. અર્થ - હું પરસ્પર છું. भू ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦'થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન भावि ધાતુને પરોક્ષામાં ए [ईगितः ૩-૩-૯૫ની સહાયથી]પ્રત્યય. 'धातोरने० ૩-૪-૪૬'થી પરોક્ષાના ए પ્રત્યયના સ્થાને आम् આદેશ અને अस् ધાતુનો અનુપ્રયોગ. भावि + आम् + अस् + ए આ અવસ્થામાં 'आमन्ता० ૪-૩-૮૫'થી आम् ની

પૂર્વેના इ ને [णिग् ને] अय् આદેશ. 'द्विर्धातुः० ૪-૧-૧'થી अस् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં स् નો લોપ. 'अस्यादे० ૪-૧-૬૮'થી અભ્યાસમાં अ ને आ આદેશ...વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન भावयाम् + आस् + ए આ અવસ્થામાં આ સૂત્રથી स् ને ह् આદેશ થવાથી भावयामाहे આવો પ્રયોગ થાય છે. અર્થ - મેં ઉત્પન્ન કર્યું. ॥૭૩॥

● ● ●

## दुह - दिह - लिह - गुहो दन्त्यात्मने वा सकः ॥૪॥૩॥૭૪॥

दुह् दिह् लिह् અને गुह् ધાતુની પરમાં રહેલા सक् પ્રત્યયનો તેની પરમાં દન્ત્યવર્ણ છે આદિમાં જેના એવો આત્મનેપદનો પ્રત્યય હોય તો વિકલ્પથી લોપ થાય છે. दुह् અને दिह् ધાતુને આત્મનેપદનો અદ્યતનીમાં त પ્રત્યય. તેની પૂર્વે 'ह शिटो नाम्यु० ૩-૪-૫૫'થી सक् [स] પ્રત્યય. આ સૂત્રથી सक् પ્રત્યયનો લોપ. अदुह् + त, अदिह् + त આ અવસ્થામાં 'भ्वादेर्दा० ૨-૧-૮૩'થી ह् ને घ् આદેશ. 'अधश्च० ૨-૧-૭૯'થી त् ને ध् આદેશ. 'तृतीय० ૧-૩-૪૯'થી घ् ને ग् આદેશાદિ કાર્ય થવાથી अदुग्ध અને अदिग्ध આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सक् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે अदुह्+स+त અને अदिह्+स+त આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ह् ને घ् આદેશ. 'गडदबा० ૨-૧-૭૭'થી द् ને ध् આદેશ. 'अघोषे० ૧-૩-૫૦'થી घ् ને क्

આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सक् ના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી अधुक्षत અને अधिक्षत આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ: - તેણે દોહ્યું. તે લિપ્ત થયો. लिह् ધાતુને અદ્યતનીમાં थास् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ थास् ની પૂર્વે सक् પ્રત્યય. આ સૂત્રથી તેનો લોપ. अलिह् + थास् આ અવસ્થામાં 'हो धुट्-पदान्ते ૨-૧-૮૨'થી ह् ને ढ् આદેશ. 'अधश्च० ૨-૧-૭૯'થી थास् ના थ् ને ध् આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦'થી ध् ને ढ् આદેશ. 'ढस्तड्ढे ૧-૩-૪૨'થી लिढ् ના ढ् નો લોપ અને इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી अलीढाः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सक् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે अलिह् + स + थास् આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ह् ને ढ् આદેશ. 'षढोः कस्सि ૨-૧-૬૨'થી ढ् ને क् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી अलिक्षथाः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં ચાટ્યું. नि+गुह् ધાતુને અદ્યતનીમાં આત્મનેપદનો वहि પ્રત્યય. [व् નું સ્થાન दन्तौष्ठ હોવાથી वहि પ્રત્યય દન્ત્યાદિ છે.] वहि પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सक् પ્રત્યય. આ સૂત્રથી सक् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી न्यगुह्वहि આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सक् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે निगुह्+स+वहि આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ह् ને ढ् આદેશ. 'गडद० ૨-૧-૭૭'થી ग् ને घ् આદેશ. ઉપર જણાવ્યા મુજબ ढ् ને क् આદેશ. स् ને ष् આદેશ. 'मव्यस्याः ૪-૨-૧૧૩'થી सक् ના अ ને દીર્ઘ आ આદેશ....વગેરે કાર્ય થવાથી न्यघुक्षावहि આવો પ્રયોગ થાય છે. અર્થ - અમે બેએ ગુપ્ત રાખ્યું.

दन्त्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ दुह् दिह् लिह् અને गुह् ધાતુની પરમાં રહેલા सक् પ્રત્યયનો તેની પરમાં દન્ત્યાદિ જ આત્મનેપદનો પ્રત્યય હોય તો વિકલ્પથી લોપ થાય છે.

તેથી दुह् ધાતુને આત્મનેપદનો અદ્યતનીમાં महि પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ महि પ્રત્યયની પૂર્વે सक् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ह् ને घ् આદેશ. द् ને ध् આદેશ. घ् ને क् આદેશ. स् ને ष् આદેશ. सक् ના अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી अधुक्षामहि આવો પ્રયોગ થાય છે. અહીં सक् પ્રત્યયની પરમાં દન્ત્યાદિ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી તેનો લોપ થતો નથી. અર્થ - અમે દોહ્યું. ॥૭૪॥

● ● ●

## स्वरेऽतः ४।३।७५॥

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વેના सक् પ્રત્યયના अ નો લોપ થાય છે. दुह् ધાતુને અદ્યતનીનો आताम् પ્રત્યય. 'ह-शिटो० ३-४-५५' થી आताम् ની પૂર્વે सक् પ્રત્યય. 'भ्वादेर्दादे० २-१-८३' થી ह् ને घ् આદેશ. 'गडदबा० २-१-७७' થી दुह् ધાતુના द् ને ध् આદેશ. 'अघोषे० १-३-५०' થી घ् ને क् આદેશ. 'नाम्यन्त० २-३-१५' થી सक् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अधुक्षाताम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે જણાએ દોહ્યું. अधुक्षन्त [अ+दुह्+स+अन्त] અહીં આ સૂત્રથી सक् ના अ નો લોપ થયા પછી તેના સ્થાનિવદ્ ભાવ ના કારણે 'अनतो० ४-२-११४' થી अन्त् ને अत् આદેશ થતો નથી - એ યાદ રાખવું. ॥૭૫॥

● ● ●

## दरिद्रोऽद्यतन्यां वा ४।३।७६।।

અદ્યતનીના વિષયમાં दरिद्रा ધાતુના અન્ત્ય आ નો વિકલ્પથી લોપ થાય છે. दरिद्रा ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી आ નો લોપ. 'सिजद्य० ३-४-५३' થી दि પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. 'स्ताद्यशि० ४-४-३२' થી सिच् ની પૂર્વે इट्. 'सः सिज० ४-३-६५' થી सिच् ની પરમાં ईत्. 'इट ईति ४-३-७१' થી सिच् નો લોપ... વગેરે કાર્ય થવાથી अदरिद्रीत् આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં दरिद्रा ધાતુના અન્ત્ય आ નો લોપ ન થાય ત્યારે अदरिद्रा + स् + ई + त् આ અવસ્થામાં स् ની પૂર્વે 'यमि - रमि० ४-४-८६' થી इट् અને ધાતુના અન્તે स् નો આગમ. ઉપર જણાવ્યા મુજબ सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી अदरिद्रासीत् આવો પ્રયોગ થાય છે: અર્થ - તે દરિદ્ર થયો. ।।૭૬।।

● ● ●

## अशित्यस्सन् - णकज् - णकाऽनटि ४।३।७७।।

सादि सन् પ્રત્યય; णकच् णक અને अनट् પ્રત્યયને છોડીને અન્ય अशित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दरिद्रा ધાતુના અન્ત્ય आ નો લોપ થાય છે. दुर् + दरिद्रा ધાતુને 'दुःस्वीषतः० ५-३-१३९' થી खल् [अ] પ્રત્યય. આ સૂત્રથી दरिद्रा ધાતુના અન્ત્ય आ નો લોપ... વગેરે કાર્ય થવાથી दुर्दरिद्रम्

આવો પ્રયોગ થાય છે. અર્થ - દુ:ખદાયક દારિદ્ર્ય.

**अशितीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सादिसन्** પ્રત્યય, **णकच्** **णक** અને **अनट्** પ્રત્યયથી ભિન્ન **अशित्** જ પ્રત્યય પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા **दरिद्रा** ધાતુના **आ** નો લોપ થાય છે. તેથી **दरिद्राति** અહીં **तिव्-शित्** પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વેના **दरिद्रा** ધાતુના અન્ત્ય **आ** નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - તે દરિદ્ર થાય છે.

**सन्नादिवर्जनं किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सादि सन्** પ્રત્યય; **णकच्** **णक** અને **अनट्** પ્રત્યયથી ભિન્ન જ **अशित्** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **दरिद्रा** ધાતુના અન્ત્ય **आ** નો લોપ થાય છે. તેથી **दिदरिद्रासति दरिद्रायको याति दरिद्रायक:** અને **दरिद्राणम्** અહીં અનુક્રમે **सादि सन्** પ્રત્યય; **णकच्** પ્રત્યય; **णक** પ્રત્યય અને **अनट्** પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા **दरिद्रा** ધાતુના અન્ત્ય **आ** નો આ સૂત્રથી લોપ થતો નથી. **दरिद्रा** ધાતુને **'तुमर्हा० ३-४-२१'** થી **सन् [स]** પ્રત્યય. **'सन्यङश्च ४-१-३'** થી **दर्** ને દ્વિત્વ. **'व्यञ्जन० ४-१-४४'** થી અભ્યાસમાં આદિવ્યઞ્જનનો શેષ. **'सन्यस्य ४-१-५९'** થી અભ્યાસમાં **अ** ને **इ** આદેશ.. વગેરે કાર્ય થવાથી **दिदरिद्रासति** આવો પ્રયોગ થાય છે. અર્થ - દરિદ્ર થવાને ઈચ્છે છે. **दरिद्रा** ધાતુને **'क्रियायां० ५-३-१३'** થી **णकच् [अक]** પ્રત્યય. **'आत ऐ:० ४-३-५३'** થી **आ** ને **ऐ** આદેશ.. વગેરે કાર્ય થવાથી **दरिद्रायको याति** આવો પ્રયોગ થાય છે. અર્થ - દરિદ્ર થવાને જાય છે. **दरिद्रा** ધાતુને **'णक - तृचौ ५-१-४८'** થી **णक [अक]** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **आ** ને **ऐ** આદેશ વગેરે કાર્ય થવાથી **दरिद्रायक:** આવો પ્રયોગ થાય છે. અર્થ - દરિદ્ર. **दरिद्रा** ધાતુને **'अनट् ५-३-१२४'** થી **अनट् [अन]** પ્રત્યય. **'रषृवर्णा० २-३-६३'** થી **अनट्** ના **न्** ને **ण्** આદેશ... વગેરે કાર્ય થવાથી **दरिद्राणम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - દરિદ્ર થવું તે.

આ સૂત્રમાં **अक** સામાન્યના ગ્રહણથી જ **णकच्** અને **णक** પ્રત્યય ઉભયનું ગ્રહણ શક્ય હોવા છતાં **अक** સામાન્યના ગ્રહણથી **'आशिष्यकन् ५-१-७०'** થી આશિષ્ અર્થમાં વિહિત **अकन्** નું ગ્રહણ થઈ જાત તેથી તેના નિવારણ માટે **अक** આ પ્રમાણે સામાન્યનું ઉપાદાન કર્યું નથી. ।।૭૭।।

● ● ●

## व्यञ्जनाद् देः सश्च दः ४।३।७८।।

વ્યઞ્જનાન્ત ધાતુની પરમાં રહેલા **दि** પ્રત્યયનો લોપ થાય છે; અને ત્યારે ધાતુના અન્ત્ય **स्** ને **द्** આદેશ થાય છે. **चकास्** ધાતુને હ્યસ્તનીનો **दिव्** પ્રત્યય. આ સૂત્રથી **दिव्** નો લોપ, અને ધાતુના અન્ત્ય **स्** ને **द्** આદેશ વગેરે કાર્ય થવાથી **अचकात्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે પ્રકાશિત થયો. **जागृ** ધાતુને હ્યસ્તનીમાં **दिव्** પ્રત્યય. **'नामिनो० ४-३-१'** થી **ऋ** ને ગુણ **अर्** આદેશ. આ સૂત્રથી **दिव्** નો લોપ વગેરે કાર્ય થવાથી **अजागः** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે જાગ્યો. **भृ** ધાતુને હ્યસ્તનીમાં **दिव्** પ્રત્યય. **'नामिनो० ४-३-१'** થી **ऋ** ને ગુણ **अर्** આદેશ. **'हवः शिति ४-१-१२'** થી **भर्** ને દ્વિત્વ. અભ્યાસમાં **'व्यञ्जन० ४-१-४४'** થી **र्** નો લોપ. **'द्वितीय० ४-१-४२'** થી અભ્યાસમાં **भ्** ને **ब्** આદેશ. **'पृ - भृ - मा० ४-१-५८'** થી અભ્યાસમાં **अ** ને **इ** આદેશ. આ સૂત્રથી **दिव्** નો લોપ વગેરે કાર્ય થવાથી **अबिभः** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે પોષણ કર્યું. **अनु + शास्** ધાતુને હ્યસ્તનીમાં **दिव्** પ્રત્યય. આ

સૂત્રથી दिव् નો લોપ, તેમ જ ધાતુના स् ને द् આદેશ વગેરે કાર્ય થવાથી: अन्वशात् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે અનુશાસન કર્યું.

व्यञ्जनादिति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાન્ત જ ધાતુની પરમાં રહેલા दिव् પ્રત્યયનો લોપ થાય છે. તેથી अयात् અહીં આકારાન્ત ધાતુથી પરમાં રહેલા दिव् પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - તે ગયો. ॥૭૮॥

● ● ●

## सेः स् - द् - धां च रु र्वा ४।३।७९॥

વ્યઞ્જનાન્ત ધાતુની પરમાં રહેલા सिव् પ્રત્યયનો લોપ થાય છે. અને ત્યારે ધાતુની અન્તે રહેલા स् द् અને ध् ને વિકલ્પથી रु આદેશ થાય છે. પૂર્વ સૂત્રમાં दि પ્રત્યયના નિર્દેશથી; આ સૂત્રમાં सि પ્રત્યય સામાન્યનું ઉપાદાન હોવા છતાં હ્યસ્તનીનો જ सिव् પ્રત્યય અહીં વિવક્ષિત છે. વર્ત્તમાનાનો सिव् પ્રત્યય અહીં વિવક્ષિત નથી - એ યાદ રાખવું. चकास् ધાતુને હ્યસ્તનીમાં सिव् [स्] પ્રત્યય. આ સૂત્રથી सिव् પ્રત્યયનો લોપ; અને चकास् ના स् ને रु આદેશ.. વગેરે કાર્ય થવાથી अचकास्त्वम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી स् ને रु આદેશ ન થાય ત્યારે 'धुटस्तृतीयः ૨-૧-૭૬' થી स् ને द् આદેશ વગેરે કાર્ય થવાથી अचकात् त्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તું પ્રકાશિત થયો. भिद् ધાતુને હ્યસ્તનીનો सिव् પ્રત્યય. આ સૂત્રથી सिव् નો લોપ; અને

ધાતુના અન્ત્ય द् ને रु આદેશ... વગેરે કાર્ય થવાથી अभिनस्त्वम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી द् ને रु આદેશ ન થાય ત્યારે द् ને 'अघोषे० ૧-૩-૫૦' થી त् આદેશ થવાથી अभिनत् त्वम् આવો પ્રયોગ થાય છે. ['रुधां० ૩-૪-૮૨' થી श्न વિકરણ] અર્થ - તેં ભેદ્યું. रुध् ધાતુને હ્યસ્તનીનો सिव् પ્રત્યય. આ સૂત્રથી सिव् નો લોપ. અને ધાતુના અન્ત્ય ध् ને रु આદેશ... વગેરે કાર્ય થવાથી अरुणस्त्वम् ['रुधां० ૩-૪-૮૨' થી श्न વિકરણ પ્રત્યયાદિ કાર્ય] આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ध् ને रु ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ ध् ને द् અને द् ને त् આદેશ થવાથી अरुणत् त्वम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં ઘેરો નાંખ્યો. અહીં ઉપર જણાવ્યા મુજબ ધાતુના અન્ત્ય स् द् અને ध् ને रु આદેશ [र् નહિ] થતો હોવાથી अभिनोऽत्र અહીં 'अतो० ૧-૩-૨૦' થી रु ને उ આદેશાદિ કાર્ય થાય છે. ॥૭૧॥

• • •

## योऽशिति ૪।૩।૮૦॥

વ્યઞ્જનાન્ત ધાતુની પરમાં રહેલા य् ને; તેની પરમાં अशित् પ્રત્યય હોય તો લોપ થાય છે. गम् ધાતુને 'गत्यर्थात्० ૩-૪-૧૧' થી यङ् [य] પ્રત્યય. 'सन्यङश्च ૪-૧-૩' થી गम् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'मुरतोऽनुना० ૪-૧-૫૧' થી અભ્યાસના અન્તે मु [म्] નો

આગમ. 'तौ मु-मौ० १-३-१४' થી मु ના म् ને ङ् આદેશ. जङ्गम्य ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી ता પ્રત્યયની પૂર્વે इट्. 'अतः ४-३-८२' થી य ના अ નો લોપ. આ સૂત્રથી य् નો લોપ થવાથી जङ्गमिता આવો પ્રયોગ થાય છે. અર્થ - કુટિલ રીતે જશે. **व्यञ्जनादित्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાન્ત જ ધાતુથી પરમાં રહેલા य् નો તેની પરમાં અશિત્ પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી સ્વરાન્ત लू ધાતુને 'व्यञ्जना० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી लू ધાતુને દ્વિત્વ. 'आ-गुणा० ४-१-४८' થી અભ્યાસમાં ऊ ને ગુણ ओ આદેશ. लोलूय ધાતુને શ્વસ્તનીમાં ता પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ता પ્રત્યયની પૂર્વે इट्. य ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી लोलूयिता આવો પ્રયોગ થાય છે. અહીં સ્વરાન્ત ધાતુની પરમાં રહેલા य् નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - વારંવાર કાપશે. **अशितीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વ્યઞ્જનાન્ત ધાતુની પરમાં રહેલા य् નો તેની પરમાં अशित् જ પ્રત્યય હોય તો લોપ થાય છે. તેથી बेभिद्यते અહીં शित् વર્ત્તમાનાના ते પ્રત્યયની પૂર્વેના य् નો આ સૂત્રથી લોપ થતો નથી. भिद् ધાતુને 'व्यञ्जना० ३-४-९' થી यङ् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ भिद् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં इ ને ગુણ ए આદેશ. 'द्वितीय० ४-१-४२' થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. बेभिद्य ધાતુને વર્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्य० ३-४-७१' થી शव् [अ] પ્રત્યય. 'लुगस्या० २-१-११३' થી य ના अ નો લોપ થવાથી बेभिद्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર ભેદે છે.॥૮૦॥

● ● ●

## क्यो वा ४।३।८१।।

धातुना; व्यञ्जनथी परमां रहेला **क्य** प्रत्यय सम्बन्धी **य्** नो तेनाथी परमां **अशित्** प्रत्यय होय तो विकल्पथी लोप थाय छे. द्वितीयान्त **समिध्** नामने **समिधमिच्छति** आ अर्थमां '**अमाव्यया०** ३-४-२३' थी **क्यन्** प्रत्ययादि कार्यथी निष्पन्न **समिध्य** धातुने **भविष्यन्ती** नो **स्यति** प्रत्यय. तेनी पूर्वे '**स्ताद्यशि०** ४-४-३२' थी **इट्**. '**नाम्यन्तस्था०** २-३-१५' थी **स्यति** प्रत्ययना **स्** ने **ष्** आदेश. '**अत:** ४-३-८२' थी **क्यन्** [**य**] ना **अ** नो लोप. आ सूत्रथी **य्** नो लोप थवाथी **समिधिष्यति** आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी **य्** नो लोप न थाय त्यारे **समिध्यिष्यति** आवो प्रयोग थाय छे. अर्थ - लाकडा विशेषनी ईच्छा करशे. **दृषदिवाचरति** आ अर्थमां **दृषद्** नामने '**क्यङ्** ३-४-२६' थी **क्यङ्** प्रत्ययादि कार्यथी निष्पन्न **दृषद्य** धातुने **भविष्यन्ती** नो **स्यते** प्रत्यय. उपर जणाव्या मुजब तेनी पूर्वे **इट्**. **स्यते** ना **स्** ने **ष्** आदेश. **य** ना **अ** नो लोप. आ सूत्रथी **क्यङ्** ना **य्** नो लोप थवाथी **दृषदिष्यते** आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी **य्** नो लोप न थाय त्यारे **दृषद्यिष्यते** आवो प्रयोग थाय छे. अर्थ - पत्थरनी जेम आचरे छे. सूत्रमां **क्य** सामान्यनो निर्देश होवाथी **क्यन्** अने **क्यङ्** नुं ग्रहण थाय छे. व्यञ्जनथी परमां **क्यङ्ष्** नो संभव न होवाथी तेनुं ग्रहण थतुं नथी.. ईत्यादि अन्यत्रथी जाणवुं.।।८१।।

• • •

## अतः ४।३।८२॥

**अकारान्त** ધાતુથી વિહિત **अशित्** પ્રત્યય પરમાં હોય તો ધાતુના અન્ત્ય **अ** નો લોપ થાય છે. **कथ** ધાતુને **'चुरादिभ्यो णिच् ३-४-१७'** થી **णिच्** પ્રત્યય. આ સૂત્રથી **कथ** ધાતુના અન્ત્ય **अ** નો લોપ થવાથી નિષ્પન્ન **कथि** ધાતુને વર્ત્તમાનાનો **तिव्** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **कथयति** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે કહે છે. **विहितविशेषणं किम् ?=** આ સૂત્રથી અકારાન્ત ધાતુથી વિહિત જ [અકારાન્ત ધાતુની પરમાં રહેલો નહિ] **अशित्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના અન્ત્ય **अ** નો લોપ થાય છે. તેથી **गम्** ધાતુને **'गत्यर्था० ५-१-११'** થી કર્ત્તામાં અશિત્ **क्त** પ્રત્યય. **'यमिरमि० ४-२-५५'** થી **गम्** ધાતુના અન્ત્ય **म्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **गतः** આવો પ્રયોગ થાય છે. અહીં વ્યઞ્જનાન્ત **गम्** ધાતુથી વિહિત અશિત્ પ્રત્યય પરમાં હોવાથી; **ग+त** આ અવસ્થામાં અકારાન્ત ધાતુની પરમાં **अशित्** પ્રત્યય હોવા છતાં **ग** ના **अ** નો આ સૂત્રથી લોપ થતો નથી. અન્યથા લોપ થાત - એ સમજી શકાય છે. અર્થ - ગયો. **चिकीर्ष्यते चिकीर्ष्यात्**...ઈત્યાદિ સ્થળે **चिकीर्ष** ધાતુથી વિહિત અશિત્ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી વિહિત લોપ વિધિ બલવાન્ હોવાથી **'दीर्घश्च्वि० ४-३-१०८'** થી પર પણ દીર્ઘ વિધિ થતો નથી. અથવા આ સૂત્રથી અશિત્ પ્રત્યયના વિષયમાં જ ઉપર જણાવ્યા મુજબ અકારાન્ત ધાતુના અન્ત્ય **अ** નો લોપ થવાથી **'दीर्घ० ४-३-१०८'** થી **अ** ને દીર્ઘ **आ** આદેશની પ્રાપ્તિ નથી. ॥८२॥

● ● ●

## णेरनिटि ४।३।८३।।

अनिट् अशित् પ્રત્યય પરમાં હોય તો [અનિટ્ અશિત્ પ્રત્યયના વિષયમાં પણ] તેની પૂર્વે રહેલા णि પ્રત્યયનો લોપ થાય છે. तक्ष् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् प्रत्यय. तक्षि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'णि-श्रि० ૩-૪-૫૮' થી दि ની પૂર્વે ङ [अ] પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી तक्ष् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. अततक्ष्+णिग्+अ+त् આ અવસ્થામાં આ સૂત્રથી णिग् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી अततक्षत् આવો પ્રયોગ થાય છે. અર્થ - પતલું કરાવ્યું. चित् ધાતુને 'चुरादिभ्यो० ૩-૪-૧૭' થી णिच् [इ] પ્રત્યય. 'लघोरुपान्त्यस्य ૪-૩-૪' થી चित् ધાતુના ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ થવાથી નિષ્પન્ન चेति ધાતુને 'इङ्गितो० ૫-૨-૪૪' થી વિહિત અશિત્ अन પ્રત્યયના વિષયમાં चेति ધાતુના णिच् નો [इ નો] આ સૂત્રથી લોપ. ત્યારબાદ अन પ્રત્યયાદિ કાર્ય થવાથી चेतनः આવો પ્રયોગ થાય છે. અર્થ - આત્મા. अनिटीति किम् ?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अनिट् જ अशित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા णि પ્રત્યયનો લોપ થાય છે. તેથી ઉપર જણાવ્યા મુજબ कृ ધાતુને णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कारि ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. 'स्ताद्य० ૪-૪-૩૨' થી ता પ્રત્યયની પૂર્વે इट्. कारि+इ+ता આ અવસ્થામાં सेट् અશિત્ પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા णिग् પ્રત્યયનો આ સૂત્રથી લોપ થતો નથી. જેથી 'नामिनो० ૪-૩-૧' થી कारि ના इ ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી कारयिता આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાવશે. ।।૮૩।।

● ● ●

## सेट्क्तयोः ४।३।८४॥

सेट् [इट् સહિત] क्त અને क्तवतु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા णि પ્રત્યયનો લોપ થાય છે. कृ ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન कारि ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪' થી क्त [त] પ્રત્યય. 'स्ताद्यशि० ૪-૪-૩૨' થી क्त પ્રત્યયની પૂર્વે इट्. આ સૂત્રથી णिग् પ્રત્યયનો લોપ ઈત્યાદિ કાર્ય થવાથી कारितः આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાવ્યો. गण ધાતુને 'चुरादि० ૩-૪-૧૭' થી णिच् પ્રત્યય. 'अतः ૪-૩-૮૨' થી ધાતુના અન્ત્ય अ નો લોપ. गणि ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪' થી क्तवतु [तवत्] પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ इट्. આ સૂત્રથી णिच् નો લોપ વગેરે કાર્ય થવાથી गणितवान् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગણ્યું. ॥૮૪॥

● ● ●

## आमन्ताऽऽल्वा ऽऽय्येत्नावय् ४।३।८५॥

आम् अन्त आलु आय्य અને इत्नु પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા णि ને अय् આદેશ થાય છે. कारि [कृ+णिग्] ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. 'धातोर० ૩-૪-૪૬' થી णव् ના સ્થાને आम् આદેશ અને णव् પ્રત્યયાન્ત कृ ધાતુનો [चकार નો] कारि+आम्+चकार આ અવસ્થામાં कारि ધાતુના इ ને [णिग् ને]

આ સૂત્રથી **अय्** આદેશાદિ કાર્ય થવાથી **कारयाञ्चकार** આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાવ્યું. **गण्डि [गण्ड्+णिग्]** ધાતુને **उणादि** નો **अन्त** પ્રત્યય. આ સૂત્રથી **गण्डि** ધાતુના **इ** ને [**णिग्** ને] **अय्** આદેશ...વગેરે કાર્ય થવાથી **गण्डयन्तः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગણ્ડરોગ કરે એમ ઈચ્છનાર. **स्पृहि [स्पृह+णिच्]** ધાતુને **'शीङ्-श्रद्धा० ૫-૨-૩૭'** થી **आलु** પ્રત્યય. આ સૂત્રથી **स्पृहि** ધાતુના અન્ત્ય **इ** [**णिच्**] ને **अय्** આદેશ વગેરે કાર્ય થવાથી **स्पृहयालुः** આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્પૃહા કરનાર. **महि [मह+णिच्]** ધાતુને **उणादि** નો **आय्य** પ્રત્યય. આ સૂત્રથી **महि** ધાતુના **इ** [**णिच्**] ને **अय्** આદેશ વગેરે કાર્ય થવાથી **महयाय्यः** આવો પ્રયોગ થાય છે. અર્થ - જ્યાં દેવતા ગુરુ પૂજાય છે - તે સ્થાન વિશેષ. **स्तनि [स्तन+णिच्]** ધાતુને **उणादि** નો **इत्नु** પ્રત્યય. આ સૂત્રથી **स्तनि** ધાતુના **इ** [**णिच्**] ને **अय्** આદેશ વગેરે કાર્ય થવાથી **स्तनयित्नुः** આવો પ્રયોગ થાય છે. અર્થ - મેઘ.॥૮૫॥

● ● ●

## लघो र्यपि ४।३।८६॥

લઘુવર્ણથી પરમાં રહેલા **णि** પ્રત્યયને; તેની પરમાં **यप्** પ્રત્યય હોય તો **अय्** આદેશ થાય છે. **प्र+शम्** ધાતુને **'प्रयोक्तृ० ३-४-२०'** થી **णिग् [इ]** પ્રત્યય. **'ञ्णिति ४-३-५०'** થી **शम्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. **आ** ને **'अमोऽकम्य० ४-२-२६'** થી હ્રસ્વ *अ* આદેશ. *प्रशमि* ધાતુને *'प्राक्काले ५-४-४७'*થી *क्त्वा*

પ્રત્યય. 'अन० ૩-૨-૧૫૪'થી क्त्वा ને यप् આદેશ. આ સૂત્રથી शमि ધાતુના इ ને [णिग् ને] अय् આદેશ વગેરે કાર્ય થવાથી प्रशमय्य આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્ત કરીને. लघोरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ લઘુ વર્ણથી જ પરમાં રહેલા णि પ્રત્યયને; તેની પરમાં यप् [य] પ્રત્યય હોય તો अय् આદેશ થાય છે. તેથી प्रतिपादि [प्रति+पद्+णिग्] ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય. क्त्वा પ્રત્યયને यप् આદેશ. 'णेरनिटि ૪-૩-૮૩' થી प्रतिपादि ધાતુના इ નો [णिग् નો] લોપ થવાથી प्रतिपाद्य આવો પ્રયોગ થાય છે. અહીં प्रतिपादि ધાતુનો णि પ્રત્યય; દીર્ઘ आ થી પરમાં હોવાથી તેને આ સૂત્રથી अय् આદેશ થતો નથી. યદ્યપિ प्रशमि અને प्रतिपादि બંન્ને ધાતુનો णि પ્રત્યય વ્યઞ્જન म् અને द् થી પરમાં છે લઘુ કે દીર્ઘ વર્ણથી પરમાં નથી પરન્તુ લઘુવર્ણ અને णि પ્રત્યય એ બેની વચ્ચે એક વર્ણ [વ્યઞ્જન]નું વ્યવધાન અહીં ગ્રાહ્ય હોવાથી ઉપર જણાવ્યા મુજબ ઉદાહરણાદિ સંગત છે. અન્યથા આ સૂત્રથી વિહિત अय् સાર્થક નહીં બને. અર્થ - આપીને.॥૮૬॥

● ● ●

## वाऽऽप्नोः ४।३।८७॥

आप् ધાતુની પરમાં રહેલા णि ને તેની પરમાં यप् પ્રત્યય હોય તો વિકલ્પથી अय् આદેશ થાય છે. प्रापि [प्र+आप्+णिग्] ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ૩-૨-૧૫૪'થી

क्त्वा પ્રત્યયને यप् આદેશ. આ સૂત્રથી णिग् [इ] ને अय् આદેશ વગેરે કાર્ય થવાથી प्रापय्य આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી णिग् પ્રત્યયને अय् આદેશ ન થાય ત્યારે 'णेरनिटि ૪-૩-૮૩' થી णिग् પ્રત્યયનો લોપ થવાથી प्राप्य આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કરાવીને. आप्नोरिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आप् [૧૩૦૭] ધાતુથી જ પરમાં [आप् શબ્દમાત્રથી પરમાં નહિ] રહેલા णि પ્રત્યયને; તેનાથી પરમાં यप् પ્રત્યય હોય તો વિકલ્પથી अय् આદેશ થાય છે. તેથી अधि+इ ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યય. 'णौ क्री० ૪-૨-૧૦' થી इ ધાતુને आ આદેશ. તેની પરમાં 'अर्त्ति-री० ૪-૨-૨૧' થી पु [प्] નો આગમ. अध्यापि ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય. क्त्वा ને यप् આદેશ. णिग् નો લોપ વગેરે કાર્ય થવાથી अध्याप्य આવો પ્રયોગ થાય છે. અહીં વિવક્ષિત आप् ધાતુ ન હોવાથી તેનાથી પરમાં રહેલા णिग् [इ] ને આ સૂત્રથી अय् આદેશ થયો નથી. અર્થ - ભણાવીને. ॥૮૭॥

● ● ●

## मेङो वा मित् ४।३।८८॥

यप् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા मेङ् [૬૦૩] ધાતુને વિકલ્પથી मित् આદેશ થાય છે. अप+मे ધાતુના ए ને 'आत् सन्ध्य० ૪-૨-૧' થી आ આદેશ. 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. 'अनञः० ૩-૨-૧૫૪' થી क्त्वा પ્રત્યયને यप् આદેશ. આ

સૂત્રથી **मेङ्** **[मा]** ધાતુને **मित्** આદેશ... વગેરે કાર્ય થવાથી **अपमित्य**-આવો પ્રયોગ થાય છે. વિકલ્પ - પક્ષમાં આ સૂત્રથી **मित्** આદેશ ન થાય ત્યારે **अपमाय** આવો પ્રયોગ થાય છે. અર્થ - બદલામાં આપીને. ॥૮૮॥

● ● ●

## क्षेः क्षीः ४।३।८९॥

**यप्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **क्षि** ધાતુને **क्षी** આદેશ થાય છે. **प्र+क्षि** [૧૦] ધાતુને '**प्राक्काले** ૫-૪-૪૭' થી **क्त्वा** પ્રત્યય. '**अनञः०** ૩-૨-૧૫૪' થી **क्त्वा** પ્રત્યયને **यप्** આદેશ. આ સૂત્રથી **क्षि** ધાતુને **क्षी** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रक्षीय** આવો પ્રયોગ થાય છે. અર્થ - નષ્ટ થઈને. સૂત્રમાં નિરનુબન્ધ **क्षि** ધાતુનું ગ્રહણ હોવાથી '**निरनुबन्धग्रहणे न सानुबन्धस्य**' આ ન્યાયના બલે **क्षिंष्श् हिंसायाम्** [૧૫૪૧] આ **क्षि** ધાતુનું આ સૂત્રમાં ઉપાદાન નથી. ॥૮૯॥

● ● ●

## क्षय्य - जय्यौ शक्तौ ४।३।९०।।

શક્તિ અર્થ ગમ્યમાન હોય તો क्षि અને जि ધાતુના અન્ત્ય इ ને; તેની પરમાં य પ્રત્યય હોય તો अय् આદેશનું નિપાતન કરાય છે. **क्षेतुं शक्यः** અને **जेतुं शक्यः** આ અર્થમાં **'य एच्चातः ५-१-२८'** થી क्षि અને जि ધાતુને य પ્રત્યય. આ સૂત્રથી क्षि અને जि ધાતુના અન્ત્ય इ ને अय् આદેશ વગેરે કાર્ય થવાથી **क्षय्यो व्याधिः** અને **जय्यः शत्रुः** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશઃ- નષ્ટ કરી શકાય એવો રોગ. જિતી શકાય એવો શત્રુ. **शक्ताविति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ શક્તિ અર્થ જ ગમ્યમાન હોય તો क्षि અને जि ધાતુના અન્ત્ય इ ને; તેની પરમાં य પ્રત્યય હોય તો अय् આદેશનું નિપાતન કરાય છે. તેથી क्षि+य અને जि+य આ અવસ્થામાં अर्ह અર્થની વિવક્ષામાં क्षि અને जि ધાતુના इ ને આ સૂત્રથી अय् આદેશ ન થાય ત્યારે **'नामिनो० ४-३-१'** થી इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી **क्षेयं पापम्** અને **जेयं मनः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- નાશ કરવા યોગ્ય પાપ અને જિતવા યોગ્ય મન. અહીં **'शक्तार्हे० ५-४-३५'** ની સહાયથી य પ્રત્યય શક્ત અને અર્હ અર્થમાં વિહિત છે.।।૯૦।।

# **क्रय्यः क्रयार्थे ४।३।९१।।**

ખરીદવા માટે વસ્તુ પ્રસારિત - મૂકેલી હોય તો; **क्री** ધાતુના અન્ત્ય **ई** ને; તેની પરમાં **य** પ્રત્યય હોય તો **अय्** આદેશનું નિપાતન કરાય છે. **क्री** ધાતુને '**य एच्चातः** ૫-૧-૨૮' થી **य** પ્રત્યય. આ સૂત્રથી **क्री** ધાતુના અન્ત્ય **ई** ને **अय्** આદેશ વગેરે કાર્ય થવાથી **क्रय्यो गौः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ખરીદવા માટે બજારમાં મૂકેલો બળદ. **क्रयार्थ इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **क्रयार्थ** જણાવવાનું તાત્પર્ય હોય તો જ **क्री** ધાતુના અન્ત્ય **ई** ને; તેની પરમાં **य** પ્રત્યય હોય તો **अय्** આદેશ થાય છે. તેથી **क्रेयं ते धान्यं न चाऽस्ति प्रसारितम्** અહીં **क्री+य** આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ **क्रयार्थ** વિવક્ષિત ન હોવાથી **क्री** ધાતુના અન્ત્ય **ई** ને આ સૂત્રથી **अय्** આદેશ થતો નથી. જેથી **ई** ને '**नामिनो०** ૪-૩-૧' થી ગુણ **ए** આદેશ વગેરે કાર્ય થવાથી **क्रेयम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ :- તારું અનાજ ખરીદવા યોગ્ય છે પણ તે બજારમાં મુકાએલું નથી. ।।૯૧।।

● ● ●

# सस्तः सि ४।३।९२॥

**स्** છે અન્તે જેના એવા **सन्त** ધાતુના અન્ત્ય **स्** ને; **अशित्** **सादि** [**स्** થી શરૂ થતો] પ્રત્યયના વિષયમાં [તાદૃશ પ્રત્યયના વિધાન પ્રસંગે] **त्** આદેશ થાય છે. **वस्** ધાતુને **भविष्यन्ती** માં સકારાદિ **स्यति** પ્રત્યય. આ સૂત્રથી **सन्त** **वस्** ધાતુના અન્ત્ય **स्** ને **त्** આદેશ થવાથી **वत्स्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - રહેશે. **स इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सकारान्त** જ ધાતુના અન્ત્ય **स्** ને; **अशित्** **सादि** પ્રત્યયના વિષયમાં **त्** આદેશ થાય છે. તેથી **यज्** ધાતુને અશિત્ આશિષ્નો **सीष्ट** પ્રત્યય. '**यजसृज०** ૨-૧-૮૭' થી **ज्** ને **ष्** આદેશ. '**षढोः०** ૨-૧-૬૨' થી **ष्** ને **क्** આદેશ. '**नाम्यन्त०** ૨-૩-૧૫' થી **स्** ને **ष्** આદેશ થવાથી **यक्षीष्ट** આવો પ્રયોગ થાય છે. અહીં **यज्** ધાતુના **ज्** ને આ સૂત્રથી **त्** આદેશ થતો નથી. અર્થ - તે યજ્ઞ કરે. **सीति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **अशित्** **सकारादि** જ પ્રત્યયના વિષયમાં સન્ત ધાતુના અન્ત્ય **स्** ને **त्** આદેશ થાય છે. તેથી **वस्** ધાતુને **आशिष्** માં **सीष्ट** પ્રત્યય. '**स्ताद्यशि०** ४-४-३२' થી **सीष्ट** પ્રત્યયની પૂર્વે **इट्**. '**नाम्यन्त०** २-३-१५' થી **सीष्ट** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ થવાથી **वसिषीष्ट** આવો પ્રયોગ થાય છે. અહીં **इट्** ના કારણે સાદિ પ્રત્યય સ્વરાદિ થવાથી તેની પૂર્વેના સન્ત ધાતુના **स्** ને આ સૂત્રથી **त्** આદેશ થતો નથી. અર્થ - તે ઢાંકે. **अवात्ताम्** ઈત્યાદિ સ્થળે **सिच्** પ્રત્યયના વિષયમાં **सिच्** પ્રત્યયની પૂર્વે જ **वस्** ધાતુના **स्** ને આ સૂત્રથી **त्** આદેશ થાય છે... ઈત્યાદિ સ્વયં વિચારવું. ॥૯૨॥

● ● ●

## दीय् दीङः क्ङिति स्वरे ४।३।९३।।

अशित् स्वराદि-कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા दीङ् ધાતુને दीय् આદેશ થાય છે. उप+दी ધાતુને પરોક્ષાનો आते પ્રત્યય. 'इन्ध्य० ४-३-२१' થી आते પ્રત્યયને किद्वद् ભાવ. उप + दी + आते આ અવસ્થામાં 'द्वि र्धातुः० ४-१-१' થી दी ધાતુને દ્વિત્વ. '-हस्वः ४-१-३९' થી અભ્યાસમાં ई ને -હસ્વ इ આદેશ. આ સૂત્રથી दी ધાતુને दीय् આદેશ થવાથી उपदिदीयाते આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે નજીકમાં નષ્ટ થયા. क्ङितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અશિત્ સ્વરાદિ कित्-ङित् જ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા दीङ् ધાતુને दीय् આદેશ થાય છે. તેથી उप+दी ધાતુને 'अनट् ५-३-१२४' થી अनट् પ્રત્યય. તે પ્રત્યય સ્વરાદિ अशित् હોવા છતાં कित् કે ङित् ન હોવાથી આ સૂત્રથી दी ધાતુને दीय् આદેશ થતો નથી. જેથી 'यबक्ङिति ४-२-७' થી दी ધાતુના ई ને आ આદેશાદિ કાર્ય થવાથી उपदानम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ક્ષય. स्वर इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ कित् કે ङित् અશિત્ સ્વરાદિ જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दीङ् ધાતુને दीय् આદેશ થાય છે. તેથી उप+दी ધાતુને 'व्यञ्जना० ३-४-९' થી यङ् પ્રત્યય. 'सन्यङश्च ४-१-३' થી दी ને દ્વિત્વ. 'आ-गुणा० ४-३-४८' થી અભ્યાસમાં दी ના ई ને ગુણ ए આદેશ. उपदेदीय ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી उपदेदीयते આવો પ્રયોગ થાય છે. અહીં यङ् પ્રત્યય અશિત્ ङित् હોવા છતાં સ્વરાદિ ન હોવાથી दी ધાતુને આ સૂત્રથી दीय् આદેશ થતો નથી. અર્થ - વારંવાર નાશ પામે છે. ।।९३।।

● ● ●

# इडेत्-पुसि चाऽऽतो लुक् ४।३।९४॥

સ્વરાદિ कित् કે ङित् અશિત્ પ્રત્યય પરમાં હોય તેમ જ इट् ए અને पुस् [उस्] પરમાં હોય તો, તેની પૂર્વે રહેલા आकारान्त ધાતુના અન્ત્ય आ નો લોપ થાય છે. पा ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'इन्ध्य० ४-३-२१' થી उस् પ્રત્યયને किद्वद् ભાવ. 'द्विर्धातुः परो० ४-१-१' થી पा ધાતુને દ્વિત્વ. '-हस्वः ४-१-३९' થી અભ્યાસમાં पा ધાતુના आ ને अ આદેશ. આ સૂત્રથી पा ધાતુના आ નો લોપ વગેરે કાર્ય થવાથી पपुः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓએ પીધું. धे ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'आत् सन्ध्य० ४-२-१' થી धे ધાતુના ए ને आ આદેશ. 'ट्धे श्वेर्वा ३-४-५९' થી दि ની પૂર્વે ङ પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ धा ને દ્વિત્વ. અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. 'द्वितीय०,४-१-४२' થી અભ્યાસમાં ध् ને द् આદેશ. આ સૂત્રથી धा ધાતુના आ નો [તેની પરમાં अशित् સ્વરાદિ ङित् ङ (अ) પ્રત્યય હોવાથી] લોપ વગેરે કાર્ય થવાથી अदधत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે પીધું. पा ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ पा ધાતુને દ્વિત્વ. पा ના आ ને અભ્યાસમાં -હસ્વ अ આદેશ. थव् પ્રત્યયની પૂર્વે 'स्क्रसृ-वृ० ४-४-८१' થી इट्. આ સૂત્રથી पा ધાતુના आ નો લોપ... વગેરે કાર્ય થવાથી पपिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં પીધું. वि+अति+रा ધાતુને 'क्रियाव्यति० ३-३-२३' થી આત્મનેપદનો વર્તમાનામાં ए પ્રત્યય. આ સૂત્રથી रा ધાતુના અન્ત્ય आ નો લોપ થવાથી व्यतिरे આવો પ્રયોગ થાય છે. અર્થ - પરસ્પર આપું છું. दा ધાતુને अद्यतनी નો अन् પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ३-४-५३' થી सिच् પ્રત્યય. 'सिज् विदो० ४-२-९२' થી अन् ને पुस् આદેશ. 'पिबैतिदा० ४-३-६६' થી सिच् નો લોપ. આ

સૂત્રથી **दा** ધાતુના અન્ત્ય **आ** નો લોપ વગેરે કાર્ય થવાથી **अदुः** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓએ આપ્યું. ॥૧૪॥

● ● ●

## संयोगादे र्वाऽऽशिष्येः ४।३।९५॥

સંયુક્ત વ્યઞ્જન જેની શરૂઆતમાં છે એવા **आकारान्त** ધાતુના [સંયોગાદિ-આદન્તધાતુના] અન્ત્ય **आ** ને; તેની પરમાં **आशिष्** નો **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો વિકલ્પથી **ए** આદેશ થાય છે. **ग्लै** ધાતુના **ऐ** ને **अशित्** પ્રત્યયના વિષયમાં '**आत् सन्ध्य०** ૪-૨-૧' થી **आ** આદેશ. ત્યારબાદ **आशिष्** નો **क्यात्** પ્રત્યય. આ સૂત્રથી **ग्ला** ધાતુના **आ** ને **ए** આદેશ થવાથી **ग्लेयात्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **आ** ને **ए** આદેશ ન થાય ત્યારે **ग्लायात्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ગ્લાનિ પામે.

**संयोगादेरिति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંયોગાદિ [સંયુક્તવ્યઞ્જનાદિ] જ આકારાન્ત ધાતુના અન્ત્ય **आ** ને; તેની પરમાં આશિષ્નો **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો વિકલ્પથી **ए** આદેશ થાય છે. તેથી **या** ધાતુને આશિષ્નો **क्यात्** પ્રત્યય થવાથી નિષ્પન્ન **यायात्** અહીં **या** ધાતુ સંયોગાદિ ન હોવાથી તેના અન્ત્ય **आ** ને આ સૂત્રથી **ए** આદેશ થતો નથી. અર્થ - તે જાય. **क्ङितीत्येव**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **कित्** કે **ङित्** જ આશિષ્નો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા આકારાન્ત સંયોગાદિ ધાતુના અન્ત્ય **आ** ને વિકલ્પથી **ए** આદેશ થાય છે. તેથી

ઉપર જણાવ્યા મુજબ **ग्लै** ધાતુના **ऐ** ને **आ** આદેશ. ત્યારબાદ આશિષ્નો **सीष्ट** પ્રત્યય. તે **कित्** કે **ङित्** ન હોવાથી **ग्ला** ના **आ** ને આ સૂત્રથી **ए** આદેશ ન થવાથી **ग्लासीष्ट** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ગ્લાનિ પામે.

અહીં યાદ રાખવું જોઈએ કે **अपच्छायाद्** [**अप+छा+यात्(क्यात्)**] અહીં '**स्वरेभ्यः १-३-३०**' થી **छा** ધાતુના **छ** ને દ્વિત્વાદિ કાર્ય થવાથી ધાતુ સંયોગાદિ બનવા છતાં તાદશ ધાતુના અન્ત્ય **आ** ને આ સૂત્રથી **ए** આદેશ થતો નથી. કારણ કે અહીં **संयोग** લાક્ષણિક [સૂત્ર - નિષ્પન્ન] છે. સ્વાભાવિક નથી. '**लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्**' આ ન્યાયના બળે લાક્ષણિક અને સ્વાભાવિક - એ બેના સંભવમાં સ્વાભાવિકનું જ ગ્રહણ થાય છે. લાક્ષણિકનું નહીં... ઈત્યાદિ ભણાવનાર પાસેથી ગમ્ય છે. ॥૯૫॥

● ● ●

## गा-पा-स्था-सा-दा-मा-हाकः ४।३।९६॥

**गा पा स्था सा दा मा** અને **हा** ધાતુના અન્ત્ય **आ** ને; તેનાથી પરમાં **आशिष्** નો **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો **ए** આદેશ થાય છે. આ સૂત્રમાં **गा** અને **स्था** આ બે ધાતુની [**भ्वादि** - ૧લા ગણના ધાતુની] વચ્ચે **पा** ધાતુનો પાઠ હોવાથી **पा** ધાતુ **भ्वादि** ગણના જ [૨ અને ૪૭] લેવાના છે. **सा** થી [ધાતુ પા. નં. ૪૪ અને ૧૧૫૦] **सा** સ્વરૂપવાળા ધાતુનું ગ્રહણ છે. અને **दा** ધાતુથી **दा**

સંજ્ઞક ધાતુઓનું ગ્રહણ છે. गा [गै]; पा [पै અને पा]; स्था; अव+सा [सै અને षो]; दा; धा; मा અને हा ધાતુને આશિષ્ નો क्यात् [यात्] પ્રત્યય. આ સૂત્રથી क्यात् પ્રત્યયની પૂર્વેના અન્ત્ય आ ને ए આદેશ થવાથી અનુક્રમે गेयात्; पेयात्; स्थेयात्; अवसेयात्; देयात्; धेयात्; मेयात् અને हेयात् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ તે ગીત ગાય. તે પીએ અથવા સુકાય. તે ઊભો રહે. તે સમજે. તે આપે. તે ધારણ કરે. તે માપે. તે ત્યાગ કરે. અહીં 'आत् सन्ध्य० ४-२-१' થી गै વગેરે ધાતુના સન્ધ્યક્ષરને आ આદેશ થયો છે. ।।૧૬।।

● ● ●

## ई व्यंजनेऽ यपि ४।३।९७।।

પૂર્વસૂત્રમાં જણાવેલા गा पा स्था सा दा मा અને हा ધાતુના અન્ત્ય आ ને; તેની પરમાં यप् પ્રત્યયને છોડીને અન્ય कित् કે ङित् એવો વ્યઞ્જનાદિ અશિત્ પ્રત્યય હોય તો ई આદેશ થાય છે. गा [गै]; पा [पै;पा]; स्था; अव + सा [सो, सै]; दा; धा અને मा ધાતુને ભાવમાં તે પ્રત્યય. તે પ્રત્યયની પૂર્વે 'क्यः शिति ३-४-७०' થી क्य[य] પ્રત્યય. આ સૂત્રથી य ની પૂર્વે રહેલા गा... વગેરે ધાતુના અન્ત્ય आ ને ई આદેશ થવાથી गीयते; पीयते; स्थीयते; अवसीयते; दीयते; धीयते અને मीयते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગવાય છે. પીવાય છે.. ઉભા રહેવાય છે. સમજાય છે... અપાય છે. ધારણ કરાય છે. મપાય છે. हा ધાતુને 'क्तक्तवतू

૫-૧-૧૭૪' થી क्त પ્રત્યય. આ સૂત્રથી हा ધાતુના અન્ત્ય आ ને ई આદેશ. 'सूयत्या० ૪-૨-૭૦' થી क्त પ્રત્યયના त् ને न् આદેશ.. વગેરે કાર્ય થવાથી हीनः આવો પ્રયોગ થાય છે. અર્થ - ત્યજેલો. गा [गै] ધાતુને 'व्यञ्जना० ૩-૪-૯' થી यङ् [य] પ્રત્યય. આ સૂત્રથી गा ના आ ને ई આદેશ. 'सन्यङश्च ૪-૧-૩' થી गी ને દ્વિત્વ. 'आ-गुणा० ૪-૧-૪૮' થી અભ્યાસમાં ई ને ગુણ ए આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦' થી અભ્યાસમાં ग् ને ज् આદેશથી નિષ્પન્ન जेगीय ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી जेगीयते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર ગાય છે.

**व्यञ्जन इति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यप् પ્રત્યયને છોડીને અન્ય कित् કે ङित् એવો અશિત્ વ્યઞ્જનાદિ જ [સ્વરાદિ નહિ] પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા गा पा स्था सा दा मा અને हा ધાતુના અન્ત્ય आ ને ई આદેશ થાય છે. તેથી स्था ધાતુને પરોક્ષાનો उस् પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧' થી स्था ધાતુને દ્વિત્વ. 'अघोषे० ૪-૧-૪૫' થી અભ્યાસમાં स् નો લોપ. '-ह्रस्वः ૪-૧-૩૯' થી અભ્યાસમાં आ ને -હ્રસ્વ अ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં थ् ને त् આદેશ. तस्था+उस् આ અવસ્થામાં 'इन्ध्यसं० ૪-૩-૨૧' થી उस् પ્રત્યયને किद्वद् ભાવ થવાથી સ્વરાદિ कित् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી स्था ધાતુના आ ને ई આદેશ થતો નથી. જેથી 'इडेत्पुसि० ૪-૩-૯૪' થી आ નો લોપ વગેરે કાર્ય થવાથી तस्थुः આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ ઊભા રહ્યા.

**अयपीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ यप् પ્રત્યયને છોડીને જ અન્ય વ્યઞ્જનાદિ कित् કે ङित् અશિત્ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા गा पा स्था सा दा मा અને हा ધાતુના અન્ત્ય आ ને ई આદેશ થાય છે. તેથી प्र+गा [गै] ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭' થી क्त्वा પ્રત્યય. क्त्वा પ્રત્યયને 'अनञः०

૩-૨-૧૫૪' થી यप् આદેશ. અહીં यप् પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વે રહેલા गा ધાતુના અન્ત્ય आ ને આ સૂત્રથી ई આદેશ ન થવાથી प्रगाय આવો પ્રયોગ થાય છે. અર્થ - ગાયીને.

અહીં યાદ રાખવું કે - 'इडेत्० ૪-૩-૯૪' થી સ્વરાદિ તાદશ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા आकारान्त ધાતુના અન્ત્ય आ ના લોપનું વિધાન હોવાથી; આ સૂત્રમાં 'व्यञ्जने' આ પ્રમાણે નિર્દેશ ન હોય તો પણ તદર્થ પ્રતીત થતો હોવા છતાં તાદશ નિર્દેશ સાક્ષાત્ વ્યઞ્જનની પ્રતિપત્તિ માટે છે. તેથી જ્યાં क्विप् વગેરે વ્યઞ્જનાદિ પ્રત્યયના વિધિ બાદ તેનો લોપ થાય છે, ત્યાં તેના સ્થાનિવદ્ભાવને આશ્રયીને આ સૂત્રથી शंस्थाः पुमान्... ઈત્યાદિ સ્થળે ધાતુના અન્ત્ય आ ને ई આદેશ થતો નથી. क्त्वा પ્રત્યયના સ્થાને થયેલ यप् આદેશ कित् મનાય છે પરન્તુ તાદિ મનાતો નથી - એ અધ્યાપકે જિજ્ઞાસુઓને સમજાવવું જોઈએ. ॥૯૭॥

● ● ●

## घ्रा-ध्मो यँङि ४।३।९८॥

घ्रा અને ध्मा ધાતુના आ ને; તેની પરમાં यङ् પ્રત્યય હોય તો ई આદેશ થાય છે. घ्रा અને ध्मा ધાતુને 'व्यञ्जना० ૩-૪-૯' થી यङ् પ્રત્યય. આ સૂત્રથી घ्रा અને ध्मा ધાતુના आ ને ई આદેશ. 'सन् यङश्च ૪-૧-૩'થી घ्री અને ध्मी ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. ध् ને द् આદેશ.

'गहोर्जः ४-१-४०' थी अभ्यासमां ग् ने ज् आदेश. 'आ - गुणा० ४-१-४८' थी अभ्यासमां ई ने गुण ए आदेश वगेरे कार्य थवाथी जेघ्रीयते अने देध्मीयते आवो प्रयोग थाय छे. अर्थक्रमश :- वारंवार सुंघे छे. वारंवार तपावे छे.॥९८॥

● ● ●

## हनो घ्नी र्वधे ४।३।९९॥

वधार्थक हन् धातुने; तेनी परमां यङ् प्रत्यय होय तो घ्नी आदेश थाय छे. हन् धातुने 'व्यञ्जना० ३-४-९' थी यङ् प्रत्यय. आ सूत्रथी हन् धातुने घ्नी आदेश. 'सन् यङश्च ४-१-३'थी घ्नी ने द्वित्व. 'व्यञ्जनस्या० ४-१-४४'थी अभ्यासमां अनादि व्यञ्जननो लोप. 'द्वितीय० ४-१-४२' थी अभ्यासमां घ् ने ग् आदेश. 'गहोर्जः ४-१-४०' थी ग् ने ज् आदेश. 'आगुणा० ४-१-४८' थी अभ्यासमां ई ने गुण ए आदेश. जेघ्नीय धातुने वर्त्तमानानो ते प्रत्यय वगेरे कार्य थवाथी जेघ्नीयते आवो प्रयोग थाय छे. अर्थ - वारंवार हिंसा करे छे - हणे छे. वध इति किम् ?= गतौ जङ्घन्यते = आ सूत्रथी उपर जणाव्या मुजब वधार्थक ज. हन् धातुने; तेनी परमां यङ् प्रत्यय होय तो घ्नी आदेश थाय छे. तेथी गत्यर्थक हन् धातुने यङ् प्रत्ययादि कार्यथी निष्पन्न जङ्घन्यते आ प्रयोगमां आ सूत्रथी हन् धातुने घ्नी आदेश थतो नथी. हन् धातुने उपर जणाव्या मुजब द्वित्व. अभ्यासमां अनादि व्यञ्जननो लोप. ह् ने अभ्यासमां ज् आदेश. 'अङेहि० ४-२-३४' थी हन्

ધાતુના हू ને घ् આદેશ. 'मुरतो० ૪-૧-૫૧' થી અભ્યાસના અન્તે मु નો આગમ. 'तौ मुमौ० ૧-૩-૧૪' થી मु ના म् ને ङ् આદેશ વગેરે કાર્ય થવાથી जङ्घन्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર જાય છે. ॥૯૯॥

## ञ्णिति घात् ४।३।१००॥

ञित् કે णित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हन् ધાતુને घात् આદેશ થાય છે. हन् ધાતુને 'भावाकर्त्रोः ૫-૩-૧૮' થી घञ् પ્રત્યય. આ સૂત્રથી हन् ધાતુને घात् આદેશ...વગેરે કાર્ય થવાથી घातः આવો પ્રયોગ થાય છે. हन् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦' થી णिग् પ્રત્યય. આ સૂત્રથી हन् ધાતુને घात् આદેશ. घाति ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી घातयति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- હણવું અથવા જવું. હણાવે છે અથવા મોકલે છે.

## ञि - णवि घन् ४।३।१०१।।

ञि અને णव् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા हन् ધાતુને घन् આદેશ થાય છે. हन् ધાતુને અદ્યતનીનો ભાવમાં त પ્રત્યય. त પ્રત્યયની પૂર્વે 'भावकर्मणोः ૩-૪-૬૮' થી ञिच् [इ] પ્રત્યય અને त નો લોપ. આ સૂત્રથી हन् ધાતુને घन् આદેશ. 'ञ्णिति ૪-૩-૫૦' થી घन् ધાતુના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી अघानि આવો પ્રયોગ થાય છે. અર્થ - મરાયું. हन् ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય. हन् ધાતુને આ સૂત્રથી घन् આદેશ. 'द्विर्धातुः० ૪-૧-૧' થી घन् ને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨' થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. ग् ને 'गहोर्जः ૪-૧-૪૦' થી ज् આદેશ. घन् ના अ ને ઉપર જણાવ્યા મુજબ વૃદ્ધિ आ આદેશ થવાથી जघान આવો પ્રયોગ થાય છે. અર્થ - માર્યો.।।૧૦૧।।

● ● ●

## नशे र्नेश् वाऽङि ४।३।१०२।।

अङ् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા नश् ધાતુને વિકલ્પથી नेश् આદેશ થાય છે. नश् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય: 'लृदिद्० ૩-૪-૬૪' થી दि પ્રત્યયની પૂર્વે अङ् [अ] પ્રત્યય. [नश्

ધાતુ पुष्यादि છે. જુઓ ૧૨૦૨] આ સૂત્રથી नश् ધાતુને नेश् આદેશ...વગેરે કાર્ય થવાથી अनेशत् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી नश् ધાતુને नेश् આદેશ ન થાય ત્યારે अनशत् આવો પ્રયોગ થાય છે. અર્થ - નષ્ટ થયો. ॥૧૦૨॥

● ● ●

## श्वयत्यसू - वच - पत: श्वाऽस्थ - वोच - पप्तम् ४।३।१०३॥

अङ् [अ] પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા श्वि ધાતુને श्व; असू [११९८] ધાતુને अस्थ्; वच् ધાતુને वोच् અને पत् ધાતુને पप्त् આદેશ થાય છે. श्वि ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि પ્રત્યયની પૂર્વે 'ऋदिच्छ्वि० ૩-૪-૬૫' થી अङ् પ્રત્યય. આ સૂત્રથી श्वि ધાતુને श्व આદેશ વગેરે કાર્ય થવાથી अश्वत् આવો પ્રયોગ થાય છે. अस् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. 'शास्त्यसू० ૩-૪-૬૦' થી दि પ્રત્યયની પૂર્વે अङ् પ્રત્યય. આ સૂત્રથી अस् ધાતુને अस्थ् આદેશ વગેરે કાર્ય થવાથી आस्थत् આવો પ્રયોગ થાય છે. वच् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि પ્રત્યયની પૂર્વે 'शास्त्यसू० ૩-૪-૬૦' થી अङ् પ્રત્યય. આ સૂત્રથી वच् ધાતુને वोच् આદેશ...વગેરે કાર્ય થવાથી अवोचत् આવો પ્રયોગ થાય છે. पत् ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. दि પ્રત્યયની પૂર્વે 'लृदिद्० ૩-૪-૬૪' થી अङ् પ્રત્યય. આ સૂત્રથી पत् ધાતુને पप्त् આદેશ વગેરે કાર્ય થવાથી अपप्तत् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- તે વધ્યો. તે દુ:ખી થયો અથવા તેણે

નિંદા કરી. તે બોલ્યો. તે પડ્યો. ||૧૦૩||

● ● ●

## शीङ ए शिति ४|३|१०४||

शित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शी ધાતુના અન્ત્ય ई ને ए આદેશ થાય છે. शी ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય. આ સૂત્રથી शी ધાતુના અન્ત્ય ई ને ए આદેશ થવાથી शेते આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ઉંઘે છે. ||૧૦૪||

● ● ●

## क्ङिति यि शय् ४|३|१०५||

य् થી શરૂ થતો कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शी ધાતુને शय् આદેશ થાય છે. शी ધાતુને ભાવમાં વર્ત્તમાનાનો ते પ્રત્યય. તે પ્રત્યયની પૂર્વે 'क्यः शिति ૩-૪-૭૦'થી क्य પ્રત્યય. આ સૂત્રથી शी ધાતુને शय् આદેશ થવાથી शय्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉંઘાય છે. शी ધાતુને 'व्यञ्जना० ૩-૪-૯' થી यङ् પ્રત્યય. આ સૂત્રથી शी ધાતુને शय् આદેશ.

'सन्-यङश्च ४-१-3' थी शय् ने द्वित्व. 'व्यञ्जनस्या० ४-१-४४' थी અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'आ-गुणा० ४-3-४८' थी અભ્યાસમાં श ના अ ને आ આદેશ. शाशय्य ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી शाशय्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર ઉંઘે છે. क्ङितीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ शी ધાતુને તેની પરમાં यादि कित् કે ङित् જ પ્રત્યય પરમાં હોય તો शय् આદેશ થાય છે. તેથી शी ધાતુને 'य एच्चात: ५-१-२८' થી य પ્રત્યય. 'नामिनो० ४-3-१' થી शी ધાતુના ई ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી शेयम् આવો પ્રયોગ થાય છે. અહીં य પ્રત્યય कित् અથવા ङित् ન હોવાથી તેનાથી પૂર્વે રહેલા शी ધાતુને આ સૂત્રથી शय् આદેશ થતો નથી. અર્થ - ઉંઘવું જોઈએ. ॥१०५॥

● ● ●

## उपसर्गादूहो -ह्रस्वः ४।३।१०६॥

यादि कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા; ઉપસર્ગથી પરમાં રહેલા ऊह् ધાતુના ऊ ને -હ્રસ્વ उ આદેશ થાય છે. सम्+ऊह् ધાતુને ભાવમાં વર્ત્તમાનાનો ते પ્રત્યય. તે પ્રત્યયની પૂર્વે 'क्यः शिति ३-४-७०' થી क्य [य] પ્રત્યય. આ સૂત્રથી ऊह् ધાતુના ऊ ને -હ્રસ્વ उ આદેશ થવાથી समुह्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેગા થવાય છે. उपसर्गादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી પરમાં રહેલા જ ऊह् ધાતુના ऊ

ને; તેની પરમાં યાદિ **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો -હ્સ્વ **उ** આદેશ થાય છે. તેથી અનુપસર્ગક **ऊह्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ ભાવમાં **ते** પ્રત્યયાદિ કાર્ય થવાથી નિષ્પન્ન **ऊह्यते** આ પ્રયોગમાં આ સૂત્રથી **ऊह्** ધાતુના **ऊ** ને -હ્સ્વ **उ** આદેશ થતો નથી. અર્થ - તર્ક કરાય છે. **यीत्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી પરમાં રહેલા **ऊह्** ધાતુના **ऊ** ને; તેની પરમાં **यादि** જ **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો -હ્સ્વ **उ** આદેશ થાય છે. તેથી **सम्+ऊह्** ધાતુને **'क्त-क्तवतू ५-१-१७४'** થી **क्त [त]** પ્રત્યય. **त** પ્રત્યયની પૂર્વે **'स्ताद्यशितो० ४-४-३२'** થી **इट्** વગેરે કાર્ય થવાથી **समूहितम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ભેગા થવાયું. અહીં યાદિ **कित्** પ્રત્યય પરમાં ન હોવાથી **ऊह्** ધાતુના **ऊ** ને આ સૂત્રથી -હ્સ્વ **उ** આદેશ થતો નથી.

**ऊ ऊह इति प्रश्लेषः किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ઉપસર્ગથી પરમાં રહેલા **ऊह्** ધાતુના **ऊ** ને જ [સ્વરમાત્રને નહિ]; તેની પરમાં **यादि कित्** કે **ङित्** પ્રત્યય હોય તો -હ્સ્વ **उ** આદેશ થાય છે. આશય એ છે કે - સૂત્રમાંનું **ऊह** પદ સામાન્યથી **ऊह्** ધાતુના સ્વરને સમજાવે છે. પરન્તુ **ऊ ऊह** આ પ્રમાણે તેને વિગૃહીત કરવાથી ઉપર જણાવ્યા મુજબ સૂત્રાર્થ-તાત્પર્યનો વિષય બને છે. આ આશયથી **प्रश्लेषः किम् ?**...આ પ્રશ્ન છે. તેના જવાબમાં **आ ऊह्यते ओह्यते**...ઈત્યાદિ ગ્રન્થ છે. આશય એ છે કે પ્રશ્લેષ વિના સામાન્યથી **ऊह्** ધાતુના સ્વરમાત્રને ઉપર જણાવ્યા મુજબ -હ્સ્વ આદેશનું વિધાન માનીએ તો **समोह्यते** અહીં પણ **ऊह्** ધાતુના **ओ** ને **सम्+ओह्यते** આ અવસ્થામાં -હ્સ્વ **उ** આદેશ કરવાનો અનિષ્ટ પ્રસંગ આવશે. અર્થ - થોડો અથવા અધિક તર્ક કરે છે. ॥१०६॥

● ● ●

## आशिषीण: ४।३।१०७।।

ઉપસર્ગથી પરમાં રહેલા **इण्** ધાતુના **ई** ને; તેની પરમાં **यादि कित्** અથવા **ङित् आशिष्** વિભક્તિનો પ્રત્યય હોય તો -હ્સ્વ **इ** આદેશ થાય છે. **उद्+इण् [इ]** ધાતુને આશિષ્‌નો **क्यात्** પ્રત્યય. '**दीर्घश्च्वि०** ૪-૩-૧૦૮' થી **इ** ને દીર્ઘ **ई** આદેશ. આ સૂત્રથી **ई** ને -હ્સ્વ **इ** આદેશ થવાથી **उदियात्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ઉદય પામે. **ई इण इति प्रश्लेष: किम्?**= આ સૂત્રથી પણ પૂર્વ સૂત્રમાં જણાવ્યા મુજબ પ્રશ્લેષના કારણે ઉપસર્ગથી પરમાં રહેલા **इण्** ધાતુના **ई** ને જ [સ્વર સામાન્યને નહિ]; તેની પરમાં યાદિ **कित्** કે **ङित्** આશિષ્‌નો પ્રત્યય હોય તો -હ્સ્વ **इ** આદેશ થાય છે. તેથી **आ ईयात् एयात्; सम्+एयात् समेयात्** અહીં **इण्** ધાતુના **ए** ને આ સૂત્રથી -હ્સ્વ **इ** આદેશ થતો નથી. અર્થ - તે આવે. ।।૧૦૭।।

● ● ●

## दीर्घश्च्वि - यङ् - यक् - क्येषु च ४।३।१०८।।

**च्वि [०]; यङ् [य]; यक् [य]; क्य [क्य; क्यन्;** અને **क्यङ्ष्]** પ્રત્યય પરમાં હોય અથવા **यादि कित्** કે **ङित् आशिष्** વિભક્તિનો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા સ્વરને દીર્ઘ સ્વરાદેશ થાય છે. **अशुचिं शुचिं करोति** આ અર્થમાં દ્વિતીયાન્ત

**शुचि** નામને '**कृ-भ्वस्तिभ्यां०** ७-२-१२६' થી **च्वि** [०] પ્રત્યય. '**ऐकार्थ्ये** ૩-૨-૮' થી દ્વિતીયાનો લોપ. **शुचि+करोति** આ અવસ્થામાં આ સૂત્રથી **शुचि** નામના અન્ત્ય **इ** ને દીર્ઘ **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **शुचीकरोति** આવો પ્રયોગ થાય છે. અર્થ - અપવિત્રને પવિત્ર કરે છે.

**यङ्** :- **स्तु** ધાતુને '**व्यञ्जनादे०** ૩-૪-૯' થી **यङ्** પ્રત્યય. **स्तु** ધાતુને '**सन्-यङश्च** ૪-૧-૩' થી દ્વિત્વ. '**अघोषे०** ૪-૧-૪૫' થી અભ્યાસમાં **स्** નો લોપ. '**आ-गुणा०** ૪-૩-૪૮' થી અભ્યાસમાં **उ** ને ગુણ **ओ** આદેશ. '**नाम्यन्त०** ૨-૩-૧૫' થી **स्तु** ના **स्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં 'तवर्ग० ૧-૩-૬૦'થી त् ને ट् આદેશ. આ સૂત્રથી स्तु ધાતુના उ ને દીર્ઘ ऊ આદેશ. **तोष्टूय** ધાતુને **ते** પ્રત્યયાદિ કાર્ય થવાથી **तोष्टूयते** આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર સ્તવના કરે છે. **यक्** :- **मन्तु** [**१९९६**] ધાતુને **तिव्** પ્રત્યય. **तिव्** પ્રત્યયની પૂર્વે '**धातोः कण्ड्वादे र्यक्** ૩-૪-૮' થી **यक्** [**य**] પ્રત્યય. આ સૂત્રથી **मन्तु** ધાતુના **उ** ને દીર્ઘ **ऊ** આદેશ થવાથી **मन्तूयति** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે અપરાધ કરે છે.

**क्य** :- **दधि इच्छति; अभृशो भृशोभवति** -અને **अलोहितो लोहितो भवति** આ અર્થમાં **दधि** નામને '**अमाव्य०** ૩-૪-૨૩' થી **क्यन्** [**य**] પ્રત્યય; **भृश** નામને '**च्व्यर्थे भृशा०** ૩-૪-૨૯' થી **क्यङ्** [**य**] પ્રત્યય; અને **लोहित** નામને '**डाच्-लोहि०** ૩-૪-૩૦' થી **क्यङ्ष्** [**य**] પ્રત્યય. '**ऐकार्थ्ये** ૩-૨-૮' થી સ્યાદિ વિભક્તિનો લોપ. આ સૂત્રથી **दधि** નામના **इ** ને દીર્ઘ **ई** આદેશ તેમ જ **भृश** અને **लोहित** નામના અન્ત્ય **अ** ને દીર્ઘ **आ** આદેશ...વગેરે કાર્ય થવાથી **दधीयति भृशायते** અને **लोहितायते** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- દહીંને ઈચ્છે છે. અલ્પ ઘણું થાય છે. અરક્ત રક્ત [લાલ] થાય છે. **स्तु** ધાતુને ભાવમાં વર્ત્તમાનાનો **ते** પ્રત્યય. **ते** પ્રત્યયની પૂર્વે '**क्यः शिति** ૩-૪-૭૦' થી **क्य** પ્રત્યય. આ સૂત્રથી

**स्तु** ધાતુના **उ** ને દીર્ઘ **ऊ** આદેશ વગેરે કાર્ય થવાથી **स्तूयते** આવો પ્રયોગ થાય છે. અર્થ - સ્તવાય છે.

**यादि कित् ङित् आशिष्**:- **इ** ધાતુને **आशिष्** નો **क्यात्** પ્રત્યય. આ સૂત્રથી **इ** ને દીર્ઘ **ई** આદેશ થવાથી **ईयात्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે જાય. ॥૧૦૮॥

● ● ●

## ऋतोरीः ૪।૩।૧૦૯॥

**च्वि यङ् यक्** અને **क्य** [**क्यन् क्यङ्** અને **क्यङ्ष्**] પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **ऋ** ને **री** આદેશ થાય છે. **अपिता पिता स्यात्** આ અર્થમાં **पितृ** નામને '**कृभ्वस्ति०** ૭-૨-૧૨૬' થી **च्वि** [૦] પ્રત્યય. '**ऐकार्थ्ये** ૩-૨-૮' થી **सि** નો લોપ. આ સૂત્રથી **पितृ** નામના **ऋ** ને **री** આદેશ...વગેરે કાર્ય થવાથી **पित्रीस्यात्** આવો પ્રયોગ થાય છે. અર્થ - પિતાથી ભિન્ન પિતા થાય.

**कृ** ધાતુને '**व्यञ्जनादे०** ૩-૪-૯' થી **यङ्** પ્રત્યય. આ સૂત્રથી **कृ** ના **ऋ** ને **री** આદેશ. '**सन्यङश्च** ૪-૧-૩'થી **क्री** ને દ્વિત્વ. '**व्यञ्जन०** ૪-૧-૪૪'થી દ્વિત્વના પૂર્વભાગના **र्** નો લોપ. '**कङश्चञ्** ૪-૧-૪૬' થી અભ્યાસમાં **क्** ને **च्** આદેશ. '**आगुणा०** ૪-૧-૪૮' થી અભ્યાસમાં **ई** ને ગુણ **ए** આદેશ. **चेक्री** ધાતુને **ते** પ્રત્યયાદિ કાર્ય થવાથી **चेक्रीयते** આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર કરે છે.

**मातेवाचरति** અને **पितेवाचरति** આ અર્થમાં **मातृ** અને **पितृ**

નામને 'क्यङ् ૩-૪-૨૬' થી क्यङ्[य] પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી मातृ અને पितृ નામના અન્ત્ય ऋ ને री આદેશ. मात्रीय અને पित्रीय ધાતુને ते પ્રત્યયાદિ કાર્ય થવાથી मात्रीयते અને पित्रीयते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- માતાની જેમ આચરે છે. પિતાની જેમ આચરે છે.

**ऋत इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ च्वि यङ् यक् અને क्य પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ऋ ને જ री આદેશ થાય છે. તેથી कॄ ધાતુને ઉપર જણાવ્યા મુજબ यङ् પ્રત્યય. આ સૂત્રથી દીર્ઘ ॠ ને री આદેશ ન થવાથી 'ॠतां० ૪-૪-૧૧૬' થી ॠ ને इर् આદેશ. 'भ्वादेर्नामि० ૨-૧-૬૩' થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી [ઉપર જણાવ્યા મુજબ कीर् ને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી] चेकीर्यते આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર વિખેરે છે. ॥૧૦૯॥

## रिः श-क्याऽऽ शीर्ये ४।३।११०॥

श क्य અને य થી શરૂ થતો [યાદિ] आशिष् સમ્બન્ધી પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા ઋકારાન્ત ધાતુના ऋ ને रि આદેશ થાય છે. वि+आ+पृ [૧૪૬૫] ધાતુને વર્તમાનાનો ते પ્રત્યય. તે પ્રત્યયની પૂર્વે 'तुदादेः शः ૩-૪-૮૧' થી श [अ] પ્રત્યય. આ સૂત્રથી पृ ધાતુના ऋ ને रि આદેશ. वि+आ+प्रि+अ+ते આ અવસ્થામાં 'धातोरि० ૨-૧-૫૦' થી प्रि ના इ ને इय् આદેશ

થવાથી व्याप्रियते આવો પ્રયોગ થાય છે. અર્થ - તલ્લીન થાય છે. कृ ધાતુને ભાવમાં વર્ત્તમાનાનો ते પ્રત્યય. 'क्यः शिति ૩-૪-૭૦' થી ते પ્રત્યયની પૂર્વે क्य [य] પ્રત્યય. આ સૂત્રથી कृ ધાતુના ऋ ને रि આદેશ થવાથી क्रियते આવો પ્રયોગ થાય છે. અર્થ - કરાય છે. हृ ધાતુને आशिष् નો क्यात् પ્રત્યય. આ સૂત્રથી हृ ના ऋ ને रि આદેશ થવાથી ह्रियात् આવો પ્રયોગ થાય છે. અર્થ - હરણ કરે. ह्रियात् વગેરે સ્થાને रि ના इ ને 'दीर्घश्च्वि० ૪-૩-૧૦૮' થી દીર્ઘ આદેશ થતો નથી. અન્યથા આ સૂત્રથી रि નું વિધાન કર્યું ન હોત. ॥૧૧૦॥

● ● ●

## ईश्च्वाववर्णस्याऽनव्ययस्य ४।३।१११॥

च्वि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા; અવ્યયને છોડીને અન્ય નામના अ વર્ણને [अ,आ ને] ई આદેશ થાય છે. अशुक्लः शुक्लः स्यात् અને अमाला माला स्यात् આ અર્થમાં शुक्ल અને माला નામને 'कृ-भ्वस्ति० ७-२-१२६' થી च्वि પ્રત્યય. 'ऐकार्थ्ये ૩-૨-૮' થી सि નો લોપ. આ સૂત્રથી च्वि પ્રત્યયની પૂર્વેના अ ને અને आ ને દીર્ઘ ई આદેશ...વગેરે કાર્ય થવાથી शुक्लीस्यात् અને मालीस्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ :- અશુક્લ શુક્લ થાય. જે માળા નથી તે માળા થાય. अनव्ययस्येति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવ્યયથી ભિન્ન જ. નામના અન્ત્ય अ વર્ણને; તેની પરમાં च्वि પ્રત્યય હોય તો ई આદેશ થાય છે. તેથી अदिवा दिवाभूता આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ

**दिवा** અવ્યયને **च्वि** પ્રત્યયાદિ કાર્ય થવાથી **दिवाभूता रात्रिः** આવો પ્રયોગ થાય છે. અર્થ - રાત, દિવસ જેવી થઈ, અહીં અવ્યયના અન્ત્ય **आ** ને આ સૂત્રથી **ई** આદેશ થતો નથી. ।।૧૧૧।।

● ● ●

## क्यनि ४।३।११२।।

**क्यन्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા અવર્ણાન્ત નામના અન્ત્ય **अ** વર્ણને **ई** આદેશ થાય છે. **पुत्रमिच्छति** અને **मालामिच्छति** આ અર્થમાં **'अमाव्यया० ३-४-२३'** થી **पुत्र** અને **माला** નામને **क्यन्** પ્રત્યય. **'ऐकार्थ्ये ३-२-८'** થી દ્વિતીયાનો લોપ. આ સૂત્રથી **पुत्र** નામના અન્ત્ય **अ** ને તેમ જ **माला** નામના અન્ત્ય **आ** ને આ સૂત્રથી **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **पुत्रीयति** અને **मालीयति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- પુત્રને ઈચ્છે છે. માળાને ઈચ્છે છે. ।।૧૧૨।।

● ● ●

## क्षुत् - तृड् - गर्ध्ये ऽ शनायोदन्य - धनायम् ४।३।११३।।

**क्षुधा** અર્થ ગમ્યમાન હોય ત્યારે **अशन** નામના અન્ત્ય **अ** ને; **तृषा** અર્થ ગમ્યમાન હોય ત્યારે **उदक** નામને અને **गर्द्धा** અર્થ ગમ્યમાન હોય ત્યારે **धन** નામના અન્ત્ય **अ** ને; તેની પરમાં **क्यन्** પ્રત્યય હોય તો અનુક્રમે **आ** આદેશનું; **उदन्** આદેશનું અને **आ** આદેશનું નિપાતન કરાય છે. **क्षुधा अशनमिच्छति; तृषा उदकमिच्छति** અને **गर्द्धया धनमिच्छति** આ અર્થમાં **अशन उदक** અને **धन** નામને **'अमाव्यया० ३-४-२३'** થી **क्यन्** પ્રત્યય. **'ऐकार्थ्ये ३-२-८'** થી **अम्** નો લોપ. આ સૂત્રથી **अशन** અને **धन** નામના અન્ત્ય **अ** ને **आ** આદેશ. **उदक** નામને **उदन्** આદેશ. **अशनाय उदन्य** અને **धनाय** ધાતુને વર્ત્તમાનાનો **तिव्** પ્રત્યય...વગેરે કાર્ય થવાથી **अशनायति उदन्यति** અને **धनायति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- ભૂખથી ભોજનને ઈચ્છે છે. તૃષાથી પાણીને ઈચ્છે છે. આસક્તિથી ધનને ઈચ્છે છે.

**क्षुदादाविति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **क्षुधा-तृषा** અને **गर्द्धा** અર્થ ગમ્યમાન હોય ત્યારે જ; **अशन** નામના અન્ત્ય **अ** ને; **उदक** નામને અને **धन** નામના અન્ત્ય **अ** ને અનુક્રમે **आ उदन्** અને **आ** આદેશનું નિપાતન કરાય છે. તેથી **क्षुधा तृषा** અને **गर्द्धा** અર્થ ગમ્યમાન ન હોય ત્યારે **अशनमिच्छति उदकमिच्छति** અને **धनमिच्छति** આ અર્થમાં ઉપર જણાવ્યા મુજબ **अशन उदक** અને **धन** નામને **क्यन्** પ્રત્યય. **अम्** નો લોપ. **'क्यनि ४-३-११२'** થી **क्यन्** પ્રત્યયની પૂર્વેના અન્ત્ય **अ** ને **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **अशनीयति उदकीयति** અને **धनीयति दातुम्** આવો પ્રયોગ થાય છે. અર્થ ક્રમશ :- આપવા માટે ભોજન ઈચ્છે છે.

આપવા માટે પાણી ઈચ્છે છે. આપવા માટે ધન ઈચ્છે છે. ॥૧૧૩॥

• • •

## वृषाऽश्वान् मैथुने स्सोऽन्तः ४।३।११४॥

મૈથુન અર્થ ગમ્યમાન હોય ત્યારે **वृष** અને **अश्व** નામના અન્તે; તેની પરમાં **क्यन्** પ્રત્યય હોય તો **स्स्** નો [**स्** નો] આગમ થાય છે. બે **स** કારનો [**स्स्** નો] પાઠ; આ સૂત્રથી વિહિત એ **स्** ને '**नाम्यन्तस्था॰** ૨-૩-૧૫' થી **ष्** આદેશ ન થાય - એ માટે છે. તેથી '**अस् च लौल्ये** ૪-૩-૧૧૫' થી વિહિત **स्** આગમના **स्** ને **ष्** આદેશ ન થવાથી **दधिस्यति**...વગેરે પ્રયોગ થાય છે. **वृषमिच्छति गौः** અને **अश्वमिच्छति वडवा** આ અર્થમાં દ્વિતીયાન્ત **वृष** અને **अश्व** નામને '**अमाव्ययात्** ૩-૪-૨૩' થી **क्यन्** [**य**] પ્રત્યય. **अम्** નો '**ऐकार्थ्ये** ૩-૨-૮' થી લોપ. આ સૂત્રથી **वृष** અને **अश्व** નામના અન્તે **स्** નો આગમ. **वृषस्य** અને **अश्वस्य** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **वृषस्यति गौः** અને **अश्वस्यति वडवा** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગાય બળદને ઈચ્છે છે. ઘોડી ઘોડાને ઈચ્છે છે. **मैथुन इति किम्** ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ મૈથુન અર્થ ગમ્યમાન હોય ત્યારે જ **वृष** અને **अश्व** નામના અન્તે; તેની પરમાં **क्यन्** પ્રત્યય હોય તો **स्स्** [**स्**] નો આગમ થાય છે. તેથી **वृषमिच्छति ब्राह्मणी** અને **अश्वमिच्छति ब्राह्मणी** આ અર્થમાં **वृष** અને **अश्व** નામને **क्यन्** પ્રત્યયાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી તેમ જ '**क्यनि** ૪-૩-૧૧૨' થી **क्यन्** પ્રત્યયની પૂર્વેના

અન્ત્ય अ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી **वृषीयति ब्राह्मणी** અને **अश्वीयति ब्राह्मणी** આવો પ્રયોગ થાય છે. અહીં મૈથુન અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી **वृष** અને **अश्व** નામના અન્તે **स्** નો આગમ થતો નથી. *અર્થક્રમશઃ- બ્રાહ્મણી બળદને ઈચ્છે છે. બ્રાહ્મણી ઘોડાને ઈચ્છે છે.*।।૧૧૪।।

● ● ●

## अस् च लौल्ये ४।३।११५।।

ભોગેચ્છાના અતિરેકને લૌલ્ય કહેવાય છે. **लौल्य** અર્થ ગમ્યમાન હોય તો; નામના અન્તે; તેની પરમાં **क्यन्** પ્રત્યય હોય તો **स्स्** [**स्**] નો અને **अस्** નો આગમ થાય છે. **दधि भक्षितुमिच्छति** આ અર્થમાં **दधि** નામને **'अमाव्य० ३-४-२३'** થી **क्यन्** પ્રત્યય. **'ऐकार्थ्ये ३-२-८'** થી દ્વિતીયાનો લોપ. આ સૂત્રથી **दधि** નામના અન્તે **स्स्** નો [**स्** નો] આગમ. **दधिस्य** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **दधिस्यति** આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી **दधि** નામના અન્તે **अस्** નો આગમ. **दध्यस्य** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **दध्यस्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - દહીં ખાવાની તીવ્ર ઈચ્છા કરે છે. **लौल्य इति किम् ?=** આ સૂત્રથી લૌલ્ય અર્થ ગમ્યમાન હોય ત્યારે જ ઉપર જણાવ્યા મુજબ **क्यन्** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વેના નામના અન્તે **स्स्** અને **अस्** નો આગમ થાય છે. તેથી **क्षीरं दातुमिच्छति** આ અર્થમાં **क्षीर** નામને ઉપર જણાવ્યા મુજબ **क्यन्** પ્રત્યયાદિ કાર્ય થવાથી અને **'क्यनि ४-३-११२'** થી **क्षीर** નામના

**अ** ને **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **क्षीरीयति दातुम्** આવો પ્રયોગ થાય છે. અહીં લૌલ્ય અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી **क्षीर** નામના અન્તે **स्स्** અને **अस्** નો આગમ થતો નથી. અર્થ - આપવા માટે દુધને ઈચ્છે છે.॥૧૧૫॥

**कर्णं च सिन्धुराजं च**......યુદ્ધમાં દુર્જય એવા કર્ણ [કર્નાટકનો રાજા] અને સિન્ધરાજ [સિન્ધ દેશનો રાજા] ને જીતીને શ્રી ભીમરાજાએ પ્રકારાન્તરથી મહાભારત કર્યું. પૂર્વે પાંડવોને કર્ણે અને સિન્ધરાજ જયદ્રથે જીત્યા હતા; જ્યારે હાલમાં આ ભીમરાજાએ બંન્નેને જીતીને મહાભારત અન્યથા કર્યું છે.

**इति श्रीसिद्धहेमचन्द्र शब्दानुशासन लघुवृत्तिविवरणे चतुर्थेऽध्याये तृतीयः पादः।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता॥**

● ● ●

अथ प्रारभ्यते चतुर्थे ऽ ध्याये चतुर्थः पादः।

# अस्ति - ब्रुवोर्भू - वचावशिति ४।४।१।।

**अशित्** પ્રત્યયના વિષયમાં [તાદૃશ પ્રત્યય કરવાના પ્રસંગે] **अस्** [૧૧૦૨] ધાતુને **भू** અને **ब्रू** ધાતુને **वच्** આદેશ થાય છે. **'य एच्चातः** ૫-૧-૨૮' થી સ્વરાન્ત ધાતુથી વિહિત **य** પ્રત્યયના વિષયમાં **अस्** ધાતુને **भू** આદેશ આ સૂત્રથી થયા બાદ **य** પ્રત્યય. **'नामिनो०** ૪-૩-૧' થી **भू** ના **ऊ** ને ગુણ **ओ** આદેશ. **'य्यक्ये** ૧-૨-૨૫' થી **ओ** ને **अव** આદેશ ઈત્યાદિ કાર્ય થવાથી **भव्यम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - થવું જોઈએ. **ब्रू** ધાતુને અદ્યતનીનો **दि** **[त्]** પ્રત્યય. આ સૂત્રથી **ब्रू** ધાતુને **वच्** આદેશ. **'शास्त्यसू०** ૪-૩-૬૦' થી **दि** પ્રત્યયની પૂર્વે **अङ्** **[अ]** પ્રત્યય. **'श्वयत्य०** ૪-૩-૧૦૩' થી **वच्** ને **वोच्** આદેશ વગેરે કાર્ય થવાથી **अवोचत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે બોલ્યો. **अशितीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અશિત્ જ પ્રત્યયના વિષયમાં **अस्** ધાતુને **भू** આદેશ અને **ब्रू** ધાતુને **वच्** આદેશ થાય છે. તેથી **अस्** ધાતુને સપ્તમીનો **[शित्] यात्** પ્રત્યય. **अस्** ધાતુના **अ** નો **'श्नास्त्योः** ૪-૨-૯૦' થી લોપ થવાથી **स्यात्** આવો પ્રયોગ થાય છે. **ब्रू** ધાતુને વર્ત્તમાનાનો **ते** પ્રત્યય થવાથી **ब्रूते** આવો પ્રયોગ થાય છે. અહીં **शित्** પ્રત્યયનો વિષય હોવાથી **अस्** ધાતુને **भू** આદેશ અને **ब्रू** ધાતુને **वच्** આદેશ આ સૂત્રથી થતો નથી. અર્થક્રમશઃ - હોય. તે કહે છે. યદ્યપિ **भू** અને **वच्** ધાતુ પૃથગ્ હોવાથી **भव्यम्** અને **अवोचत्** ઈત્યાદિ પ્રયોગો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **अस्** અને **ब्रू** ધાતુને **भू** અને **वच्** આદેશનું વિધાન કર્યા વિના પણ થઈ

શકે છે; પરન્તુ अशित् પ્રત્યયના વિષયમાં अस् અને ब्रू ધાતુનું સ્વરૂપ ન પ્રયોજાય - અર્થાત્ તેના રૂપાન્તરનો પ્રયોગ ન થાય- એ માટે આ સૂત્રથી भू અને वच् આદેશનું વિધાન છે. **चकासामास** ઈત્યાદિ સ્થળે अस् ધાતુના અનુપ્રયોગનું વિધાન હોવાથી ત્યાં અશિત્ પ્રત્યયનો વિષય હોવા છતાં આ સૂત્રથી अस् ધાતુને भू આદેશ થતો નથી...ઈત્યાદિ યાદ રાખવું. ॥૧॥

● ● ●

## अघञ्क्यबलच्यजेर्वी ૪।૪।૨॥

घञ् [अ], क्यप् [य]; अल् [अ] અને अच् [अ] પ્રત્યયને છોડીને અન્ય अशित् પ્રત્યયના વિષયમાં अज् ધાતુને वीं [वी] આદેશ થાય છે. 'य एच्चातः ૫-૧-૨૮'થી य પ્રત્યય કરવાના પ્રસંગે प्र + अज् ધાતુના अज् ને આ સૂત્રથી वी આદેશ બાદ य પ્રત્યય. वी ના ई ને 'नामिनो० ૪-૩-૧'થી ગુણ ए આદેશ...વગેરે કાર્ય થવાથી **प्रवेयम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - જવું જોઈએ. **अघञ्क्यबलचीति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घञ् क्यप् अल् અને अच् પ્રત્યયથી ભિન્ન જ अशित् પ્રત્યયના વિષયમાં अज् ધાતુને वीं આદેશ થાય છે. તેથી सम् + अज् ધાતુને 'भावाकर्त्रोः ૫-૩-૧૮'થી घञ् [अ] પ્રત્યય. 'ञ्णिति ૪-૩-૫૦'થી अज् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશાદિ કાર્ય થવાથી **समाजः** આવો પ્રયોગ થાય છે. અર્થ - લોકોનો સમુદાય. सम् + अज् ધાતુને 'समज० ૫-૩-૯૯'થી क्यप् [य] પ્રત્યય. 'आत् ૨-૪-૧૮'થી समज्य નામને आप् પ્રત્યયાદિ કાર્ય થવાથી **समज्या**

આવો પ્રયોગ થાય છે. અર્થ-સભા. उद् + अज् ધાતુને 'समुदोऽजः० ૫-૩-૩૦'થી अल् [अ] પ્રત્યયાદિ કાર્ય થવાથી उदजः આવો પ્રયોગ થાય છે. અર્થ-પશુઓનો સમુદાય. अज् ધાતુને 'अच् ૫-૧-૪૯'થી अच् [अ] પ્રત્યય વગેરે કાર્ય થવાથી अजः पशुः આવો પ્રયોગ થાય છે. અર્થ-પશુ. અહીં ઉપર જણાવ્યા મુજબ घञ् क्यप् अल् અને अच् પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી अज् ધાતુને वीं [वी] આદેશ થતો નથી. અહીં वीं આ પ્રમાણે અનુસ્વારેત્ આદેશનું વિધાન હોવાથી યથાપ્રાપ્ત તેની પરમાં इट् નહિ થાય. ॥૨॥

● ● ●

## त्रने वा ૪।૪।૩॥

तृ અને अन પ્રત્યયના વિષયમાં अज् ધાતુને वीं [वी] આદેશ વિકલ્પથી થાય છે. प्र+अज् ધાતુને 'णक-तृचौ ૫-૧-૪૮'થી तृ પ્રત્યય. આ સૂત્રથી अज् ધાતુને वी આદેશ. वी ના ई ને 'नामिनो० ૪-૩-૧'થી ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી प्रवेता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી अज् ધાતુને वीं આદેશ ન થાય ત્યારે 'स्ताद्यशितो० ૪-૪-૩૨' થી तृच् પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી प्राजिता આવો પ્રયોગ થાય છે. અર્થ-જનાર. प्र + अज् ધાતુને 'करणाधारे ૫-૩-૧૨૯'થી अनट् [अन] પ્રત્યય. આ સૂત્રથી अज् ધાતુને वी આદેશ. वी ધાતુના ई ને 'नामिनो० ૪-૩-૧'થી ગુણ ए આદેશ. 'एदैतो० ૧-૨-૨૩'થી ए ને अय् આદેશ. अनट् પ્રત્યયના न् ને 'स्वरात् ૨-૩-૮૫'થી ण् આદેશ

વગેરે કાર્ય થવાથી **प्रवयण:** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **अज्** ધાતુને **वी** આદેશ ન થાય ત્યારે **प्राजन:** આવો પ્રયોગ થાય છે. અર્થ - દંડ. ॥૩॥

● ● ●

## चक्षो वाचि क्शांग्-ख्यांग् ४।४।४॥

**अशित्** પ્રત્યયના વિષયમાં બોલવું - આ અર્થવાળા **चक्ष्** ધાતુને **क्शांग्** [**क्शा**] અને **ख्यांग्** [**ख्या**] આદેશ થાય છે. **आ** + **चक्ष्** ધાતુને **भविष्यन्ती** ના વિષયમાં આ સૂત્રથી **क्शांग्** અને **ख्यांग्** આદેશ. તે બંન્ને **गित्** હોવાથી '**ईगित:** ૩-૩-૯૫'થી આત્મનેપદનો **स्यते** પ્રત્યય; અને '**शेषात्०** ૩-૩-૧૦૦'થી પરસ્મૈપદનો **स्यति** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **आक्शास्यते आक्शास्यति** અને **आख्यास्यते आख्यास्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - બોલે છે. '**य एच्चात:** ૫-૧-૨૮'થી વિહિત **अशित् य** પ્રત્યયના વિષયમાં **आ** + **चक्ष्** ધાતુના **चक्ष्** ને આ સૂત્રથી **क्शांग्** અને **ख्यांग्** આદેશ થવાથી **य** પ્રત્યય અને તેના યોગમાં **क्शा** અને **ख्या** ધાતુના **आ** ને **ए** આદેશ વગેરે કાર્ય થવાથી **आक्शेयम्** અને **आख्येयम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - કહેવું જોઈએ.

**वाचीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બોલવું - આ જ અર્થવાળા **चक्ष** ધાતુને; **अशित्** પ્રત્યયના વિષયમાં **क्शांग्** અને **ख्यांग्** આદેશ થાય છે. તેથી **वि** + **चक्ष्** ધાતુને; તે બોલવું - આ અર્થવાળો ન હોવાથી [બોધાર્થક હોવાથી] '**नन्द्यादि०**

૫-૧-૫૨'થી વિહિત **अन** પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી **क्शांग्** અને **ख्यांग्** આદેશ થતો નથી. જેથી **विचक्षण:** આવો પ્રયોગ થાય છે. અર્થ - જાણકાર. ।।૪।।

● ● ●

## नवा परोक्षायाम् ४।४।५।।

બોલવું -આ અર્થવાળા **चक्ष्** ધાતુને પરોક્ષાના વિષયમાં વિકલ્પથી **क्शांग्** અને **ख्यांग्** આદેશ થાય છે. **आ** + **चक्ष्** ધાતુના **चक्ष्** ને પરોક્ષાના **णव्** પ્રત્યયના વિષયમાં આ સૂત્રથી **क्शांग्** અને **ख्यांग्** આદેશ. **आ** + **क्शा** + **णव्** અને **आ** + **ख्या** + **णव्** આ અવસ્થામાં '**आतो णव औ:** ૪-૨-૧૨૦'થી **णव्** ને **औ** આદેશ. '**द्विर्धातु:०** ૪-૧-૧'થી **क्शा** અને **ख्या** ને દ્વિત્વ. '**व्यञ्जनस्या०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. '**-हस्व:** ૪-૧-૩૯'થી અભ્યાસમાં **आ** ને -હસ્વ **अ** આદેશ. '**द्वितीय०** ૪-૧-૪૨'થી અભ્યાસમાં **ख्** ને **क्** આદેશ. '**कङश्चञ्** ૪-૧-૪૬'થી અભ્યાસમાં **क्** ને **च्** આદેશ...વગેરે કાર્ય થવાથી **आचक्शौ** અને **आचख्यौ** આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં **चक्ष्** ધાતુને **क्शांग्** અને **ख्यांग्** આદેશ ન થાય ત્યારે **आ** + **चक्ष्** ધાતુને પરોક્ષાનો **ए** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **आचचक्षे** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે કહ્યું. ।।૫।।

● ● ●

## भृज्जो भर्ज् ४।४।६।।

भ्रस्ज् ધાતુને अशित् પ્રત્યયના વિષયમાં વિકલ્પથી भर्ज् આદેશ થાય છે. भ्रस्ज् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી भ्रस्ज् ધાતુને भर्ज् આદેશ. 'यजसृज० २-१-८७'થી भर्ज् ધાતુના ज् ને ष् આદેશ. 'तवर्ग० १-३-६०'થી त् ને ट् આદેશ થવાથી भर्ष्टा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી भ्रस्ज् ધાતુને भर्ज् આદેશ ન થાય ત્યારે भ्रस्ज् + ता આ અવસ્થામાં 'संयोग० २-१-८८'થી स् નો લોપ. ઉપર જણાવ્યા મુજબ ज् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી भ्रष्टा આવો પ્રયોગ થાય છે. અર્થ - ભુંજશે. ।।૬।।

● ● ●

## प्राद् दागस्त्त आरम्भे क्ते ४।४।७।।

क्त પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા प्र ઉપસર્ગથી પરમાં રહેલા આરંભકાલીન દાનાર્થક दा ધાતુને વિકલ્પથી त्त् આદેશ થાય છે. प्र + दा ધાતુને 'आरम्भे ५-१-१०'થી क्त [त] પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુને त्त् આદેશ. 'धुटो धुटि० १-३-४८'થી त्त् ના અન્ત્ય त् નો લોપ...વગેરે કાર્ય થવાથી प्रत्तः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दा ધાતુને त्त् આદેશ ન થાય ત્યારે 'दत् ४-४-१०'થી दा ધાતુને दत् આદેશ વગેરે કાર્ય થવાથી प्रदत्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - દાન આપવાની શરૂઆત કરી. प्रादिति

किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા प्र ઉપસર્ગથી જ પરમાં રહેલા આરંભકાલીન દાનાર્થક दा ધાતુને વિકલ્પથી त्त् આદેશ થાય છે. તેથી परि + दा + तं આ અવસ્થામાં परि ઉપસર્ગથી પરમાં રહેલા दा ધાતુને આ સૂત્રથી વિકલ્પે त्त् આદેશ થતો નથી. જેથી 'स्वरादु० ૪-૪-૯'થી दा ધાતુને નિત્ય त्त् આદેશ વગેરે કાર્ય થવાથી परीत्तम् આવો પ્રયોગ થાય છે. અહીં 'दस्ति ૩-૨-૮૮'થી परि ઉપસર્ગના इ ને દીર્ઘ ई આદેશ થાય છે. 'धुटो धुटि० ૧-૩-૪૮' ના વિકલ્પપક્ષમાં प्रत्त:...ઈત્યાદિ પણ પ્રયોગ થાય છે. અર્થ - આપવાની શરૂઆત કરી. ॥૭॥

● ● ●

## नि-वि-स्वन्ववात् ૪।૪।૮॥

नि वि सु अनु અને अव ઉપસર્ગથી પરમાં રહેલા दा ધાતુને; તેની પરમાં क्त પ્રત્યય હોય તો વિકલ્પથી त्त् આદેશ થાય છે. नि + दा; वि + दा; सु + दा; अनु + दा અને अव + दा ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુને त्त् આદેશ. 'धुटो धुटि० ૧-૩-૪૮'થી त्त् ના અન્ત્ય त् નો લોપ. 'दस्ति ૩-૨-૮૮'થી नि અને वि ના इ ને દીર્ઘ ई આદેશ. તેમજ सु અને अनु ના અન્ત્ય उ ને દીર્ઘ ऊ આદેશ વગેરે કાર્ય થવાથી नीत्तम् वीत्तम् सूत्तम् अनूत्तम् અને अवत्तम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दा ધાતુને त्त् આદેશ ન થાય ત્યારે 'दत्

૪-૪-૧૦'થી दा ધાતુને दत् આદેશાદિ કાર્ય થવાથી निदत्तम् विदत्तम् सुदत्तम् अनुदत्तम् અને अवदत्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ - [બધાનો] - આપ્યું. ॥૮॥

● ● ●

## स्वरादुपसर्गाद् दस्ति कित्यधः ४।४।९॥

સ્વરાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા; धा ધાતુથી ભિન્ન એવા दा સંજ્ઞાવાળા ધાતુને; તેની પરમાં त् થી શરૂ થતો [तादि] कित् પ્રત્યય હોય તો નિત્ય त्त् આદેશ થાય છે. प्र + दा ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુને त्त् આદેશ. 'धुटो धुटि० ૧-૩-૪૮'થી त्त् ના અન્ત્ય त् નો લોપ વગેરે કાર્ય થવાથી प्रत्तः આવો પ્રયોગ થાય છે. અર્થ - આપ્યું. परि + दा ધાતુને 'ड्वितस्त्रिमक्० ૫-૩-૮૪'થી त्रिमक् [त्रिम] પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુને त्त् આદેશ. 'धुटो धुटि० ૧-૩-૪૮'થી त्त् ના અન્ત્ય त् નો લોપ. 'दस्ति ૩-૨-૮૮'થી परि ના इ ને દીર્ઘ ई આદેશાદિ કાર્ય થવાથી परीत्त्रिमम् આવો પ્રયોગ થાય છે. અર્થ - બધું આપવા વડે બનાવેલું.

उपसर्गादिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાન્ત ઉપસર્ગથી જ[નામ માત્રથી નહિ] પરમાં રહેલા धा ધાતુથી ભિન્ન दा સંજ્ઞાવાળા ધાતુને; તેની પરમાં तादि-कित् પ્રત્યય હોય તો त्त् આદેશ થાય છે. તેથી दधि दत्तम् અહીં ઉપર જણાવ્યા મુજબ दा ધાતુને क्त પ્રત્યય. 'दत् ૪-૪-૧૦'થી दा ધાતુને दत्

આદેશાદિ કાર્ય થાય છે. અહીં ઉપસર્ગ પૂર્વક **दा** ધાતુ ન હોવાથી આ સૂત્રથી **दा** ધાતુને **त्त्** આદેશ થતો નથી. અર્થ - દહીં આપ્યું.

**स्वरादिति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાન્ત જ [વ્યઞ્જનાન્ત નહિ] ઉપસર્ગથી પરમાં રહેલા; **धा** ધાતુથી ભિન્ન **दा** સંજ્ઞાવાળા ધાતુને; તેની પરમાં **तादि-कित्** પ્રત્યય હોય તો **त्त्** આદેશ થાય છે. તેથી **निर् + दा** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યયાદિ કાર્ય થવાથી **निर्दत्तम्** આવો પ્રયોગ થાય છે. અહીં વ્યઞ્જનાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા **दा** ધાતુને આ સૂત્રથી **त्त्** આદેશ થતો નથી. અર્થ - આપ્યું.

**द इति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા; **धा** ધાતુથી ભિન્ન એવા **दा** સંજ્ઞાવાળા જ ધાતુને; તેની પરમાં **तादि कित्** પ્રત્યય હોય તો **त्त्** આદેશ થાય છે. તેથી **प्र + दा [१०७० दांव्क् लवने]** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યયાદિ કાર્ય થવાથી **प्रदाता व्रीहय:** આવો પ્રયોગ થાય છે. અહીં **दा** ધાતુ **दा** સંજ્ઞક ન હોવાથી [જુઓ સૂ.ન.૩-૩-૫] આ સૂત્રથી તેને **त्त्** આદેશ થતો નથી. અર્થ - કાપેલા વ્રીહિ.

**तीति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા **धा** ધાતુથી ભિન્ન **दा** સંજ્ઞાવાળા ધાતુને; તેની પરમાં **तादि** જ **कित्** પ્રત્યય હોય તો **त्त्** આદેશ થાય છે. તેથી **प्र + दा** ધાતુને '**प्राक्काले** ૫-૪-૪૭'થી **क्त्वा** પ્રત્યય. '**अनञ:०** ૩-૨-૧૫૪'થી **क्त्वा** ને **यप्** આદેશાદિ કાર્ય થવાથી **प्रदाय** આવો પ્રયોગ થાય છે. અહીં **क्त्वा** ના સ્થાને થયેલો **यप्** આદેશ **कित्** હોવા છતાં તાદિ ન હોવાથી તેની પૂર્વે રહેલા **दा** ધાતુને આ સૂત્રથી **त्त्** આદેશ થતો નથી. અર્થ - આપીને.

**अथ इति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સ્વરાન્ત ઉપસર્ગથી પરમાં રહેલા **धा** ધાતુથી ભિન્ન જ **दा** સંજ્ઞાવાળા

ધાતુને; તેની પરમાં तादि कित् પ્રત્યય હોય તો त्त् આદેશ થાય છે. તેથી नि + धा[२८] ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. આ સૂત્રથી धा ધાતુને त्त् આદેશ ન થવાથી 'ई र्व्यञ्जने० ४-३-९७'થી धा ધાતુના आ ને ई આદેશ વગેરે કાર્ય થવાથી निधीतः આવો પ્રયોગ થાય છે. અર્થ - પીધું. ॥९॥

● ● ●

## दत् ४।४।१०॥

धा ધાતુને છોડીને અન્ય दा સંજ્ઞાવાળા ધાતુને; તેની પરમાં तादि कित् પ્રત્યય હોય તો दत् આદેશ થાય છે. दा ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४'થી क्त પ્રત્યય અને 'स्त्रियाङ्क्तिः ५-३-९१'થી क्ति [ति] પ્રત્યય. આ સૂત્રથી दा ધાતુને दत् આદેશ વગેરે કાર્ય થવાથી दत्तः અને दत्तिः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આપ્યો. આપવું તે. अध इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धा ધાતુથી ભિન્ન જ दा સંજ્ઞાવાળા ધાતુને; તેની પરમાં तादि कित् પ્રત્યય હોય તો दत् આદેશ થાય છે. તેથી धा[२८] ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. આ સૂત્રથી धा ધાતુને दत् આદેશ ન થવાથી धा ધાતુના आ ને 'ईर्व्यञ्ज० ४-३-९७'થી ई આદેશ વગેરે કાર્ય થવાથી धीतः આવો પ્રયોગ થાય છે. અર્થ - પીધું. ॥१०॥

● ● ●

## दो-सो-मा-स्थ-इः ४।४।११।।

तादि कित् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા दो सो मा અને स्था ધાતુના અન્ત્ય સ્વરને इ આદેશ થાય છે. निर् + दो [૧૧૪૮] ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. सो [૧૧૫૦] ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. मा ધાતુને 'स्त्रियाङ्क्तिः ૫-૩-૯૧'થી क्ति પ્રત્યય. स्था ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्तवतु [तवत्] પ્રત્યય. 'आत्० ૪-૨-૧'થી दो અને सो ધાતુના ओ ને आ આદેશ. આ સૂત્રથી ધાતુના અન્ત્ય आ ને इ આદેશ...વગેરે કાર્ય થવાથી निर्दितः सित्वा मितिः અને स्थितवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તોડ્યું. નાશ કરીને. માપવું તે - તિથિ. ઉભો રહ્યો. સૂત્રમાં मा સામાન્યનું ગ્રહણ હોવાથી; 'गा-मा-दाग्रहणेष्वविशेषः' અર્થાદ્ गा मा અને दा ના ગ્રહણમાં સર્વ સામાન્ય गा मा અને दा સ્વરૂપવાળા ધાતુનું ગ્રહણ થાય છે. - આ ન્યાયના બળે मा સામાન્યનું [૬૦૩; ૧૦૭૩ અને ૧૧૩૭] ગ્રહણ છે.।।૧૧।।

● ● ●

## छा-शो र्वा ४।४।१२॥

**तादि कित्** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **छो** અને **शो** [११४७] ધાતુના અન્ત્ય સ્વરને વિકલ્પથી **इ** આદેશ થાય છે. **अव + छो** અને **नि + शो** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. '**आत् सन्ध्य०** ૪-૨-૧'થી ધાતુના **ओ** ને **आ** આદેશ. **आ** ને આ સૂત્રથી **इ** આદેશ વગેરે કાર્ય થવાથી **अवच्छितः** અને **निशितः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **आ** ને **इ** આદેશ ન થાય ત્યારે **अवच्छातः** અને **निशातः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કાપ્યું. તીક્ષ્ણ કર્યું. ॥१२॥

● ● ●

## शो व्रते ४।४।१३॥

વ્રતાર્થ ગમ્યમાન હોય તો **शो** ધાતુના અન્ત્ય સ્વરને; તેની પરમાં **क्त** પ્રત્યય હોય તો નિત્ય **इ** આદેશ થાય છે. **सम् + शो** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. '**आत् सन्ध्य०** ૪-૨-૧'થી **ओ** ને **आ** આદેશ. આ સૂત્રથી **आ** ને **इ** આદેશ વગેરે કાર્ય થવાથી **संशितं व्रतम्** અને **संशितः साधुः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કઠોર વ્રત. કઠોર વ્રતધારી સાધુ.

સૂત્રમાં તાદિ કિત્ પ્રત્યયનો અધિકાર હોવા છતાં વૃત્તિમાં **क्ते** આ પ્રમાણેનો નિર્દેશ; **क्त** ભિન્ન તાદિ-કિત્ પ્રત્યય પરમાં હોય તો

તેની પૂર્વેના शो ધાતુથી વ્રતાર્થ પ્રતીત થતો નથી - એ જણાવે છે.॥१३॥

● ● ●

## हाको हि: क्त्वि ४।४।१४।।

तादि क्त्वा - આ कित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા हा [૧૧૩૧]ધાતુના અન્ત્ય आ ને इ આદેશ થાય છે. हा ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा [त्वा] પ્રત્યય. આ સૂત્રથી हा ધાતુના અન્ત્ય आ ને इ આદેશ...વગેરે કાર્ય થવાથી हित्वा આવો પ્રયોગ થાય છે: અર્થ - છોડીને. क्त्वीति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तादि क़ित् પ્રત્યય સ્વરૂપ क्त्वा જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા हा ધાતુના અન્ત્ય आ ને इ આદેશ થાય છે. તેથી हा ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. આ સૂત્રથી आ ને इ આદેશ ન થવાથી 'ईर्व्यञ्जने० ૪-૩-૯૭'થી आ ને ई આદેશ. 'सूयत्या० ૪-૨-૭૦'થી क्त પ્રત્યયના त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી हीन: આવો પ્રયોગ થાય છે. અર્થ - છોડેલું. तीत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ તાદિ જ क्त्वा સ્વરૂપ कित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા हा ધાતુના आ ને इ આદેશ થાય છે. તેથી प्र + हा ધાતુને ઉપર જણાવ્યા મુજબ 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. 'अनञ:० ૩-૨-૧૫૪'થી क्त्वा પ્રત્યયને यप् આદેશ...વગેરે કાર્ય થવાથી प्रहाय આવો પ્રયોગ થાય છે. અહીં તાદિ क्त्वा પ્રત્યય પરમાં ન હોવાથી તેની પૂર્વે રહેલા

हा ધાતુના आ ને આ સૂત્રથી इ આદેશ થતો નથી. અર્થ - છોડીને. ।।૧૪।।

• • •

## धागः ४।४।१५।।

धा ધાતુની પરમાં તાદિ - कित् પ્રત્યય હોય તો धा ધાતુને हि આદેશ થાય છે. वि + धा [૧૧૩૯] ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. धा ધાતુને આ સૂત્રથી हि આદેશ...વગેરે કાર્ય થવાથી विहितः આવો પ્રયોગ થાય છે. धा ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. આ સૂત્રથી धा ધાતુને हि આદેશ વગેરે કાર્ય થવાથી हित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - વિધાન કરેલ. ધારણ કરીને. ।।૧૫।।

• • •

## यपि चाऽदो जग्ध् ४।४।१६।।

यप् અને तादि कित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા अद् ધાતુને जग्ध् આદેશ થાય છે. अद् ધાતુને 'स्त्रियाङ्क्तिः ५-३-९१'થી તાદિ-કિત્ क्ति[ति] પ્રત્યય. આ સૂત્રથી अद् ધાતુને जग्ध् આદેશ. 'अधश्चतु० २-१-७९'થી क्ति પ્રત્યયના त् ને ध् આદેશ. 'धुटो धुटि० १-३-४८'થી जग्ध् ના ध् નો લોપ વગેરે કાર્ય થવાથી जग्धिः આવો પ્રયોગ થાય છે. प्र + अद् ધાતુને 'प्राक्काले ५-४-४७'થી क्त्वा પ્રત્યય. 'अनञः० ३-२-१५४'થી क्त्वा ને यप् આદેશ. આ સૂત્રથી अद् ધાતુને जग्ध् આદેશ...વગેરે કાર્ય થવાથી प्रजग्ध्य આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખાવું તે. ખાઈને.।।१६।।

● ● ●

## घस्लृ सनद्यतनी-घञचलि ४।४।१७।।

अद् ધાતુને; તેની પરમાં सन् अद्यतनी घञ् अच् અને अल् પ્રત્યય હોય તો घस्लृ [घस्] આદેશ થાય છે. अद् ધાતુને 'तुमर्हा० ३-४-२१'થી सन् પ્રત્યય. આ સૂત્રથી अद् ધાતુને घस् આદેશ. 'सन्-यङश्च ४-१-३'થી घस् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ४-१-४२'થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. ग् ને 'गहोर्जः ४-१-४०'થી ज्

આદેશ. અભ્યાસમાં **अ** ને '**सन्यस्य** ૪-૧-૫૯'થી **इ** આદેશ. '**सस्तः सि** ૪-૩-૯૨'થી **घस्** ના **स्** ને **त्** આદેશ. **जिघत्स** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **जिघत्सति** આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાવાની ઈચ્છા કરે છે.

**अद्** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. આ સૂત્રથી **अद्** ધાતુને **घस्लृ [घस्]** આદેશ. તે **लृदित्** હોવાથી '**लृदिद्**० ૩-૪-૬૪'થી **दि** ની પૂર્વે **अङ् [अ]** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **अघसत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાધું.

**अद्** ધાતુને '**भावाऽकर्त्रोः** ૫-૩-૧૮'થી **घञ्** પ્રત્યય. આ સૂત્રથી **अद्** ધાતુને **घस्** આદેશ. '**ञ्णिति** ૪-૩-૫૦'થી **घस्** ના **अ** ને વૃદ્ધિ આ આદેશાદિ કાર્ય થવાથી **घासः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાવું તે. **प्रात्ति** આ અર્થમાં **प्र+अद्** ધાતુને '**अच्** ૫-૧-૪૯'થી **अच् [अ]** પ્રત્યય. તેમજ **प्रादनम्** આ અર્થમાં '**भूश्र्यदोऽल्** ૫-૩-૨૩'થી **अल् [अ]** પ્રત્યય. આ સૂત્રથી **अद्** ધાતુને **घस्** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रघसः**; **प्रघसः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - ખાનાર. ખાવું તે. ॥૧૭॥

● ● ●

## परोक्षायां नवा ४।४।१८॥

**अद्** ધાતુને; તેની પરમાં **परोक्षा**નો પ્રત્યય હોય તો વિકલ્પથી **घस्लृ** આદેશ થાય છે. **अद्** ધાતુને પરોક્ષાનો **उस्** પ્રત્યય. આ સૂત્રથી **अद्** ધાતુને **घस्** આદેશ. '**द्विर्धातुः**० ૪-૧-૧'થી **घस्** ને દ્વિત્વાદિ

કાર્યથી નિષ્પન્ન [જુઓ સૂ.નં.૪-૪-૧૭] **जघस् + उस्** આ અવસ્થામાં ઉપાન્ત્ય **अ** નો '**गम-हन०** ૪-૨-૪૪'થી લોપ. '**अघोषे०** ૧-૩-૫૦'થી **घ्** ને **क्** આદેશ. '**घस्-वसः** ૨-૩-૩૬'થી **स्** ને **ष्** આદેશાદિ કાર્ય થવાથી **जक्षुः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **अद्** ધાતુને **घस्** આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ **अद्** ધાતુને દ્વિત્વ. '**व्यञ्जन०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '**अस्यादे०** ૪-૧-૬૮'થી અભ્યાસમાં **अ** ને **आ** આદેશ વગેરે કાર્ય થવાથી **आदुः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાધું. ॥૧૮॥

● ● ●

## वे र्वय् ४।४।१९॥

**परोक्षा**નો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **वे** ધાતુને વિકલ્પથી **वय्** આદેશ થાય છે. **वे**[९९२] ધાતુને પરોક્ષાનો **उस्** પ્રત્યય. આ સૂત્રથી **वे** ધાતુને **वय्** આદેશ. '**द्विर्धातुः०** ४-१-१' થી **वय्** ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો '**व्यञ्जन०** ४-१-४४' થી લોપ. '**यजादि०** ४-१-७२' થી અભ્યાસમાં **व** ને **उ** આદેશ. **उवय् + उस्** આ અવસ્થામાં '**यजादि०** ૪-૧-૭૯'થી **व** ને **उ** આદેશ...વગેરે કાર્ય થવાથી **ऊयुः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **वे** ધાતુને **वय्** આદેશ ન થાય ત્યારે '**आत् सन्ध्य०** ४-२-१' થી **वे** ના **ए** ને **आ** આદેશ. **वा** ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ. '**-हस्वः** ४-१-३९' થી અભ્યાસમાં **आ** ને -હસ્વ **अ**

આદેશ. ववा+उस् આ અવસ્થામાં 'इडेत्० ४-३-९४' થી आ નો લોપ.. વગેરે કાર્ય થવાથી ववुः આવો પ્રયોગ થાય છે. અર્થ - વીણ્યું. ववुः અહીં 'वेरयः ४-१-७४' થી य्वृत् નો નિષેધ છે. ऊयुः અહીં य् ને 'न वयो य् ४-१-७३' થી य्वृत् નો નિષેધ છે. 'इन्ध्यसंयो० ४-३-२१' થી उस् ને किद्वद् ભાવ વિહિત છે - એ યાદ રાખવું. ॥१९॥

● ● ●

## ऋः शॄ-दॄ-प्रः ४।४।२०॥

परोक्षा નો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शॄ दॄ અને पॄ ધાતુના અન્ત્ય ॠ ને -હ્રસ્વ ऋ આદેશ વિકલ્પથી થાય છે. वि + शॄ; वि + दॄ અને नि + पॄ ધાતુને પરોક્ષાનો अतुस् પ્રત્યય. તેને 'इन्ध्यसंयो० ४-३-२१' થી किद्वद् ભાવ. આ સૂત્રથી ધાતુના અન્ત્ય ॠ ને -હ્રસ્વ ऋ આદેશ. 'द्विर्धातुः० ४-१-१' થી शॄ दॄ અને पॄ ધાતુને દ્વિત્વ. 'ऋतोऽत् ४-१-३८' થી અભ્યાસમાં ऋ ને अ આદેશ... વગેરે કાર્ય થવાથી विशश्रतुः विदद्रतुः અને निपप्रतुः આવો પ્રયોગ થાય છે. વિકલ્પ પક્ષમાં આ સૂત્રથી ॠ ને ऋ આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ शॄ दॄ અને पॄ ધાતુને દ્વિત્વ. '-ह्रस्वः ४-१-३९' થી અભ્યાસમાં ॠ ને -હ્રસ્વ ऋ આદેશ. તેને ઉપર જણાવ્યા મુજબ अ આદેશ. 'स्कृच्छृ० ४-३-८' થી ॠ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી विशशरतुः; विददरतुः અને निपपरतुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તેઓ બે શીર્ણ થયા.

તે બેએ ફાડયું. તે બેએ પાલન પોષણ કર્યું. ॥૨૦॥

• • •

## हनो वध आशिष्यञौ ४।४।२१॥

**आशिष्** વિભક્તિના વિષયમાં **हन्** ધાતુને; **ञिट्** પ્રત્યયનો વિષય ન હોય ત્યારે **वध** આદેશ થાય છે. **हन्** ધાતુને **आशिष्** નો **क्यात्** પ્રત્યય. આ સૂત્રથી **हन्** ધાતુને વધ આદેશ. 'अत: ૪-૩-૮૨'થી વધ નાં અન્ત્ય अ નો લોપ થવાથી वध्यात् આવો પ્રયોગ થાય છે. અર્થ - વધ કરે. अञाविति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आशिष् ના વિષયમાં हन् ધાતુને; ञिट् પ્રત્યયનો વિષય ન હોય ત્યારે જ वध આદેશ થાય છે. તેથી हन् ધાતુને ભાવમાં આશિષ્ નો सीष्ट પ્રત્યય. તેની પૂર્વે 'स्वर - ग्रह० ૩-૪-૬૯' થી ञिट् પ્રત્યય. ञिट् ના વિષયમાં આ સૂત્રથી हन् ધાતુને **वध** આદેશ ન થવાથી **'ञि-णवि घन् ४-३-१०१'** થી **हन्** ધાતુને **घन्** આદેશ. 'ञ्णिति ४-३-५०'થી घन् ના अ ને વૃદ્ધિ आ આદેશ વગેરે કાર્ય થવાથી **घानिषीष्ट** આવો પ્રયોગ થાય છે. **'स्वर-ग्रह० ३-४-६९'** ના વિકલ્પ પક્ષમાં **ञिट्** નો વિષય ન હોય ત્યારે **वधिषीष्ट** આવો પ્રયોગ થાય છે. **वध** ધાતુના અન્ત્ય अ નો લોપ થયા પછી પણ સ્થાનિવદ્ભાવના કારણે **वध** ધાતુ અનેકસ્વરી મનાય છે. તેથી **वध् + सीष्ट** આ અવસ્થામાં **'स्ताद्यशि० ४-४-३२'** થી **सीष्ट** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. અન્યથા **'एकस्व० ४-४-५६'** થી તેનો નિષેધ થાત... ઈત્યાદિ અન્યત્ર અનુસન્ધેય છે.

અર્થ - મરાય.॥૨૧॥

● ● ●

## अद्यतन्यां वा त्वात्मने ४।४।२२॥

**अद्यतनी** વિભક્તિના વિષયમાં **हन्** ધાતુને **वध** આદેશ થાય છે. પરંતુ આત્મનેપદના વિષયમાં એ **वध** આદેશ વિકલ્પથી થાય છે. **हन्** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. **हन्** ધાતુને આ સૂત્રથી **वध** આદેશ. **'सिजद्यत० ३-४-५३'** થી **दि** ની પૂર્વે **सिच्** પ્રત્યય. **सिच्** ની પૂર્વે **'स्ताद्यशि० ४-४-३२'** થી **इट्**. **'अत: ४-३-८२'** થી **वध** ધાતુના અન્ત્ય **अ** નો લોપ. **'स: सिज० ४-३-६५'** થી **दि** ની પૂર્વે **ईत्**. **'इट ईति ४-३-७१'** થી **सिच्** નો લોપ.. વગેરે કાર્ય થવાથી **अवधीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - માર્યું. **आङ् + हन्** ધાતુને **'आङो यम० ३-३-८६'** થી આત્મનેપદનો અદ્યતનીમાં **त** પ્રત્યય. આ સૂત્રથી **हन्** ધાતુને **वध** આદેશ. ઉપર જણાવ્યા મુજબ **त** ની પૂર્વે **सिच्** પ્રત્યય. તેની પૂર્વે **इट्**. **वध** ધાતુના અન્ત્ય **अ** નો લોપ. **'नाम्यन्त० २-३-१५'** થી **सिच्** ના **स्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં **त्** ને **'तवर्ग० १-३-६०'** થી **ट्** આદેશાદિ કાર્ય થવાથી **आवधिष्ट** આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદના વિષયમાં વિકલ્પપક્ષમાં **हन्** ધાતુને આ સૂત્રથી **वध** આદેશ ન થાય ત્યારે **आ + अ + हन् + स् + त्** આ અવસ્થામાં **'हन: सिच् ४-३-३८'** થી **सिच्** ને **किद्वद्भाव**. **हन्** ધાતુના **न्** નો **'यमि-रमि० ४-२-५५'** થી લોપ. **'धुड् -हस्वा० ४-३-७०'** થી **सिच्** નો લોપ થવાથી **आहत** આવો

પ્રયોગ થાય છે. અર્થ - તેણે માર ખાધો. ।।૨૨।।

● ● ●

## इणिको र्गा: ૪।૪।૨૩।।

अद्यतनी ના વિષયમાં इण् અને इक् ધાતુને गा આદેશ થાય છે. इण्[इ १०७५] ધાતુને તેમ જ अधि + इक् [इ १०७४] ધાતુને અદ્યતનીનો दि પ્રત્યય. આ સૂત્રથી इण् અને इक् ધાતુને गा આદેશ. 'सिजद्य० ३-४-५३' થી दि ની પૂર્વે सिच् પ્રત્યય. 'पिबैति० ४-३-६६' થી सिच् નો લોપ... વગેરે કાર્ય થવાથી अगात् અને अध्यगात् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગયો. જાણ્યું. ।।૨૩।।

● ● ●

## णावज्ञाने गमु: ૪।૪।૨૪।।

જ્ઞાનાર્થને છોડીને અન્ય અર્થવાળા इण् અને इक् ધાતુને; તેની પરમાં णि પ્રત્યય હોય તો गमु [गम्] આદેશ થાય છે. इण् અને अधि+इक् ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०' થી णिग् પ્રત્યય. આ

સૂત્રથી **इण्** અને **इक्** ધાતુને **गमु [गम्]** આદેશ. '**ञ्णिति** ૪-૩-૫૦' થી **गम्** ના ઉપાન્ત્ય **अ** ને પ્રાપ્તવૃદ્ધિનો '**मोऽकमि०** ૪-૩-૫૫' થી નિષેધ વગેરે કાર્ય થવાથી **गमयति** અને **अधिगमयति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- સ્વીકાર કરાવે છે. સમજાવે છે. **अज्ञान इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજમ **णि** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા અજ્ઞાનાર્થક જ **इण्** ધાતુને અને **इक्** ધાતુને **गमु** આદેશ થાય છે. તેથી **अर्थान् प्रत्याययति** અહીં જ્ઞાનાર્થક **प्रति + इण्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **प्रत्याययति** આવો પ્રયોગ થાય છે. અહીં જ્ઞાનાર્થક **इण्** ધાતુને આ સૂત્રથી **गमु** આદેશ થતો નથી. **इक्** [૧૦૭૪] ધાતુ જ્ઞાનાર્થક હોવાથી **अज्ञानार्थक इण्** ધાતુ જ સમજવો. અર્થ - અર્થોને જણાવે છે. ।।૨૪।।

• • •

## सनीङश्च ४।४।२५।।

**सन्** પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **इङ् इक्** અને અજ્ઞાનાર્થક **इण्** ધાતુને **गमु** આદેશ થાય છે. **अधि + इङ्** [૧૧૦૪] ધાતુને '**तुमर्हा०** ૩-૪-૨૧' થી **सन्** પ્રત્યય. આ સૂત્રથી **इङ्** ધાતુને **गमु [गम्]** આદેશ. '**सन्-यङश्च** ૪-૧-૩' થી **गम्** ને દ્વિત્વ. '**व्यञ्जन०** ૪-૧-૪૪' થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. '**गहोर्जः** ૪-૧-૪૦' થી અભ્યાસમાં **ग्** ને **ज्** આદેશ. '**सन्यस्य** ૪-૧-૫૯' થી અભ્યાસમાં **ज** ના **अ** ને **इ** આદેશ. **अधिजिगम्** ના

ઉપાન્ત્ય अ ને 'स्वर-हन० ४-१-१०४' થી દીર્ઘ आ આદેશ. अधिजिगांस ધાતુને વર્તમાનાનો ते પ્રત્યય વગેરે કાર્ય થવાથી अधिजिगांसते આવો પ્રયોગ થાય છે. અર્થ - ભણવાની ઈચ્છા કરે છે. इण् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. આ સૂત્રથી इण् ધાતુને गमु આદેશ. ઉપર જણાવ્યા મુજબ गम् ને દ્વિત્વાદિ કાર્ય થવાથી નિષ્પન્ન जिगम् + स આ અવસ્થામાં 'गमोऽनात्मने ४-४-५१' થી सन् ની પૂર્વે इट्. 'नाम्यन्त० २-३-१५' થી स् ને ष् આદેશ. जिगमिष ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી जिगमिषति આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अधि + इक् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. આ સૂત્રથી इक् ધાતુને गमु આદેશ વગેરે કાર્ય થવાથી अधिजिगमिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ગામ જવાની ઈચ્છા કરે છે. માતાનું સ્મરણ કરવાની ઈચ્છા કરે છે. ॥૨૫॥

● ● ●

## गाः परोक्षायाम् ४।४।२६॥

પરોક્ષાના વિષયમાં इङ् [११०४] ધાતુને गा આદેશ થાય છે. अधि + इङ् ધાતુના इङ् ને પરોક્ષાના વિષયમાં આ સૂત્રથી गा આદેશ થયા બાદ परोक्षा નો ए પ્રત્યય. 'द्वि र्धातुः० ४-१-१' થી गा ને દ્વિત્વ. '-हस्वः ४-१-३९' થી અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. 'गहोर्जः ४-१-४०' થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'इडेत्० ४-३-९४' થી गा ના आ નો લોપ થવાથી अधिजगे આવો

પ્રયોગ થાય છે. - અર્થ - ભણ્યો. ॥૨૬॥

• • •

## णौ सन्-ङे वा ४।४।२७॥

**सन्** અથવા **ङ** પ્રત્યયની પૂર્વે રહલો **णि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **इङ्** [૧૧૦૪] ધાતુને વિકલ્પથી **गा** આદેશ થાય છે. **अधि+इ** ધાતુને '**प्रयोक्तृ०** ૩-૪-૨૦'થી **णिग्** પ્રત્યય. **ण्यन्त** [**णिग्** -પ્રત્યયાન્ત] **अधि+इ** ધાતુને '**तुमर्हादि०** ૩-૪-૨૧'થી **सन्** પ્રત્યય. **अधि+इ+इ** [**णिग्**]+**स** આ અંવસ્થામાં આ સૂત્રથી **इङ्** ધાતુને **गा** આદેશ. **गा** ના અન્તે '**अर्त्ति-री०** ૪-૨-૨૧'થી **पु** [**प्**] નો આગમ. '**सन्-यङश्च** ૪-૧-૩'થી **गाप्** ને દ્વિત્વ. '**व्यञ्जन०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં **गा** ના **आ** ને '**-हस्वः** ૪-૧-૩૯'થી -હસ્વ **अ** આદેશ. '**गहोर्जः** ૪-૧-૪૦'થી અભ્યાસમાં **गा** ના **ग्** ને **ज्** આદેશ. '**सन्यस्य** ૪-૧-૫૯'થી અભ્યાસમાં **अ** ને **इ** આદેશ. '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી **सन्** ની પૂર્વે **इट्**. '**नामिनो०** ૪-૩-૧'થી **इट्** ની પૂર્વેના **इ** ને ગુણ **ए** આદેશ વગેરે કાર્યથી નિષ્પન્ન **अधिजिगापयिष** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **अधिजिगापयिषति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **अधि+इङ्** ધાતુના **इङ्** ને આ સૂત્રથી **गा** આદેશ ન થાય ત્યારે **अधि + इ + इ + स** આ અવસ્થામાં '**णौ क्री०** ૪-૨-૧૦'થી **इङ्** ધાતુને **आ** આદેશ. તેના અન્તે ઉપર જણાવ્યા મુજબ **पु** નો આગમ વગેરે કાર્ય થવાથી

**अध्यापिपयिषति** આવો પ્રયોગ થાય છે. અહીં ઉપર જણાવ્યા મુજબ **पि** ને દ્વિત્વ થયું છે. અર્થ - ભણાવવાની ઈચ્છા કરે છે.

**अधि + इङ्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યય. **ण्यन्त अधि + इङ्** ધાતુને અદ્યતનીમાં **दि** પ્રત્યય. **दि** પ્રત્યયની પૂર્વે **'णि-श्रि०** ૩-૪-૫૮'થી **ङ** પ્રત્યય. આ સૂત્રથી **इङ्** ધાતુને **गा** આદેશ. તેના અન્તે ઉપર જણાવ્યા મુજબ **पु** નો આગમ. **'उपान्त्यस्या०** ૪-૨-૩૫'થી **गाप्** ના **आ** ને -હ્રસ્વ **अ** આદેશ. **'द्विर्धातुः०** ૪-૧-૧'થી **गप्** ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ...વગેરે કાર્ય થવાથી નિષ્પન્ન **अध्य + जगप् + इ + अ + त्** આ અવસ્થામાં **'असमान०** ૪-૧-૬૩'થી અભ્યાસ **[ज]** ને **सन्वद्** ભાવ. **'सन्यस्य** ૪-૧-૫૯'થી **ज** ના **अ** ને **इ** આદેશ. તે **इ** ને **'लघो दीर्घो०** ૪-૧-૬૪'થી દીર્ઘ **ई** આદેશ. **'णेरनिटि** ૪-૩-૮૩'થી **णि** નો [**इ** નો] લોપ થવાથી **अध्यजीगपत्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इङ्** ધાતુને **गा** આદેશ ન થાય ત્યારે **अधि + इ + इ + अत्** આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ **इङ्** ધાતુને **आ** આદેશ. તેના અન્તે **पु** નો આગમ. **पि** ને દ્વિત્વ વગેરે કાર્ય થવાથી **अध्यापिपत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ભણાવ્યું.

**णाविति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सन्** અથવા **ङ** પ્રત્યયની પૂર્વે રહેલો **णि** પ્રત્યય પરમાં હોય તો જ તેની પૂર્વે રહેલા **इङ्** ધાતુને વિકલ્પથી **गा** આદેશ થાય છે. તેથી **अण्यन्त अधि + इङ्** ધાતુને સૂ.નં. ૪-૪-૨૫માં જણાવ્યા મુજબ **सन्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **अधिजिगांसते** આવો પ્રયોગ થાય છે. અહીં **णिग्** પ્રત્યય પરમાં ન હોવાથી **इङ्** ધાતુને આ સૂત્રથી વિકલ્પથી **गा** આદેશ થતો નથી.

**सन्-ङ इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **णि** પ્રત્યયની પરમાં **सन्** અને **ङ** પ્રત્યય હોય તો જ **णि** પ્રત્યયની પૂર્વે

રહેલા इङ् ધાતુને વિકલ્પથી गा આદેશ થાય છે. તેથી अध्यापयति અહીં सन्परक કે ङपरक णि પ્રત્યય પરમાં ન હોવાથી માત્ર णि પ્રત્યયની પૂર્વે રહેલા इङ् ધાતુને આ સૂત્રથી વિકલ્પથી गा આદેશ થતો નથી. પ્રક્રિયા ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે. અર્થ - ભણાવે છે.।।૨૭।।

● ● ●

## वाऽद्यतनी-क्रियातिपत्त्यो र्गीङ् ४।४।२८।।

अद्यतनी અથવા क्रियातिपत्ति નો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા इङ् ધાતુને વિકલ્પથી गीङ् [गी] આદેશ થાય છે. गीङ् આ પ્રમાણે ङित् નિર્દેશ; गी ના ई ને યથાપ્રાપ્ત પણ ગુણનો નિષેધ જણાવવા માટે છે. अधि + इङ् [इ] ધાતુને અદ્યતનીનો त પ્રત્યય. આ સૂત્રથી इ ધાતુને गीङ् આદેશ. 'सिजद्यत० ૩-૪-૫૩'થી त પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सिच् ના स् ને ष् આદેશ. ष् ના યોગમાં त् ને 'तवर्ग० ૧-૩-૬૦'થી ट् આદેશ...વગેરે કાર્ય થવાથી अध्यगीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં अधि + इ + स् + त આ અવસ્થામાં આ સૂત્રથી इङ् ધાતુને गीङ् આદેશ ન થાય ત્યારે इ ને 'स्वरादे० ૪-૪-૩૧'થી વૃદ્ધિ ऐ આદેશાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી अध्यैष्ट આવો પ્રયોગ થાય છે. અર્થ - ભણ્યો.

अधि + इङ् ધાતુને ક્રિયાતિપત્તિનો स्यत પ્રત્યય. આ સૂત્રથી इङ् ધાતુને गी આદેશ. 'अड् धातो० ૪-૪-૨૯'થી गीङ् ની પૂર્વે

अट्. ઉપર જણાવ્યા મુજબ स्यत પ્રત્યયના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अध्यगीष्यत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इङ् ધાતુને गीङ् આદેશ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ इ ને વૃદ્ધિ ऐ આદેશ વગેરે કાર્ય થવાથી अध्यैष्यत આવો પ્રયોગ થાય છે. અર્થ - ભણાવ્યું હોત તો, સારું ભણત. ॥૨૮॥

• • •

## अड् धातोरादिर्ह्यस्तन्यां चाऽमाङा ४।४।२९॥

माङ् નો યોગ ન હોય તો ह्यस्तनी अद्यतनी અને क्रियातिपत्ति ના વિષયમાં ધાતુની આદિમાં अट् [अ] થાય છે. [જે; ધાતુનો આદ્ય અવયવ મનાય છે] या ધાતુને ह्यस्तनी નો दिव् પ્રત્યય. આ સૂત્રથી या ધાતુની પૂર્વે अट् [अ] થવાથી अयात् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ગયો. या ધાતુને अद्यतनी નો दि પ્રત્યય. આ સૂત્રથી या ધાતુની પૂર્વે अट्. दि ની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच्. 'सः सिज० ૪-૩-૬૫'થી सिच् ની પરમાં ईत् થવાથી अयासीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ગયો. या ધાતુને क्रियातिपत्ति નો स्यत् પ્રત્યય. આ સૂત્રથી या ધાતુની પૂર્વે अट् થવાથી अयास्यत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ગયો હોત.

अमाङेति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ माङ् ના યોગમાં ह्यस्तनी अद्यतनी અને क्रियातिपत्ति ના વિષયમાં ધાતુની પૂર્વે अट् નો આગમ થતો નથી. તેથી मा स्म कार्षीत् અહીં माङ् ના યોગમાં स्म + कृ ધાતુને અદ્યતનીનો दि [त्] પ્રત્યયાદિ

કાર્ય થવાથી **स्म कार्षीत्** આવો પ્રયોગ થાય છે. અહીં આ સૂત્રથી **कृ** ધાતુની પૂર્વે **अट्** થતો નથી. '**सस्मे०** ૫-૪-૪૦'થી **कृ** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. **दि** ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **सिच्** પ્રત્યય. **सिच्** ની પરમાં **ईत्** [**ई**]. '**सिचि परस्मै०** ૪-૩-૪૪'થી **कृ** ના **ऋ** ને વૃદ્ધિ **आर्** આદેશ. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **सिच्** ના **स्** ને **ष्** આદેશ થવાથી **कार्षीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે કરે નહિ.

**धातोरिति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **माङ्** નો યોગ ન હોય તો **ह्यस्तनी अद्यतनी** અને **क्रियातिपत्ति** ના વિષયમાં ધાતુની જ પૂર્વે [ઉપસર્ગની પૂર્વે નહિ] **अट्** થાય છે. તેથી **प्र + या** ધાતુને **ह्यस्तनी** નો **सिव्** પ્રત્યય. આ સૂત્રથી ધાતુની પૂર્વે **अट्**...વગેરે કાર્ય થવાથી **प्रायाः** આવો પ્રયોગ થાય છે. અર્થ - તું ગયો.

આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **ह्यस्तनी** વગેરેના વિષયમાં **अट्** નું વિધાન હોવાથી ધાતુ અને **ह्यस्तनी** વગેરેના પ્રત્યયની વચ્ચે **शव्** વગેરે-પ્રત્યયાન્તરનું વ્યવધાન હોય તો પણ ધાતુની પૂર્વે **अट्** થાય છે. અન્યથા **ह्यस्तनी** વગેરેના પ્રત્યયો પરમાં હોતે છતે જ **अट्** નું વિધાન હોત તો માત્ર **अहन्** વગેરે સ્થળે જ તે શક્ય બનત. ॥૨૧॥

• • •

# एत्यस्तेर्वृद्धिः ४।४।३०॥

**माङ्** નો યોગ ન હોય તો **इण् इक्** અને **अस्** [૧૧૦૨] ધાતુના આદ્યસ્વરની; **ह्यस्तनी** ના વિષયમાં વૃદ્ધિ થાય છે. **इण्** અને **अधि + इक्** ધાતુને **ह्यस्तनी** નો **अन्** પ્રત્યય. આ સૂત્રથી **इण्** અને **इक्** ધાતુના આદ્યસ્વર **इ** ને વૃદ્ધિ **ऐ** આદેશ વગેરે કાર્ય થવાથી **आयन्** અને **अध्यायन्** આવો પ્રયોગ થાય છે. **अस्** ધાતુને **ह्यस्तनी** નો **ताम्** પ્રત્યય. આ સૂત્રથી **अस्** ધાતુના આદ્ય સ્વર **अ** ને વૃદ્ધિ **आ** આદેશ થવાથી **आस्ताम्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- તેઓ ગયા. તેઓએ સ્મરણ કર્યું. તેઓ બે હતા. **अमाङेत्येव** - આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **माङ्** નો યોગ ન હોય તો જ **ह्यस्तनी** ના વિષયમાં **इण् इक्** અને **अस्** ધાતુના આદ્ય સ્વરને વૃદ્ધિ આદેશ થાય છે. તેથી **मा स्म ते यन्** અહીં **इण्** ધાતુને '**सस्मे०** ૫-૪-૪૦'ની સહાયથી **ह्यस्तनी** નો **अन्** પ્રત્યય. **माङ्** ના યોગમાં અહીં આ સૂત્રથી **इण्** ધાતુના આદ્ય સ્વર **इ** ને વૃદ્ધિ ન થવાથી '**ह्विणोरप्०** ૪-૩-૧૫'થી **इ** ને **य्** આદેશ થવાથી **यन्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ ન જાય.

અહીં યાદ રાખવું જોઈએ કે **इण् इक्** અને **अस्** ધાતુના આદ્યસ્વરને **ह्यस्तनी** ના વિષયમાં '**स्वरादेस्तासु** ૪-૪-૩૦'થી વૃદ્ધિ સિદ્ધ જ છે. પરંતુ વૃદ્ધિ થવાની પૂર્વે જ **इण्** ધાતુના **इ** ને ઉપર જણાવ્યા મુજબ **य्** અને '**श्नास्त्यो०** ૪-૨-૯૦'થી **अस्** ધાતુના **अ** નો લોપ થવાથી ધાતુ સ્વરાદિ નહીં રહે. તે વખતે '**स्वरादे०** ૪-૪-૩૦'થી વૃદ્ધિની પ્રાપ્તિ ન રહેવાથી તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનું પ્રણયન છે. યદ્યપિ '**स्वरादे०** ૪-૪-૩૦'થી વિહિત વૃદ્ધિ સ્વરૂપ કાર્ય પણ **ह्यस्तनी** આદિના વિષયમાં થતું હોવાથી ઉપર જણાવ્યા મુજબ **य्** અને **अ** - લોપ સ્વરૂપ કાર્યની પૂર્વે જ

વૃદ્ધિ થઈ શકે છે. તેથી આ સૂત્રનું પ્રણયન આવશ્યક નથી. પરંતુ અનાવશ્યક જણાતું આ સૂત્ર વ્યર્થ થઈને જ્ઞાપન કરે છે કે **'कृतेऽन्यस्मिन् धातुप्रत्ययकार्ये पश्चाद् वृद्धिस्तद्बाध्योऽट्'** - અર્થાત્ '**स्वरादे०** ૪-૪-૩૦'થી વિહિત વૃદ્ધિ સ્વરૂપ કાર્ય; ધાતુ - પ્રત્યય સમ્બન્ધી અન્યકાર્ય કરીને પછી જ કરાય છે અને **अट्** તો વૃદ્ધિની પણ પછી કરાય છે. આથી **ऋ** [૧૧૩૫] ધાતુને હ્યસ્તનીમાં **अन्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **ऐरुः** આ પ્રયોગ અને **कृ** ધાતુને **णिग्** પ્રત્યયાદિ કાર્ય કરવાથી અદ્યતનીમાં **अचीकरत्** આ પ્રયોગમાં '**लघो०** ૪-૧-૬૪'થી દીર્ઘ આદેશ થઈ શકે છે. અન્યથા ન્યાયના અનાશ્રયણથી એ અનુપપન્ન બને છે...ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. ॥૩૦॥

● ● ●

## स्वरादेस्तासु ४।४।३१॥

સ્વરાદિ ધાતુના આદ્ય સ્વરને, **ह्यस्तनी अद्यतनी** અને **क्रियातिपत्ति** ના વિષયમાં **माङ्** નો યોગ ન હોય તો વૃદ્ધિ થાય છે. **अट्** ધાતુને **अद्यतनी** નો **दि** પ્રત્યય. **दि** ની પૂર્વે '**सिज०** ३-४-५३'થી **सिच्** પ્રત્યય. '**स्ताद्यशितो०** ४-४-३२' થી **सिच्** ની પૂર્વે **इट्**. '**सः सिज०** ४-३-६५' થી **दि** ની પૂર્વે **ईत्**. '**इट ईति** ४-३-७१' થી **सिच्** નો લોપ. આ સૂત્રથી **अट्** ધાતુના આદ્ય સ્વર **अ** ને વૃદ્ધિ **आ** આદેશ... વગેરે કાર્ય થવાથી **आटीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ભટક્યો. **इष्** ધાતુને **क्रियातिपत्ति** નો **स्यत्**

પ્રત્યય. स्यत् ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ इट्. 'नाम्यन्त० २-३-१५' થી स्यत् ના स् ને ष् આદેશ. આ સૂત્રથી इष् ધાતુના इ ને વૃદ્ધિ ऐ આદેશ થવાથી ऐषिष्यत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ઈચ્છા કરત. उज्झ् ધાતુને ह्यस्तनी નો दिव् પ્રત્યય. 'तुदादेः शः ३-४-८१' થી दिव् ની પૂર્વે श [अ] પ્રત્યય. આ સૂત્રથી उज्झ् ધાતુના उ ને વૃદ્ધિ औ આદેશ થવાથી औज्झत् આવો પ્રયોગ થાય છે. અર્થ - છોડયું.

अमाङेत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ माङ् નો યોગ ન હોય તો જ; સ્વરાદિ ધાતુના આદ્યસ્વરને ह्यस्तनी अद्यतनी અને क्रियातिपत्ति ના વિષયમાં વૃદ્ધિ થાય છે. તેથી मा सोऽटीत् અહીં माङ् ના યોગમાં अट् ધાતુના આદ્ય સ્વર अ ને અદ્યતનીના વિષયમાં વૃદ્ધિ ન થવાથી ઉપર જણાવ્યા મુજબ अटीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તે ન ભટકે. ॥३१॥

● ● ●

## स्ताद्यशितोऽत्रोणादेरिट् ४।४।३२॥

त्र તેમ જ उणादि પ્રત્યયને છોડીને અન્ય स् થી શરૂ થતો [सादि] અને त् થી શરૂ થતો [तादि] અશિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુની પરમાં इट् [इ] થાય છે. लू ધાતુને भविष्यन्ती નો स्यति પ્રત્યય તેમ જ श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી लू ધાતુની પરમાં इट्. 'नामिनो० ४-३-१' થી लू ધાતુના ऊ ને ગુણ ओ આદેશાદિ કાર્ય થવાથી लविष्यति અને लविता

આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- કાપશે. કાપશે. **स्तादीति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **त्र** અને **उणादि** પ્રત્યયથી ભિન્ન **सादि** અને **तादि** જ અશિત્ - પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુની પરમાં **इट्** થાય છે. તેથી **भू** ધાતુને આશિષ્નો **क्यात् [यात्]** પ્રત્યય થવાથી **भूयात्** આવો પ્રયોગ થાય છે. અહીં **सादि** કે **तादि** પ્રત્યય પરમાં ન હોવાથી [યાદિ પ્રત્યય પરમાં હોવાથી] આ સૂત્રથી **भू** ધાતુની પરમાં **इट्** થયો નથી. અર્થ - થાય. **अशित इति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **त्र** અને **उणादि** પ્રત્યયથી ભિન્ન **सादि** કે **तादि** અશિત્ જ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુની પરમાં **इट्** થાય છે. તેથી **आस्** ધાતુને વર્તમાનાનો **शित् से** પ્રત્યય. અહીં આ સૂત્રથી **आस्** ધાતુની પરમાં **इट्** ન થવાથી **आस्से** આવો પ્રયોગ થાય છે. અર્થ - તું બેસે છે. **अत्रोणादेरिति किम्?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **त्र** અને **उणादि** પ્રત્યયને છોડીને જ અન્ય **सादि** કે **तादि** અશિત્ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુની પરમાં **इट्** થાય છે. તેથી **शस्** ધાતુને **'नी-दाव्-शसू० ५-२-८८'** થી **त्रट् [त्र]** પ્રત્યય. અહીં **तादि** અશિત્ પ્રત્યય પરમાં હોવા છતાં આ સૂત્રથી **शस्** ધાતુની પરમાં **इट्** થતો નથી. જેથી **शस्त्र** નામને **सि** પ્રત્યયાદિ કાર્ય થવાથી **शस्त्रम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - શસ્ત્ર. **वस्** ધાતુને **उणादि**નો **स** પ્રત્યય. તેમ જ **हस्** ધાતુને **उणादि** નો **त** પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી **इट्** ન થવાથી **'सस्तः सि ४-३-९२'** થી **वस्** ના **स्** ને **त्** આદેશાદિ કાર્ય થવાથી **वत्सः** અને **हस्तः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ:- વાછરડું. હાથ.॥૩૨॥

● ● ●

# ते ग्रहादिभ्यः ४।४।३३।।

ग्रहादि ગણપાઠમાંના જ ધાતુની પરમાં ति [क्ति અથવા तिक्] સ્વરૂપ अशित् પ્રત્યય હોય તો તેની પૂર્વે इट्[इ] થાય છે. नि + ग्रह् ધાતુને 'स्त्रियां० ५-३-९१' થી क्ति [ति] પ્રત્યય. 'ग्रह-व्रस्च० ४-१-८४' થી ग्रह् ના र ને ऋ આદેશ. આ સૂત્રથી ति ની પૂર્વે इट्. તે इ ને 'गृह्णो० ४-४-३४' થી દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી निगृहीतिः આવો પ્રયોગ થાય છે. અર્થ - નિગ્રહ કરવો તે. अप+स्निह् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्ति પ્રત્યય. આ સૂત્રથી क्ति પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી अपस्निहितिः આવો પ્રયોગ થાય છે. અર્થ - મિથ્યા સ્નેહ. ग्रहादिभ्य इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રહાદિ ગણપાઠમાંના જ ધાતુની પરમાં; अशित् ति પ્રત્યય હોય તો તેની પૂર્વે इट् થાય છે. તેથી शम् ધાતુને 'तिक् कृतौ० ५-१-७१' થી तिक् [ति] પ્રત્યય. 'अहन्० ४-१-१०७' થી शम् ના अ ને દીર્ઘ आ આદેશ વગેરે કાર્ય થવાથી शान्तिः આવો પ્રયોગ થાય છે. અહીં शम् ધાતુ ग्रहादि ગણપાઠમાંનો ન હોવાથી તેની પરમાં આ સૂત્રથી इट् થતો નથી. અર્થ- શાન્તિનાથ ભગવાન.

અહીં યાદ રાખવું જોઈએ કે ઉપર ઉદાહરણ અને પ્રત્યુદાહરણ બંને સ્થળે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट् સિદ્ધ હોવાથી 'सिद्धे सत्यारम्भो नियमार्थः' - આ ન્યાયના સામર્થ્યથી આ સૂત્ર નિયમ કરે છે કે - ઉપર જણાવ્યા મુજબ अशित् ति પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે ग्रहादि ગણપાઠમાંના જ ધાતુની પરમાં इट् થાય. આ નિયમથી सू. नं. ४-४-३२ ના અર્થમાં अशित् ति પ્રત્યયાતિરિક્તત્વેન સંકોચ થાય છે. તેથી शम् + ति અથવા निग्रह् + ति.... ઈત્યાદિ સ્થળે 'स्ताद्यशि० ४-४-३२' થી इट् થતો નથી.

निग्रह्+ति આ અવસ્થામાં[પ્રકૃત સૂત્રના ઉદાહરણોમાં] તો આ સૂત્રથી इट् થાય છે. અને शम् + ति ઈત્યાદિ પ્રત્યુદાહરણોમાં આ સૂત્રથી કે પૂર્વસૂત્રથી इट् થતો નથી. "ग्रहादि ગણપાઠમાંના ધાતુની પરમાં; अशित् ति પ્રત્યય જ [અન્ય सादि કે तादि પ્રત્યય નહિ] હોય તો; તેની પૂર્વે इट् થાય છે." - આવો નિયમ આ સૂત્રથી શક્ય નથી. કારણ કે ग्रहीता [ग्रह् + इ + ता] અહીં 'गृह्णो० ४-४-३४' થી इ ને દીર્ઘ વિધાન અન્યથા વ્યર્થ થશે...ઈત્યાદિ સ્વયં સમજી લેવું. ॥૩૩॥

● ● ●

## गृह्णोऽपरोक्षायां दीर्घः ४।४।३४॥

પરોક્ષાને છોડીને અન્યત્ર ग्रह् ધાતુથી પરમાં વિહિત इट् ને દીર્ઘ ई આદેશ થાય છે. ग्रह् ધાતુને श्वस्तनीંનો ता પ્રત્યય. 'स्ताद्यशि० ४-४-३२' થી ता પ્રત્યયની પૂર્વે इट्; તે इ ને આ સૂત્રથી દીર્ઘ ई આદેશ થવાથી ग्रहीता આવો પ્રયોગ થાય છે. અર્થ - ગ્રહણ કરશે. अपरोक्षायामिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરોક્ષાને છોડીને અન્યત્ર જ ग्रह् ધાતુથી પરમાં વિહિત इट् ને દીર્ઘ ई આદેશ થાય છે. તેથી जगृहिव અહીં પરોક્ષામાં व પ્રત્યયની પૂર્વે 'स्क्रसृ० ४-४-८१' થી વિહિત इट् ને આ સૂત્રથી દીર્ઘ ई આદેશ થતો નથી. ग्रह् + इ + व આ અવસ્થામાં 'द्विर्धातुः० ४-१-१' થી ग्रह् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४' થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ४-१-४०' થી

અભ્યાસમાં ग् ને ज् આદેશ... વગેરે કાર્ય થવાથી जगृहिव આવો પ્રયોગ થાય છે. અહીં 'ग्रहव्रस्च० ४-१-८४' થી ग्रह् ના र ને ऋ આદેશ થયો છે. અર્થ - અમે બેએ ગ્રહણ કર્યું. ॥३४॥

● ● ●

## वृतो नवाऽनाशीः - सिच् परस्मै च ४।४।३५॥

परोक्षा आशिष् ના इट् ને છોડીને તેમ જ પરસ્મૈપદ સમ્બન્ધી सिच् પ્રત્યયના इट् ને છોડીને અન્ય- वृ [१५६७; ११९४ અને ११४६] ધાતુથી અને ऋकारान्त ધાતુથી વિહિત इट् ને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. प्र + आ + वृ [११४६] અને वृ [१५६७] ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. ता પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. આ સૂત્રથી इट् ને દીર્ઘ ई આદેશ. 'नामिनो० ४-३-१'થી ऋ ને ગુણ अर् આદેશ... વગેરે કાર્ય થવાથી प्रावरीता અને वरीता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ને દીર્ઘ ई આદેશ ન થાય ત્યારે प्रावरिता અને वरिता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઢાંકશે. સ્વીકાર કરશે. तॄ ધાતુને 'तुमर्हा० ३-४-२१' થી सन् પ્રત્યય. 'स्ताद्यशितो० ४-४-३२' થી सन् ની પૂર્વે इट्. 'सन्यङश्च ४-१-३' થી तॄ ને દ્વિત્વ. અભ્યાસમાં ॠ ને '-हस्वः ४-१-३९' થી -હસ્વ ऋ આદેશ. એ ऋ ને 'ऋतोऽत् ४-१-३८' થી अ આદેશ. 'सन्यस्य ४-१-५९' થી તે अ ને इ આદેશ. तितॄ + इ+स આ અવસ્થામાં ॠ ને ઉપર જણાવ્યા મુજબ ગુણ अर् આદેશ. આ

સૂત્રથી **इट्** ને દીર્ઘ **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **तितरीषति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** ને દીર્ઘ **ई** આદેશ ન થવાથી **तितरिषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - તરવાની ઈચ્છા કરે છે.

**परोक्षादिवर्जनं किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **परोक्षा आशिष्** અને પરસ્મૈપદના **सिच्** સમ્બન્ધી **इट्** ને છોડીને જ અન્ય - **वृ** અને **ऋकारान्त** ધાતુથી વિહિત જે **इट्**; તેને વિકલ્પથી દીર્ઘ આદેશ થાય છે. તેથી **ववरिथ** અને **तेरिथ** અહીં પરોક્ષાના **इट्** ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. **वृ** અને **तॄ** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. **थव्** ની પૂર્વે **वृ** ધાતુની પરમાં **'ऋ-वृ-व्ये० ४-४-८०'** થી **इट्**. **'स्क्रसृ० ४-४-८१'** થી **तॄ** ધાતુની પરમાં **इट्**. **'द्विर्धातुः० ४-१-१'** થી **वृ** ધાતુને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ. **'नामिनो० ४-३-१'** થી **वृ** ધાતુના **ऋ** ને ગુણ **अर्** આદેશ થવાથી **ववरिथ** આવો પ્રયોગ થાય છે. **तॄ + इ + थ** આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ **ॠ** ને ગુણ **अर्** આદેશ. **'तॄ-त्रप० ४-१-२५'** થી **तर्** ના **अ** ને **ए** આદેશ તથા દ્વિત્વનો નિષેધ થવાથી **तेरिथ** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેં સ્વીકાર કર્યો. તું તર્યો. **प्रावरिषीष्ट** અને **आस्तरिषीष्ट** અહીં **आशिष्** સમ્બન્ધી **इट्** ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. **प्र + आ + वृ** અને **आ + स्तॄ** ધાતુને **आशिष्** માં **सीष्ट** પ્રત્યય. **'इट् सिजा० ४-४-३६'** થી **सीष्ट** ની પૂર્વે **इट्**. **'नामिनो० ४-३-१'** થી **ऋ** અને **ॠ** ને ગુણ **अर्** આદેશ. **'नाम्यन्त० २-३-१५'** થી **सीष्ट** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ થવાથી **प्रावरिषीष्ट** અને **आस्तरिषीष्ट** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- તે ઢાંકે. તે બિછાવે. **प्रावारिषुः** અને **आस्तारिषुः** અહીં પરસ્મૈપદ સમ્બન્ધી **सिच्** ના **इट्** ને આ સૂત્રથી દીર્ઘ આદેશ થતો નથી. **प्र+आ+वृ** અને **आ+स्तॄ** ધાતુને અદ્યતનીનો **अन्** પ્રત્યય. **'सिजद्य० ३-४-५३'** થી ધાતુની પરમાં **अन्** ની પૂર્વે **सिच्**. તેની

પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી इट्. 'नाम्यन्त० २-३-१५' થી सिच् ના स् ને ष् આદેશ. 'सिज्विदो० ४-२-९२' થી अन् ને पुस् આદેશ. 'सिचि० ४-३-४४' થી वृ અને स्तृ ના ऋ અને ॠ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી प्रावारिषुः અને आस्तारिषुः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ- ઢાંક્યું. બિછાવ્યું. ॥૩૫॥

● ● ●

## इट् सिजाशिषोरात्मने ४।४।३६॥

वृ [૧૫૬૭, ૧૨૯૪ અને ૧૯૪૬] ધાતુથી તેમજ ॠकारान्त ધાતુથી પરમાં રહેલા આત્મનેપદ સમ્બન્ધી सिच् પ્રત્યયની પૂર્વે તેમજ आशिष् વિભક્તિના પ્રત્યયોની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. प्र + आ + वृ અને वृ ધાતુને આત્મનેપદનો અદ્યતનીમાં त પ્રત્યય. 'सिजद्यत० ૩-૪-૫૩'થી त પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. 'अड्धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट्. 'धुड्-हस्वा० ૪-૩-૭૦'થી सिच् નો લોપ વગેરે કાર્ય થવાથી प्रावृत અને अवृत આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં सिच् ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ इट् થાય ત્યારે 'नामिनो० ૪-૩-૧'થી ऋ ને ગુણ अर् આદેશ. सिच् ના स् ને 'नाम्यन्त० ૨-૩-૧૫'થી ष् આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦'થી त् ને ट् આદેશાદિ કાર્ય થવાથી प्रावरिष्ट ['वृतो नवा० ૪-૪-૩૫'થી इट् ને દીર્ઘ આદેશ થાય ત્યારે प्रावरीष्ट] અને अवरीष्ट [प्रावरीष्ट ની જેમ] આવો પ્રયોગ થાય છે.

અર્થક્રમશઃ - ઢાંક્યું. પસંદ કર્યું. आ + स्तॄ ધાતુને અદ્યતનીમાં આત્મનેપદનો त પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ ધાતુની પરમાં सिच् પ્રત્યય અને सिच् ની પૂર્વે इट् નો નિષેધ. 'ऋवर्णात् ૪-૩-૩૬'થી सिच् ને किद्वद् ભાવ. 'ॠतां० ૪-૪-૧૧૬'થી स्तॄ ધાતુના ॠ ને इर् આદેશ. इर् ના इ ને 'भ्वादे० ૨-૧-૬૩'થી દીર્ઘ ई આદેશ. ઉપર જણાવ્યા મુજબ सिच् ના स् ને ष् આદેશ. त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી आस्तीर्ष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે आ + अ + स्तॄ + इ + स् + त આ અવસ્થામાં 'नामिनो० ૪-૩-૧'થી ॠ ને ગુણ अर् આદેશ થવાથી आस्तरिष्ट [आस्तरीष्ट પણ] આવો પ્રયોગ થાય છે. અર્થ - પાથર્યું. प्र + आ + वृ; वृ અને आ + स्तॄ ધાતુને आशिष् નો सीष्ट પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત इट् નો વિકલ્પે આ સૂત્રથી નિષેધ. 'ऋवर्णात् ૪-૩-૩૬'થી सीष्ट પ્રત્યયને किद्वद् ભાવ. ઉપર જણાવ્યા મુજબ ॠ ને इर् આદેશ...વગેરે કાર્ય થવાથી प्रावृषीष्ट वृषीष्ट અને आस्तीर्षीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી सीष्ट પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી प्रावरिषीष्ट वरिषीष्ट અને आस्तरिषीष्ट આવો પ્રયોગ થાય છે. લઘુવૃત્તિમાં आस्तरीषीष्ट પાઠના સ્થાને 'आस्तरिषीष्ट' આવો પાઠ સમજવો. અર્થક્રમશઃ - ઢાંકે. વરે. પાથરે.

**आत्मने इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ वृ અને ॠकारान्त ધાતુથી પરમાં રહેલા આત્મનેપદના જ सिच् પ્રત્યયની પૂર્વે તેમજ आशिष् સંબન્ધી પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. [અર્થાત્ વિકલ્પથી इट् નો નિષેધ થાય છે.] તેથી प्रावारीत् અહીં પરસ્મૈપદના सिच् ની પૂર્વે આ સૂત્રથી વિકલ્પે इट् નો નિષેધ થતો નથી. प्र + आ + वृ ધાતુને પરસ્મૈપદમાં અદ્યતનીનો दि પ્રત્યય. दि ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ सिच् અને सिच् ની પૂર્વે

इट्. 'सः सिज० ४-३-६५'थी सिच् नी પરમાં ईत्. 'सिचि परस्मै०. ४-३-४४'થી ऋ ने वृद्धि आर् આદેશ. 'इट ईति ४-३-७१'थी सिच् नो લોપ...વગેરે કાર્ય થવાથી प्रावारीत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ઢાંક્યું. ।।३६।।

● ● ●

## संयोगाद् ऋतः ४।४।३७।।

સંયુક્તવ્યઞ્જનથી પરમાં રહેલો ऋ છે અન્તમાં જેના એવા ધાતુથી પરમાં રહેલા આત્મનેપદ સમ્બન્ધી सिच् અને आशिष् વિભક્તિના પ્રત્યયની પૂર્વે इट् વિકલ્પથી થાય છે. स्मृ ધાતુને કર્મમાં અદ્યતનીનો आताम् પ્રત્યય. 'सिजद्यत० ३-४-५३'थी आताम् પ્રત્યયની પૂર્વે सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् ની પૂર્વે इट्. 'नामिनो० ४-३-१'थी स्मृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'नाम्यन्त० २-३-१५'थी सिच् ના स् ને ष् આદેશાદિ કાર્ય થવાથી अस्मरिषाताम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે अनिट् [इट् થી રહિત] सिच् ને 'ऋवर्णात् ४-३-३६'थी किद्वद् ભાવ થવાથી अस्मृषाताम् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બેનું સ્મરણ કર્યું. स्मृ ધાતુને आशिष् નો કર્મમાં सीष्ट પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट् વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી स्मरिषीष्ट આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ सीष्ट પ્રત્યયને किद्वद् ભાવ વગેરે કાર્ય થવાથી स्मृषीष्ट આવો પ્રયોગ

થાય છે. અર્થ - તેનું સ્મરણ કરાય.

**संयोगादिति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ સંયુક્ત વ્યઞ્જનથી જ પરમાં રહેલો **ऋ** [**ऋ** સામાન્ય નહિ] જેના અન્તમાં છે; તેની પરમાં રહેલા આત્મનેપદ સમ્બન્ધી **सिच्** તથા **आशिष्** વિભક્તિના પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** થાય છે. તેથી **अकृत** અહીં **कृ** ધાતુની પરમાં રહેલા **सिच्** પ્રત્યયની પૂર્વે **इट्** વિકલ્પથી થતો નથી. **कृ** [૧૨૯૩] ધાતુને આત્મનેપદનો અદ્યતનીમાં **त** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **त** ની પૂર્વે **सिच्** પ્રત્યય. '**धुड् -हस्वा०** ૪-૩-૭૦'થી **सिच्** પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી **अकृत** આવો પ્રયોગ થાય છે. અર્થ - દુ:ખ આપ્યું. ॥૩૭॥

● ● ●

## धूगौदितः ૪।૪।૩૮॥

**धू** [૧૨૯૧] ધાતુથી પરમાં રહેલા અને **औदित्** [**औ** જેમાં **इत्** છે એવા] ધાતુની પરમાં રહેલા **त्र** તથા **उणादि** પ્રત્યયથી ભિન્ન **सादि** અને **तादि** પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** થાય છે. **धू** ધાતુને **श्वस्तनी** નો **ता** પ્રત્યય. આ સૂત્રથી **ता** પ્રત્યયની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો વિકલ્પથી નિષેધ. '**नामिनो०** ૪-૩-૧'થી **धू** ધાતુના **ऊ** ને ગુણ **ओ** આદેશ થવાથી **धोता** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં **इट्** નો આ સૂત્રથી નિષેધ ન થાય ત્યારે **धविता** આવો પ્રયોગ થાય છે. અર્થ - કંપાવશે. **रध्** [૧૧૮૮] ધાતુને ઉપર જણાવ્યા મુજબ **श्वस्तनी** નો **ता** પ્રત્યય. **ता** પ્રત્યયની

પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. 'अधश्चतु० ૨-૧-૭૯'થી त् ને ध् આદેશ. 'तृतीय० ૧-૩-૪૯'થી रध् ધાતુના ध् ને द् આદેશ થવાથી रद्धा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે रधिता આવો પ્રયોગ થાય છે. અર્થ - રાંધશે. ॥૩૮॥

● ● ●

## निष्कुषः ૪।૪।૩૯॥

निष् + कुष् ધાતુની પરમાં રહેલા [त्र અને उणादि ભિન્ન] सादि અને तादि પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. निष् [निर्, निस्]+ कुष् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. कुष् ધાતુના ઉપાન્ત્ય उ ને 'लघोरुपा० ૪-૩-૪'થી ગુણ ओ આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦'થી ता પ્રત્યયના त् ને ट् આદેશ થવાથી निष्कोष्टा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે निष्कोषिता આવો પ્રયોગ થાય છે. અર્થ - કાઢશે. ॥૩૯॥

● ● ●

## क्तयो: ४।४।४०॥

निष् + कुष् ધાતુની પરમાં રહેલા क्त [त] અને क्तवतु પ્રત્યયની પૂર્વે નિત્ય इट् થાય છે. निष् + कुष् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४'થી क्त અને क्तवतु [तवत्] પ્રત્યય. क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् વગેરે કાર્ય થવાથી निष्कुषितः અને निष्कुषितवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - કાઢેલો. કાઢ્યો.॥४०॥

● ● ●

## जॄ-व्रश्चः क्त्वः ४।४।४१॥

जॄ અને व्रश्च् ધાતુની પરમાં રહેલા क्त्वा પ્રત્યયની પૂર્વે इट् થાય છે. जॄ ધાતુને 'प्राक्काले ५-४-४७'થી क्त्वा પ્રત્યય. આ સૂત્રથી क्त्वा [त्वा] પ્રત્યયની પૂર્વે इट्. सेट् [इट् સહિત] क्त्वा પ્રત્યયને 'क्त्वा ४-३-२९'થી किद्वद् ભાવનો નિષેધ થવાથી 'नामिनो० ४-३-१'થી जॄ ના ऋ ને ગુણ अर् આદેશ. 'वॄतो नवा० ४-४-३५'થી इट् ને દીર્ઘ ई આદેશ થવાથી जरीत्वा [અને जरित्वा] આવો પ્રયોગ થાય છે. [અહીં जॄ ધાતુ क्र्यादि નો [૧૨૩૬] ગૃહિત છે. પરંતુ जॄष्च् [૧૧૪૫] આ दिवादि નો ગૃહિત નથી. કારણકે 'निरनुबन्धग्रहणे न सानुबन्धस्य' - આ ન્યાય છે. दिवादि जॄ ધાતુને क्त्वा પ્રત્યયાદિ કાર્ય થવાથી जीर्त्वा આવો પ્રયોગ થાય છે. એ યાદ રાખવું.] અર્થ - વૃદ્ધ થઈને. व्रश्च् ધાતુને ઉપર

જણાવ્યા મુજબ **क्त्वा** પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી **इट्**. **सेट् क्त्वा** ને **क्ङिद्वद्** ભાવનો નિષેધ; તેથી '**ग्रह-व्रस्च०** ૪-૧-૮૪'થી **व्रश्च्** ના **र** ને **ऋ** આદેશનો અભાવ...વગેરે કાર્ય થવાથી **व्रश्चित्वा** આવો પ્રયોગ થાય છે. અર્થ - કાપીને. ॥૪૧॥

● ● ●

## ऊदितो वा ४।४।४२॥

**ऊदित्** [**ऊ** અનુબન્ધવાળા] ધાતુથી પરમાં રહેલા **क्त्वा** પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** થાય છે. **दम्** [૧૨૩૧] ધાતુને '**प्राक्काले** ૫-૪-૪૭'થી **क्त्वा** પ્રત્યય. **क्त्वा** પ્રત્યયની પૂર્વે '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. '**अहन्०** ૪-૧-૧૦૭'થી **दम्** ધાતુના **अ** ને દીર્ઘ **आ** આદેશાદિ કાર્ય થવાથી **दान्त्वा** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **दमित्वा** આવો પ્રયોગ થાય છે. અર્થ - દમન કરીને. ॥૪૨॥

● ● ●

## क्षुधवसस्तेषाम् ४।४।४३।।

क्षुध् અને वस् ધાતુથી પરમાં રહેલા क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट् થાય છે. क्षुध् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४'થી क्त અને क्तवतु પ્રત્યય. અને 'प्राक्काले ५-४-४७'થી क्त्वा પ્રત્યય. આ સૂત્રથી क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી क्षुधितः क्षुधितवान् અને क्षुधित्वा આવો પ્રયોગ થાય છે. क्षुध् ધાતુની પરમાં રહેલા सेट क्त्वा પ્રત્યયના किद्वद् ભાવના નિષેધનો 'क्षुध-क्लिश० ४-३-३१'થી બાધ થાય છે. તેથી તે सेट् क्त्वा किद् મનાય છે. અર્થક્રમશ: - ભૂખ્યો. ભૂખ્યો. ભૂખ્યો થઈને. वस् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त क्तवतु અને क्त्वा પ્રત્યય. તે પ્રત્યયોની પૂર્વે આ સૂત્રથી इट्. 'यजादि० ४-१-७९'થી वस् ના व ને उ આદેશ. 'घस्-वसः २-३-३६'થી वस् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી उषितः उषितवान् અને उषित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - રહેલો. રહેલો. રહીને. ।।४३।।

● ● ●

## लुभ्यञ्चे र्विमोहार्चे ४।४।४४।।

વિમોહાર્થક लुभ्०[१३९०] અને અર્ચા-પૂજાર્થક अञ्च् ધાતુની પરમાં રહેલા क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट् થાય છે. वि + लुभ् ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४'થી क्त અને क्तवतु

પ્રત્યય. 'प्राक्काले ૫-૪-૪૭'થી लुभ् ધાતુને क्त्वा પ્રત્યય. આ સૂત્રથી क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट्...વગેરે કાર્ય થવાથી विलुभितः विलुभितवान् અને लुभित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આકૃષ્ટ. આકૃષ્ટ કર્યો. વિમોહિત થઈને. ઉપર જણાવ્યા મુજબ अञ्च् ધાતુને क्त क्तवतु અને क्त्वा પ્રત્યય. આ સૂત્રથી क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट्...વગેરે કાર્ય થવાથી अञ्चितः अञ्चितवान् અને अञ्चित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પૂજાએલો. પૂજા કરી. પૂજા કરીને. विमोहार्च इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ विमोहार्थक જ लुभ् અને પૂજાર્થક જ अञ्च् ધાતુની પરમાં રહેલા क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट् થાય છે. તેથી लुब्धो जाल्मः અને उदक्तं जलम् અહીં લોભાર્થક लुभ् ધાતુની અને ઉલેચવાર્થક अञ्च् ધાતુની પરમાં રહેલા क्त પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् થતો નથી. लुभ् + त અને उद् + अञ्च् + त આ અવસ્થામાં लुभ् ધાતુની પરમાં રહેલા त ના त् ને 'अधश्च० ૨-૧-૭૯'થી ध् આદેશ. 'तृतीय० ૧-૩-૪૯'થી भ् ને ब् આદેશ. 'अञ्चो० ૪-૨-૪૬'થી अञ्च् ધાતુના न् [ञ्] નો લોપ. 'चजः कगम् ૨-૧-૮૬'થી च् ને क् આદેશ વગેરે કાર્ય થવાથી लुब्धो जाल्मः અને उदक्तं जलम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - લુચ્ચો લોભી. ઉલેચેલું પાણી. [लुभ् + त આ અવસ્થામાં 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો 'सह-लुभे० ૪-૪-૪૬'થી નિષેધ થાય છે; અને उद् + अञ्च् + त આ અવસ્થામાં 'वेटोऽपतः ૪-૪-૬૨'થી इट् નો નિષેધ થાય છે.] ॥૪૪॥

● ● ●

## पूङ्-क्लिशिभ्यो नवा ४।४।४५।।

पूङ् [६००] અને क्लिश् [१२७६ અને १५५७] ધાતુથી પરમાં રહેલા क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. पू ધાતુને 'क्त-क्तवतू ५-१-१७४'થી क्त અને क्तवतु પ્રત્યય. તેમજ 'प्राक्काले ५-४-४७'થી क्त्वा પ્રત્યય. આ સૂત્રથી क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट्. 'न डीङ्० ४-३-२७'થી सेट् क्त અને क्तवतु પ્રત્યયને किद्वद् ભાવનો નિષેધ. 'क्त्वा ४-३-२९'થી सेट् क्त्वा ને किद्वद् ભાવનો નિષેધ. 'नामिनो० ४-३-१'થી पू ના ऊ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી पवितः पवितवान् અને पवित्वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે पूतः; पूतवान् અને पूत्वा આવો પ્રયોગ થાય છે. સામાન્ય સૂત્ર [४-४-३२]થી પ્રાપ્ત इट् નો 'उवर्णात् ४-४-५८'થી અહીં નિષેધ હોવાથી આ સૂત્રનું પ્રણયન છે. क्लिश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त क्तवतु ને क्त्वा પ્રત્યય. 'स्ताद्यशि० ४-४-३२'થી क्त क्तवतु અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट् ની પ્રાપ્તિ હોવાથી તેનો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. 'यज-सृज० २-१-८७'થી क्लिश् ના श् ને ष् આદેશ. ष् ના યોગમાં 'तवर्ग० १-३-६०'થી त् ને ट् આદેશાદિ કાર્ય થવાથી क्लिष्टः क्लिष्टवान् અને क्लिष्ट्वा આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે क्लिशितः क्लिशितवान् અને क्लिशित्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પવિત્ર. પવિત્ર કર્યું. પવિત્ર કરીને. દુઃખી થયો. દુઃખી કર્યો. દુઃખી કરીને. ।।૪૫।।

● ● ●

## सह - लुभेच्छ - रुष - रिषस्तादेः ४।४।४६।।

सह् लुभ् इच्छ् [इष्] रुष् અને रिष् ધાતુની પરમાં રહેલા अशित् सादि કે तादि પ્રત્યય સમ્બન્ધી तादि પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. सह् लुभ् इष् [१४१९] અને रुष् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. ता પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ४-४-३२'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. सह् + ता આ અવસ્થામાં 'हो धुट्० २-१-८२'થી ह् ને ढ् આદેશ. 'अधश्च० २-१-७९'થી त् ને ध् આદેશ. 'तवर्ग० १-३-६०'થી ध् ને ढ् આદેશ. 'सहिवहे० १-३-४३'થી પૂર્વ ढ् નો લોપ અને सह् ના अ ને ओ આદેશ થવાથી सोढा આવો પ્રયોગ થાય છે. लुभ् + ता; इष् + ता અને रुष् + ता આ અવસ્થામાં 'अधश्च० २-१-७९'થી भ् ની પરમાં રહેલા त् ને ध् આદેશ. 'तृतीय० १-३-४९'થી भ् ને ब् આદેશ. 'तवर्ग० १-३-६०'થી ष् ના યોગમાં त् ને ट् આદેશ. 'लघोरुपा० ४-३-४'થી उ ને ગુણ ओ અને इ ને ગુણ ए આદેશ થવાથી लोब्धा एष्टा અને रोष्टा આવો પ્રયોગ થાય છે. रिष् ધાતુને 'क्रियायां० ५-३-१३'થી तुम् પ્રત્યય. આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तुम् પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् નો નિષેધ. ઉપાન્ત્ય इ ને ગુણ ए આદેશ. तुम् ના त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી रेष्टुम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે અનુક્રમે सहिता लोभिता एषिता रोषिता અને रेषितुम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સહન કરશે. લોભ કરશે. ઈચ્છા કરશે. ક્રોધ કરશે. હિંસા કરવા માટે. ।।४६।।

● ● ●

## इवृध - भ्रस्ज - दम्भ - श्रि - यूर्णु - भर - ज्ञपि - सनि - तनि - पति - वृद् - दरिद्रः सनः ४।४।४७।।

इव् જેના અન્તે છે એવા इवन्त ધાતુની પરમાં રહેલા; તેમજ ऋध्; भ्रस्ज्; दम्भ्; श्रि; यु; ऊर्णु; भृ; ज्ञप्; सन्; तन्; पत्; वृ; ऋकारान्त धातु અને दरिद्रा ધાતુની પરમાં રહેલા सन् [स] પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. दिव् [११४४] [इवन्त] ધાતુને 'तुमर्हा० ૩-૪-૨૧'થી सन् પ્રત્યય. 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી सन् પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. 'उपान्त्ये ૪-૩-૩૪'થી अनिट् सन् ને किद्वद् ભાવ. 'अनुनासि० ૪-૧-૧૦૮'થી दिव् ના व् ને ऊ આદેશ. 'सन्यङश्च ૪-૧-૩'થી द्यू ને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં ऊ ને -હસ્વ उ આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सन् ના स् ને ष् આદેશાદિ કાર્ય થવાથી दुद्यूषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે दिव् + इ + स આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ दिव् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. दिव् ના इ ને 'लघोरुपा० ૪-૩-૪'થી ગુણ ए આદેશ...વગેરે કાર્ય થવાથી दिदेविषति આવો પ્રયોગ થાય છે. અર્થ - ક્રીડા કરવાની ઈચ્છા કરે છે.

ऋध् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. આ સૂત્રથી सन् પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત इट् નો ઉપર જણાવ્યા મુજબ નિષેધ. ऋध् ધાતુને 'ऋध ईर्त् ૪-૧-૧૭'થી ईर्त् આદેશ અને દ્વિત્વનો નિષેધ...વગેરે કાર્ય થવાથી ईर्त्सति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી सन् ની પૂર્વે इट् નો નિષેધ ન થાય ત્યારે

ऋध् + इ + स આ અવસ્થામાં 'लघोरुपा० ૪-૩-૪'થી ऋ ને ગુણ अर् આદેશ. अर्धिस ધાતુના धि ને 'स्वरादे० ૪-૧-૪'થી દ્વિત્વ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં धि ના ध् ને द् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सन् ના स् ને ष् આદેશાદિ કાર્ય થવાથી अर्दिधिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - સમૃદ્ધ થવાની ઈચ્છા કરે છે.

भ्रस्ज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. આ સૂત્રથી सन् પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત इट् નો ઉપર જણાવ્યા મુજબ નિષેધ. 'भृज्जो भर्ज् ૪-૪-૬'થી भ्रस्ज् ધાતુને भर्ज् આદેશ. 'सन्यङश्च ૪-૧-૩'થી भर्ज् ને દ્વિત્વ. અભ્યાસમાં ઉપર જણાવ્યા મુજબ અનાદિ વ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં भ् ને ब् આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯'થી અભ્યાસમાં अ ને इ આદેશ. बिभर्ज् + स આ અવસ્થામાં 'यज-सृज० ૨-૧-૮૭'થી ज् ને ष् આદેશ. 'षढोः कस्सि ૨-૧-૬૨'થી ष् ને क् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી सन् પ્રત્યયના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી बिभर्क्षति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् થાય ત્યારે बिभर्जिषति આવો પ્રયોગ થાય છે. ['भृज्जो भर्ज् ૪-૪-૬'થી વિકલ્પપક્ષમાં भ्रस्ज् ધાતુને भर्ज् આદેશ ન થાય ત્યારે बिभ्रक्षति અને बिभ्रज्जिषति આવો પ્રયોગ થાય છે. इट् ન થાય ત્યારે 'संयोग० ૨-૧-૮૮'થી भ्रस्ज् ધાતુના स् નો લોપ થયો છે અને इट् થાય ત્યારે स् ને 'तृतीय० ૧-૩-૪૯'થી द् અને द् ને 'तवर्गस्य० ૧-૩-૬૦'થી ज् આદેશ થાય છે.] અર્થ - ભુંજવાની ઈચ્છા કરે છે.

दम्भ् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ નિષેધ. 'दम्भो० ૪-૧-૧૮'થી दम्भ् ધાતુને धिप् અને धीप् આદેશ તથા દ્વિત્વનો નિષેધ...વગેરે કાર્ય થવાથી धिप्सति અને धीप्सति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે दम्भ्

+ इ + स આ અવસ્થામાં 'सन् यङश्च ४-१-3'થી दम्भ् ધાતુને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ વગેરે કાર્ય થવાથી दिदम्भिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - દંભ કરવાની ઈચ્છા કરે છે.

श्रि ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट्નો ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી નિષેધ. 'स्वरहन०. ४-१-१०४' થી श्रि ધાતુના इ ને દીર્ઘ ई આદેશ. 'सन्यङश्च ४-१-३' થી श्री ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '-हस्व: ४-१-३९' થી અભ્યાસમાં ई ને -હ્રસ્વ इ આદેશ. ઉપર જણાવ્યા મુજબ सन् ના स् ને ष् આદેશ. 'नामिनो० ४-३-३३' થી सन् ને किद्वद् ભાવ થવાથી श्री ધાતુના ई ને ગુણનો અભાવ... વગેરે કાર્ય થવાથી शिश्रीषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે शिश्री+इ+स આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ सेट् सन् ને किद्वद् ભાવ ન થવાથી 'नामिनो० ४-३-१' થી श्री ના ई ને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી शिश्रयिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - સેવા કરવાની ઈચ્છા કરે છે.

यु ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. [सन् ની પૂર્વે 'स्ताद्यशितो० ४-४-३२' થી પ્રાપ્ત इट् નો 'ग्रहगुहश्च० ४-૪-૫૯'થી નિષેધ.] ઉપર જણાવ્યા મુજબ अनिट् सन् ને किद्वद् ભાવ. ઉપર જણાવ્યા મુજબ यु ને દ્વિત્વ. 'स्वरहन० ૪-૧-૧૦૪'થી यु ધાતુના उ ને દીર્ઘ ऊ આદેશ. सन् ના स् ને ઉપર જણાવ્યા મુજબ ष् આદેશાદિ કાર્ય થવાથી युयूषति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् થાય ત્યારે युयु + इ + स આ અવસ્થામાં દ્વિતીય यु ના उ ને 'नामिनो० ૪-૩-૧'થી ગુણ ओ આદેશ. 'ओर्जान्त० ૪-૧-૬૦'થી અભ્યાસમાં यु ના उ ને इ આદેશાદિ કાર્ય થવાથી यियविषति આવો પ્રયોગ થાય છે.

અર્થ - જોડવાની ઈચ્છા કરે છે.

**प्र** + **ऊर्णु** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **सन्** ની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ **अनिट् सन्** ને **किद्वद्** ભાવ. '**स्वरादे**० ૪-૧-૪'થી **नु** ને દ્વિત્વ. '**स्वरहन**० ૪-૧-૧૦૪'થી **ऊर्णु** ધાતુના અન્ત્ય **उ** ને દીર્ઘ **ऊ** આદેશ...વગેરે કાર્ય થવાથી **प्रोर्णुनूषति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **प्रोर्णुनु** + **इ** + **स** આ અવસ્થામાં '**नामिनो**० ૪-૩-૧'થી **नु** ના **उ** ને ગુણ **ओ** આદેશાદિ કાર્ય થવાથી **प्रोर्णुनविषति** આવો પ્રયોગ થાય છે. [**प्रोर्णुनु** + **इ** + **स** આ અવસ્થામાં '**वोर्णोः** ૪-૩-૧૯'થી **इट्** ને વિકલ્પથી **ङिद्वद्** ભાવ થાય ત્યારે **नु** ના **उ** ને '**धातोरि**० ૨-૧-૫૦'થી **उव्** આદેશાદિ કાર્ય થવાથી **प्रोर्णुनुविषति** આવો પ્રયોગ થાય છે.] અર્થ - ઢાંકવાની ઈચ્છા કરે છે.

**भर** - **भृ** [૮૮૬] ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. ['**स्ताद्यशि**० ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો '**एकस्व**० ૪-૪-૫૬'થી નિષેધ] '**स्वरहन**० ૪-૧-૧૦૪'થી **ऋ** ને દીર્ઘ **ॠ** આદેશ. ઉપર જણાવ્યા મુજબ **अनिट् सन्** ને **किद्वद्** ભાવ. '**ओष्ठ्यादुर्** ૪-૪-૧૧૭'થી **ॠ** ને **उर्** આદેશ. '**सन् यङश्च** ૪-૧-૩'થી **भुर्** ને દ્વિત્વ. અભ્યાસમાં '**व्यञ्जन**० ૪-૧-૪૪'થી અનાદિવ્યઞ્જનનો લોપ. '**द्वितीय**० ૪-૧-૪૨'થી અભ્યાસમાં **भ्** ને **ब्** આદેશ. '**भ्वादे र्नामिनो**० ૨-૧-૬૩'થી દ્વિતીય **भुर्** ના **उर्** ને દીર્ઘ **ऊ** આદેશ...વગેરે કાર્ય થવાથી **बुभूर्षति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **भृ** + **इ** + **स** આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ **भृ** ને દ્વિત્વ. અભ્યાસમાં **भ्** ને **ब्** આદેશ. '**ऋतोऽत्** ૪-૧-૩૮'થી અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ. '**सन्यस्य** ૪-૧-૫૯'થી અભ્યાસમાં **अ** ને **इ** આદેશ.

'नामिनो० ४-૩-૧'થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી बिभरिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - પાલન કરવાની ઈચ્છા કરે છે.

ज्ञपि [ज्ञा ૧૭૨૦ આ ધાતુને णिच् પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન] ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ. 'ज्ञप्यापो० ४-१-१६' થી ज्ञपि ધાતુને ज्ञीप् આદેશ તથા દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી ज्ञीप्सति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે ज्ञपि+इ+स આ અવસ્થામાં 'सन्-यङश्च ४-१-३' થી ज्ञप् ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં अ ને इ આદેશ. जिज्ञपि ના અન્ત્ય इ ને 'नामिनो० ४-३-१' થી ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી जिज्ञपयिषति આવો પ્રયોગ થાય છે. અહીં સૂત્રમાં ज्ञपि આ પ્રમાણે ज्ञा ધાતુના आ ને હ્રસ્વ अ આદેશ કરીને નિર્દેશ હોવાથી જ્યાં હ્રસ્વતા થતી નથી ત્યાં આ સૂત્રથી વિકલ્પે इट् નો નિષેધ થતો નથી. જેથી जिज्ञापयिषति આવો પ્રયોગ થાય છે; ज्ञीप्सति આવો પ્રયોગ નહિ. અર્થ - જણાવવાની અથવા જાણવાની ઈચ્છા કરે છે.

सन्[३३०] ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો ઉપર જણાવ્યા મુજબ આ સૂત્રથી નિષેધ. 'सन्यङश्च ४-१-३' થી सन् ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ અને अ ને इ આદેશ. 'सनि ४-२-६१' થી न् ને आ આદેશાદિ કાર્ય થવાથી सिषासति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે सिसन्+इ+स આ અવસ્થામાં सन् ના स् ને 'नाम्यन्त० २-३-१५' થી ष् આદેશાદિ કાર્ય થવાથી सिसनिषति આવો પ્રયોગ થાય છે. અહીં 'णिस्तोरेवा० २-३-३७' આ સૂત્રથી વિહિત

નિયમના કારણે **सिसनि** ના દ્વિતીય **स्** ને **ष्** આદેશ થતો નથી - તે ૨-૩-૩૭ નું અનુસંધાન કરીને સમજી લેવું. અર્થ - આપવાની ઈચ્છા કરે છે.

**तन्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ. '**सन् यङश्च ४-१-३**' થી **तन्** ધાતુને દ્વિત્વાદિ કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી **तितंसति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ **इट्** વગેરે કાર્ય થવાથી **िततनिषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - વિસ્તાર કરવાની ઈચ્છા કરે છે.

**पत्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યાં મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. '**रभ-लभ० ४-१-२१**' થી **पत्** ધાતુના **अ** ને **इ** આદેશ અને દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી **पित्सति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **पत्** ધાતુને **पत्+इ+स** આ અવસ્થામાં '**सन्यङश्च ४-१-३**' થી દ્વિત્વ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ થવાથી **पिपतिषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - પડવાની ઈચ્છા કરે છે.

**प्र+आ+वृ [१२९४-१९४६]** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ. '**नामिनो० ४-३-३३**' થી **सन्** ને **किद्वद्** ભાવ. '**स्वर-हन० ४-१-१०४**' થી **वृ** ધાતુના **ऋ** ને દીર્ઘ **ॠ** આદેશ. '**औष्ठ्या० ४-४-११७**' થી **वॄ** ના **ॠ** ને **उर्** આદેશ. '**सन्-यङश्च ४-१-३**' થી **वुर्** ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. **प्रावुवुर्+स** આ અવસ્થામાં **वुर्** ના **उ** ને; '**भ्वादेर्नामि० २-१-६३**' થી દીર્ઘ **ऊ** આદેશ. ઉપર જણાવ્યા મુજબ **सन्** ના **स्** ને **ष्** આદેશ.... વગેરે કાર્ય થવાથી

**प्रावुवूर्षति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **सन्** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ ન થાય ત્યારે **प्र+आ+वृ+इ+स** આ અવસ્થામાં **वृ** ને દ્વિત્વ. '**ऋतोऽत् ४-१-३८**' થી અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ. ઉપર જણાવ્યા મુજબ એ **अ** ને **इ** આદેશ. **प्रा+विवृ+इ+स** આ અવસ્થામાં '**नामिनो० ४-३-१**' થી **ऋ** ને ગુણ **अर्** આદેશ વગેરે કાર્ય થવાથી **प्राविवरिषति** આવો પ્રયોગ થાય છે. [વિકલ્પથી '**वृतो नवा० ४-४-३५**' થી **इट्** ને દીર્ઘ **ई** આદેશ થાય ત્યારે **प्राविवरीषति** આવો પ્રયોગ થાય છે.] અર્થ - ઢાંકવાની ઈચ્છા કરે છે. આવી જ રીતે **वृ [१५६७]** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી **वुवूर्षते** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **विवरिषते** અને **इट्** ને દીર્ઘ **ई** આદેશ થાય ત્યારે **विवरीषते** આવો પ્રયોગ થાય છે. અર્થ - વરવાની ઈચ્છા કરે છે.

**तॄ** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. **सन्** ને **किद्वद्**ભાવ. '**ऋतां० ४-४-११६**' થી **ॠ** ને **इर्** આદેશ. **तिर्** ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. **तितिर्+स** આ અવસ્થામાં '**भ्वादेर्नामि० २-१-६३**' થી **तिर्** ના **इ** ને દીર્ઘ **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **तितीर्षति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ [**प्राविवरिषति** ની જેમ] **िततरिषति** આવો પ્રયોગ થાય છે અને **इट्** ને દીર્ઘ **ई** આદેશ થાય ત્યારે **िततरीषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - તરવાની ઈચ્છા કરે છે.

**दरिद्रा** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ.

'**सन्-यङश्च ४-१-३** થી **दर्** ને દ્વિત્વ.

ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં **अ** ને **इ** આદેશ...વગેરે કાર્ય થવાથી **दिदरिद्रासति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **दिदरिद्रा+इ+स** આ અવસ્થામાં '**अशित्य०** ૪-૩-૭૭'થી **आ** નો લોપ વગેરે કાર્ય થવાથી **दिदरिद्रिषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - દરિદ્ર થવાની ઈચ્છા કરે છે.

અહીં સામાન્યથી યાદ રાખવું જોઈએ કે તે તે સૂત્રથી વિધિ કે નિષેધ સ્વરૂપ કાર્ય પ્રાપ્ત હોતે છતે જ્યારે તે તે કાર્યનું વિકલ્પથી વિધાન અન્ય સૂત્રથી કરાતું હોય છે ત્યારે તે સૂત્ર વસ્તુત: તે કાર્યનો વિકલ્પથી નિષેધ કરતું હોય છે. નિષેધના વિકલ્પપક્ષમાં વિધિરૂપ કાર્ય તો તે તે સૂત્રથી સિદ્ધ જ હોય છે. આ જ આશયથી વિકલ્પથી **इट्** વિધાયક તે તે સૂત્રમાં પ્રથમ **इट्** વિનાના ઉદાહરણોનો ઉલ્લેખ છે; અને પછી **इट्** સહિતના ઉદાહરણોનો ઉલ્લેખ છે. એવા ઉલ્લેખ જરૂરી જ છે - એવું નથી. પરંતુ પ્રાપ્ત વિભાષા [સિદ્ધકાર્યના વિકલ્પથી વિધાન] સ્થળે સૂત્રાર્થ તો વસ્તુત: ઉપર જણાવ્યા મુજબ સમજવો જોઈએ.....ઈત્યાદિ વૈયાકરણોની સમય મર્યાદા છે.॥૪૭॥

# ऋ - स्मि - पूङ्ञ्जशौ - कॄ - गॄ - दृ - धृ - प्रच्छः ४।४।४८।।

ऋ स्मि पूङ् अञ्ज् अश् कॄ गॄ दृ धृ અને प्रच्छ् ધાતુથી પરમાં રહેલા सन् પ્રત્યયની પૂર્વે નિત્ય इट् થાય છે. ऋ ધાતુને 'तुमर्हा० ૩-૪-૨૧'થી सन् [स] પ્રત્યય. सन् પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट्. 'नामिनो० ૪-૩-૧'થી ऋ ને ગુણ अर् આદેશ. अर् + इस् આ અવસ્થામાં 'स्वरादे० ૪-૧-૪'થી रिस् ને દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'नाम्यन्तस्था० ૨-૩-૧૫'થી सन् પ્રત્યયના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अरिरिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - જવાની ઈચ્છા કરે છે. स्मि ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'सन्यङश्च ૪-૧-૩'થી स्मि ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. ઉપર જણાવ્યા મુજબ स्मि ધાતુના અન્ત્ય સ્વરને ગુણ ए આદેશાદિ કાર્ય થવાથી सिस्मयिषते આવો પ્રયોગ થાય છે. અર્થ - હસવાની ઈચ્છા કરે છે. पू [૬૦૦] ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'सन्यङश्च ૪-૧-૩'થી पू ને દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી पू ના ऊ ને અભ્યાસમાં -હસ્વ उ આદેશ. उ ને 'ओर्जान्त० ૪-૧-૬૦'થી इ આદેશ. पू ના ऊ ને ઉપર જણાવ્યા મુજબ ગુણ ओ આદેશ...વગેરે કાર્ય થવાથી पिपविषते આવો પ્રયોગ થાય છે. અર્થ - પવિત્ર કરવાની ઈચ્છા કરે છે. अञ्ज् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'स्वरादे० ૪-૧-૪'થી जि ને દ્વિત્વ. ઉપર જણાવ્યા મુજબ सन् ના स् ને ष् આદેશ વગેરે કાર્ય થવાથી अञ्जिजिषति આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે अश् ધાતુને [૧૩૧૪] ઉપર જણાવ્યા મુજબ

सन् પ્રત્યય; તેની પૂર્વે આ સૂત્રથી इट् વગેરે કાર્ય થવાથી अशिशिषते આવો પ્રયોગ થાય છે. ['धूगौदितः ૪-૪-૩૮'થી પ્રાપ્ત વૈકલ્પિક इट् નો બાધ કરીને નિત્ય इट् આ સૂત્રથી અહીં થાય છે.] અર્થક્રમશઃ - જવાની ઈચ્છા કરે છે. વ્યાપ્ત કરવાની ઈચ્છા કરે છે. कॄ [૧૩૩૪] ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'सन्यङश्च ૪-૧-૩'થી कॄ ને દ્વિત્વ. '-ह्रस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં ॠ ને -હ્સ્વ ऋ આદેશ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થીऋ ને अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬'થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'नामिनो० ૪-૧-૩'થી कॄ ના ॠ ને ગુણ अर् આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯'થી અભ્યાસમાં अ ને इ આદેશ વગેરે કાર્ય થવાથી चिकरिषति અને 'वृतो नवा० ૪-૪-૩૫'થી इट् ને દીર્ઘ આદેશ થાય ત્યારે चिकरीषति આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે गॄ [૧૩૩૫] ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય; તેની પૂર્વે આ સૂત્રથી इट्; गॄ ને દ્વિત્વ; અભ્યાસમાં ग् ને 'गहोर्जः ૪-૧-૪૦'થી ज् આદેશ...વગેરે કાર્ય થવાથી जिगरीषति અને जिगरिषति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - પાથરવાની ઈચ્છા કરે છે. ગળી જવાની ઈચ્છા કરે છે. आ + दृ [१४६६] અને आ + धृ [१४६७] ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'सन्यङश्च ૪-૧-૩'થી दृ અને धृ ને દ્વિત્વ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં ध् ને द् આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯'થી અભ્યાસમાં अ ને इ આદેશ. ઉપર જણાવ્યા મુજબ ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી आदिदरिषते અને आदिधरिषते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આદર કરવાની ઈચ્છા કરે છે. પોષણ કરવાની ઈચ્છા કરે છે. प्रच्छ् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'सन्यङश्च ૪-૧-૩'થી प्रच्छ् ને દ્વિત્વ. ઉપર

જણાવ્યા મુજબ અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં **अ** ને **इ** આદેશ. '**रुदविद०** ૪-૩-૩૨'થી **सन्** ને **किद्वद्** ભાવ. '**ग्रहव्रस्च०** ૪-૧-૮૪'થી **प्रच्छ्** ના **र** ને **ऋ** આદેશ...વગેરે કાર્ય થવાથી **पिपृच्छिषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂછવાની ઈચ્છા કરે છે. અહીં **प्रच्छ्** ધાતુના સાહચર્યથી **कृ गृ** અને **धृ** ધાતુ પણ ઉપર જણાવ્યા મુજબ **तुदादि** ગણના ગૃહીત છે. તેમજ અનુબંધ સહિત ગ્રહણ હોવાથી **पू** પણ ઉપર જણાવ્યા મુજબ વિશેષ જ ગૃહીત છે. **ऋ - स्मि - पू - दृ** અને **धृ** ધાતુ અનિટ્ હોવાથી અને બાકીના **अञ्ज्** વગેરે ધાતુઓની પરમાં **सन्** ની પૂર્વે વિકલ્પથી [સૂ.નં. ૪-૪-૩૮ અને ૪-૪-૪૭ થી] **इट्** ની પ્રાપ્તિ હતી. તેથી આ સૂત્રનો આરંભ છે - એ સમજી શકાય છે. ॥૪૮॥

● ● ●

## हनृतः स्यस्य ४।४।४९॥

**हन्** ધાતુથી પરમાં રહેલા તેમજ **ऋ** છે અન્તમાં જેના એવા **ऋकारान्त** ધાતુની પરમાં રહેલા **स्य** થી શરૂ થતાં પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. **हन्** ધાતુને **स्यति** પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે **इट्**. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **स्यति** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ થવાથી **हनिष्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - મારશે. **कृ** ધાતુને **स्यति** પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી **इट्**. '**नामिनो०** ૪-૩-૧'થી **कृ** ના **ऋ** ને ગુણ **अर्** આદેશ. ઉપર જણાવ્યા મુજબ **स्** ને **ष्** આદેશ થવાથી **करिष्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - કરશે. ॥૪૯॥

● ● ●

## कृत - चृत - नृत - च्छृद - तृदोऽसिचः सादेर्वा ४।४।५०॥

कृत् चृत् नृत् छृद् અને तृद् ધાતુથી પરમાં રહેલા; सिच् પ્રત્યયને છોડીને અન્ય सादि અશિત્ પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થાય છે. कृत् [१३२५;१४९०] ધાતુને भविष्यन्ती નો स्यति પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે इट्. 'लघोरु० ૪-૩-૪'થી ऋ ને ગુણ अर् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી स्यति પ્રત્યયના स् ને ष् આદેશ થવાથી कर्त्तिष्यति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે कर्त्स्यति આવો પ્રયોગ થાય છે. સૂ.નં.૪-૪-૪૭ માં જણાવ્યા મુજબ આ સૂત્રના ઉદ્દેશ્ય સ્થળે સામાન્ય સૂત્ર [૪-૪-૩૨]થી નિત્ય इट् સિદ્ધ હોવાથી તેનો આ સૂત્રથી વિકલ્પથી નિષેધ સમજવો. જેથી इट् રહિત ઉદાહરણોનો પ્રથમ નિર્દેશ વૃત્તિમાં સઙ્ગત જણાશે. અર્થ - કાપશે અથવા ઘેરી લેશે - વીટાળશે.

चृत् ધાતુને 'तुमर्हादि० ૩-૪-૨૧'થી सन् પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. 'उपान्त्ये ૪-૩-૩૪'થી सन् [अनिट् सन्] ને किद्वद् ભાવ. चृत् ને 'सन्यङश्च ૪-૧-૩'થી દ્વિત્વ. 'व्यञ्जनस्या० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'सन्यस्य ૪-૧-૫૯'થી અભ્યાસમાં अ ને इ આદેશ...વગેરે કાર્ય થવાથી चिचृत्सति આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે चिचृत् + इ + स આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ ऋ ને ગુણ अर् આદેશાદિ કાર્ય થવાથી चिचर्त्तिषति આવો પ્રયોગ થાય છે. અર્થ - મારવાની અથવા ગૂંથવાની ઈચ્છા કરે છે.

**नृत्** ધાતુને **भविष्यन्ती** નો **स्यति** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ **नृत्** ધાતુના ઉપાન્ત્ય **ऋ** ને ગુણ **अर्** આદેશ થવાથી **नर्त्स्यति** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **नर्त्तिष्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - નાચશે.

**छृद्** ધાતુને **क्रियातिपत्ति** નો **स्यत्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. ઉપર જણાવ્યા મુજબ ઉપાન્ત્ય **ऋ** ને ગુણ **अर्** આદેશ. '**अड् धातो०** ૪-૪-૨૯'થી **छृद्** ધાતુની પૂર્વે **अट्** વગેરે કાર્ય થવાથી **अच्छर्त्स्यत्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **अच्छर्दिष्यत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ફાડ્યું હોત.

**तृद्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **सन्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય ઉપર જણાવ્યા મુજબ [જુઓ **चिचृत्सति**] થવાથી **तितृत्सति** આવો પ્રયોગ થાય છે. આ સૂત્રથી વિકલ્પપક્ષમાં **इट्** નો નિષેધ ન થાય ત્યારે **तितर्दिषति** આવો પ્રયોગ થાય છે. અર્થ - મારવાની ઈચ્છા કરે છે.

**असिच इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **कृत् चृत् नृत् छृद्** અને **तृद्** ધાતુની પરમાં રહેલા **सिच्** ભિન્ન જ **सादि** અશિત્ પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** થાય છે. તેથી **कृत्** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. તેની પૂર્વે '**सिजद्य०** ૩-૪-૫૩'થી **सिच्** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી **अ + कृ + इ + स् + त्** આ અવસ્થામાં '**सः सिज०** ૪-૩-૬૫'થી **सिच्** ની પરમાં **ईत्**. '**इट ईति** ૪-૩-૭૧'થી **सिच्** પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી **अकर्तीत्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે કાપ્યું. ॥૫૦॥

● ● ●

# गमोऽनात्मने ४।४।५१।।

આત્મનેપદના વિષયને છોડીને અન્યત્ર **गम्** ધાતુથી પરમાં રહેલા અશિત્ **सादि** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. **गम्** ધાતુને **भविष्यन्ती** નો **स्यति** પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી **इट्**. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **स्यति** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ થવાથી **गमिष्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - જશે. આ સૂત્રથી અનાદેશ કે આદેશ સ્વરૂપ સામાન્યથી **गम्** ધાતુનું ગ્રહણ છે. તેથી **अधि + इ [इक्]** ધાતુને '**तुमर्हा०** ૩-૪-૨૧'થી **सन्** પ્રત્યય. '**सनीङश्च** ૪-૪-૨૫'થી **इक्** ધાતુને **गम्** આદેશ. આ સૂત્રથી **सन्** પ્રત્યયની પૂર્વે **इट्** વગેરે કાર્ય [જુઓ સૂ.નં.૪-૪-૨૫] થવાથી નિષ્પન્ન **अधिजिगमिष** ધાતુને **श्वस्तनी** નો **ता** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી **इट्**. '**अत:** ૪-૩-૮૨'થી ધાતુના અન્ત્ય **अ** નો લોપ થવાથી **अधिजिगमिषिता शास्त्रस्य** આવો પ્રયોગ થાય છે. અહીં '**स्मृत्यर्था०** ૨-૨-૧૧'થી કર્મકારકત્વની અવિવક્ષામાં કર્મવાચક **शास्त्र** નામને '**शेषे** ૨-૨-૮૧'થી ષષ્ઠી વિભક્તિ વિહિત છે. અર્થ - શાસ્ત્રનું સ્મરણ કરવાની ઈચ્છા કરશે. **अनात्मने इति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો વિષય ન હોય તો જ **गम्** ધાતુથી પરમાં રહેલા **अशित् सादि** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. તેથી **संगंसीष्ट** અહીં **गम्** ધાતુથી પરમાં રહેલા **सीष्ट** પ્રત્યયની પૂર્વે આત્મનેપદના વિષયમાં આ સૂત્રથી **इट्** થતો નથી. અહીં **सम् + गम्** ધાતુને '**समो गमृ०** ૩-૩-૮૪'થી આત્મનેપદ વિહિત છે. અર્થ - તે મળે. ।।૫૧।।

● ● ●

આત્મનેપદનો વિષય ન હોય તો स्नु ધાતુની પરમાં રહેલા **अशित् - सादि** અને **तादि** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. **प्र + स्नु** ધાતુને **भविष्यन्ती** નો **स्यति** પ્રત્યય. આ સૂત્રથી **स्यति** પ્રત્યયની પૂર્વે **इट्**. **'नामिनो० ४-३-१'**થી **स्नु** ધાતુના **उ** ને ગુણ **ओ** આદેશ. **'नाम्यन्त० २-३-१५'**થી **स्यति** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रस्नविष्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - ટપકશે. **अनात्मन इत्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો વિષય ન હોય તો જ **स्नु** ધાતુની પરમાં રહેલા **अशित् - सादि** અને **तादि** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. તેથી **प्रास्नोष्ट** અહીં આત્મનેપદનો વિષય હોવાથી **स्नु** ધાતુથી' પરમાં રહેલા **सिच्** પ્રત્યયની પૂર્વે **इट्** આ સૂત્રથી થતો નથી. **प्र + स्नु** ધાતુને અદ્યતનીનો આત્મનેપદનો **त** પ્રત્યય. **त** પ્રત્યયની પૂર્વે **'सिजद्य० ३-४-५३'**થી **सिच्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **उ** ને ગુણ **ओ** આદેશ. **सिच्** ના **स्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં **त्** ને **'तवर्ग० १-३-६०'**થી **ट्** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रास्नोष्ट** આવો પ્રયોગ થાય છે. અર્થ - ટપક્યું. ।।૫૨।।

● ● ●

## क्रमः ४।४।५३।।

આત્મનેપદનો વિષય ન હોય તો **क्रम्** ધાતુની પરમાં રહેલા **सादि** અને **तादि** - **अशित्** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. **क्रम्** ધાતુને **भविष्यन्ती** નો **स्यति** પ્રત્યય. આ સૂત્રથી **स्यति** પ્રત્યયની પૂર્વે **इट्**. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **स्यति** પ્રત્યયના **स्** ને **ष्** આદેશ થવાથી **क्रमिष्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉલ્લંઘન કરશે. **प्र** + **क्रम्** ધાતુને '**क्रियायां०** ૫-૩-૧૩'થી **तुम्** પ્રત્યય. આ સૂત્રથી **तुम्** પ્રત્યયની પૂર્વે **इट्** વગેરે કાર્ય થવાથી **प्रक्रमितुम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - આરંભ કરવા માટે. **अनात्मन इत्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો વિષય ન હોય તો જ **क्रम्** ધાતુની પરમાં રહેલા **अशित्** - **सादि** અને **तादि** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. તેથી **प्र** + **क्रम्** ધાતુને **भविष्यन्ती** નો '**प्रोपादा०** ૩-૩-૫૧'થી આત્મનેપદનો **स्यते** પ્રત્યય વગેરે કાર્ય થવાથી **प्रक्रंस्यते** આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદ સમ્બન્ધી **स्यते** પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી **इट्** થતો નથી. અર્થ - આરંભ કરશે. ।।૫૩।।

● ● ●

# तुः ४।४।५४।।

આત્મનેપદનો વિષય ન હોય તો क्रम् ધાતુની પરમાં રહેલા तृ [तृच् કે तृन्] સ્વરૂપ सादि અને तादि अशित् પ્રત્યયની પૂર્વે इट् થાય છે. અહીં યાદ રાખવું જોઈએ કે तृ પ્રત્યય त्यादि ન હોવાથી यद्यपि આત્મનેપદનો વિષય સંભવતો નથી. તેથી તાદૃશ अनात्मने નો અધિકાર આવશ્યક નથી. પરંતુ અહીં अनात्मने નું તાત્પર્ય એ છે કે - આરંભાદિ અર્થમાં क्रम् ધાતુને આત્મનેપદ થાય છે - તે આરંભ...વગેરે અર્થનો વાચક, क्रम् ધાતુ ન હોય તો જ ઉપર જણાવ્યા મુજબ તેનાથી પરમાં રહેલા तृ પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् થાય છે. क्रम् ધાતુને 'णक - तृचौ ૫-૧-૪૮'થી तृच् પ્રત્યય. तृच् પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् વગેરે કાર્ય થવાથી क्रमिता આવો પ્રયોગ થાય છે. અર્થ - ચાલનાર. अनात्मन इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ આત્મનેપદનો વિષય ન હોય અર્થાત્ આરંભ વગેરે અર્થનો વાચક क्रम् ધાતુ ન હોય તો જ क्रम् ધાતુથી પરમાં રહેલા तृ પ્રત્યયની પૂર્વે इट् થાય છે. તેથી प्र + क्रम् - આ આરંભાર્થક क्रम् ધાતુને ઉપર જણાવ્યા મુજબ तृच् પ્રત્યય વગેરે કાર્ય થવાથી प्रक्रन्ता આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદનો વિષય હોવાથી આ સૂત્રથી इट् થતો નથી. અર્થ - આરંભ કરનાર. ।।૫૪।।

● ● ●

## न वृद्भ्यः ४।४।५५॥

આત્મનેપદનો વિષય ન હોય તો; वृत् વગેરે [૯૫૫ થી ૯૫૯] પાંચ ધાતુથી [वृत् वृध् स्यन्द् श्रृध् અને कृप्] પરમાં રહેલા सादि અને तादि अशित् પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. वृत् ધાતુને **भविष्यन्ती** નો **स्यति** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. '**लघोरुपा०** ૪-૩-૪'થી **ऋ** ને ગુણ **अर्** આદેશ થવાથી **वर्त्स्यति** આવો પ્રયોગ થાય છે. અર્થ - રહેશે. **वृत्** ધાતુને **तुमर्हा०** ૩-૪-૨૧'થી **सन्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. '**सन्-यङश्च** ૪-૧-૩'થી **वृत्** ધાતુને દ્વિત્વ. '**व्यञ्जन०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. '**ऋतो०** ૪-૧-૩૮'થી અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ. '**सन्यस्य** ૪-૧-૫૯'થી અભ્યાસમાં **अ** ને **इ** આદેશ. **विवृत् + स** આ અવસ્થામાં '**उपान्त्ये** ૪-૩-૪૪'થી **सन्** ને **किद्वद्** ભાવ થવાથી ઉપાન્ત્ય **ऋ** ને ગુણનો અભાવ વગેરે કાર્ય થવાથી **विवृत्सति** આવો પ્રયોગ થાય છે. અર્થ - રહેવાની ઈચ્છા કરે છે. **स्यन्द्** ધાતુને **भविष्यन्ती** નો **स्यति** પ્રત્યય. તેની પૂર્વે '**धूगौदितः** ૪-૪-૩૮'થી પ્રાપ્ત વૈકલ્પિક **इट्** નો આ સૂત્રથી નિષેધ થવાથી **स्यन्स्यति** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **स्यन्द्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ વિહિત **सन्** ની પૂર્વે પ્રાપ્ત વૈકલ્પિક **इट्** નો આ સૂત્રથી નિષેધ થવાથી ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ વગેરે કાર્ય થવાથી **सिस्यन्त्सति** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - અવિચ્છિન્ન ગતિ કરશે. અવિચ્છિન્ન ગતિ કરવાની ઈચ્છા કરે છે. ॥૫૫॥

● ● ●

# एकस्वरादनुस्वारेतः ४।४।५६।।

अनुस्वार જેમાં इत् [અનુબંધ] છે - એવા એકસ્વરી [એક સ્વરવાળા] ધાતુથી વિહિત सादि અને तादि અશિત્ - પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. पा [पां पाने] ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. ता પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ થવાથી पाता આવો પ્રયોગ થાય છે. અર્થ - પીશે. **एकस्वरादिति किम्?** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અનુસ્વાર જેમાં ઇત્ છે એવા એકસ્વરી જ ધાતુથી વિહિત सादि કે तादि अशित् - પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. તેથી अवधीत् અહીં સૂ.નં.૪-૪-૨૨ માં જણાવ્યા મુજબ અદ્યતનીના વિષયમાં अनुस्वारेत् हन् ધાતુને वध આદેશ કરીને તાદશ वध - આ અનેકસ્વરી ધાતુથી વિહિત सिच् પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ થતો નથી.

આ સૂત્રમાં અશિત્ સાદિ કે તાદિ પ્રત્યય; તાદશ અનુસ્વારેત્ એકસ્વરી ધાતુથી વિહિત વિવક્ષિત છે. તેથી चिकीर्षति અહીં એકસ્વરી અનુસ્વારેત્ कृ ધાતુથી વિહિત सन् પ્રત્યય અનેકસ્વરી चिकीर् થી પરમાં હોવા છતાં सन् ની પૂર્વે આ સૂત્રથી इट् નો નિષેધ થાય છે જ. ।।૫૬।।

● ● ●

# ऋवर्ण - श्र्यूर्णुग: कित: ४।४।५७।।

ऋ वर्ण [ऋ અને ॠ] છે અન્તમાં જેના એવા એકસ્વરી ધાતુને તેમજ श्रि અને ऊर्णु ધાતુથી વિહિત कित् પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. वृ ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય થવાથી वृत: આવો પ્રયોગ થાય છે.तॄ ધાતુને 'प्राक्काले ૫-૪-૪૭'થી क्त्वा પ્રત્યય. श्रि ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. તેમજ ऊर्णु ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त्वा પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ क्त અને क्त्वा પ્રત્યયની પૂર્વે इट् નો આ સૂત્રથી નિષેધ. 'ॠतां० ૪-૪-૧૧૬'થી तॄ ધાતુના ॠ ને इर् આદેશ. 'भ्वादेर्नामि० ૨-૧-૬૩'થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી तीर्त्वा श्रित: અને ऊर्ण्णुत्वा આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - વરેલો. આશ્રિત. તરીને. ઢાંકીને. एकस्वरादित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ એકસ્વરી જ ऋ વર્ણાન્ત ધાતુથી તેમજ श्रि અને ऊर्णु ધાતુથી વિહિત कित् પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. તેથી અનેકસ્વરી जागृ ધાતુથી વિહિત क्त પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી इट् થાય છે. તેનો આ સૂત્રથી નિષેધ થતો નથી. 'जागु: किति ૪-૩-૬'થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી जागरित: આવો પ્રયોગ થાય છે. અર્થ - જાગ્યો. कित इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ऋ વર્ણાન્ત એકસ્વરી ધાતુથી તેમજ श्रि અને ऊर्ण्णु ધાતુથી વિહિત कित् જ પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. તેથી वृ ધાતુથી વિહિત શ્વસ્તનીના ता પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ इट् થાય છે. પરન્તુ આ સૂત્રથી તેનો નિષેધ થતો નથી. જેથી वृ ધાતુના ऋ ને 'नामिनो० ૪-૩-૧'થી ગુણ अर् આદેશ થવાથી वरिता

આવો પ્રયોગ થાય છે. અર્થ - વરશે. ॥૫૭॥

● ● ●

## उवर्णात् ૪।૪।૫૮॥

उ વર્ણ [उ અને ऊ] છે અન્તમાં જેના એવા એકસ્વરી ધાતુથી વિહિત **कित्** પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. **यु** અને **लू** ધાતુને **'क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. **क्त** પ્રત્યયની પૂર્વે **'स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. **लू** + **त** આ અવસ્થામાં **'ॠल्वा०** ૪-૨-૬૮'થી **त्** ના **त्** ને **न्** આદેશ...વગેરે કાર્ય થવાથી **युतः** અને **लूनः** આવો પ્રયોગ થાય છે. **અર્થક્રમશ :-** મેળવેલો. કાપેલો. **कित इत्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **उ** વર્ણાન્ત એકસ્વરી ધાતુથી વિહિત **कित्** જ પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. તેથી **यु** અને **लू** ધાતુથી વિહિત **श्वस्तनी** નો **ता** પ્રત્યય **कित्** ન હોવાથી તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ થતો નથી. જેથી **यु+इ+ता** અને **लू+इ+ता** આ અવસ્થામાં **'नामिनो०** ૪-૩-૧'થી **उ** અને **ऊ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **यविता** અને **लविता** આવો પ્રયોગ થાય છે. **અર્થક્રમશ :-** મેળવશે. કાપશે.

● ● ●

# ग्रह - गुहश्च सनः ४।४।५९।।

ग्रह् गुह् અને उ વર્ણાન્ત ધાતુથી વિહિત सन् પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. ग्रह् ધાતુને 'तुमर्हादि० ३-४-२१'થી सन् પ્રત્યય. 'स्ताद्यशि० ४-४-३२'થી सन् ની પૂર્વે इट् ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. 'रुदविद० ४-३-३२'થી અનિટ્ सन् ને किद्वद् ભાવ. 'सन्यङश्च ४-१-३'થી ग्रह् ને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ४-१-४०'થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. 'सन्यस्य ४-१-५९'થી અભ્યાસમાં अ ને इ આદેશ. 'ग्रहव्रश्च० ४-१-८४'થી ग्रह् ના र ને ऋ આદેશ. 'हो धुट्-पदान्ते २-१-८२'થી ह् ને ढ् આદેશ. ग् ને 'गडदबादे० २-१-७७'થી घ् આદેશ. ढ् ને 'षढोः कस्सि २-१-६२'થી क् આદેશ. 'नाम्यन्त० २-३-१५'થી सन् ના स् ને ष् આદેશ...વગેરે કાર્ય થવાથી जिघृक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ - ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે. गुह् ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. गुह् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ અને ग् ને ज् આદેશ. ह् ને ढ् આદેશ. गुह् ધાતુના ग् ને घ् આદેશ. ढ् ને क् આદેશ. सन् પ્રત્યયના स् ને ष् આદેશ. 'उपान्त्ये ४-३-३४'થી અનિટ્ सन् ને किद्वद् ભાવ વગેરે કાર્ય થવાથી जुघुक्षति આવો પ્રયોગ થાય છે. અર્થ - સંતાડવાની ઈચ્છા કરે છે. रु ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. 'नामिनो० ४-३-३३'થી અનિટ્ सन् પ્રત્યયને किद्वद् ભાવ. रु ધાતુને દ્વિત્વ. 'नाम्यन्त० २-३-१५'થી सन् ના स् ને ष् આદેશ. 'स्वर-हन० ४-१-१०४'થી रु ના उ ને દીર્ઘ ऊ આદેશ....વગેરે કાર્ય થવાથી रुरूषति આવો પ્રયોગ થાય છે.

અર્થ - અવાજ કરવાની ઈચ્છા કરે છે. ।।૫૯।।

● ● ●

## स्वार्थे ૪।૪।૬૦।।

સ્વાર્થમાં વિહિત सन् પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. गुप् ધાતુને સ્વાર્થ [પોતાનો અર્થ] માં 'गुप्तिजो० ૩-૪-૫'થી सन् પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી इट् ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. 'उपान्त्ये ૪-૩-૩૪'થી सन् પ્રત્યયને किद्वद् ભાવ. 'सन्यङश्च ૪-૧-૩'થી गुप् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં 'गहोर्जः ૪-૧-૪૦'થી ग् ને ज् આદેશ વગેરે કાર્ય થવાથી जुगुप्सते આવો પ્રયોગ થાય છે. અર્થ - નિંદા કરે છે. ।।૬૦।।

● ● ●

## डीय - श्व्यैदितः क्तयोः ૪।૪।૬૧।।

डी श्वि અને ऐ છે इत् [અનુબંધ] જેમાં એવા [ऐदित्] ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. डी

શ્વિ અને त्रस् [त्रसैच् भये ११७१] ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી इट् ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. डी [१२४१] + क्त અને डी + क्तवतु આ અવસ્થામાં 'सूयत्या० ૪-૨-૭૦'થી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને न् આદેશ...વગેરે કાર્ય થવાથી डीनः અને डीनवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ - ઉડેલો. ઉડ્યો.

श्वि + क्त અને श्वि + क्तवतु આ અવસ્થામાં श्वि ના वि ને 'यजादि० ૪-૧-૭૯'થી उ આદેશ. 'दीर्घम० ૪-૧-૧૦૩'થી उ ને દીર્ઘ ऊ આદેશ. ઉપર જણાવ્યા મુજબ श्वि ધાતુ [૯૯૭]થી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના त् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી शूनः અને शूनवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - ગયેલો અથવા વધેલો. ગયો અથવા વધ્યો. त्रस् + क्त અને त्रस् + क्तवतु આ અવસ્થામાં सि પ્રત્યયાદિ કાર્ય થવાથી त्रस्तः અને त्रस्तवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ :- ડરેલો. ડર્યો. ॥૬૧॥

● ● ●

पत् ધાતુને છોડીને અન્ય જે ધાતુથી પરમાં વિકલ્પથી इट् નું વિધાન કર્યું છે - તે ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. रध् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. रध् ધાતુ [૧૧૮૮] ની પરમાં તાદૃશ सादि અને तादि પ્રત્યયની પૂર્વે 'धूगौदितः ૪-૪-૩૮'થી વિકલ્પથી इट् નું વિધાન હોવાથી रध् + क्त અને रध् + क्तवतु આ અવસ્થામાં क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् નો નિષેધ. 'अधश्चतु० ૨-૧-૭૯'થી क्त અને क्तवतु પ્રત્યયના આદ્ય त् ને ध् આદેશ. 'तृतीय० ૧-૩-૪૯'થી रध् ધાતુના ध् ને द् આદેશ...વગેરે કાર્ય થવાથી रद्धः અને रद्धवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - રાંધેલો. રાંધ્યો. अपत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पत् ધાતુને છોડીને જ અન્ય જે ધાતુથી પરમાં વિકલ્પથી इट् નું વિધાન છે - તે ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. તેથી पत् + क्त આ અવસ્થામાં; पत् ધાતુથી પરમાં सन् પ્રત્યયની પૂર્વે 'इवृध० ૪-૪-૪૭'થી વિકલ્પે इट् નું વિધાન હોવા છતાં क्त પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् નો નિષેધ થતો નથી. જેથી 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી क्त પ્રત્યયની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી पतितः આવો પ્રયોગ થાય છે. અર્થ - પડેલો. ।।૬૨।।

● ● ●

# **सं - नि - वेरर्दः ४।४।६३॥**

**सम्** **नि** અથવા **वि** ઉપસર્ગથી પરમાં રહેલા **अर्द्** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. **सम्** + **अर्द्** **नि** + **अर्द्** અને **वि** + **अर्द्** ધાતુને '**क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** અને **क्तवतु** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી **इट्** ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. '**रदाद०** ૪-૨-૬૯'થી **अर्द्** ધાતુના **द्** ને તેમજ **क्त** અને **क्तवतु** પ્રત્યયના આદ્ય **त्** ને **न्** આદેશ. '**रषृवर्णा०** ૨-૩-૬૩'થી પ્રથમ **न्** ને **ण्** આદેશ. **ण्** ના યોગમાં દ્વિતીય **न्** ને '**तवर्गस्य०** ૧-૩-૬૦'થી **ण्** આદેશ વગેરે કાર્ય થવાથી **समर्ण्णः समर्ण्णवान्; न्यर्ण्णः, न्यर्ण्णवान्** અને **व्यर्ण्णः व्यर्ण्णवान्** આવો પ્રયોગ થાય છે અર્થક્રમશઃ [બધાનો] - ગયેલો અથવા માંગેલો. ગયો અથવા માંગ્યું. **संनिवेरिति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **सम्** **नि** અને **वि** ઉપસર્ગથી પરમાં રહેલા જ **अर्द्** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. તેથી **अर्द्** + **क्त** આ અવસ્થામાં કેવલ **अर्द्** ધાતુથી પરમાં રહેલા **क्त** પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થવાથી '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **इट्** થાય છે. જેથી **अर्दितः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયેલો અથવા માંગેલો. ॥૬૩॥

● ● ●

## अविदूरे ऽ भेः ४।४।६४।।

અવિદૂર [સમીપ] અર્થમાં; अभि ઉપસર્ગથી પરમાં રહેલા अर्द् ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् થતો નથી. अभि + अर्द् ધાતુને 'क्तक्तवतू ૫-૧-૧૭૪'થી क्त અને क्तवतु પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય [સૂ.નં.૪-૪-૬૩ જુઓ]થવાથી **अभ्यर्णः** અને **अभ्यर्णवान्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - નજીક થયેલો. નજીક થયો. **अविदूर इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ અવિદૂર અર્થમાં જ अभि + अर्द् ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् નો નિષેધ થાય છે. તેથી **अभ्यर्दितो दीनः शीतेन** અહીં પીડાર્થમાં अभि + अर्द् ધાતુથી પરમાં રહેલા क्त પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् નો નિષેધ ન થવાથી क्त પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી इट् થાય છે. અર્થ - ગરીબ માણસ ઠંડીથી પીડાયો. ॥૬૪॥

● ● ●

## वर्तेर्वृत्तं ग्रन्थे ४।४।६५।।

ગ્રંથના વિષયમાં णि પ્રત્યયાન્ત वृत् ધાતુને क्त પ્રત્યય કરીને 'वृत्त' આ પ્રમાણે નિપાતન કરાય છે. અર્થાદ્ ઉપાન્ત્ય ऋ ને ગુણનો અભાવ; णि પ્રત્યયનો લોપ અને 'स्ताद्य० ૪-૪-૩૨'થી

પ્રાપ્ત इट् નો નિષેધ આ સૂત્રથી થાય છે. वृत्तो गुणश्छात्रेण અહીં 'प्रयोक्तृ० ૩-૪-૨૦'થી વિહિત णि પ્રત્યયાન્ત वृत् ધાતુને क्त પ્રત્યય. આ સૂત્રથી णिग् નો લોપ. 'लघोरुपा० ૪-૩-૪'થી પ્રાપ્ત ऋ ના ગુણનો નિષેધ; તેમજ 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી क्त પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત इट् નો નિષેધ વગેરે કાર્ય થયું છે. અર્થ - વિદ્યાર્થીએ શાસ્ત્રીય ગુણને સેવ્યો. ग्रन्थ इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ગ્રંથના જ વિષયમાં णि પ્રત્યયાન્ત वृत् ધાતુને क्त પ્રત્યય કરીને 'वृत्त' આ પ્રમાણે નિપાતન કરાય છે. તેથી वर्त्तितं कुङ्कुमम् અહીં ગ્રન્થનો વિષય ન હોવાથી वृत् + णि + क्त આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ 'वृत्त' આ પ્રમાણે નિપાતન ન કરાયાથી ઉપર જણાવ્યા મુજબ वृत् ધાતુના ઉપાન્ત્ય ऋ ને ગુણ अर् આદેશ. क्त પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ इट् થાય છે. જેથી 'सेट्क्तयो: ૪-૩-૮૪'થી णिग् નો લોપ વગેરે કાર્ય થવાથી वर्त्तितम् આવો પ્રયોગ થાય છે. અર્થ - કંકુ લગાવ્યું. ॥૬૫॥

● ● ●

## धृष - शसः प्रगल्भे ४।४।६६॥

પ્રગલ્ભ અર્થમાં જ धृष् અને शस् ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् નો નિષેધ થાય છે. धृष् [१३१२] અને वि + शस् [५४१] ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. क्त પ્રત્યયની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. धृष् ના ष् ના યોગમાં क्त ના त् ને 'तवर्ग०

૧-૩-૬૦'થી **ट्** આદેશ...વગેરે કાર્ય થવાથી **धृष्टः** અને **विशस्तः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - સભાને જિતનાર અથવા અવિનયી. ઉચ્છૃંખલ. **प्रगल्भ इति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રગલ્ભ અર્થમાં જ **धृष्** અને **शस्** ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ થાય છે. તેથી પ્રગલ્ભ અર્થ ન હોય ત્યારે **धृष् + क्त** અને **वि + शस् + क्त** આ અવસ્થામાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થવાથી **क्त** પ્રત્યયની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી **इट्** થાય છે. જેથી '**लघोरुपा०** ૪-૩-૪'થી **धृष्** ધાતુના **ऋ** ને ગુણ **अर्** આદેશાદિ કાર્ય થવાથી **धर्षितः** અને **विशसितः** આવો પ્રયોગ થાય છે. **धृष् + इ + त** આ અવસ્થામાં **सेट् क्त** ને '**न डीङ्०** ૪-૩-૨૭'થી **किद्वद्** ભાવનો નિષેધ થાય છે - એ યાદ રાખવું. અર્થક્રમશ :- તિરસ્કૃત. મારેલો. યદ્યપિ **धृष्** અને **शस्** ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે; અનુક્રમે '**आदितः** ૪-૪-૭૧'થી અને '**वेटोपतः** ['**ऊदितो वा** ૪-૪-૪૨'ના વિષયના કારણે] ૪-૪-૬૨'થી **इट्** નો નિષેધ સિદ્ધ જ છે. પરન્તુ ઉપર જણાવ્યા મુજબ પ્રગલ્ભાર્થમાં જ તાદૃશ નિષેધ થાય - એ નિયમ માટે આ સૂત્રનું નિર્માણ છે. જેથી '**आदितः** ૪-૪-૭૧'માં **धृष्** ધાત્વતિરિક્તત્વેન અને '**वेटोऽपतः** ૪-૪-૬૨'માં **शस्** ધાત્વતિરિક્તત્વેન અર્થ સંકોચ થાય છે - એ સ્પષ્ટ છે. ॥૬૬॥

● ● ●

## कषः कृच्छ्र - गहने ४।४।६७।।

कृच्छ्र [दुःख અથવા દુઃખનું સાધન] અને ગહન અર્થમાં **कष्** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. **कष्टं दुःखम्; कष्टो ऽग्निः** અને **कष्टं वनं दुरवगाहम्** અહીં અનુક્રમે દુઃખ, દુઃખનું સાધન અને ગહન અર્થમાં; **कष्** ધાતુથી '**क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી વિહિત **क्त** પ્રત્યયની પૂર્વે '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **इट्** ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી **ष्** ના યોગમાં '**तवर्ग०** ૧-૩-૬૦'થી **क्त** ના **त्** ને **ट्** આદેશ વગેરે કાર્ય થયું છે. અર્થક્રમશઃ - દુઃખ કષ્ટ છે. અગ્નિ કષ્ટકારક છે. વન ગહન [દુઃખે કરીને પાર કરી શકાય એવું] છે. **कृच्छ्रगहन इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **कृच्छ्र** અને **गहन** અર્થમાં જ; **कष्** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ થાય છે. તેથી **कृच्छ्र** અને **गहन** અર્થ ન હોય ત્યારે **कषितं स्वर्णम्** ઇત્યાદિ સ્થળે **कष् + क्त** આ અવસ્થામાં આ સૂત્રથી **क्त** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ ન થવાથી '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **इट्** થાય છે. અર્થ - કસેલું સોનું. ।।૬૭।।

● ● ●

# घुषेरविशब्दे ४।४।६८।।

**विशब्द** એટલે જુદા જુદા પ્રકારનો અવાજ અથવા પ્રતિશબ્દ [પડઘો પાડવો] વિશબ્દ અર્થ ન હોય તો **घुष्** ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ થાય છે. **घुष्** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** અને **क्तवतु** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. **ष्** ના યોગમાં **क्त** અને **क्तवतु** પ્રત્યયના **त्** ને '**तवर्ग०** ૧-૩-૬૦'થી **ट्** આદેશ...વગેરે કાર્ય થવાથી **घुष्टा रज्जुः** અને **घुष्टवान्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ-મજબુત રીતે બંધાએલી દોરી. મજબુત બાન્ધ્યું. **अविशब्द इति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ વિશબ્દ અર્થ ન હોય તો જ **घुष्** ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ થાય છે. તેથી **अवघुषितं वाक्यम्** અહીં વિશબ્દ અર્થ હોવાથી **घुष्** ધાતુની પરમાં રહેલા **क्त** પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી **इट्** નો નિષેધ થતો નથી. જેથી '**स्ताद्यशितो०** ૪-૪-૩૨'થી **इट्** થવાથી **अवघुषितम्** આવો પ્રયોગ થાય છે. અહીં **घुष्** ધાતુ **चुरादि** [૧૭૫૫]નો હોવા છતાં "**अनित्यो णिच् चुरादीनाम्**" આ પરિભાષાના કારણે '**चुरादि०** ૩-૪-૧૭'થી **घुष्** ધાતુને **णिच्** પ્રત્યય થયો નથી. અર્થ-અનેક રીતે બોલાએલું અથવા પ્રતિજ્ઞાત વાક્ય.।।૬૮।।

● ● ●

## बलि - स्थूले दृढः ४।४।६१।।

બલવાન્ અથવા સ્થૂલ અર્થમાં **दृह्** અથવા **दृंह्** ધાતુને **क्त** પ્રત્યયાદિ કાર્ય કરીને **दृढ** - આ નામનું નિપાતન કરાય છે. **दृह्** અને **दृंह्** ધાતુને '**क्तक्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. તેમજ **ह्** અને અનુસ્વારનો લોપ. **क्त** ના **त्** ને **ढ** આદેશાદિ કાર્ય થવાથી **दृढः** આવો પ્રયોગ થાય છે. અર્થ - બલવાન્ અથવા સ્થૂલ. **बलि - स्थूल इति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ બલવાન્ અને સ્થૂલ અર્થમાં જ **दृह्** કે **दृंह्** ધાતુને **क्त** પ્રત્યયાદિ કાર્ય કરીને **दृढ** નામનું નિપાતન કરાય છે. તેથી બલવાન્ કે સ્થૂલ અર્થ ન હોય ત્યારે **दृह्** કે **दृंह्** ધાતુથી પરમાં રહેલા **क्त** પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **इट्** નો નિષેધ વગેરે કાર્ય ન થવાથી **इट्** વગેરે કાર્ય થાય છે. જેથી **दृहितम्** અને **दृंहितम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - [બંન્નેનો] વધ્યું. ।।૬૧।।

● ● ●

## क्षुब्ध - विरिब्ध - स्वान्त - ध्वान्त - लग्न - म्लिष्ट - फाण्ट - वाढ - परिवृढं मन्थ - स्वर - मनस् - तमस् - सक्ताऽस्पष्टाऽनायास - भृश - प्रभौ ४।४।७०।।

मन्थ અર્થમાં क्षुब्ध; स्वर અર્થમાં विरिब्ध; तमस् અર્થમાં ध्वान्त; सक्त અર્થમાં लग्न; अस्पष्ट અર્થમાં म्लिष्ट; अनायास અર્થમાં फाण्ट; भृश અર્થમાં वाढ અને प्रभु અર્થમાં परिवृढ નામનું; क्त પ્રત્યયની પૂર્વે इट् ના અભાવથી નિપાતન કરાય છે. क्षुभ् ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशितो० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. 'अधश्च० ૨-૧-૭૯'થી क्त પ્રત્યયના त् ને ध् આદેશ.' 'तृतीय० ૧-૩-૪૯'થી भ् ને ब् આદેશ...વગેરે કાર્ય થવાથી क्षुब्धः समुद्रः અને क्षुब्धं वल्लवैः આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - મથન કરાએલ સમુદ્ર. ગોવાળીયાઓથી મથન કરાએલું. આવી જ રીતે वि + रिभ् ધાતુને क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ વગેરે કાર્ય થવાથી विरिब्धः स्वरः આવો પ્રયોગ થાય છે. અર્થ - અવાજ. स्वन् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ. स्वन् ધાતુના ઉપાન્ત્ય अ ને 'अहन्० ૪-૧-૧૦૭'થી आ આદેશ...વગેરે કાર્ય થવાથી स्वान्तं मनः આવો પ્રયોગ થાય છે. અર્થ - મન. આવી જ રીતે ध्वन् ધાતુને क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ...વગેરે કાર્ય થવાથી ध्वान्तं तमः આવો પ્રયોગ થાય છે. અર્થ - અંધકાર. लग् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ; તેમજ क्त પ્રત્યયના त् ને न् આદેશ...વગેરે કાર્ય થવાથી लग्नं सक्तम् આવો પ્રયોગ થાય છે. અર્થ - આસક્ત. म्लेच्छ् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ

સૂત્રથી નિષેધ તેમજ ए ને इ આદેશ. 'अनुना० ४-१-१०८'થી च्छ् ને श् આદેશ. श् ને 'यजसृज० २-१-८७'થી ष् આદેશ. 'तवर्गस्य० १-३-६३'થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી **म्लिष्टमस्पष्टम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - અસ્પષ્ટ. **फण्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. 'तवर्ग० १-३-६०'થી त् ને ट् આદેશ વગેરે કાર્ય થવાથી **फाण्टमनायाससाध्यम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - વિના પ્રયત્ને થાય એવું. **वह्** ધાતુને 'प्रयोक्तृ० ३-४-२०'થી **णिग्** પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન **वाहि** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ; તેમજ **णिग्** નો લોપ; ह् નો લોપ; તથા त् ને ढ् આદેશ વગેરે કાર્ય થવાથી **वाढम् भृशम्** આવો પ્રયોગ થાય છે. સ્વભાવથી જ **वाढ** ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે. અર્થ - ઘણું. **परि+वृह्** અથવા **परि+वृंह्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ; તેમજ ह् નો, न् નો લોપ; તથા त् ને ढ् આદેશ વગેરે કાર્ય થવાથી **परिवृढः प्रभुः** આવો પ્રયોગ થાય છે. અર્થ - સમર્થ. ||૭૦||

● ● ●

## आदितः ४।४।७१॥

**आ** જેમાં **इत्** [અનુબંધ] છે - એવા [**आदित्**] ધાતુની પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે **इट्** નો નિષેધ થાય છે. **मिद्** [११८० **ञिमिदाच् स्नेहने**] ધાતુને '**क्तक्तवतू** ५-१-१७४'થી **क्त** અને **क्तवतु** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ४-४-३२'થી **इट्** ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ. '**रदाद०** ४-२-६९'થી **क्त**

અને क्तवतु પ્રત્યયના त् ને તેમજ मिद् ધાતુના द् ને न् આદેશ વગેરે કાર્ય થવાથી मिन्नः અને मिन्नवान् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - સ્નિગ્ધ. સ્નિગ્ધ કર્યું. અહીં યાદ રાખવું જોઈએ કે - 'नवा भावाऽऽरम्भे ૪-૪-૭૨'થી आदित् ધાતુની પરમાં રહેલા भाव અને आरम्भ અર્થમાં વિહિત क्त-क्तवतु ની પૂર્વે વિકલ્પથી इट् નું વિધાન હોવાથી; અન્યાર્થમાં [ભાવારમ્ભથી ભિન્નાર્થમાં] વિહિત તાદશ क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે 'वेटोऽपतः ૪-૪-૬૨'થી જ इट् નો નિષેધ સિદ્ધ છે. તેથી આ સૂત્ર વ્યર્થ બનીને જ્ઞાપન કરે છે કે - "यदुपाधे र्विभाषा [इटः]; तदुपाधेः प्रतिषेधः" અર્થાદ્ જે વિશેષણ વિશિષ્ટ ધાતુના અથવા પ્રત્યયના इट् નો વિકલ્પ વિહિત છે તે વિશેષણ વિશિષ્ટ જ તાદશ इट् નો 'वेटोऽपतः ૪-૪-૬૨'થી નિષેધ થાય છે. તેથી 'गम-हन-विद्लृ० ૪-૨-૮૧'થી લાભાર્થક विद् [૧૩૨૨] ધાતુ वेट् હોવાથી તેનાથી જ પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે 'वेटोऽपतः ૪-૪-૬૨'થી इट् નો નિષેધ થાય છે. પરન્તુ જ્ઞાનાર્થક विद् [૧૦૯૧] ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् નો નિષેધ થતો નથી. જેથી विदितः विदितवान् આવો પ્રયોગ થાય છે. આથી સ્પષ્ટ છે કે भाव અને आरंभ અર્થમાં; आदित् ધાતુથી વિહિત क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે 'नवा भावारम्भे ૪-૪-૭૨'થી વિકલ્પે इट् નો નિષેધ થાય છે; અને कर्म વગેરે અર્થમાં વિહિત તાદશ क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે 'आदितः ૪-૪-૭૧'થી નિત્ય इट् નો નિષેધ થાય છે. અન્યથા 'आदितो नवा भावारम्भे' - આ પ્રમાણે એક સૂત્રના પ્રણયનથી आदित् ધાતુ भावारम्भार्थ માં वेट् હોવાથી શેષ કર્માદિ અર્થમાં તે ધાતુઓને 'वेटोऽपतः ૪-૪-૬૨'થી क्त - क्तवतु પ્રત્યયની પૂર્વે इट् સિદ્ધ જ હતો...ઈત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઈએ.... ॥૭૧॥

● ● ●

## नवा भावारम्भे ४।४।७२॥

आदित् धातुथी परमां रहेला; भाव स्वरूप क्रिया [धात्वर्थ] अथवा आरम्भ कालीन [आद्य] क्रिया स्वरूप अर्थमां विहित क्त [कर्ता कर्म अने भावमां पण आ क्त प्रत्यय विहित होय छे.] प्रत्ययनी पूर्वे तेमज क्तवतु प्रत्ययनी पूर्वे विकल्पथी इट् नो निषेध थाय छे; अर्थाद् विकल्पथी इट् थाय छे. मिद् [११८०] धातुने 'क्त - क्तवतू ५-१-१७४'थी क्त प्रत्यय [भावमां क्त प्रत्यय.]. तेनी पूर्वे 'स्ताद्यशि० ४-४-३२'थी प्राप्त इट् नो आ सूत्रथी विकल्पे निषेध. 'रदाद० ४-२-६९'थी क्त ना त् ने तेमज मिद् धातुना द् ने न् आदेश...वगेरे कार्य थवाथी मिन्नम् आवो प्रयोग थाय छे. विकल्पपक्षमां आ सूत्रथी इट् नो निषेध न थाय त्यारे मिद् + इ + क्त आ अवस्थामां 'न डीङ्० ४-३-२७'थी सेट् क्त ने किद्वद् भावनो निषेध थवाथी 'लघोरु० ४-३-४'थी मिद् ना इ ने गुण ए आदेश वगेरे कार्य थवाथी मेदितम् आवो प्रयोग थाय छे. अर्थ - स्निग्ध थयुं. प्र + मिद् धातुने 'आरम्भे ५-१-१०'नी सहायथी उपर जणाव्या मुजब कर्तामां क्त प्रत्यय अने क्तवतु प्रत्यय. तेनी पूर्वे प्राप्त इट् नो उपर जणाव्या मुजब विकल्पथी निषेध अने निषेधनो अभाव वगेरे कार्य थवाथी प्रमिन्नः; प्रमेदितः अने प्रमिन्नवान् प्रमेदितवान् आवो प्रयोग थाय छे. अर्थ [बंन्नेनो] - शरुआतमां स्निग्ध थयो. ॥७२॥

● ● ●

## शकः कर्म्मणि ४।४।७३।।

કર્મમાં વિહિત; शक् ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે इट् નો વિકલ્પથી નિષેધ થાય છે. शक् ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી કર્મમાં क्त પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ...વગેરે કાર્ય થવાથી शक्तो घटः कर्तुम् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે शकितो घटः कर्तुम् આવો પ્રયોગ થાય છે. કર્મમાં क्तवतु પ્રત્યયનો સંભવ ન હોવાથી તેનું ઉદાહરણ આપ્યું નથી. અર્થ - ઘડો બનાવી શકાયો હોત. ॥૭૩॥

● ● ●

## णौ दान्त - शान्त - पूर्ण - दस्त - स्पष्ट - च्छन्न - ज्ञप्तम् ४।४।७४।।

णि પ્રત્યયાન્ત दम् વગેરે ધાતુઓને क्त પ્રત્યયાદિ કાર્ય કરીને क्त પ્રત્યયાન્ત दान्त; शान्त; पूर्ण; दस्त; स्पष्ट; छन्न અને ज्ञप्त - આ પ્રમાણે વિકલ્પથી નિપાતન કરાય છે. दम् ધાતુને 'प्रयोक्तृ० ૩-૪-૨૦'થી णिग् પ્રત્યય. 'मोऽकमि० ૪-૩-૫૫'થી दम् ના ઉપાન્ત્ય अ ને વૃદ્ધિનો નિષેધ. णिग्प्रत्ययान्त दमि ધાતુને 'क्त - क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. તેની પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ; તેમજ णिग् નો

લોપ. 'अहन्० ૪-૧-૧૦૭'થી दम् ધાતુના ઉપાન્ત્ય अ ને દીર્ઘ आ આદેશ .વગેરે કાર્ય થવાથી दान्तः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં दमि + क्त આ અવસ્થામાં इट् નો આ સૂત્રથી નિષેધાદિ દ્વારા दान्त આ પ્રમાણે નિપાતન ન કરાય ત્યારે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી क्त ની પૂર્વે इट्. 'सेट्क्तयोः ૪-૩-૮૪'થી णिग् નો લોપ વગેરે કાર્ય થવાથી दमितः આવો પ્રયોગ થાય છે. અર્થ - દમન કરનાર.

ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યયાન્ત शमि ધાતુને क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વૈકલ્પિક નિષેધ વગેરે કાર્ય; અને વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ના નિષેધાદિ દ્વારા નિપાતન ન કરાય ત્યારે इट् વગેરે કાર્ય થવાથી અનુક્રમે शान्तः અને शमितः આવો પ્રયોગ થાય છે. અર્થ - શાન્ત.

पूर् [१२६८] ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યય; તદન્ત पूरि ધાતુને क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ; તથા णिग् નો લોપ. 'रदाद० ૪-૨-૬૯'થી क्त પ્રત્યયના त् ને न् આદેશ...વગેરે કાર્ય થવાથી पूर्णः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી 'पूर्ण' આ પ્રમાણે નિપાતન ન કરાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ क्त પ્રત્યયની પૂર્વે इट् અને णिग् પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી पूरितः આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂરું કરેલો.

दास् [९३३] ધાતુને ઉપર જણાવ્યા મુજબ णिग् પ્રત્યય. તદન્ત दासि ધાતુને क्त પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ, णिग् પ્રત્યયનો લોપ અને दास् ધાતુના ઉપાન્ત્ય आ ને હ્રસ્વ अ આદેશ...વગેરે કાર્ય થવાથી दस्तः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી दस्त આ પ્રમાણે નિપાતન ન કરાય ત્યારે दासि + क्त આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ इट् વગેરે કાર્ય થવાથી दासितः આવો પ્રયોગ થાય છે. અર્થ - અપાવેલ.

**स्पश्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન **स्पाशि** ધાતુને **क्त** પ્રત્યય. **क्त** પ્રત્યયની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ; **णिग्** નો લોપ; તથા **स्पाशि** ધાતુના **आ** ને -હસ્વ **अ** આદેશ. '**यज - सृज०** ૨-૧-૮૭'થી **श्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં **त्** ને '**तवर्ग०** ૧-૩-૬૦'થી **ट्** આદેશ વગેરે કાર્ય થવાથી **स्पष्टः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગૂંથાએલ.

**छद्** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન **छादि** ધાતુને **क्त** પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત **इट्** નો વિકલ્પે આ સૂત્રથી નિષેધ; **णिग्** પ્રત્યયનો લોપ અને **छादि** ધાતુના **आ** ને -હસ્વ **अ** આદેશ. '**रदाद०** ૪-૨-૬૯'થી **क्त** પ્રત્યયના **त्** ને **न्** અને **द्** ને **न्** આદેશ વગેરે કાર્ય થવાથી **छन्नः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ વગેરે કાર્ય દ્વારા **छन्न** આ પ્રમાણે નિપાતન ન કરાય ત્યારે **छादि + क्त** આ અવસ્થામાં **क्त** ની પૂર્વે **इट्**...વગેરે કાર્ય થવાથી **छादितः** આવો પ્રયોગ થાય છે. અર્થ - આચ્છાદિત.

**ज्ञा** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **णिग्** પ્રત્યય. તેની પૂર્વે '**अर्त्ति-री०** ૪-૨-૨૧'થી **पु** [**प्**] નો આગમ. **ज्ञापि** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ, **णिग्** પ્રત્યયનો લોપ અને **ज्ञापि** ધાતુના **आ** ને -હસ્વ **अ** આદેશ...વગેરે કાર્ય થવાથી **ज्ञप्तः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ વગેરે કાર્ય દ્વારા **ज्ञप्त** - આ પ્રમાણે નિપાતન ન થાય ત્યારે **ज्ञापि + क्त** આ અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યયની પૂર્વે **इट्**. '**सेट्क्तयोः** ૪-૩-૮૪'થી **णिग्** પ્રત્યયનો લોપ વગેરે કાર્ય થવાથી **ज्ञापितः** આવો પ્રયોગ થાય છે. અર્થ - જણાવાએલ. ॥૭૪॥

● ● ●

## श्वस - जप - वम - रुष - त्वर - संघुषाऽऽस्वनाऽम: ४।४।७५।।

श्वस् जप् वम् रुष् त्वर् सम् + घुष् आ + स्वन् અને अम् ધાતુથી પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् નો નિષેધ થાય છે.श्वस् जप् वम् रुष् त्वर् सम् + घुष् आ + स्वन् અને अभि + अम् ધાતુને क्त અને क्तवतु પ્રત્યય. તેની પૂર્વે પ્રાપ્ત इट् નો [૪-૪-૩૨થી] આ સૂત્રથી નિષેધ. 'अहन्० ૪-૧-૧૦૭'થી स्वन् वम् અને अम् ના ઉપાન્ત્ય अ ને आ આદેશ. रुष् અને सम् + घुष् ધાતુના ष् ની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના त् ને ट् આદેશ. त्वर् ધાતુના व ને 'मव्यवि० ૪-૧-૧૦૯'થી ऊ આદેશ. 'रदाद० ૪-૨-૬૯'થી त्वर् ધાતુની પરમાં રહેલા क्त અને क्तवतु પ્રત્યયના त् ને न् આદેશ. 'रषृवर्णा० ૨-૩-૬૩'થી न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી श्वस्त:, विश्वस्तवान् [वि + श्वस् + तवत्]; जप्त:; जप्तवान्; वान्त: वान्तवान्; रुष्ट:, रुष्टवान्; तूर्ण:, तूर्णवान्; संघुष्टौ, संघुष्टवान्; आस्वान्त:, आस्वान्तवान् અને अभ्यान्त:, अभ्यान्तवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે અનુક્રમે श्वसित:, विश्वसितवान्; जपित:, जपितवान्; वमित:, वमितवान्; रुषित:, रुषितवान्; त्वरित:, त्वरितवान्; संघुषितौ, संघुषितवान्, आस्वनित:, आस्वनितवान्; અને अभ्यमित:, अभ्यमितवान्; આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - શ્વાસ લીધો. વિશ્વાસ કર્યો. જાપ કરાએલ. જાપ કર્યો. વમેલ. વમ્યું. ક્રુદ્ધ. ક્રોધ કર્યો. ઉતાવળ કરેલ. ઉતાવળ કરી. દમન કરવા યોગ્ય બોલાવેલા બે. બોલાવ્યા. વગાડેલ. વગાડ્યું. સામે ગયેલ. સામે ગયો. ।।૭૫।।

## हृषेः केश - लोम - विस्मय - प्रतिघाते ४।४।७६।।

કેશ અને લોમ છે કર્તા જેનો એવી ક્રિયાને કેશ અને લોમ કહેવાય છે. કેશ લોમ વિસ્મય અને પ્રતિઘાત અર્થ ગમ્યમાન હોય તો **हृष्** ધાતુથી પરમાં રહેલા **क्त** અને **क्तवतु** પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** નો નિષેધ થાય છે. **हृष्** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. તેની પૂર્વે '**स्ताद्यशि०** ૪-૪-૩૨'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. '**तवर्ग०** ૧-૩-૬૦'થી **क्त** પ્રત્યયના **त्** ને **ट्** આદેશ...વગેરે કાર્ય થવાથી **हृष्टाः केशाः; हृष्टं लोमभिः; हृष्टश्चैत्रः** અને **हृष्टा दन्ताः** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **क्त** પ્રત્યયની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **इट्** વગેરે કાર્ય થવાથી **हृषिताः केशाः; हृषितं लोमभिः; हृषितश्चैत्रः** અને **हृषिता दन्ताः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સારા-વાંકા વાળ. રોમાઞ્ચ થયો. વિસ્મિત ચૈત્ર. તુટેલા અથડાએલા દાંત. ।।૭૬।।

● ● ●

## अपचितः ४।४।७७।।

**अप + चाय्** ધાતુથી પરમાં રહેલા **क्त** પ્રત્યયની પૂર્વે **इट्** નો અભાવ અને **चाय्** ને **चि** આદેશનું વિકલ્પથી નિપાતન કરાય છે. **अप + चाय्** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. તેની

પૂર્વે 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ; તેમજ चाय् ધાતુને चि આદેશ વગેરે કાર્ય થવાથી अपचितः આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् નો નિષેધ વગેરે કાર્ય ન કરવા દ્વારા નિપાતન ન કરાય ત્યારે क्त ની પૂર્વે 'स्ताद्य० ૪-૪-૩૨'થી इट् વગેરે કાર્ય થવાથી अपचायितः આવો પ્રયોગ થાય છે. અર્થ - પૂજિત. ॥૭૭॥

● ● ●

## सृजि - दृशि - स्कृ - स्वराऽत्वतस्तृज्नित्याऽनिटस्थवः ४।४।७८॥

सृज् दृश् स्कृ [सट्+कृ] ધાતુથી તેમજ तृच् પ્રત્યયની પૂર્વે જે ધાતુની પરમાં નિત્ય इट् થતો નથી એવા - સ્વરાન્ત અથવા अ સ્વરવાળા ધાતુથી વિહિત थव् પ્રત્યયની પૂર્વે વિકલ્પથી इट् થતો નથી. सृज् અને दृश् ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે 'स्क्रसृ-वृ० ૪-૪-૮૧'થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. 'द्विर्धातुः० ૪-૧-૧'થી सृज् અને दृश् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'अः सृजि० ૪-૪-૧૧૧'થી सृज् અને दृश् ધાતુના ऋ ની પરમાં अ. 'इवर्णा० ૧-૨-૨૧'થી ऋ ને र् આદેશ. सस्रज् અને दद्रश् ના ज् ને અને श् ને 'यजसृज० ૨-૧-૮૭'થી ष् આદેશ. ष् ના યોગમાં 'तवर्गस्य० ૧-૩-૬૦'થી थव् ના थ् ને ठ् આદેશ થવાથી सस्रष्ठ અને दद्रष्ठ

આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **इट्** નો નિષેધ ન થાય ત્યારે **ससृज्** + **थव्** અને **ददृश्** + **थव्** આ અવસ્થામાં **थव्** પ્રત્યયની પૂર્વે '**स्क्रसृ-वृ०** ૪-૪-૮૧'થી **इट्**. '**लघोरुपा०** ૪-૩-૪'થી ઉપાન્ત્ય **ऋ** ને ગુણ **अर्** આદેશ વગેરે કાર્ય થવાથી **ससर्जिथ** અને **ददर्शिथ** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - તેં બનાવ્યું. તેં જોયું. **सम्** + **कृ** ધાતુને '**सम्परे०** ૪-૪-૯૧'થી **कृ** ધાતુની પૂર્વે **स्सट्** [**स्**]. **संस्कृ** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. **थव्** ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ. **स्कृ** ને દ્વિત્વ. '**अघोषे०** ૪-૧-૪૫'થી અભ્યાસમાં **स्** નો લોપ. અભ્યાસમાં **ऋ** ને ઉપર જણાવ્યા મુજબ **अ** આદેશ. '**कङश्चञ्** ૪-૧-૪૬'થી અભ્યાસમાં **क्** ને **च्** આદેશ. **सम्** + **चस्कृ** + **थ** આ અવસ્થામાં '**नामिनो०** ૪-૩-૧'થી **कृ** ના **ऋ** ને ગુણ **अर्** આદેશ વગેરે કાર્ય થવાથી **सञ्चस्कर्थ** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે **थव्** ની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **इट्** વગેરે કાર્ય થવાથી **सञ्चस्करिथ** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં સંસ્કાર કર્યો. **या** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. **या** ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં '**-हस्व:** ૪-૧-૩૯'થી **आ** ને -હસ્વ **अ** આદેશ થવાથી **ययाथ** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ **थव्** ની પૂર્વે **इट्**. '**इडेत्०** ૪-૩-૯૪'થી **यया** ના **आ** નો લોપ વગેરે કાર્ય થવાથી **ययिथ** આવો પ્રયોગ થાય છે. અર્થ - તું ગયો. **पच्** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી વિકલ્પે નિષેધ. **पच्** ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. '**चज: कगम्** ૨-૧-૮૬'થી **पच्** ના **च्** ને **क्** આદેશ થવાથી **पपक्थ** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** નો નિષેધ ન થાય

ત્યારે पच् + थ આ અવસ્થામાં थव् ની પૂર્વે 'स्क्रसृ० ૪-૪-૮૧'થી इट्. 'अनादे० ૪-૧-૨૪'થી पच् ના अ ને ए આદેશ તેમજ पच् ધાતુને દ્વિત્વનો નિષેધ વગેરે કાર્ય થવાથી पेचिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં રાંધ્યું. અહીં યાદ રાખવું જોઈએ કે या ધાતુ અને पच् ધાતુથી પરમાં રહેલા सादि કે तादि પ્રત્યયની પૂર્વે 'एकस्वरा० ૪-૪-૫૯'થી इट् નો નિષેધ થયો છે. તેથી તે બંન્ને ધાતુઓ तृज्नित्यानिट् છે. या ધાતુ સ્વરાન્ત છે અને पच् ધાતુ अ સ્વરયુક્ત છે.

तृज्नित्यानिट इति किम् ?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सृज् दृश् અને स्कृ ધાતુથી વિહિત તેમજ સ્વરાન્ત અથવા अ સ્વરવાળા तृज्नित्यानिट् [तृच् પ્રત્યયની પૂર્વે જે ધાતુથી પરમાં इट् થતો નથી એવા]જ ધાતુથી વિહિત थव् પ્રત્યયની પૂર્વે इट् નો વિકલ્પથી નિષેધ થાય છે. તેથી रन्ध् અને श्रि ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે 'स्क्रसृ० ૪-૪-૮૧'થી इट्. ઉપર જણાવ્યા મુજબ रन्ध् અને श्रि ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. शिश्रि + इ + थ આ અવસ્થામાં 'नामिनो० ૪-૩-૧'થી श्रि ના इ ને ગુણ ए આદેશ વગેરે કાર્ય થવાથી ररन्धिथ અને शिश्रयिथ આવો પ્રયોગ થાય છે. અહીં रध् ધાતુ [૧૧૮૮] औदित् હોવાથી તેનાથી પરમાં રહેલા सादि કે तादि પ્રત્યયની પૂર્વે 'धूगौदितः ૪-૪-૩૮'થી વિકલ્પથી इट् નું વિધાન છે અને 'स्ताद्यशि० ૪-૪-૩૨'થી श्रि ધાતુની પરમાં રહેલા તાદૃશ પ્રત્યયની પૂર્વે નિત્ય इट् નું વિધાન છે. તેથી रन्ध् ધાતુ वेट् હોવાથી અને श्रि ધાતુ सेट् હોવાથી તેનાથી પરમાં રહેલા थव् પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી इट् નો નિષેધ થતો નથી. 'रध इटि० ૪-૪-૧૦૧'થી रध् ધાતુના સ્વરની પરમાં न् નો આગમ થયો છે. અર્થક્રમશ :- તેં રાંધ્યું. તેં સેવા કરી.

विहितविशेषणं किम् ?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सृज् दृश् અને स्कृ ધાતુથી વિહિત જ [પરમાં જ હોવો જોઈએ એવું

નહિ] તેમજ સ્વરાન્ત અથવા **अ** સ્વરવાળા **तृज्नित्यानिट्** ધાતુથી વિહિત જ [પરમાં જ હોવો જોઈએ એવું નહિ] **थव्** પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** નો નિષેધ થાય છે. તેથી **कृष्** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. '**स्क्रसृ०** ૪-૪-૮૧'થી **थव्** પ્રત્યયની પૂર્વે **इट्**. ઉપર જણાવ્યા મુજબ **कृष्** ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં **ऋ** ને **अ** તથા **क्** ને **च्** આદેશ. **चकृष् + इ + थव्** આ અવસ્થામાં **ऋ** ને ગુણ **अर्** આદેશ થવાથી **चकर्षिथ** આવો પ્રયોગ થાય છે. અહીં સ્પષ્ટ છે કે - અહીં **थव्** પ્રત્યય **कृष्** ધાતુથી વિહિત છે. તેથી ઉપાન્ત્ય **ऋ** ને ગુણ થયા બાદ તે **अ** સ્વરવાળા [**कर्ष्**] ધાતુથી પરમાં હોવા છતાં **थव्** ની પૂર્વે આ સૂત્રથી વિકલ્પે **इट्** નો નિષેધ થતો નથી. અર્થ - તેં ખેંચ્યું અથવા ખેડ્યું. અહીં યાદ રાખવું જોઈએ કે - આ સૂત્રમાં સ્વરાન્ત ધાતુના ગ્રહણથી **स्कृ** ધાતુનું ગ્રહણ શક્ય હોવા છતાં તેનું પૃથગ્ ઉપાદાન; '**ऋतः** ૪-૪-૭૯'થી **स्कृ** ધાતુથી વિહિત **थव्** પ્રત્યયની પૂર્વે નિત્ય **इट्** નો નિષેધ ન થાય - એ માટે છે....॥૭૮॥

● ● ●

## ऋतः ४।४।७९॥

**तृच्** પ્રત્યયની પૂર્વે જે ધાતુની પરમાં નિત્ય **इट्** થતો નથી - એવા **ऋ** જેના અન્તે છે - એવા **ऋ**કારાન્ત ધાતુથી વિહિત **थव्** પ્રત્યયની પૂર્વે **इट्** થતો નથી. **हृ** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. તેની પૂર્વે '**स्क्रसृ०** ૪-૪-૮૧'થી પ્રાપ્ત **इट्** નો આ સૂત્રથી નિષેધ.

'द्वि र्धातुः० ४-१-१'થી हृ ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં हृ ના ऋ ને 'ऋतोऽत् ४-१-३८'થી अ આદેશ. 'गहोर्जः ४-१-४०'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'नामिनो० ४-३-१'થી ऋ ને ગુણ अर् આદેશ થવાથી जहर्थ આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં હરણ કર્યું.

तृज्नित्यानिट इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ तृज्नित्यानिट् જ [सेट् કે वेट् નહિ] ऋकारान्त ધાતુથી વિહિત थव् પ્રત્યયની પૂર્વે નિત્ય इट् નો નિષેધ થાય છે. તેથી स्वृ [२१]- આ वेट् ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट् નો નિષેધ ન થવાથી 'स्क्रसृ० ४-४-८१'થી इट्. ઉપર જણાવ્યા મુજબ स्वृ ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ४-१-४४'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ४-१-३८'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. ऋ ને ઉપર જણાવ્યા મુજબ ગુણ अर् આદેશ થવાથી सस्वरिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં અવાજ કર્યો. स्वृ ધાતુ औदित् હોવાથી તેનાથી પરમાં રહેલા सादि કે तादि પ્રત્યયની પૂર્વે 'धूगौदितः ४-४-३८'થી વિકલ્પે इट् થાય છે. ॥७९॥

● ● ●

## ऋ - वृ - व्येऽद इट् ४।४।८०॥

ऋ वृ व्ये અને अद् ધાતુથી પરમાં રહેલા थव् પ્રત્યયની પૂર્વે इट् થાય છે. इट् નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં જે इट् નું ગ્રહણ છે; તેનાથી न ની અનુવૃત્તિ આ સૂત્રમાં નથી - એ જણાવાયું છે. ऋ ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે આ

સૂત્રથી इट्. 'द्विर्धातुः० ૪-૧-૧'થી ऋ ને દ્વિત્વ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'अस्यादे० ૪-૧-૬૮'થી અભ્યાસમાં अ ને आ આદેશ. आ + ऋ + इ + थ આ અવસ્થામાં 'नामिनो० ૪-૩-૧'થી ऋ ને ગુણ अर् આદેશ વગેરે કાર્ય થવાથી आरिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તું ગયો. वृ ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. वृ ને દ્વિત્વ. અભ્યાસમાં ऋ ને अ આદેશ અને ऋ ને ગુણ अर् આદેશ ઉપર જણાવ્યા મુજબ થવાથી ववरिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તું વર્યો. सम् + व्ये ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. व्ये ને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. वेव्ये + इ + थ આ અવસ્થામાં 'ज्या-व्ये० ૪-૧-૭૧'થી वे ના ए ને इ આદેશ...વગેરે કાર્ય થવાથી संविव्ययिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં ઢાંક્યું. अद् ધાતુને પરોક્ષાનો थव् પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. ઉપર જણાવ્યા મુજબ अद् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં આદ્ય अ ને आ આદેશ થવાથી आदिथ આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં ખાધું. ऋ ધાતુથી વિહિત थव् પ્રત્યયની પૂર્વે 'ऋतः ૪-૪-૭૯'થી वृ ધાતુથી વિહિત थव् પ્રત્યયની પૂર્વે 'स्क्रसृ० ૪-૪-૮૧'થી; અને व्ये તથા अद् ધાતુથી વિહિત थव् પ્રત્યયની પૂર્વે 'सृजि-दृशि० ૪-૪-૭૮'થી इट् નો નિષેધ હતો. તેથી આ સૂત્રનું પ્રણયન છે. ॥૮૦॥

• • •

## स्क्र - सृ - वृ - भृ - स्तु - द्रु - श्रु - स्त्रो व्यंञ्जनादेः परोक्षायाः ४।४।८१।।

सृ वृ भृ स्तु द्रु श्रु અને स्त्रु ધાતુને છોડીને स्कृ તથા અન્ય સર્વ ધાતુથી પરમાં રહેલા परोक्षा ના વ્યઞ્જનાદિ પ્રત્યયની પૂર્વે इट् થાય છે. सृ...વગેરે ધાતુઓને છોડીને અન્ય સર્વ ધાતુઓમાં स्कृ નો સમાવેશ હોવા છતાં सट् આગમથી રહિત કેવલ कृ ધાતુની પરમાં રહેલા વ્યઞ્જનાદિ પરોક્ષાના પ્રત્યયની પૂર્વે इट् ન થાય એ માટે स्कृ ધાતુનું પૃથગ્ ઉપાદાન છે. 'सम्परे० ૪-૪-૯૧'થી कृ ધાતુની પૂર્વે स्सट्. सम् + स्कृ ધાતુને પરોક્ષાનો व પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી इट्. 'द्विर्धातुः० ૪-૧-૧'થી स्कृ ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં स् નો 'अघोषे० ૪-૧-૪૫'થી લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ આદેશ. 'कङश्चञ् ૪-૧-૪૬'થી અભ્યાસમાં क् ને च् આદેશ. 'नामिनो० ૪-૩-૧'થી कृ ધાતુના ऋ ને ગુણ अर् આદેશ થવાથી सञ्चस्करिव આવો પ્રયોગ થાય છે. અર્થ - અમે બે જણાએ સંસ્કાર કર્યો. दा ધાતુને પરોક્ષાનો व પ્રત્યય. આ સૂત્રથી व ની પૂર્વે इट्. दा ધાતુને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં दा ના आ ને -હસ્વ अ આદેશ. ददा + इ + व આ અવસ્થામાં 'इडेत् पुसि० ૪-૩-૯૪'થી आ નો લોપ થવાથી ददिव આવો પ્રયોગ થાય છે. અર્થ - અમે બંન્નેએ આપ્યું. चि ધાતુને પરોક્ષાનો वहे પ્રત્યય. આ સૂત્રથી वहे ની પૂર્વે इट्. ઉપર જણાવ્યા મુજબ चि ધાતુને દ્વિત્વ. चिचि + इ + वहे આ અવસ્થામાં चिचि ના અન્ત્ય इ ને 'योऽनेकस्व० ૨-૧-૫૬'થી य् આદેશ થવાથી चिच्यिवहे આવો પ્રયોગ થાય છે. અર્થ - અમે બંન્નેએ ભેગું કર્યું. स्क्रिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ सृ वृ .....વગેરે ધાતુથી ભિન્ન સર્વ ધાતુથી પરમાં રહેલા

તેમજ स्कृ [કેવલ कृ નહીં] જ ધાતુથી પરમાં રહેલા વ્યઞ્જનાદિ **परोक्षा** ના પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. તેથી **कृ** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **परोक्षा** નો **व** પ્રત્યય...વગેરે કાર્ય થવાથી **चकृव** આવો પ્રયોગ થાય છે. અહીં **व** પ્રત્યયને '**इन्ध्यसं०** ૪-૩-૨૧'થી **किद्वद्** ભાવ થવાથી **कृ** ધાતુના **ऋ** ને ગુણ થતો નથી. તેમજ કેવલ **कृ** ધાતુની પરમાં રહેલા તાદશ **व** પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી **इट्** થયો નથી. અર્થ - અમે બંન્નેએ કર્યું.

**स्रादिवर्जनं किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યાં મુજબ **सृ वृ भृ स्तु द्रु श्रु** અને **स्रु** ધાતુથી ભિન્ન જ **स्कृ** અને સર્વ ધાતુથી પરમાં રહેલા **परोक्षा** ના વ્યઞ્જનાદિ પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. તેથી **ससृव ववृव ववृवहे बभर्थ तुष्टोथ दुद्रोथ शुश्रोथ** અને **सुस्रोथ** અહીં પરોક્ષાના વ્યઞ્જનાદિ **व वहे** અને **थव्** પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી **इट्** થતો નથી. **सृ** ધાતુને પરોક્ષાનો **व** પ્રત્યય. **वृ** ધાતુને પરોક્ષાનો **व** અને **वहे** પ્રત્યય. **व** અને **वहे** પ્રત્યયને **किद्वद्** ભાવ. **सृ** અને **वृ** ને દ્વિત્વ. અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ ઉપર જણાવ્યા મુજબ થવાથી **ससृव ववृव** અને **ववृवहे** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - અમે બંન્ને ગયા. અમે બંન્ને વર્યા. અમે બંન્ને વર્યા. **भृ** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. **भृ** ને ઉપર જણાવ્યા મુજબ દ્વિત્વ તેમજ અભ્યાસમાં **ऋ** ને **अ** આદેશ. '**द्वितीय०** ૪-૧-૪૨'થી અભ્યાસમાં **भ्** ને **ब्** આદેશ. **बभृ + थ** આ અવસ્થામાં **ऋ** ને '**नामिनो०** ૪-૩-૧'થી ગુણ **अर्** આદેશ થવાથી **बभर्थ** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેં પોષણ કર્યું. **स्तु** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **स्तु** ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં **स्** નો લોપ. **तुस्तु + थ** આ અવસ્થામાં **स्तु** ના **उ** ને ગુણ **ओ** આદેશ. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **स्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં '**तवर्ग०** ૧-૩-૬૦'થી **त्** ને **ट्** આદેશ થવાથી **तुष्टोथ** આવો પ્રયોગ થાય છે. **द्रु श्रु** અને **स्रु** ધાતુને પરોક્ષાનો **थव्** પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ **द्रु श्रु** અને **स्रु** ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં

અનાદિવ્યઞ્જનનો લોપ. અન્ત્ય उ ને ગુણ ओ આદેશ થવાથી दुद्रोथ शुश्रोथ અને सुस्रोथ આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેં સ્તવના કરી. તું દ્રવ્યો. તું ટપક્યો. તું સ્રવ્યો. અહીં યાદ રાખવું જોઈએ કે स्तु द्रु श्रु અને सृ ધાતુથી પરમાં રહેલા थव् પ્રત્યયની પૂર્વે 'सृजि - दृशि ૪-૪-૭૮'થી પણ વિકલ્પે इट् થતો નથી. કારણકે આ સૂત્રથી પ્રાપ્ત इट् નો જ તે સૂત્રથી વિકલ્પે નિષેધ છે...ઈત્યાદિ સ્વયં વિચારવું.॥૮૧॥

● ● ●

## घसेकस्वराऽऽतः क्वसोः ४।४।८२॥

घस् ધાતુથી પરમાં રહેલા તેમજ એકસ્વરવાળા અને आ જેના અન્તમાં છે એવા આકારાન્ત ધાતુથી પરમાં રહેલા परोक्षा ના क्वस् પ્રત્યયની પૂર્વે इट् થાય છે. अद् ધાતુને परोक्षा ના વિષયમાં 'परोक्षायां नवा ૪-૪-૧૮'થી घस् આદેશ. घस् ધાતુને 'तत्र क्वसु० ૫-૨-૨'થી क्वसु (वस्) પ્રત્યય. 'द्विर्धातुः० ૪-૧-૧'થી घस् ને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'द्वितीय० ૪-૧-૪૨'થી અભ્યાસમાં घ् ને ग् આદેશ. 'गहोर्जः ૪-૧-૪૦'થી ग् ને ज् આદેશ. આ સૂત્રથી वस् ની પૂર્વે इट्. जघस् + इ + वस् આ અવસ્થામાં 'गमहन० ૪-૨-૪૪'થી घस् ના अ નો લોપ. 'अघोषे० ૧-૩-૫૦'થી घ् ને क् આદેશ. क् ની પરમાં રહેલા स् ને 'घस्-वसः ૨-૩-૩૬'થી ष् આદેશ...વગેરે કાર્ય થવાથી जक्षिवान् આવો પ્રયોગ થાય છે.

અર્થ - ખાધું. अद् [એક સ્વરવાળો] ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्वसु પ્રત્યય. अद् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'अस्यादे० ૪-૧-૬૮'થી આદ્ય अ ને आ આદેશ. आद् + वस् આ અવસ્થામાં આ સૂત્રથી वस् ની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી आदिवान् આવો પ્રયોગ થાય છે. અર્થ - ખાધું. या [આકારાન્ત ધાતુ] ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्वसु પ્રત્યય. या ધાતુને દ્વિત્વ. '-हस्वः ૪-૧-૩૯'થી અભ્યાસમાં आ ને -હસ્વ अ આદેશ. यया + वस् આ અવસ્થામાં આ સૂત્રથી वस् ની પૂર્વે इट्. 'इडेत्० ૪-૩-૯૪'થી आ નો લોપ વગેરે કાર્ય થવાથી ययिवान् આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો.

परोक्षाया इत्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ घस् ધાતુથી અને એકસ્વરી અથવા આકારાન્ત ધાતુથી પરમાં રહેલા परोक्षा ના જ क्वसु પ્રત્યયની પૂર્વે इट् થાય છે. તેથી विद् ધાતુને 'वा वेत्तेः क्वसुः ૫-૨-૨૨'થી વર્તમાનામાં क्वसु પ્રત્યય. આ સૂત્રથી वस् પ્રત્યયની પૂર્વે इट् ન થવાથી विद्वस् નામને सि પ્રત્યયાદિ કાર્ય દ્વારા विद्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ - વિદ્વાન. અહીં દૃષ્ટાન્ત ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે जघस् + वस् આ અવસ્થામાં અને आद् + वस् આ અવસ્થામાં वस् પ્રત્યય અનુક્રમે અનેકસ્વરી અને એકસ્વરી ધાતુથી પરમાં હોવાથી अद् ધાતુના ગ્રહણથી घस् નું ગ્રહણ શક્ય નથી. અહીં वस् પ્રત્યય; તાદશ ધાતુથી વિહિત વિવક્ષિત નથી...ઈત્યાદિ બૃહદ્‌વૃત્તિથી જાણવું જોઈએ. ॥૮૨॥

● ● ●

## गम - हन - विद्लृ - विश - दृशो वा ४।४।८३॥

गम् हन् विद् विश् અને दृश् ધાતુની પરમાં રહેલા **परोक्षा** ના **क्वसु** પ્રત્યયની પૂર્વે વિકલ્પથી **इट्** થાય છે. गम् ધાતુને 'तत्र क्वसु० ૫-૨-૨'થી **क्वसु** [वस्] પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી **इट्**. 'द्विर्धातुः० ૪-૧-૧'થી गम् ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ૪-૧-૪૦'થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. जगम् + इ + वस् આ અવસ્થામાં 'गम - हन० ૪-૨-૪૪'થી गम् ના अ નો લોપ વગેરે કાર્ય થવાથી **जग्मिवान्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **इट्** ન થાય ત્યારે जगम् + वस् આ અવસ્થામાં म् ને 'मोनो० ૨-૧-૬૭'થી न् આદેશ...વગેરે કાર્ય થવાથી **जगन्वान्** આવો પ્રયોગ થાય છે. અર્થ - ગયો. हन् ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्वसु** પ્રત્યય. हन् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. અભ્યાસમાં ह् ને ज् આદેશ. जहन् + वस् આ અવસ્થામાં આ સૂત્રથી वस् ની પૂર્વે **इट्**. ઉપર જણાવ્યા મુજબ हन् ના अ નો લોપ. 'अङे हि-हनो० ૪-૧-૩૪'થી हन् ના ह् ને घ् આદેશ...વગેરે કાર્ય થવાથી **जघ्निवान्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં जघन् + वस् આ અવસ્થામાં वस् ની પૂર્વે આ સૂત્રથી **इट्** ન થાય ત્યારે **जघन्वान्** આવો પ્રયોગ થાય છે. અર્થ - માર્યો. विद् [१३२२] ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्वसु** પ્રત્યય. विद् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી वस् ની પૂર્વે **इट्**....વગેરે કાર્ય થવાથી **विविदिवान्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં वस् ની પૂર્વે **इट्** ન થાય ત્યારે **विविद्वान्** આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કર્યું. विश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्वसु** પ્રત્યય. विश् ને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. આ સૂત્રથી

वस् ની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી विविशिवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે विविश्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રવેશ કર્યો. दृश् ધાતુને ઉપર જણાવ્યા મુજબ क्वसु પ્રત્યય. दृश् ધાતુને દ્વિત્વ. અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ. 'ऋतोऽत् ૪-૧-૩૮'થી અભ્યાસમાં ऋ ને अ. આ સૂત્રથી क्वसु ની પૂર્વે इट् વગેરે કાર્ય થવાથી ददृशिवान् આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી इट् ન થાય ત્યારે ददृश्वान् આવો પ્રયોગ થાય છે. અર્થ - જોયું. ॥૮૩॥

● ● ●

## सिचोऽञ्जेः ૪।૪।૮૪॥

अञ्ज् [૧૪૮૮] ધાતુથી પરમાં રહેલા सिच् [स्] પ્રત્યયની પૂર્વે इट् થાય છે. अञ्ज् ધાતુને અદ્યતનીનો दि [त्] પ્રત્યય. તેની પૂર્વે 'सिजद्य० ૩-૪-૫૩'થી सिच् પ્રત્યય. આ સૂત્રથી सिच् ની પૂર્વે इट्. 'सः सिज० ૪-૩-૬૫'થી सिच् ની પરમાં दि ની પૂર્વે ईत्. 'स्वरादे० ૪-૪-૩૧'થી अञ्ज् ધાતુના अ ને વૃદ્ધિ आ આદેશ. 'इट ईति ૪-૩-૭૧'થી सिच् પ્રત્યયનો લોપ...વગેરે કાર્ય થવાથી आञ्जीत् આવો પ્રયોગ થાય છે. औदित् अञ्ज् ધાતુથી પરમાં રહેલા सिच् પ્રત્યયની પૂર્વે 'धूगौदितः ૪-૪-૩૮'થી વિકલ્પે इट् ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરીને આ સૂત્ર નિત્ય વિધાન કરે છે. અર્થ - તે ગયો. ॥૮૪॥

● ● ●

# धूग् - सुस्तोः परस्मै ४।४।८५।।

પરસ્મૈપદના વિષયમાં **धू सु** અને **स्तु** ધાતુની પરમાં રહેલા **सिच्** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. **धू सु** અને **स्तु** ધાતુને અદ્યતનીનો પરસ્મૈપદનો **दि** પ્રત્યય. તેની પૂર્વે '**सिजद्य०** ૩-૪-૫૩'થી **सिच्** પ્રત્યય. આ સૂત્રથી **सिच्** ની પૂર્વે **इट्**. '**सः सिज०** ૪-૩-૬૫'થી **दि** ની પૂર્વે **ईत्**. '**अड् धातो०** ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે **अट्**. '**सिचि परस्मै०** ૪-૩-૪૪'થી **ऊ** અને **उ** ને વૃદ્ધિ **औ** આદેશ. '**इट ईति** ૪-૩-૭૧'થી **सिच्** નો લોપ વગેરે કાર્ય થવાથી **अधावीत्** **असावीत्** અને **अस्तावीत्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે કંપાવ્યું. તેણે દુઃખ આપ્યું. તેણે સ્તવ્યું. **परस्मै इति किम् ?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પરસ્મૈપદના જ વિષયમાં **धू सु** અને **स्तु** ધાતુની પરમાં રહેલા **सिच्** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. તેથી આત્મનેપદનો અદ્યતનીમાં **धू** ધાતુને **त** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **सिच्** પ્રત્યય. ધાતુની પૂર્વે **अट्**. **अधू + स् + त** આ અવસ્થામાં **ऊ** ને '**नामिनो०** ૪-૩-૧'થી ગુણ **ओ** આદેશ. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **स्** ને **ष्** આદેશ. **ष्** ના યોગમાં **त्** ને '**तवर्ग०** ૧-૩-૬૦'થી **ट्** આદેશ થવાથી **अधोष्ट** આવો પ્રયોગ થાય છે. અહીં આત્મનેપદના વિષયમાં આ સૂત્રથી **सिच्** ની પૂર્વે **इट्** થતો નથી. **अधू + स् + त** આ અવસ્થામાં '**धूगौदितः** ૪-૪-૩૮'થી વિકલ્પથી **सिच्** ની પૂર્વે **इट्** થાય ત્યારે **अधविष्ट** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે કંપાવ્યું. ।।૮૫।।

● ● ●

## यमि - रमि - नम्यात: सोऽन्तश्च ४।४।८६।।

પરસ્મૈપદના વિષયમાં **यम् रम् नम्** અને આકારાન્ત ધાતુની પરમાં રહેલા **सिच्** પ્રત્યયની પૂર્વે **इट्** થાય છે. અને ત્યારે ધાતુના અન્તે **स्** નો આગમ થાય છે. **यम्, वि + रम्** અને **नम्** ધાતુને અદ્યતનીનો **दि** પ્રત્યય. '**सिजद्य०** ૩-૪-૫૩'થી **दि** ની પૂર્વે **सिच्** પ્રત્યય. **सिच्** ની પૂર્વે આ સૂત્રથી **इट्** અને ધાતુના અન્તે **स्** નો આગમ. '**स: सिज०** ૪-૩-૬૫'થી **दि** ની પૂર્વે **ईत्**. '**इट ईति** ૪-૩-૭૧'થી **सिच्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **अयंसीत्; व्यरंसीत्** અને **अनंसीत्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - તેણે મૈથુન સેવ્યું. તે અટક્યો. તેણે પ્રણામ કર્યો. **या** ધાતુને અદ્યતનીનો **ताम्** પ્રત્યય. તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ **सिच्** પ્રત્યય. આ સૂત્રથી **सिच्** ની પૂર્વે **इट्** અને ધાતુના અન્તે **स्** નો આગમ. **अ + या + स् + इ + स् + ताम्** આ અવસ્થામાં '**नाम्यन्तस्था०** ૨-૩-૧૫'થી **ताम्** પ્રત્યયની પૂર્વેના **स्** ને **ष्** આદેશ. '**तवर्ग०** ૧-૩-૬૦'થી **त्** ને **ट्** આદેશ થવાથી **अयासिष्टाम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ બે ગયા. ।।૮૬।।

● ● ●

## ईशीडः से - ध्वे - स्व - ध्वमोः ४।४।८७।।

ईश् અને ईड् ધાતુથી પરમાં રહેલા વર્ત્તમાનાના से અને ध्वे પ્રત્યયની પૂર્વે તેમજ પઞ્ચમીના स्व અને ध्वम् પ્રત્યયની પૂર્વે इट् થાય છે. ईश् અને ईड् ધાતુને से ध्वे स्व અને ध्वम् પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે इट्. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી से અને स्व પ્રત્યયના स् ને ष् આદેશ થવાથી ईशिषे, ईशिध्वे, ईशिष्व, ईशिध्वम्; ईडिषे, ईडिध्वे ईडिष्व અને ईडिध्वम् આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તું સ્વામી થાય છે. તમે સ્વામી થાવ છો. તું સ્વામી થા! તમે સ્વામી થાવ! તું સ્વામી થાય છે. તમે સ્વામી થાવ છો. તું સ્વામી થા! તમે સ્વામી થાવ!।।૮૭।।

● ● ●

## रुत्पञ्चकाच्छिदयः ४।४।८८।।

रुद् स्वप् अन् श्वस् અને जक्ष् - આ પાંચ रुदादि [૧૦૮૭ થી ૧૦૯૧] ધાતુઓથી પરમાં રહેલા; यकारादि પ્રત્યયથી ભિન્ન વ્યઞ્જનાદિ शित् પ્રત્યયની પૂર્વે इट् થાય છે. रुद्, स्वप्, प्र + अन्, श्वस् અને जक्ष् ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. આ સૂત્રથી तिव् પ્રત્યયની પૂર્વે इट् [इ]. 'लघोरुपान्त्यस्य ४-३-४'થી रुद् ના उ ને ગુણ ओ આદેશ. अन् ધાતુના न् ને 'द्वित्वेऽप्य० ૨-૩-૮૧'થી ण् આદેશ વગેરે કાર્ય થવાથી रोदिति; स्वपिति; प्राणिति, श्वसिति

અને जक्षिति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - તે રડે છે. તે ઊંઘે છે. તે જીવે છે. તે શ્વાસ લે છે. તે ખાય છે. अयिति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ रुद् વગેરે પાંચ ધાતુથી પરમાં રહેલા; यકારાદિ પ્રત્યયને છોડીને જ અન્ય વ્યઞ્જનાદિ शित् પ્રત્યયની પૂર્વે इट् થાય છે. તેથી रुद् ધાતુને સપ્તમીનો यात् પ્રત્યય થવાથી रुद्यात् આવો પ્રયોગ થાય છે. અહીં વ્યઞ્જનાદિ शित् પ્રત્યય यादि હોવાથી તેની પૂર્વે આ સૂત્રથી इट् થતો નથી. અર્થ - તે રડે. शित इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ रुदादि પાંચ ધાતુથી પરમાં રહેલા; यકારાદિ પ્રત્યયથી ભિન્ન વ્યઞ્જનાદિ शित् જ પ્રત્યયની પૂર્વે इट् થાય છે. તેથી रोत्स्यति અને स्वप्स्यति અહીં યકારાદિ ભિન્ન વ્યઞ્જનાદિ स्यति પ્રત્યય. [भविष्यन्ती નો स्यति પ્રત્યય] અશિત્ હોવાથી તેની પૂર્વે આ સૂત્રથી इट् થતો નથી. અર્થ - તે રડશે. તે ઉંઘશે. ॥૮૮॥

● ● ●

## दिस्योरीट् ४।४।८९॥

रुद् स्वप् अन् श्वस् અને जक्ष् - આ रुदादि [૧૦૮૭ થી ૧૦૯૧] ધાતુઓથી પરમાં રહેલા शित्-दि અને सि પ્રત્યયની પૂર્વે ईट् [ई] થાય છે. रुद् ધાતુને ह्यस्तनी નો दि અને सि [दिव् અને सिव्] પ્રત્યય. 'अड् धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट्. આ સૂત્રથી दि અને सि પ્રત્યયની પૂર્વે ईट्. 'लघोरुपा० ૪-૩-૪'થી रुद् ના उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી अरोदीत् અને अरोदी:

આવો પ્રયોગ થાય છે. અહીં **दिव्** પ્રત્યયના સાહચર્યથી **'साहचर्यात् संदृशस्यैव [ग्रहणम्]'** - આ ન્યાયના બળે **सिव्** પ્રત્યય પણ **ह्यस्तंनी** નો જ ગૃહીત છે. અર્થક્રમશઃ - તે રડ્યો. તું રડ્યો. ॥૮૯॥

● ● ●

## अदश्चाऽट् ૪।૪।૯૦॥

**अद्** ધાતુથી પરમાં રહેલા તેમજ **रुद् स्वप् अन् श्वस्** અને **जक्ष्** ધાતુથી પરમાં રહેલા **शित्-दि** અને **सि [ह्यस्तनी]** પ્રત્યયની પૂર્વે **अट् [अ]** થાય છે. **अद्** ધાતુને **ह्यस्तनी** નો **दिव्** અને **सिव्** પ્રત્યય. **'स्वरादे॰ ૪-૪-૩૧'**થી **अद्** ધાતુના આદ્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ. આ સૂત્રથી **दिव्** અને **सिव्** ની પૂર્વે **अट् [अ]** વગેરે કાર્ય થવાથી **आदत्** અને **आदः** આવો પ્રયોગ થાય છે. **रुद्** ધાતુને **ह्यस्तनी** નો **दिव्** અને **सिव्** પ્રત્યય. તેની પૂર્વે આ સૂત્રથી **अट्**. **'अड् धातो॰ ૪-૪-૨૯'**થી ધાતુની પૂર્વે **अट्**. **'लघोरु॰ ૪-૩-૪'**થી **उ** ને ગુણ **ओ** આદેશ વગેરે કાર્ય થવાથી **अरोदत्** અને **अरोदः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - તેણે ખાધું. તેં ખાધું. તે રડ્યો. તું રડ્યો. ॥૯૦॥

● ● ●

# सं - परेः - कृगः स्सट् ४।४।९१॥

सम् અને परि ઉપસર્ગથી પરમાં રહેલા कृ [८८८] ધાતુની પૂર્વે स्सट् [स्] થાય છે. सम् અને परि ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट्. संस्कृ અને परिष्कृ ['असोङ० ૨-૩-૪૮'થી અહીં स्सट् ના स् ને ष् આદેશ.] ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય. તેની પૂર્વે 'कृग्तना० ૩-૪-૮૩'થી उ પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી कृ ના ऋ ને ગુણ अर् આદેશ. 'उ-श्नोः ૪-૩-૨'થી उ ને ગુણ ओ આદેશ વગેરે કાર્ય થવાથી संस्करोति અને परिष्करोति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - સંસ્કાર કરે છે. પરિષ્કાર કરે છે. અહીં યાદ રાખવું જોઈએ કે - ધાતુનો સંબંધ, પ્રથમ ઉપસર્ગની સાથે થતો હોવાથી અને ત્યારબાદ પ્રત્યયાદિની સાથે થતો હોવાથી દ્વિત્વ કે अट् વગેરેની પૂર્વે જ स्सट् થાય છે. તેથી संचस्कार समस्करोत्...વગેરે પ્રયોગ થાય છે. स्सट् આ પ્રમાણે બે स् નો પાઠ હોવાથી समचिस्करत् ઈત્યાદિ સ્થળે स्सट् ના स् ને ष् આદેશ [૨-૩-૧૫થી] થતો નથી. ॥૯૧॥

● ● ●

# उपाद् भूषा - समवाय - प्रतियत्न - विकार - वाक्याऽध्याहारे ४।४।९२।।

भूषा समवाय प्रतियत्न विकार અનેवाक्याध्याहार અર્થ ગમ્યમાન હોય તો; उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ [૮૮૮] ધાતુની પૂર્વે स्सट् થાય છે. कन्यामुपस्करोति અહીં भूषा અર્થમાં उप + कृ ધાતુના कृ ની પૂર્વે આ સૂત્રથી स्सट् [स्] થયો છે. [પ્રક્રિયા માટે જુઓ સૂ.નં. ૪-૪-૯૧] અર્થ - કન્યાને શણગારે છે. तत्र न उपस्कृतम् અહીં समवाय [ભેગું થવું તે] અર્થ ગમ્યમાન હોવાથી उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट् થવાથી उपस्कृ ધાતુને 'क्तक्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યયાદિ કાર્ય બાદ उपस्कृतम् આવો પ્રયોગ થાય છે. અર્થ - ત્યાં અમારું ભેગા થવાનું થયું. एधोदकमुपस्कुरुते અહીં प्रतियत्न [ગુણાન્તરનું આધાન] અર્થ ગમ્યમાન હોવાથી उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट् [स्] થયો છે. उपस्कृ ધાતુને વર્તમાનાનો ते પ્રત્યય. ते પ્રત્યયની પૂર્વે 'कृग् तनादे० ૩-૪-૮૩'થી उ પ્રત્યય. 'नामिनो० ૪-૩-૧'થી ऋ ને ગુણ अर् આદેશ. अर् ના अ ને 'अतः शित्युत् ૪-૨-૮૯'થી उ આદેશ થવાથી उपस्कुरुते આવો પ્રયોગ થાય છે. અર્થ - કાષ્ઠ અને પાણીમાં ગુણ ઉત્પન્ન કરે છે. उपस्कृतं भुङ्क्ते અહીં વિકાર અર્થ ગમ્યમાન હોવાથી उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट् થાય છે. ત્યારબાદ ઉપર જણાવ્યા મુજબ उपस्कृ ધાતુને क्त પ્રત્યયાદિ કાર્ય થવાથી उपस्कृतम् આવો પ્રયોગ થાય છે. અર્થ - સંસ્કાર કરાએલ અથવા વિકૃત ખાય છે. सोपस्कारं सूत्रम् અહીં વાક્ય - અધ્યાહાર અર્થ ગમ્યમાન હોવાથી उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट् થાય છે. उपस्कृ ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮'થી घञ् [अ] પ્રત્યય.

'नामिनो० ४-३-५१'થી ऋ ને વૃદ્ધિ आर् આદેશ વગેરે કાર્ય થવાથી सोपस्कारं सूत्रम् આવો પ્રયોગ થાય છે. અર્થ - વાક્યના અધ્યાહારવાળું સૂત્ર. ગમ્યમાન અર્થબોધક વાક્યના એકદેશનાં સ્વરૂપથી ઉપાદાનને અધ્યાહાર કહેવાય છે. ॥૯૨॥

● ● ●

## किरो लवने ४।४।९३॥

लवन [કાપવું] અર્થ ગમ્યમાન હોય તો उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે स्सट् થાય છે. उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट्. उपस्कृ ધાતુને 'प्राक्काले ५-४-४७'થી क्त्वा પ્રત્યય. 'अनञः० ३-२-१५४'થી क्त्वा ને यप् આદેશ. 'ऋतां० ४-४-११६'થી कृ ના ऋ ને इर् આદેશ. 'भ्वादेर्ना० २-१-६३'થી इर् ના इ ને દીર્ઘ ई આદેશ વગેરે કાર્ય થવાથી उपस्कीर्य मद्रका लुनन्ति આવો પ્રયોગ થાય છે. અર્થ - મદ્ર દેશના લોકો નીચે પાથરીને કાપે છે. लवन इति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ लवन અર્થ ગમ્યમાન હોય તો જ उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે स्सट् [स्] થાય છે. તેથી उपकिरति पुष्पम् અહીં લવન અર્થ ન હોવાથી उप ઉપસર્ગથી પરમાં રહેલા कृ ધાતુની પૂર્વે આ સૂત્રથી स्सट् થતો નથી. उप + कृ ધાતુને વર્તમાનાનો तिव् પ્રત્યય. તેની પૂર્વે 'तुदादेः शः ३-४-८१'થી श [अ] પ્રત્યય. ઉપર જણાવ્યા મુજબ कृ ધાતુના ऋ ને इर् આદેશ થવાથી उपकिरति આવો પ્રયોગ થાય છે. અર્થ - પુષ્પ વિખેરે છે. ॥૯૩॥

● ● ●

# प्रतेश्च वधे ४।४।९४।।

હિંસાના વિષયમાં અથવા હિંસા અર્થ હોય તો; **प्रति** અને **उप** ઉપસર્ગથી પરમાં રહેલા **कृ** ધાતુની પૂર્વે **स्सट्** થાય છે. **प्रति** અને **उप** ઉપસર્ગથી પરમાં રહેલા **कृ** ધાતુની પૂર્વે હિંસાના વિષયમાં આ સૂત્રથી **स्सट्** [**स्**]. **प्रतिस्कृ** અને **उपस्कृ** ધાતુને '**क्तक्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. '**ऋतां०** ૪-૪-૧૧૬'થી **कृ** ધાતુના **ऋ** ને **इर्** આદેશ. '**भ्वादेर्नाo** ૨-૧-૬૩'થી **इर्** ના **इ** ને **ई** આદેશ. '**रदाद०** ૪-૨-૬૯'થી **क्त** ના **त्** ને **न्** આદેશ. '**रषृवर्णा०** ૨-૩-૬૩'થી **न्** ને **ण्** આદેશ વગેરે કાર્ય થવાથી **प्रतिस्कीर्णम् उपस्कीर्णम् वा ह ते वृषल!भूयात्** - આવો પ્રયોગ થાય છે. અર્થ - [બંન્નેનો] - હે શૂદ્ર! તારી હાનિ થાય. અર્થાદ્ હે શૂદ્ર તારો વિક્ષેપ [પ્રેરણા; ત્યાગ; ફેકવાની ક્રિયા વગેરે] હિંસાનું કારણ થાય! **प्रति** ઉપસર્ગથી પરમાં રહેલા **कृ** ધાતુની પૂર્વે આ સૂત્રથી હિંસા અર્થમાં **स्सट्**. **प्रतिस्कृ** ધાતુને પરોક્ષાનો **ए** પ્રત્યય. **स्कृ** ને '**द्विर्धातुः०** ૪-૧-૧'થી દ્વિત્વ. '**अघोषे०** ૪-૧-૪૫'થી અભ્યાસમાં **स्** નો લોપ. '**-हस्वः** ૪-૧-૩૯'થી અભ્યાસમાં **ऋ** ને -હસ્વ **ऋ** આદેશ. '**ऋतोऽत्** ૪-૧-૩૮'થી **ऋ** ને **अ** આદેશ. '**कङश्चञ्** ૪-૧-૪૬'થી અભ્યાસમાં **क्** ને **च्** આદેશ. **प्रतिचस्कृ** + **ए** આ અવસ્થામાં '**स्कृच्छ्तो०** ૪-૩-૮'થી **ऋ** ને ગુણ **अर्** આદેશ થવાથી **प्रतिचस्करे नखैः** આવો પ્રયોગ થાય છે. અર્થ - નખથી માર્યો. **वध इति किम्** ?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ હિંસાના વિષયમાં અથવા હિંસા અર્થ હોય તો; **प्रति** અને **उप** ઉપસર્ગથી પરમાં રહેલા **कृ** ધાતુની પૂર્વે **स्सट्** થાય છે. તેથી **प्रति** + **कृ** ધાતુને ઉપર જણાવ્યા મુજબ **क्त** પ્રત્યયાદિ કાર્ય થવાથી **प्रतिकीर्णं बीजम्** આવો પ્રયોગ થાય છે. અહીં વધ અર્થ ઉપર

જણાવ્યા મુજબ ન હોવાથી આ સૂત્રથી **कृ** ધાતુની પૂર્વે **स्सट्** થતો નથી. અર્થ - બીજા વાવ્યું. ॥૯૪॥

● ● ●

## अपाच्चतुष्पात् - पक्षि - शुनि हृष्टाऽन्नाऽऽश्रयार्थे ४।४।९५॥

**हृष्ट चतुष्पद** ગાય વગેરે; **अन्नार्थी पक्षि** અને **आश्रयार्थी** કુતરો કર્ત્તા હોય તો; **अप** ઉપસર્ગથી પરમાં રહેલા **कृ** ધાતુની પૂર્વે **स्सट्** થાય છે. આ સૂત્રથી **अप** ઉપસર્ગથી પરમાં રહેલા તાદૃશ **कृ** [હૃષ્ટ ચતુષ્પદાદિ કર્તૃક] ધાતુની પૂર્વે **स्सट् [स्]. अपस्कृ** ધાતુને વર્ત્તમાનાનો **ते** પ્રત્યય. તેની પૂર્વે '**तुदादेः शः** ૩-૪-૮૧'થી **श** પ્રત્યય. '**कृतां**० ૪-૪-૧૧૬'થી **कृ** ને **इर्** આદેશ થવાથી **अपस्किरते गौ हृष्टः; अपस्किरते कुक्कुटो भंक्ष्यार्थी** અને **अपस्किरते आश्रयार्थी श्वा** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - હૃષ્ટ બળદ [શીંગડાથી] માટી ખોદે છે. કુકડો અન્ન માટે માટી વિખેરે છે. કુતરો બેસવાની જગ્યા માટે માટી ઉડાડે છે. ॥૯૫॥

● ● ●

## वौ विष्किरो वा ४।४।९६॥

**पक्षि** અર્થમાં **विष्किर** નામનું વિકલ્પથી નિપાતન કરાય છે - અર્થાદ્ તાદશ અર્થમાં **वि** ઉપસર્ગથી પરમાં રહેલા **कृ** ધાતુની પૂર્વે વિકલ્પથી **स्सट्** થાય છે. **वि** + **कृ** ધાતુને '**मूलविभुजादयः** ५-१-१४४'થી **क** **[अ]** પ્રત્યય. આ સૂત્રથી **कृ** ધાતુની પૂર્વે **स्सट्**. તેના **स्** ને '**असोङ०**. २-३-४८'થી **ष्** આદેશ. '**ऋतां०** ४-४-११६'થી **कृ** ને **इर्** આદેશ...વગેરે કાર્ય થવાથી **विष्किरः पक्षी** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **स्सट्** **[स्]** ન થાય ત્યારે **विकिरः पक्षी** આવો પ્રયોગ થાય છે. અર્થ - પક્ષી. ॥૯૬॥

● ● ●

## प्रात् तुम्पते गवि ४।४।९७॥

**गो** **[गोत्व** જાતીય] કર્ત્તા હોય તો; **प्र** ઉપસર્ગથી પરમાં રહેલા **तुम्प्** ધાતુની પૂર્વે **स्सट्** **[स्]** થાય છે. **प्र** + **तुम्प्** ધાતુને વર્ત્તમાનમાં **तिव्** પ્રત્યય. **तुम्प्** ની પૂર્વે આ સૂત્રથી **स्सट्** **[स्]**. '**कर्त्तर्य०** ३-४-७१'થી **तिव्** ની પૂર્વે **शव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **प्रस्तुम्पति गौः** આવો પ્રયોગ થાય છે. અર્થ - બળદ મારે છે. **गवीति किम्** ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **गो** જ કર્ત્તા હોય તો; **प्र** ઉપસર્ગથી પરમાં રહેલા **तुम्प्** ધાતુની પૂર્વે **स्सट्** થાય છે. તેથી

**प्रतुम्पति तरुः** અહીં **गो** કર્તા ન હોવાથી આ સૂત્રથી **तुम्प्** ધાતુની પૂર્વે **स्सट्** થતો નથી. અર્થ - વૃક્ષ હલે છે. ॥૯૭॥

● ● ●

## उदितः स्वरान्नोऽन्तः ४।४।९८॥

**उदित्** [**उ** જેમાં **इत्** [અનુબંધ] છે એવા] ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. **नद्** [**टुनदु ३१२**] ધાતુના **अ** ની પરમાં આ સૂત્રથી **न्** નો આગમ. **नन्द्** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **नन्दति** આવો પ્રયોગ થાય છે. અર્થ - સમૃદ્ધ થાય છે, આનંદ પામે છે. **कुड्** [**कुड्ङ्** ૬૧૦] ધાતુના **उ** ની પરમાં આ સૂત્રથી **न्** નો આગમ. '**म्नां धुड्०** ૧-૩-૩૯'થી **न्** ને **ण्** આદેશ. '**क्तेटो गुरो०** ૫-૩-૧૦૬'થી **कुण्ड्** ધાતુને **अ** પ્રત્યય. **कुण्ड्** નામને '**आत्** ૨-૪-૧૮'થી સ્ત્રીલિંગમાં **आप्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **कुण्डा** આવો પ્રયોગ થાય છે. અર્થ - પત્ર વિશેષ. ॥૯૮॥

● ● ●

## मुचादि - तृफ - दृफ - गुफ - शुभोभः शे ४।४।९९॥

मुचादि ગણપાઠમાંના [૧૩૨૦ થી ૧૩૨૭ સુધીના આઠ ધાતુઓ] ધાતુઓના તેમજ तृफ् दृफ् गुफ् शुभ् અને उभ् ધાતુના સ્વરની પરમાં; તેની પરમાં श પ્રત્યય હોય તો न् નો આગમ થાય છે. मुच् અને पिश् ધાતુને તેમજ तृफ् [१३७७-१३७८]; दृफ् [१३८१-१३८२]; गुफ् [१३८३-१३८४]; शुभ् [१३८७-१३८८] અને उभ् [१३८५-१३८६] ધાતુને વર્ત્તમાના વિભક્તિનો तिव् પ્રત્યય. તેની પૂર્વે 'तुदादेः शः ૩-૪-૮૧'થી श પ્રત્યય. આ સૂત્રથી मुच् पिश्...વગેરે ધાતુના સ્વરની પરમાં न् નો આગમ...વગેરે કાર્ય થવાથી मुञ्चति पिंशति तृम्फति दृम्फति गुम्फति शुम्भति અને उम्भति આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - છોડે છે. પ્રકાશિત કરે છે. તૃપ્ત થાય છે. દુ:ખી થાય છે. ગૂંથે છે. શોભે છે. પૂર્ણ કરે છે. અહીં યાદ રાખવું જોઈએ કે - અહીં तृफ् दृफ्...વગેરેના ગ્રહણથી तृम्फ् दृम्फ् વગેરે न् સહિત ધાતુઓનું પણ ગ્રહણ કર્યું છે. तृम्फ् + श[अ] + ति...વગેરે અવસ્થામાં 'नो व्यञ्जन० ૪-૨-૪૫'થી तृम्फ् વગેરે [૧૩૭૮ ૧૩૮૨ ૧૩૮૪ ૧૩૮૮ ૧૩૮૬] ધાતુના न् નો [म् નો] લોપ થયા બાદ तृफ् વગેરે ધાતુના સ્વરની પરમાં આ સૂત્રથી न् નો આગમ થાય છે. તેનો લોપ ઉપર જણાવ્યા મુજબ થતો નથી. અન્યથા આ સૂત્રથી તેનું વિધાન કર્યું ન હોત...ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું.॥૯૯॥

## जभः स्वरे ४।४।१००॥

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **जभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. **जभ्** ધાતુને **'अच्** ૫-૧-૪૯'થી **अच् [अ]** પ્રત્યય. આ સૂત્રથી **जभ्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ...વગેરે કાર્ય થવાથી **जम्भः** આવો પ્રયોગ થાય છે. અર્થ - બગાસું ખાનાર. ॥૧૦૦॥

● ● ●

## रध इटि तु परोक्षायामेव ४।४।१०१॥

સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **रध्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. પરન્તુ **इट्** પરમાં હોય તો પરોક્ષામાં જ તે આગમ થાય છે. **रध्** ધાતુને **'अच्** ૫-૧-૪૯'થી **अच् [अ]** પ્રત્યય. આ સૂત્રથી **रध्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ...વગેરે કાર્ય થવાથી **रन्धः** આવો પ્રયોગ થાય છે. અર્થ - રાંધનાર અથવા હિંસા કરનાર. **रध्** ધાતુને પરોક્ષાનો **व** પ્રત્યય. **'स्क्रसृ०** ૪-૪-૮૧'થી **व** ની પૂર્વે **इट्**. **रध्** ના **अ** ની પરમાં આ સૂત્રથી **न्** નો આગમ. **'द्विर्धातुः०** ૪-૧-૧'થી **रन्ध्** ને દ્વિત્વ. **'व्यञ्जन०** ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિવ્યઞ્જનનો લોપ થવાથી **ररन्धिव** આવો પ્રયોગ થાય છે. અર્થ - અમે બેએ રાન્ધ્યું અથવા હિંસા કરી. **परोक्षायामेवेति किम्?** - આ સૂત્રથી ઉપર

જણાવ્યા મુજબ इट् પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા रध् ધાતુના સ્વરની પરમાં परोक्षा માં જ न् નો આગમ થાય છે. તેથી रध् ધાતુને શ્વસ્તનીનો ता પ્રત્યય. તેની પૂર્વે 'धूगौदितः ૪-૪-૩૮'થી इट् ...વગેરે કાર્ય થવાથી रधिता આવો પ્રયોગ થાય છે. અહીં પરોક્ષાનો પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી न् નો આગમ થતો નથી. इट् સહિત ता પ્રત્યય સ્વરાદિ હોવા છતાં; નિયમના કારણે અહીં સ્વરાદિ પ્રત્યય सेट् ભિન્ન જ વિવક્ષિત હોવાથી रधिता અહીં न् નો આગમ થતો નથી. "પરોક્ષામાં रध् ધાતુને न् નો આગમ થાય તો इट् સહિત જ પરોક્ષાનો પ્રત્યય પરમાં હોય ત્યારે થાય" આવા નિયમની વ્યાવૃત્તિ માટે સૂત્રમાં एव પદનું ઉપાદાન છે. જેથી ररन्ध વગેરે પ્રયોગો ઉત્પન્ન થઈ શકે છે...ઈત્યાદિ સ્પષ્ટ છે. અર્થ - રાંધશે અથવા હિંસા કરશે. ॥૧૦૧॥

● ● ●

## रभोऽ परोक्षा - शवि ४।४।१०२॥

परोक्षा નો પ્રત્યય અને शव् [अ] પ્રત્યયને છોડીને અન્ય સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા रभ् ધાતુના સ્વરની પૂર્વે न् નો આગમ થાય છે. आ+रभ् ધાતુને 'भावाऽकर्त्रोः ૫-૩-૧૮'થી घञ् [अ] પ્રત્યય. આ સૂત્રથી रभ् ધાતુના अ ની પૂર્વે न् નો આગમ...વગેરે કાર્ય થવાથી आरम्भः આવો પ્રયોગ થાય છે. અર્થ - શરૂઆત. अपरोक्षाशवीति किम् ?=આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ परोक्षा અને शव् પ્રત્યયથી ભિન્ન જ સ્વરાદિ પ્રત્યય

પરમાં હોય તો તેની પૂર્વે રહેલા रभ् ધાતુના સ્વરની પરમાં न् નો આગમ થાય છે. તેથી आरेभे અહીં परोक्षा ના ए પ્રત્યયની પૂર્વે અને आरभते અહીં शव् પ્રત્યયની પૂર્વે रभ् ધાતુના સ્વરની પરમાં આ સૂત્રથી न् નો આગમ થતો નથી. आ + रभ् ધાતુને પરોક્ષાનો ए પ્રત્યય. 'अनादे० ૪-૧-૨૪'થી रभ् ધાતુના अ ને ए આદેશ. તેમજ દ્વિત્વનો નિષેધ થવાથી आरेभे આવો પ્રયોગ થાય છે. आ + रभ् ધાતુને વર્ત્તમાનાનો ते પ્રત્યય. તેની પૂર્વે 'कर्त्तर्यन० ૩-૪-૭૧'થી शव् [अ] પ્રત્યય થવાથી आरभते આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - આરંભ કર્યો. આરંભ કરે છે. ॥૧૦૨॥

● ● ●

## लभः ४।४।१०३॥

परोक्षा ના પ્રત્યયને છોડીને તેમજ शव् પ્રત્યયને છોડીને અન્ય સ્વરાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા लभ् ધાતુના સ્વરની પૂર્વે न् નો આગમ થાય છે. लभ् ધાતુને 'णक - तृचौ ૫-૧-૪૮'થી णक [अक] પ્રત્યય. આ સૂત્રથી लभ् ધાતુના अ ની પરમાં न् નો આગમ...વગેરે કાર્ય થવાથી लम्भकः આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કરનાર. અહીં लभ् ધાતુ આત્મનેપદનો [૭૮૬] વિવક્ષિત છે. ॥૧૦૩॥

● ● ●

# आङो यि ४।४।१०४॥

य् થી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **आङ्** [आ] ઉપસર્ગથી પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. **आङ् + लभ्** ધાતુને 'शकि-तकि० ૫-૧-૨૯'થી **य** પ્રત્યય. આ સૂત્રથી તેની પૂર્વે રહેલા **आ + लभ्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ...વગેરે કાર્ય થવાથી **आलम्भ्या गौः** આવો પ્રયોગ થાય છે. અર્થ.- વધ કરવા યોગ્ય ગાય. **यीति किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **यादि** જ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **आङ्** ઉપસર્ગથી પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. તેથી **आ + लभ्** ધાતુને '**क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. '**अधश्च०** ૨-૧-૭૯'થી **क्त** ના **त्** ને **ध्** આદેશ. '**तृतीय०** ૧-૩-૪૯'થી **लभ्** ના **भ्** ને **ब्** આદેશાદિ કાર્ય થવાથી **आलब्धाः** આવો પ્રયોગ થાય છે. અહીં **यादि** પ્રત્યય પરમાં ન હોવાથી **आ + लभ्** ધાતુના **अ** ની પરમાં આ સૂત્રથી **न्** નો આગમ થતો નથી. અર્થ - વધ કરાએલા. ॥૧૦૪॥

● ● ●

## उपात् स्तुतौ ४।४।१०५।।

પ્રશંસા અર્થ ગમ્યમાન હોય ત્યારે; य् થી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા उप ઉપસર્ગથી પરમાં રહેલા लभ् ધાતુના अ ની પરમાં न् નો આગમ થાય છે. उप + लभ् ધાતુને 'शकि - तकि० ૫-૧-૨૯'થી य પ્રત્યય. આ સૂત્રથી लभ् ધાતુના સ્વર अ ની પરમાં न् નો આગમ...વગેરે કાર્ય થવાથી उपलम्भ्या विद्याः આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રશંસનીય વિદ્યા. स्तुताविति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ પ્રશંસા અર્થ જ ગમ્યમાન હોય ત્યારે; यादि પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા उप ઉપસર્ગથી પરમાં રહેલા लभ् ધાતુના સ્વરની પરમાં न् નો આગમ થાય છે. તેથી उपलभ्या वार्त्ता અહીં સ્તુતિ - પ્રશંસા અર્થ ગમ્યમાન ન હોવાથી लभ् ધાતુના अ ની પરમાં આ સૂત્રથી न् નો આગમ થતો નથી. અર્થ - ખરાબ વાત. ।।૧૦૫।।

● ● ●

## ञि - खणमो वा ४।४।१०६।।

ञि અથવા खणम् પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા लभ् ધાતુના સ્વરની પરમાં વિકલ્પથી न् નો આગમ થાય છે. लभ् ધાતુને અદ્યતનીમાં त પ્રત્યય. 'अड् धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट्. 'भावकर्मणोः ૩-૪-૬૮'થી त ની પૂર્વે ञिच् [इ] પ્રત્યય

અને **त** નો લોપ. આ સૂત્રથી **लभ्** ના **अ** ની પરમાં **न्** નો આગમ થવાથી **अलम्भि** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **न्** નો આગમ ન થાય ત્યારે **लभ्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને '**ञ्णिति** ૪-૩-૫૦'થી વૃદ્ધિ થવાથી **अलाभि** આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કરાયું. **लभ्** ધાતુને '**ख्णम् चा०** ૫-૪-૪૮'થી **ख्णम्** **[अम्]** પ્રત્યય. આ સૂત્રથી **लभ्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ. **लम्भम्** નામને '**भृशाभीक्ष्ण्या०** ૭-૪-૭૩'થી દ્વિત્વ વગેરે કાર્ય થવાથી **लम्भंलम्भम्** આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી **न्** નો આગમ ન થાય ત્યારે ઉપર જણાવ્યા મુજબ **लभ्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ આ આદેશાદિ કાર્ય થવાથી **लाभंलाभम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર પ્રાપ્ત કરીને. ॥૧૦૬॥

● ● ●

## उपसर्गात् खल्घञोश्च ४।४।१०७॥

**खल्** **घञ्** **ञि** અથવા **ख्णम्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઉપસર્ગથી પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. **दुष् + प्र + लभ्** ધાતુને '**दुःस्वी०** ૫-૩-૧૩૯'થી **खल् [अ]** પ્રત્યય. આ સૂત્રથી **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ વગેરે કાર્ય થવાથી **दुष्प्रलम्भम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - થોડો લાભ. **प्र + लभ्** ધાતુને '**भावाऽकर्त्रोः** ૫-૩-૧૮'થી **घञ् [अ]** પ્રત્યય. આ સૂત્રથી **लभ्** ધાતુના **अ** ની પરમાં **न्** નો

આગમ...વગેરે કાર્ય થવાથી **प्रलम्भः** આવો પ્રયોગ થાય છે. અર્થ - સારો લાભ. **प्र** + **लभ्** ધાતુને અદ્યતનીમાં **त** પ્રત્યય. તેની પૂર્વે '**भावकर्मणोः** ૩-૪-૬૮'થી **ञिच्** પ્રત્યય અને **त** નો લોપ. આ સૂત્રથી **लभ्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ વગેરે કાર્ય થવાથી **प्रालम्भि** આવો પ્રયોગ થાય છે. અર્થ - પ્રાપ્ત કરાયું. **प्र** + **लभ्** ધાતુને **खणम्** પ્રત્યય. આ સૂત્રથી **लभ्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ વગેરે કાર્ય '**ञिखणमोर्वा** ૪-૪-૧૦૬'માં જણાવ્યા મુજબ થવાથી **प्रलम्भंप्रलम्भम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - વારંવાર પ્રાપ્ત કરીને.

**उपसर्गादिति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **खल् घञ् ञि** અથવા **खणम्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ઉપસર્ગથી જ પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. તેથી કેવલ **लभ्** ધાતુને **घञ्** પ્રત્યય. '**ञ्णिति** ૪-૩-૫૦'થી **लभ्** ધાતુના ઉપાન્ત્ય **अ** ને વૃદ્ધિ **आ** આદેશ થવાથી **लाभः** આવો પ્રયોગ થાય છે. અહીં ઉપસર્ગરહિત **लभ्** ધાતુના **अ** ની પરમાં આ સૂત્રથી **न्** નો આગમ થતો નથી. તેમજ "**खल्** અને **घञ्** પ્રત્યય પરમાં હોય ત્યારે તેની પૂર્વે રહેલા ઉપસર્ગ પૂર્વક જ **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે." - આ પ્રમાણેના નિયમ માટે આ સૂત્રનું પ્રણયન હોવાથી '**लभः** ૪-૪-૧૦૩'થી પણ **न्** નો આગમ થતો નથી. અર્થાદ્ **खल्** અને **घञ्** થી ભિન્ન - સ્વરાદિ પ્રત્યયનું નિમિત્તવિધયા તે સૂત્રમાં ગ્રહણ છે - એ સ્પષ્ટ છે. અર્થ - લાભ. ॥૧૦૭॥

● ● ●

# सु - दुर्भ्यः ४।४।१०८।।

ઉપસર્ગથી પરમાં રહેલા એકલા અથવા બંન્ને એવા જે **सु** અને **दुर्** [**दुस् - दुर्**] ઉપસર્ગ; તેનાથી પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં; તેની પરમાં [તાદૃશ **लभ्** ધાતુની પરમાં] **खल्** અથવા **घञ्** પ્રત્યય હોય તો, **न्** નો આગમ થાય છે. **अति + सु + लभ्, अति + दुर् + लभ्** [ઉપસર્ગથી પરમાં રહેલા વ્યસ્ત **सु** અને **दुर्** ઉપસર્ગથી પરમાં રહેલા **लभ्**] ધાતુને '**दुःस्वीषतः०** ૫-૩-૧૩૯'થી **खल्** [**अ**] પ્રત્યય તેમજ '**भावाऽकर्त्रोः** ૫-૩-૧૮'થી **घञ्** [**अ**] પ્રત્યય. આ સૂત્રથી **लभ्** ધાતુના સ્વર **अ** ની પરમાં **न्** નો આગમ વગેરે કાર્ય થવાથી **अतिसुलम्भम् अतिदुर्लम्भम् अतिसुलम्भः** અને **अतिदुर्लम्भः** આવો પ્રયોગ થાય છે. આવી જ રીતે **अति + सु + दुर् + लभ्** [ઉપસર્ગથી પરમાં રહેલા સમસ્ત **सुदुर्** ઉપસર્ગથી પરમાં રહેલા **लभ्**] ધાતુને ઉપર જણાવ્યા મુજબ **खल्** અને **घञ्** પ્રત્યય. આ સૂત્રથી **लभ्** ધાતુના સ્વર **अ** ની પરમાં **न्** નો આગમ વગેરે કાર્ય થવાથી **अतिसुदुर्लम्भम्** અને **अतिसुदुर्लम्भः** આવો પ્રયોગ થાય છે. **અર્થક્રમશઃ** - અત્યન્ત સુલભ. અત્યન્ત દુર્લભ. અત્યન્ત સુલભ. અત્યન્ત દુર્લભ. અતિશય દુર્લભ. અતિશય દુર્લભ.

**उपसर्गादित्येव** = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **खल्** અને **घञ्** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા; ઉપસર્ગથી પરમાં રહેલા વ્યસ્ત કે સમસ્ત એવા **सु** અને **दुर्** ઉપસર્ગથી પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં **न्** નો આગમ થાય છે. તેથી **सुलभम्** અહીં ઉપસર્ગપૂર્વક **सु** ઉપસર્ગ ન હોવાથી તેનાથી પરમાં રહેલા **लभ्** ધાતુના સ્વરની પરમાં [તેની પરમાં **खल्** પ્રત્યય હોવા છતાં] આ સૂત્રથી **न्** નો આગમ થતો નથી. અર્થ - સુલભ. યદ્યપિ

अतिसुलम्भम् ઈત્યાદિ સ્થળે 'उपसर्गा० ૪-૪-૧૦૭' આ સૂત્રથી જ न् નો આગમ સિદ્ધ હતો. પરન્તુ આ સૂત્ર નિયમ માટે છે. તેથી सु અને दुर् ઉપસર્ગથી પરમાં રહેલા लभ् ધાતુના સ્વરની પરમાં ઉપર જણાવ્યા મુજબ न् નો આગમ ત્યારે જ થાય છે કે જ્યારે તે सु અને दुर् ઉપસર્ગ; ઉપસર્ગપૂર્વક હોય તેથી सुलभम् ઈત્યાદિ સ્થળે પૂર્વ [૪-૪-૧૦૭] કે આ સૂત્રથી न् નો આગમ થતો નથી. सु અને दुर् વ્યસ્ત અને સમસ્ત ગ્રાહ્ય બને અને दुर् થી दुस् નું પણ ગ્રહણ થાય - એ માટે 'सुदुर्भ्यः' - આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ છે.॥૧૦૮॥

• • •

## नशो धुटि ४।४।१०९॥

धुट् વર્ણથી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા नश् ધાતુના સ્વરની પરમાં न् નો આગમ થાય છે. नश् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી नश् ધાતુના अ ની પરમાં न् નો આગમ. 'यजसृज० ૨-૧-૮૭'થી श् ને ष् આદેશ. 'तवर्ग० ૧-૩-૬૦'થી ता ના त् ને ट् આદેશ થવાથી नंष्टा આવો પ્રયોગ થાય છે. અર્થ - નાશ પામશે. धुटीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ धुडादि જ પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા नश् ધાતુના સ્વરની પરમાં न् નો આગમ થાય છે. તેથી नशिता અહીં नश् ધાતુની પરમાં ता પ્રત્યયની પૂર્વે 'धूगौदितः ૪-૪-૩૮'થી इट् થવાથી धुडादि પ્રત્યય પરમાં ન હોવાથી

[સ્વરાદિ પ્રત્યય પરમાં હોવાથી] **नश्** ધાતુના **अ** ની પરમાં **न्** નો આગમ આ સૂત્રથી થતો નથી. અર્થ- નષ્ટ થશે. ॥૧૦૯॥

• • •

## मस्जेः सः ४।४।११०॥

**धुट्** વર્ણથી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **मस्ज्** ધાતુના સ્વરની પરમાં રહેલા **स्** ના સ્થાને **न्** નો આગમ થાય છે. **मस्ज्** ધાતુને **श्वस्तनी** નો **ता** પ્રત્યય. આ સૂત્રથી **मस्ज्** ધાતુના સ્વરની પરમાં **स्** ના સ્થાને **न्** નો આગમ. '**चजः कगम्** ૨-૧-૮૬'થી **ज्** ને **ग्** આદેશ. '**म्नां धुड्०** ૧-૩-૩૯'થી **न्** ને **ङ्** આદેશ...વગેરે કાર્ય થવાથી **मङ्क्ता** આવો પ્રયોગ થાય છે. અર્થ - ડુબશે. અહીં ઉપર જણાવ્યા મુજબ **स्** ના સ્થાને **मस्ज्** ધાતુના સ્વરની પરમાં **न्** આગમનું વિધાન હોવાથી **मस्ज्** ધાતુને **क्त्वा** પ્રત્યયાદિ કાર્યથી નિષ્પન્ન **मक्त्वा**...ઈત્યાદિ પ્રયોગોમાં **मस्ज्** ધાતુના **स्** ના સ્થાને આ સૂત્રથી વિહિત **न्** આગમનો '**नो व्यञ्जन०** ૪-૨-૪૫'થી લોપ થઈ શકે છે....ઈત્યાદિ અધ્યાપકે બરાબર સમજાવવું જોઈએ. ॥૧૧૦॥

• • •

## अः सृजि - दृशोऽकिति ४।४।१११॥

**कित्** પ્રત્યયને છોડીને અન્ય **धुट्** વર્ણથી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા **सृज्** અને **दृश्** ધાતુના સ્વરની પરમાં **अ** નો આગમ થાય છે. **सृज्** ધાતુને **श्वस्तनी** નો **ता** પ્રત્યય; **दृश्** ધાતુને **तुम्** પ્રત્યય. આ સૂત્રથી **सृज्** અને **दृश्** ધાતુના **ऋ** ની પરમાં **अ** નો આગમ. '**इवर्णादे**० ૧-૨-૨૧'થી **ऋ** ને **र्** આદેશ. '**यजसृज**० ૨-૧-૮૭'થી **ज्** તથા **श्** ને **ष्** આદેશ. '**तवर्ग**० ૧-૩-૬૦'થી **त्** ને **ट्** આદેશ વગેરે કાર્ય થવાથી **स्रष्टा** અને **द्रष्टुम्** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - સર્જશે. જોવા માટે.

**अकितीति किम्?**= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ **कित्** પ્રત્યયથી ભિન્ન જ **धुडादि** પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **सृज्** અને **दृश्** ધાતુના સ્વરની પરમાં **अ** નો આગમ થાય છે. તેથી **सृज्** ધાતુને '**क्त - क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યયાદિ કાર્ય; ઉપર જણાવ્યા મુજબ થવાથી **सृष्टः** આવો પ્રયોગ થાય છે. અહીં **धुडादि** પણ **कित्** પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી **सृज्** ધાતુના સ્વરની પરમાં **अ** નો આગમ થતો નથી. અર્થ - સર્જેલ. **असृष्ट असृष्टाः**...ઈત્યાદિ સ્થળે આ સૂત્રથી જે કારણે **अ** નો આગમ થતો નથી - તેનું અનુસન્ધાન બૃહદ્વૃત્તિથી કરવું. ॥૧૧૧॥

● ● ●

## स्पृशादि - सृपो वा ४।४।११२॥

कित् પ્રત્યયને છોડીને અન્ય - धुट् વર્ણથી શરૂ થતો પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા स्पृश् मृश् कृष् तृप् दृप् અને सृप् ધાતુના સ્વરની પરમાં વિકલ્પથી अ નો આગમ થાય છે. स्पृश् मृश् कृष् तृप् दृप् અને सृप् ધાતુને श्वस्तनी નો ता પ્રત્યય. આ સૂત્રથી स्पृश् વગેરે ધાતુના ऋ ની પરમાં अ નો આગમ. 'यजसृज० २-१-८७'થી स्पृश् અને मृश् ધાતુના श् ने ष् આદેશ. 'तवर्ग० १-3-६०'થી ता પ્રત્યયના त् ने ष् ના યોગમાં ट् આદેશ. 'इवर्णा० १-२-२१'થી ऋ ने र् આદેશ થવાથી स्प्रष्टा म्रष्टा क्रष्टा त्रप्ता द्रप्ता અને स्रप्ता આવો પ્રયોગ થાય છે. વિકલ્પપક્ષમાં આ સૂત્રથી ऋ ની પરમાં अ નો આગમ ન થાય ત્યારે 'लघोरुपा० ४-3-४'થી ऋ ને ગુણ अर् આદેશ થવાથી स्पर्ष्टा मर्ष्टा कर्ष्टा तर्प्ता दर्प्ता અને सर्प्ता આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશ: - સ્પર્શ કરશે. સ્પર્શ કરશે. ખેંચશે. તૃપ્ત થશે. ગર્વ કરશે. જશે. ॥૧૧૨॥

● ● ●

## -हस्वस्य तः पित्कृति ४।४।११३॥

-હસ્વ સ્વરાન્ત ધાતુની પરમાં; તેની પરમાં पित् - कृत् પ્રત્યય હોય તો त् નો આગમ થાય છે. गम् ધાતુને 'दिद्युद्० ५-२-८3'થી क्विप् [०] પ્રત્યય અને નિપાતનના કારણે गम्

ધાતુને દ્વિત્વ. 'व्यञ्जन० ૪-૧-૪૪'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. 'गहोर्जः ૪-૧-૪૦'થી અભ્યાસમાં ग् ને ज् આદેશ. जगम् + क्विप् આ અવસ્થામાં નિપાતનના કારણે म् નો લોપ. આ સૂત્રથી जग ની પરમાં त् નો આગમ વગેરે કાર્ય થવાથી जगत् આવો પ્રયોગ થાય છે. અર્થ - ચંચળ સ્વભાવવાળો. -ह्रस्वस्येति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ -હ્રસ્વસ્વરાન્ત જ ધાતુની પરમાં; તેની પરમાં पित् कृत् પ્રત્યય હોય તો त् નો આગમ થાય છે. તેથી ग्राम + नी ધાતુને 'क्विप् ૫-૧-૧૪૮'થી क्विप् [૦] પ્રત્યય. 'ग्रामाग्रा० ૨-૩-૭૧'થી नी ધાતુના न् ને ण् આદેશ વગેરે કાર્ય થવાથી ग्रामणीः આવો પ્રયોગ થાય છે. અહીં દીર્ઘસ્વરાન્ત नी ધાતુની પરમાં આ સૂત્રથી त् નો આગમ થતો નથી. અર્થ - ગામનો મુખી. ग्रामणि कुलम्...ઈત્યાદિ સ્થળે 'क्लीबे ૨-૪-૯૭'થી नी ધાતુના ई ને -હ્રસ્વ इ આદેશ થયા પછી પણ આ સૂત્રથી त् નો આગમ થતો નથી કારણકે એ -હ્રસ્વ આદેશ; આ સૂત્રથી વિહિત त् આગમના કર્ત્તવ્ય પ્રસંગે 'असिद्धं बहिरङ्गमन्तरङ्गे' - આ ન્યાયના બળે અસિદ્ધ મનાય છે....ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ...

कृतीति किम्?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ -હ્રસ્વ સ્વરાન્ત ધાતુની પરમાં; તેની પરમાં पित् - कृत् જ પ્રત્યય હોય તો त् નો આગમ થાય છે. તેથી हु ધાતુને ह्यस्तनी નો अन् પ્રત્યય. 'हवः शिति ૪-૧-૧૨'થી हु ધાતુને દ્વિત્વ. 'गहोर्जः ૪-૧-૪૦'થી અભ્યાસમાં ह् ને ज् આદેશ. 'अड्धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट्. अजुहु + अन् આ અવસ્થામાં 'द्वयुक्तज० ૪-૨-૯૩'થી अन् ને पुस् આદેશ. 'पुस्पौ ૪-૩-૩'થી जुहु ના અન્ત્ય उ ને ગુણ ओ આદેશ...વગેરે કાર્ય થવાથી अजुहवुः આવો પ્રયોગ થાય છે. અહીં पुस् પ્રત્યય कृत् ન હોવાથી તેની પૂર્વે રહેલા जुहु ધાતુના અન્તે આ સૂત્રથી त् નો આગમ થતો નથી. અર્થ - તેઓએ હોમ

કર્યો. ॥૧૧૩॥

● ● ●

## अतो म आने ४।४।११४॥

ધાતુથી વિહિત आन પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના અન્ત્ય अ ની પરમાં म् નો આગમ થાય છે. पच् ધાતુને 'शत्रानशा० ૫-૨-૨૦'થી आनश् [आन] પ્રત્યય. 'कर्त्तर्यन० ૩-૪-૭૧'થી आनश् પ્રત્યયની પૂર્વે शव् [अ] પ્રત્યય. पच + आन આ અવસ્થામાં આ સૂત્રથી आन ની પૂર્વે म् નો આગમ...વગેરે કાર્ય થવાથી पचमानः આવો પ્રયોગ થાય છે. અર્થ - રાંધતો. अत इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ ધાતુથી વિહિત आन પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા ધાતુના અન્ત્ય अ ની જ પરમાં म् નો આગમ થાય છે. તેથી शी ધાતુને ઉપર જણાવ્યા મુજબ आनश् પ્રત્યય. આ સૂત્રથી शी ધાતુના અન્ત્ય ई ની પરમાં म् નો આગમ ન થવાથી 'शीङ एः शिति ૪-૩-૧૦૪'થી शी ધાતુના ई ને ए આદેશાદિ કાર્ય થવાથી शयानः આવો પ્રયોગ થાય છે. અર્થ - ઉંઘતો. ॥૧૧૪॥

● ● ●

## आसीनः ४।४।११५।।

**आस्** ધાતુથી પરમાં રહેલા **आन** પ્રત્યયના **आ** ને **ई** આદેશનું નિપાતન કરાય છે. **आस्** ધાતુને તેમજ **उद् + आस्** ધાતુને '**शत्रानशा०** ૫-૨-૨૦'થી **आनश् [आन]** પ્રત્યય. આ સૂત્રથી **आन** પ્રત્યયના **आ** ને **ई** આદેશ વગેરે કાર્ય થવાથી **आसीनः** અને **उदासीनः** આવો પ્રયોગ થાય છે. અર્થક્રમશઃ - બેસેલો. ઉદાસ. ।।૧૧૫।।

● ● ●

## ऋतां क्ङितीर् ४।४।११६।।

**ऋ** જેના અન્તે છે એવા **ऋ**કારાન્ત ધાતુના **ऋ** ને; તેની પરમાં **कित्** કે **ङित्** પ્રત્યય હોય તો **इर्** આદેશ થાય છે. **तॄ** ધાતુને '**क्त-क्तवतू** ૫-૧-૧૭૪'થી **क्त** પ્રત્યય. આ સૂત્રથી **ऋ** ને **इर्** આદેશ. **इर्** ના **इ** ને '**भ्वादेर्ना०** ૨-૧-૬૩'થી દીર્ઘ **ई** આદેશ. '**रदाद०** ४-२-६९'થી **क्त** ના **त्** ને **न्** આદેશ...વગેરે કાર્ય થવાથી **तीर्णम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - તર્યો. **कॄ** ધાતુને વર્ત્તમાનાનો **तिव्** પ્રત્યય. '**तुदादेः शः** ૩-૪-૮૧'થી **तिव्** પ્રત્યયની પૂર્વે **श [अ]** પ્રત્યય. '**शिदवित्** ૪-૩-૨૦'થી **श** પ્રત્યયને **ङिद्वद्** ભાવ થવાથી આ સૂત્રથી **कॄ** ધાતુના **ऋ** ને **इर्** આદેશ થવાથી **किरति** આવો

પ્રયોગ થાય છે. અર્થ - વિખેરે છે. સૂત્રમાં **ऋतां** - આ પ્રમાણે બહુવચનનો નિર્દેશ સ્વાભાવિક **ॠ** ની જેમ જ કોઈ સૂત્રથી સિદ્ધ પણ **ॠ** ના ગ્રહણ માટે છે. તેથી **चिकीर्षति [कृ + सन् + अ + ति]** અહીં '**स्वर-हन०** ४-१-१०४'થી **कृ** ધાતુના **ऋ** ને દીર્ઘ **ॠ** આદેશ થયા પછી તેને આ સૂત્રથી **इर्** આદેશ થાય છે. અન્યથા '**लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव**' - આ ન્યાયના બળે સ્વાભાવિક જ **कॄ** વગેરે ધાતુના **ॠ** ને ઉપર જણાવ્યા મુજબ **इर्** આદેશ થાત... ॥११६॥

• • •

## ओष्ठ्यादुर् ४।४।११७॥

**ओष्ठ्य** વર્ણથી પરમાં રહેલા; ધાતુના **ॠ** ને; તેની પરમાં **कित्** અથવા **ङित्** પ્રત્યય હોય તો **उर्** આદેશ થાય છે. **पॄ** ધાતુને '**क्विप्** ५-१-१४८'થી **क्विप्** [०] પ્રત્યય. આ સૂત્રથી **ॠ** ને **उर्** આદેશ. **पुर्** નામને **सि** પ્રત્યય. '**दीर्घङ्याब्०** १-४-४५'થી **सि** પ્રત્યયનો લોપ. '**पदान्ते** २-१-६४'થી **उर्** ના **उ** ને દીર્ઘ **ऊ** આદેશ...વગેરે કાર્ય થવાથી **पूः** આવો પ્રયોગ થાય છે. અર્થ - નગર. **भॄ** ધાતુને '**तुमर्हा०** ३-४-२१'થી **सन्** પ્રત્યય. '**स्वर-हन०** ४-१-१०४'થી **ऋ** ને દીર્ઘ **ॠ** આદેશ. '**नामिनो०** ४-३-३३'થી **सन्** પ્રત્યયને **किद्वद्** ભાવ. આ સૂત્રથી **भॄ** ના **ॠ** ને **उर्** આદેશ. '**सन्यङश्च** ४-१-३'થી **भुर्** ને દ્વિત્વ. '**व्यञ्जन०** ४-१-४४'થી અભ્યાસમાં અનાદિ વ્યઞ્જનનો લોપ. '**द्वितीय०** ४-१-४२'થી અભ્યાસમાં **भ्** ને **ब्** આદેશ. '**भ्वादेर्ना०** २-१-६३'થી **भुर्** ના **उ** ને દીર્ઘ **ऊ** આદેશ. '**नाम्यन्त०** २-३-१५'થી **सन्** ના **स्** ને **ष्** આદેશ વગેરે કાર્ય થવાથી **बुभूर्षति** આવો પ્રયોગ થાય છે. અર્થ - પોષવાની

ઈચ્છા કરે છે. वृ ધાતુને ઉપર જણાવ્યા મુજબ सन् પ્રત્યય. वृ ના ऋ ને દીર્ઘ ॠ આદેશ. દન્ત્યૌષ્ઠ્ય व् થી પરમાં રહેલા वॄ ના ॠ ને આ સૂત્રથી उर् આદેશ વગેરે કાર્ય થવાથી वुवूर्षते આવો પ્રયોગ થાય છે. અર્થ - વરવાની ઈચ્છા કરે છે. ।।૧૧૭।।

● ● ●

## इसासः शासोऽङ् - व्यञ्जने ४।४।११८।।

अङ् પ્રત્યય તેમજ વ્યઞ્જનથી શરૂ થતો कित् કે ङित् પ્રત્યય પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शास् ધાતુના आस् ને इस् આદેશ થાય છે. शास् ધાતુને अद्यतनी નો दि પ્રત્યય. 'शास्त्यसू० ૩-૪-૬૦'થી शास् ધાતુની પરમાં अङ् [अ] પ્રત્યય. 'अड्धातो० ૪-૪-૨૯'થી ધાતુની પૂર્વે अट्. આ સૂત્રથી शास् ધાતુના आस् ને इस् આદેશ. 'नाम्यन्त० ૨-૩-૧૫'થી इस् ના स् ને ष् આદેશ થવાથી अशिषत् આવો પ્રયોગ થાય છે. અર્થ - તેણે અનુશાસન કર્યું. शास् ધાતુને 'क्त-क्तवतू ૫-૧-૧૭૪'થી क्त પ્રત્યય. આ સૂત્રથી વ્યઞ્જનાદિ कित् પ્રત્યયની પૂર્વે રહેલા शास् ના आस् ને इस् આદેશ. ઉપર જણાવ્યા મુજબ इस् ના स् ને ष् આદેશ. ष् ના યોગમાં त् ને 'तवर्गस्य० ૧-૩-૬૦'થી ट् આદેશાદિ કાર્ય થવાથી शिष्टः આવો પ્રયોગ થાય છે. અર્થ - અનુશાસન કરાએલ.

अङ्व्यञ्जन इति किम् ?= આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ अङ् પ્રત્યય અને વ્યઞ્જનાદિ कित् - ङित् પ્રત્યય જ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા शास् ધાતુના आस् ને इस् આદેશ થાય

છે. તેથી **शास्** ધાતુને વર્તમાનાનો **अन्ति** પ્રત્યય. '**शिदवित्** ૪-૩-૨૦'થી **अन्ति** પ્રત્યયને **ङिद्वद्** ભાવ. '**अन्तो नो लुक्** ૪-૨-૯૪'થી **अन्ति** ના **न्** નો લોપ થવાથી **शासति** આવો પ્રયોગ થાય છે. અર્થ - તેઓ શાસન કરે છે. અહીં સ્વરાદિ **ङित्** પ્રત્યયની પૂર્વે રહેલા **शास्** ધાતુના **आस्** ને આ સૂત્રથી **इस्** આદેશ થતો નથી. **शास् + क्त** આ અવસ્થામાં '**वेटोऽपतः** ૪-૪-૬૨'થી **इट्** નો નિષેધ થયો છે. '**ऊदितो वा** ૪-૪-૪૨'થી **शास्** ધાતુ **वेट्** છે - એ યાદ રાખવું.... ॥૧૧૮॥

● ● ●

## क्वौ ४।४।११९॥

**शास्** ધાતુના **आस्** ને; તેની પરમાં **क्विप्** પ્રત્યય હોય તો **इस्** આદેશ થાય છે. **मित्र + शास्** ધાતુને '**क्विप्** ૫-૧-૧૪૮'થી **क्विप्** [૦] પ્રત્યય. આ સૂત્રથી **शास्** ધાતુના **आस्** ને **इस्** આદેશ. '**नाम्यन्त०** ૨-૩-૧૫'થી **इस्** ના **स्** ને **ष्** આદેશ. **मित्रशिष्** નામને **सि** પ્રત્યય. '**दीर्घङ्याब्०** ૧-૪-૪૫'થી **सि** નો લોપ. '**पदान्ते** ૨-૧-૬૪'થી **इस्** ના **इ** ને દીર્ઘ **ई** આદેશ...વગેરે કાર્ય થવાથી **मित्रशीः** આવો પ્રયોગ થાય છે. અર્થ - મિત્રને અનુશાસન કરનાર. ॥૧૧૯॥

● ● ●

# आङः ४।४।१२०॥

क्विप् પ્રત્યય જ પરમાં હોય તો; તેની પૂર્વે રહેલા आङ् ઉપસર્ગથી પરમાં રહેલા शास् ધાતુના आस् ને इस् આદેશ થાય છે. आङ् + शास् ધાતુને क्विप् પ્રત્યય. આ સૂત્રથી शास् ધાતુના आस् ને इस् આદેશ વગેરે કાર્ય થવાથી आशीः આવો પ્રયોગ થાય છે. [જુઓ સૂ.નં. ૪-૪-૧૧૯ માં मित्रशीः] અર્થ - શુભેચ્છા. क्वावित्येव = આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ आङ् ઉપસર્ગથી પરમાં રહેલા शास् ધાતુના आस् ને તેની પરમાં क्विप् જ પ્રત્યય હોય તો इस् આદેશ થાય છે. તેથી आशास्ते અહીં તે પ્રત્યયની પૂર્વે રહેલા आ + शास् ના आस् ને આ સૂત્રથી इस् આદેશ થતો નથી. અર્થ - ઈચ્છે છે.

અહીં સમજી શકાય છે કે - આ સૂત્રના વિષયમાં आस् ને इस् આદેશ પૂર્વ સૂત્રથી [૪-૪-૧૧૯ થી] સિદ્ધ હતો. તેથી આ સૂત્રનું પ્રણયન; "आ + शास् ધાતુના आस् ને क्विप् પ્રત્યય પરમાં હોય તો જ इस् આદેશ થાય. क्विप् ભિન્ન પ્રત્યય પરમાં હોય તો; ઉપર જણાવ્યા મુજબ इस् આદેશ ન થાય" - આવા નિયમ માટે છે. જેથી સૂ.નં. ૪-૪-૧૧૮ અને ૪-૪-૧૧૯ ના અર્થમાં आ + शास् ધાત્વતિરિક્તત્વેન સંકોચ થાય છે. ॥૧૨૦॥

• • •

## य्वोः प्वय्व्यञ्जने लुक् ४।४।१२१।।

पु આગમ અને य् ને છોડીને અન્ય વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા य् અને व् નો લોપ થાય છે. **क्नूय्** ધાતુને **'प्रयोक्तृ० ३-४-२०'**થી **णिग् [इ]** પ્રત્યય. **'अर्त्ति० ४-२-२१'**થી **णिग्** પ્રત્યયની પૂર્વે पु નો આગમ. આ સૂત્રથી **क्नूय्** ધાતુના **य्** નો લોપ. **'पुस्पौ ४-३-३'**થી **क्नू** ના **ऊ** ને ગુણ **ओ** આદેશ. **क्नोपि** ધાતુને **तिव्** પ્રત્યયાદિ કાર્ય થવાથી **क्नोपयति** આવો પ્રયોગ થાય છે. અર્થ - અવાજ કરાવે છે. **क्ष्माय्** ધાતુને **'क्त-क्तवतू ५-१-१७४'**થી **क्त** પ્રત્યય. આ સૂત્રથી **य्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **क्ष्मातम्** આવો પ્રયોગ થાય છે. અર્થ - કંપ્યો. **दिव्** ધાતુને **'व्यञ्जना० ३-४-९'**થી **यङ्** પ્રત્યય. **'बहुलं लुप् ३-४-१४'**થી **यङ्** નો લોપ. **'सन्-यङश्च ४-१-३'**થી **दिव्** ને દ્વિત્વ. **'व्यञ्जन० ४-१-४४'**થી અભ્યાસમાં **व्** નો લોપ. **'आ - गुणा० ४-१-४८'**થી અભ્યાસમાં **इ** ને ગુણ **ए** આદેશ. **देदिव्** ધાતુને વર્ત્તમાનાનો **वस्** પ્રત્યય. આ સૂત્રથી **देदिव्** ધાતુના **व्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **देदिवः** આવો પ્રયોગ થાય છે. અર્થ - અમે બે વારંવાર રમીએ છીએ. **कण्डूय [कण्डू** ધાતુને **'धातोः० ३-४-८'**થી **य** પ્રત્યયથી નિષ્પન્ન] ધાતુને **'क्विप् ५-१-१४८'**થી **क्विप्** પ્રત્યય. **'अतः ४-३-८२'**થી **कण्डूय** ધાતુના અન્ત્ય **अ** નો લોપ. આ સૂત્રથી **कण्डूय्** ધાતુના **य्** નો લોપ...વગેરે કાર્ય થવાથી **कण्डूः** આવો પ્રયોગ થાય છે. અર્થ - ખણનાર.

**प्वर्जनं किम् ?=** આ સૂત્રથી ઉપર જણાવ્યા મુજબ पु આગમ તેમજ **य्** ને છોડીને જ અન્ય વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોય તો તેની પૂર્વે રહેલા **य्** અને **व्** નો લોપ થાય છે. તેથી **क्नूय्** ધાતુને ભાવમાં વર્ત્તમાનાનો **ते** પ્રત્યય. **'क्यः शिति ३-४-७०'**થી **ते**

ની પૂર્વે य પ્રત્યય થવાથી क्नूय्यते આવો પ્રયોગ થાય છે. અહીં य् થી શરૂ થતો વ્યઞ્જનાદિ પ્રત્યય પરમાં હોવાથી તેની પૂર્વેના य् નો આ સૂત્રથી લોપ થતો નથી. અર્થ - અવાજ કરે છે. ||૧૨૧||

● ● ●

## कृतः कीर्त्तिः ४।४।१२२||

कृत् [१६४९] ધાતુને कीर्त् આદેશ થાય છે. कृत् ધાતુને 'चुरादि० ૩-૪-૧૭'થી णिच् [इ] પ્રત્યય. આ સૂત્રથી कृत् ધાતુને कीर्त् આદેશ. कीर्ति ધાતુને વર્ત્તમાનાનો तिव् પ્રત્યય...વગેરે કાર્ય થવાથી कीर्तयति આવો પ્રયોગ થાય છે. અર્થ - વર્ણાણ કરે છે. कीर्त्तिः આ પ્રમાણે સૂત્રમાં જે इ નો નિર્દેશ છે તે મંગલ માટે છે...ઈત્યાદિ બૃહદ્‌વૃત્તિથી જાણવું. ||૧૨૨||

● ● ●

दुर्योधनोर्वीपति०.........ભયંકર યુદ્ધ કરનાર રાજાઓને જીતનારા છે હાથ જેના એવા; અને ચેદિદેશના રાજાઓ પાસેથી કરને ગ્રહણ કરનાર શ્રી ભીમદેવ રાજા ખરેખર ભીમ [પાંડવ] જેવા જ, ફરીથી ચંદ્રવંશ ઉપર અનુગ્રહ કરવા અવતર્યા છે. આશય એ છે કે - જેમ પાંડવ ભીમે દુર્યોધનને જીતેલો અને ચેદિદેશના રાજા

દુ:શાસનનો હાથ ખેંચી કાઢેલો; એવી રીતે એના જ ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલા ભીમરાજાએ; કષ્ટથી જેમની સાથે લઢી શકાય - એવા દુર્યોધન રાજાઓને જીતેલા હોવાથી તેમજ ચેદિ દેશના રાજા પાસેથી કર ગ્રહણ કર્યો હોવાથી ચંદ્રવંશની ઉપર કૃપા કરવા માટે પાંડવ ભીમ જ ફરીથી અવતર્યા હોય એવું લાગે છે....

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम्।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता।।

।। इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे चतुर्थेऽध्याये चतुर्थः पादः।।

।। इति चतुर्थोऽध्यायः ।।